ગુ. યુ. પ્રેસ. ૧૬૦–૪૫૦–૫–૭૦

સેનેટ (વાર્ષિક સભા) : તા. ૨૫/૨૬/૨૭–૩–૧૯૭૦

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા બુધવાર, તા. ૨૫--૩--૧૯૭૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં મળી હતી, તથા ગુરુવાર, તા. ૨૬--૩--૧૯૭૦ અને શુક્રવાર, તા. ૨૭--૩--૧૯૭૦ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ત્રણે દિવસોએ કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. ત્રણે દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૩–'૭૦	તા. ૨૬–૩–'૭૦	તા. ૨૭–૩–'૭૦
૧.	ડૉ. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩.	શ્રી. કંચનલાલ ચં. પરીખ	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. ઈન્દ્રવદન આર. વસાવડા	હાજર	ગેરહાજર	હાજર
૫.	શ્રી. પી. એસ. કલવચવાલા	હાજર	હાજર	હાજર
૬.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર	હાજર
૭.	આચાર્ય જે. બી. સાણ્ડેસરા	હાજર	હાજર	હાજર
૮.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૯.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	ગેરહાજર	હાજર
૧૦.	આચાર્ય એન. બી. નાયક	હાજર	હાજર	હાજર
૧૧.	આચાર્ય સી. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૨.	ડૉ. આર. અચ. ગાંધી	હાજર	હાજર	હાજર
૧૩.	ડૉ. વી. એ. વ્યાસ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪.	ડૉ. સી. એસ. શાહ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-'૭૦	તા. ૨૬-૩-'૭૦	તા. ૨૭-૩-'૭૦
૧૫.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૧૬.	આચાર્ય ડી. એમ. ભાવસાર	હાજર	હાજર	હાજર
૧૭.	આચાર્ય ચ. પ્રા. શુકલ	હાજર	હાજર	હાજર
૧૮.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર	ગેરહાજર
૧૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૨૦.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૨૨.	આચાર્ય ડૉ. સી. સી. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૨૩.	આચાર્ય ઊર્મિલાબહેન પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૪.	આચાર્ય વી. એસ. વાઘીકર	હાજર	હાજર	હાજર
૨૫.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર	ગેરહાજર
૨૬.	આચાર્ય વી. આર. રાવદીવે	હાજર	હાજર	હાજર
૨૭.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૨૮.	આચાર્ય ડૉ. ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર
૨૯.	આચાર્ય કે. એસ. પટેલ	હાજર	હાજર	હાજર
૩૦.	આચાર્ય ડૉ. જે. ડી. તલાટી	ગેરહાજર	હાજર	હાજર
૩૧.	આચાર્ય ટી. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩૨.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૩૩.	આચાર્ય આર. એમ. શુકલ	ગેરહાજર	હાજર	હાજર
૩૪.	આચાર્ય એસ. આર. મહેતા	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩૫.	આચાર્ય આર. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૩૬.	આચાર્ય કે. આર. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૩૭.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૩૮.	આચાર્ય ડૉ. જ. જે. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩૯.	આચાર્ય જ. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૦.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર
૪૧.	આચાર્ય જી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૪૨.	આચાર્ય આર. એમ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૪૩.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર	હાજર
૪૪.	આચાર્ય યુ. ટી. ભટ્ટ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૪૫.	આચાર્ય ડૉ. એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર
૪૬.	આચાર્ય ડૉ. આઈ. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૪૭.	આચાર્ય બી. પી. કોઠારી	હાજર	ગેરહાજર	હાજર
૪૮.	આચાર્ય એન. બી. જોષી	હાજર	હાજર	હાજર
૪૯.	આચાર્ય ડૉ. એમ. એસ. શાહ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૩–'૭૦	તા. ૨૬–૩–'૭૦	તા. ૨૭–૩–'૭૦
૫૦.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૫૧.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૫૨.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૫૩.	આચાર્ય વી. પી. પરીખ	હાજર	હાજર	ગેરહાજર
૫૪.	આચાર્ય જી. જે. પંડ્યા	હાજર	હાજર	હાજર
૫૫.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૫૬.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર	હાજર
૫૭.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર	હાજર
૫૮.	આચાર્ય બી. એમ. પીરઝાદા	હાજર	હાજર	હાજર
૫૯.	આચાર્ય એસ. એમ. નાગામિયા	હાજર	હાજર	હાજર
૬૦.	આચાર્ય એ. ડી. મણિયાર	હાજર	હાજર	હાજર
૬૧.	આચાર્ય ડૉ. એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર	હાજર
૬૨.	આચાર્ય આર. એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૬૩.	આચાર્ય બી. એમ. પંડિત	હાજર	હાજર	હાજર
૬૪.	આચાર્ય ડૉ. કે. એમ. તલાટી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬૫.	આચાર્ય ડી. એસ. જોષી	ગેરહાજર	હાજર	હાજર
૬૬.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	હાજર	હાજર
૬૭.	આચાર્ય એચ. સી. પરીખ	હાજર	હાજર	હાજર
૬૮.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૬૯.	આચાર્ય કે. એસ. યાદવ	હાજર	હાજર	ગેરહાજર
૭૦.	આચાર્ય ડૉ. ટી. પી. ચિતાનંદ	હાજર	હાજર	હાજર
૭૧.	આચાર્ય ડૉ. ડી. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૭૨.	આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર	હાજર
૭૩.	આચાર્ય વી. એફ. શાહ	હાજર	હાજર	હાજર
૭૪.	આચાર્ય ડૉ. પદ્માબહેન ફડિયા	હાજર	હાજર	હાજર
૭૫.	આચાર્ય એમ. ડી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭૬.	આચાર્ય જે. કે. શાહ	હાજર	હાજર	હાજર
૭૭.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭૮.	આચાર્ય ટી. આર. શુક્લ	હાજર	હાજર	હાજર
૭૯.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૦.	આચાર્ય જે. જી. પટેલ	ગેરહાજર	હાજર	હાજર
૮૧.	આચાર્ય ડૉ. કે. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૮૨.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૩.	આચાર્ય જી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૮૪.	આચાર્ય વી. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૮૫.	આચાર્ય ડી. એચ. વેલ્વન	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-'૭૦	તા. ૨૬-૩-'૭૦	તા. ૨૭-૩-'૭૦
૯૬.	આચાર્ય એ. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૯૭.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૯૮.	આચાર્ય બી. કે. ગઢવી	હાજર	હાજર	હાજર
૯૯.	આચાર્ય બી. એમ. ઠાકર	હાજર	હાજર	હાજર
૧૦૦.	આચાર્ય બી. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૧.	આચાર્ય બી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૨.	આચાર્ય આર. સી. ત્રિપાઠી	હાજર	હાજર	હાજર
૧૦૩.	આચાર્ય ડૉ. ડી. એ. ઘાંચી	હાજર	હાજર	હાજર
૧૦૪.	આચાર્ય જે. બી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય એન. વી. રાવલ	હાજર	હાજર	હાજર
૧૦૬.	આચાર્ય એચ. એ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૦૭.	આચાર્ય સી. કે. અકુવાલા	હાજર	હાજર	હાજર
૧૦૮.	આચાર્ય ડૉ. ટી. એન. મહેતા	હાજર	હાજર	હાજર
૧૦૯.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર	હાજર
૧૧૦.	આચાર્ય એ. કે. દવે	હાજર	હાજર	હાજર
૧૧૧.	આચાર્ય વી. બી. અધ્વર્યુ	હાજર	હાજર	હાજર
૧૧૨.	આચાર્ય બી. આર. ચૌહાણ	હાજર	હાજર	હાજર
૧૧૩.	આચાર્ય એન. કે. દવે	હાજર	હાજર	હાજર
૧૧૪.	આચાર્ય વી. એસ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૧૫.	આચાર્ય એચ. જે. પંડિત	હાજર	હાજર	હાજર
૧૧૬.	આચાર્ય જી. બી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૭.	આચાર્ય કે. ઓ. બધેકા	હાજર	હાજર	હાજર
૧૧૮.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૯.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૨૦.	શ્રી. સી. સી. મહેતા	હાજર	હાજર	હાજર
૧૨૧.	શ્રી. એ. એ. ખત્રી	હાજર	હાજર	હાજર
૧૨૨.	શ્રી. ડી. એસ. પરીખ	હાજર	હાજર	હાજર
૧૨૩.	શ્રી. એમ. એસ. પટેલ	ગેરહાજર	હાજર	હાજર
૧૨૪.	શ્રી. એસ. એમ. ઠક્કર	હાજર	હાજર	હાજર
૧૨૫.	શ્રી. આર. વી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૨૬.	શ્રી. એસ. એમ. અમીન	હાજર	હાજર	હાજર
૧૨૭.	શ્રી. બી. એમ. જાની	ગેરહાજર	હાજર	હાજર
૧૨૮.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર	હાજર
૧૨૯.	શ્રી. મણિશંકર પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૩૦.	ડૉ. સી. આર. નાયક	ગેરહાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૩–'૭૦	તા. ૨૬–૩–'૭૦	તા. ૨૭–૩–'૭૦
૧૨૧.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૨૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૩.	શ્રી. પી. એફ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૪.	શ્રી. ડી. એસ. બસન	હાજર	હાજર	હાજર
૧૨૫.	શ્રી. એચ. સી. શુકલ	હાજર	ગેરહાજર	હાજર
૧૨૬.	શ્રી. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૧૨૭.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	હાજર	હાજર
૧૨૮.	શ્રી. પી. એન. વર્તીકર	હાજર	હાજર	ગેરહાજર
૧૨૯.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૩૦.	શ્રી. એસ. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૩૧.	શ્રી. એચ. યુ. જોષી	હાજર	હાજર	હાજર
૧૩૨.	શ્રી. કે. ડી. શાહ	હાજર	હાજર	હાજર
૧૩૩.	ડૉ. પી. એલ. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૧૩૪.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર	હાજર
૧૩૫.	ડૉ. એચ. આર. દેરાસરી	હાજર	હાજર	હાજર
૧૩૬.	શ્રી. ડી. ડી. ત્રિવેદી	ગેરહાજર	હાજર	હાજર
૧૩૭.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૩૮.	શ્રીમતી નિર્મળાબહેન પટેલ	હાજર	હાજર	હાજર
૧૩૯.	ડૉ. એમ. એમ. મહેતા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪૦.	શ્રી. આર. ડી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૪૧.	શ્રી. કે. એચ. ચૌધરી	હાજર	હાજર	હાજર
૧૪૨.	શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર	હાજર	હાજર
૧૪૩.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	હાજર	ગેરહાજર
૧૪૪.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૪૫.	શ્રી. બી. એમ. નવલખા	હાજર	હાજર	હાજર
૧૪૬.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર	હાજર
૧૪૭.	શ્રી. પી. આર. શેઠ	હાજર	હાજર	હાજર
૧૪૮.	શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૪૯.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૦.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર	હાજર
૧૫૧.	શ્રી. બી. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૫૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૫૩.	ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	હાજર
૧૫૪.	શ્રી. ઈન્દ્રવદન એ. મોદી	હાજર	હાજર	હાજર
૧૫૫.	શ્રી. સી. એન. શાહ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૩–'૭૦	તા. ૨૬–૩–'૭૦	તા. ૨૭–૩–'૭૦
૧૧૬.	શ્રી. એચ. વી. વસા	હાજર	હાજર	ગેરહાજર
૧૧૭.	શ્રી. એસ. બી. ખંડવા	હાજર	હાજર	હાજર
૧૧૮.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૧૯.	શ્રી. વી. પી. શાહ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૬૦.	શ્રીમતી લીલાબહેન શાહ	હાજર	હાજર	હાજર
૧૬૧.	ડૉ. એન. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૨.	શ્રી. જે. કે. મોદી	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૬૩.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર	ગેરહાજર
૧૬૪.	શ્રી. લાભુભાઈ ત્રિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૫.	શ્રી. ડાહ્યાભાઈ જી. નાયક	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૬.	શ્રી. ઈન્દ્રદમન એ. શાહ	હાજર	હાજર	ગેરહાજર.

૧. તા. ૧૦/૧૧–૧૦–૧૯૬૯ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૦/૧૧–૧૦–૧૯૬૯ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ૧૯૭૦–૭૧ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૬૯માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૭૦થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૧ સુધીનું છે.

(૩) ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૨૧–૨–૧૯૭૦ના રોજ પરિપત્રાંક સિ./૦૨૧૬૮૧ દ્વારા મોકલવામાં આવી હતી.]

૧૯૭૦–૭૧ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર નીચેના ત્રણ સભ્યોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૦–૩–૧૯૭૦ના પત્રાંક સિ./૦૨૮૫૪૧ પ્રમાણે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા હોઈ, તે અંગે વિશેષ વિચારણા કરવાપણું રહ્યું નહિ :

(૧) પ્રો. કેશવરામ કાશીરામ શાસ્ત્રી
(૨) પ્રો. વી. જે. ત્રિવેદી
(૩) આચાર્ય રામનાથ વિઠ્ઠલરામ શાસ્ત્રી.

૨–અ. આચાર્ય બી. આર. પટેલે યાદી પરના કામકાજનો ક્રમ ફેરવવાની બાબતમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત નં. ૧૧૭, ૧૧૮, ૧૧૯ અને ૧૨૦ની બાબતોને કામકાજની યાદીમાંના બાબત નં. ૨ પછી હાથ પર લેવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ સ્ટે. ૩૧માં દર્શાવેલ જોગવાઈઓ સાથે સુસંગત નથી તેથી તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૨-બ. પ્રશ્નોત્તરી:

[૧] પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) તા. ૧૧મી માર્ચ, ૧૯૬૯થી અત્યાર સુધીમાં યુનિવર્સિટીની જે સંલગ્ન કૉલેજોએ પોતાના શિક્ષકોને નોકરીમાંથી છૂટા કર્યા છે અને નોકરીની શરતોના પ્રવર્તમાન નિયમો નં. ૧૦(૨) અને ૧૦(૩) પ્રમાણે અનુક્રમે ૬ માસ કે ત્રણ માસના પગાર જેટલું વળતર ચૂકવેલું નથી તેવી કૉલેજોનાં નામ આપો, તેમ જ તેવા છૂટા કરેલા શિક્ષકોનાં નામ આપો તેમ જ તેમને કઈ તારીખથી છૂટા કરવામાં આવ્યા તે જણાવો.

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી **પરિશિષ્ટ "ક"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૧ : (ખ) નોકરીની શરતોના નિયમો ૧૦(૨) અને ૧૦(૩) મુજબ કૉલેજોએ છૂટા કરેલા શિક્ષકોને વળતર ચૂકવ્યું ન હોય તેવી કોઈ શિક્ષકે ફરિયાદ યુનિવર્સિટીને કરી છે ખરી?

ઉત્તર ૧ : (ખ) આ અંગે નીચેના શિક્ષકો તરફથી ફરિયાદો આવેલી છે :

ક્રમાંક	**શિક્ષકનું નામ**
(૧)	ડૉ. ટી. એન. મહેતા
(૨)	શ્રી. પી. એન. દવે
(૩)	શ્રી. એન. યુ. રાજગુરુ
(૪)	શ્રી. એન. એચ. જોશી.

પ્રશ્ન ૧ : (ગ) વળતર ન ચૂકવાયું હોય તેવી ફરિયાદો યુનિવર્સિટી પાસે આવી હોય તો તે અંગે અત્યાર સુધીમાં કૉલેજ સામે શાં પગલાં લીધાં?

ઉત્તર ૧ : (ગ) સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં આવા કેસો પર વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવાનું ઠરાવ્યું છે.

પ્રશ્ન ૧ : (ઘ) શિક્ષકોને છૂટા કરવામાં આવે અને નોટિસ પિરિયડ પૂરો થાય તે જ દિવસે તેમને તેમના વળતરની રકમ ચૂકવાઈ જાય તેવી કોઈ વ્યવસ્થા ઉપજાવી શકાય તેમ છે ખરી?

ઉત્તર ૧ : (ઘ) આવી કોઈ વ્યવસ્થા ઊભી કરવાનો પ્રસ્તાવ હાલ વિચારણા હેઠળ આવેલો નથી.

પ્રશ્ન ૨ : અધ્યાપકોની સલામતી છેલ્લાં થોડાં વર્ષોથી ખૂબ જોખમાઈ રહી છે તેવી સંખ્યાબંધ ફરિયાદો, ઠરાવો યુનિવર્સિટી સમક્ષ તેમ જ સેનેટ-સિન્ડિકેટ સમક્ષ છેલ્લાં પાંચ વર્ષમાં આવ્યાં પછી જ યુનિવર્સિટીની સિન્ડિકેટે શિક્ષકોની નોકરીની શરતો સુધારી હતી અને તેને તા. ૭-૩-૧૯૬૯થી તત્કાળ અમલી બનાવી હતી અને તેમાં નિયમ ૧૦(૨) અને ૧૦(૩)માં વળતર આપવાના નિયમો યોજીને શિક્ષકોને

કંઈક સલામતી બક્ષી છે, છતાં આ નિયમોમાં ફેરફાર કરાવવા માટે માત્ર પોતાને લાભકર્તા નીવડે તે માટે વગ ધરાવતાં કેટલાંક વર્તુળો હજી પણ યુનિવર્સિટીમાં પ્રયાસો કરે છે એવી કોઈ માહિતી યુનિવર્સિટી પાસે છે ખરી?

ઉત્તર ૨ : માગેલી માહિતી અંગે જણાવવાનું કે પ્રશ્નમાં જણાવ્યા મુજબનાં "વગ ધરાવતાં વર્તુળો" કે તેમના હેતુ વિષે યુનિવર્સિટી કાર્યાલયને કશી માહિતી નથી. પણ માહિતી માટે જણાવવાનું કે ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના પ્રમુખ તરફથી શિક્ષકોની સેવાઓની શરતો ઈત્યાદિ અંગે એક પત્ર આવેલો જે સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧–૧–૧૯૬૯ની સભામાં સ્થાયી કાનૂનવિષયક સમિતિને વિચારણા માટે મોકલેલો છે. સદરહુ પત્ર તથા પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી આવેલ તા. ૧૧–૧–૧૯૬૯નો પત્ર સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯–૬–૧૯૬૯ની સભા સમક્ષ મૂકવામાં આવેલા, જે પર સદરહુ સમિતિએ નીચે મુજબ ભલામણ કરી હતી :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ નં. ૧૦ કે જેનો અમલ જે તા. ૭–૩–૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સ્થાયી કાનૂનવિષયક સમિતિની ઉપરની ભલામણ પર વિચારણા કરી સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧–૧–૧૯૭૦ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઉપર જણાવેલી પોતાની ભલામણ નં. ૧માં શિક્ષકોની નોકરી અંગેના નિયમ નં. ૧૦ના અમલ માટે સૂચવ્યું છે તેના સંદર્ભમાં જે ચોક્કસ કેસો યુનિવર્સિટી સમક્ષ આવ્યા હોય તે કેસો પર વિચારણા કરી પોતાની સ્પષ્ટ ભલામણ રજૂ કરવા માટે સ્થાયી કાનૂન-વિષયક સમિતિને જણાવવું."

પ્રશ્ન ૩ : (ક) ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીએ નોકરીની શરતોમાં છૂટા કરેલા શિક્ષકોને વળતર આપવાના નિયમોમાં ફેરફાર માગતો પત્ર યુનિવર્સિટીને લખ્યો છે તે વાત સાચી?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩ : (ખ) આ પત્રની વિગતો આપશો?

ઉત્તર ૩ : (ખ) છૂટા કરાયેલા શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય, તો તેના સંદર્ભમાં છ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવાનું તેઓશ્રીએ સૂચવ્યું છે.

પ્રશ્ન ૪ : અધ્યાપકને કોઈ સંસ્થા છૂટો કરે છે ત્યારે અધ્યાપક નોકરી ઉપરાંત ઘણું બધું ગુમાવે છે અને તે માટે જ નોકરીની શરતોમાં વળતર આપવાની વ્યવસ્થા યુનિવર્સિટીની સિન્ડિકેટે યોજી છે, તો પછી બીજે નોકરી મળતાં વળતર ન આપવું, આવા વાહિયાત સુધારા યુનિવર્સિટી સમક્ષ આવે અને સિન્ડિકેટ જેવું ઉચ્ચ બોડી કે જેણે છ મહિના સુધી ચર્ચાવિચારણા કરીને આ નોકરીની શરતો સુધારી છે તે ફેરવિચારણા પર લે તે કેટલે અંશે યોગ્ય છે?

ઉત્તર ૪ : યુનિવર્સિટીના નિયમો અંગે કોઈ આચાર્યશ્રી તરફથી પુનર્વિચારણા માટે આવેલા પ્રસ્તાવને યુનિવર્સિટી કાર્યાલય 'વાહિયાત' ગણતું નથી. વધુમાં, સંલગ્ન કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળો વિચારણા પર લે તે સર્વથા યોગ્ય છે.

પ્રશ્ન ૫ : (ક) ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ સુધારવા માટે યુનિવર્સિટીએ કોઈ સમિતિને કામ સોંપ્યું છે ખરું?

ઉત્તર ૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૫ : (ખ) આ સમિતિમાં સમાવેલા સભ્યોનાં નામ આપો.

ઉત્તર ૫ : (ખ) સદરહુ સમિતિ પરના સભ્યોનાં નામ નીચે મુજબ છે :

(૧) કુલપતીશ્રી ઉમાશંકર જોશી
(૨) શ્રી. લાલભાઈ ૨. દેસાઈ
(૩) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૪) ડૉ. પી. સી. વૈદ્ય
(૫) આચાર્ય વી. આર. રણદીવે
(૬) આચાર્ય એમ. સી. દેસાઈ
(૭) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૮) આચાર્ય ય. પ્રા. શુકલ
(૯) આચાર્ય ય. ગુ. નાયક
(૧૦) શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
(૧૧) શ્રી. આઈ. એમ. નાણાવટી
(૧૨) શ્રી. બટુભાઈ હ. દેસાઈ

પ્રશ્ન ૫ : (ગ) આ સમિતિના સભ્યો યુનિવર્સિટી તંત્રના કયા કયા મતદારમંડળનું પ્રતિનિધિત્વ ધરાવે છે?

ઉત્તર ૫ : (ગ) આ સમિતિ પર નિમાયેલા સેનેટ સભ્યોનું વર્ગીકરણ નીચે મુજબ છે :

યુનિવર્સિટી સેનેટના હોદ્દાગત સભ્યો :
(૧) કુલપતિશ્રી ઉમાશંકર જોશી
(૨) શ્રી. લાલભાઈ ૨. દેસાઈ
(૩) આચાર્ય વી. આર. રણદીવે
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૬) આચાર્ય ય. પ્રા. શુકલ
(૭) આચાર્ય ય. ગુ. નાયક

યુનિવર્સિટી સેનેટ પરના નોંધાયેલ સ્નાતકોના મતદારવિભાગમાંથી ચૂંટાયેલા સભ્યો :
(૧) શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
(૨) શ્રી. આઈ. એમ. નાણાવટી
(૩) શ્રી. બટુભાઈ હ. દેસાઈ

યુનિવર્સિટી સેનેટ પરના આચાર્યો સહિત શિક્ષકોના મતદારવિભાગમાંથી ચૂંટાયેલા સભ્યો :
પ્રો. મણિશંકર પી. પંડ્યા

ઇતર :
ડૉ. પી. સી. વૈદ્ય (તેઓ યુનિવર્સિટીના શિક્ષક છે પણ સેનેટના સભ્ય નથી.)

પ્રશ્ન ૫ : (ઘ) યુનિવર્સિટી વિદ્યાર્થી અને શિક્ષકોથી બનેલી હોવાના આદર્શની વાતો થતી હોય તો તે પ્રમાણે યુનિવર્સિટીએ આ યુનિવર્સિટી કાયદો સુધારવા નીમેલી સમિતિમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે ખરું?

ઉત્તર ૫ : (ઘ) પ્રશ્નમાં જણાવેલ "આદર્શોની વાત" અંગેની વાત બાજુએ રાખીને માહિતી માટે જણાવવાનું કે સદરહુ સમિતિના બંધારણ (Composition) અંગેની માહિતી ઉપર પ્રશ્ન નં. ૫(ગ)ના ઉત્તરમાં જણાવેલી છે.

પ્રશ્ન ૫ : (ચ) તદર્થ સમિતિમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તેવા સભ્યોનાં નામ આપો.

ઉત્તર ૫ : (ચ) પ્રશ્ન ૫(ગ)ના ઉત્તરમાં આ પ્રશ્નમાં માગેલી માહિતીનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૫ : (છ) આ સમિતિની અત્યાર સુધીમાં કેટલી સભાઓ કઈ કઈ તારીખોએ મળી અને દરેક સભામાં જે સભ્યો ગેરહાજર રહ્યા તેમનાં નામ આપો.

ઉત્તર ૫ : (છ) સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	સમિતિની સભાની તારીખ		ગેરહાજર રહેલા સભ્યોનાં નામ
(૧)	૪--૧૨--૧૯૬૭	...	૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
			૨. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૩. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
(૨)	૨૦--૨--૧૯૬૮	...	૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
			૨. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૩. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
			૪. આચાર્યશ્રી જે. બી. સાણ્ડિલ
(૩)	૨૩--૪--૧૯૬૮	...	૧. શ્રી. ઉમાશંકર જે. જોશી
			૨. આચાર્ય ય. ગુ. નાયક
			૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
			૪. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૫. આચાર્ય વી. આર. રણદીવે
			૬. આચાર્ય એમ. સી. દેસાઈ
			૭. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
(૪)	૧૯-૬-૧૯૬૮	...	૧. આચાર્ય ય. ગુ. નાયક
			૨. આચાર્ય વી. આર. રણદીવે
			૩. આચાર્ય એમ. સી. દેસાઈ
			૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
			૫. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૬. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા

ક્રમાંક	સમિતિની સભાની તારીખ		ગેરહાજર રહેલા સભ્યોનાં નામ
(૫)	૧૨-૭-૧૯૬૮	...	૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ ૩. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી ૪. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા ૫. આચાર્ય ય. ગુ. નાયક ૬. આચાર્ય વી. આર. રણદીવે ૭. આચાર્ય એમ. સી. દેસાઈ
(૬)	૧૯-૮-૧૯૬૮	...	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય જે. બી. સાણ્ડિલ ૩. આચાર્ય ય. ગુ. નાયક ૪. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રા ૫. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી ૬. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૭)	૨૭--૯--૧૯૬૮	...	૧. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા ૨. આચાર્ય વી. આર. રણદીવે ૩. આચાર્ય એમ. સી. દેસાઈ ૪. આચાર્ય જે. બી. સાણ્ડિલ ૫. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી ૬. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૮)	૧૪--૧૧--૧૯૬૮	...	૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા ૩. ડૉ. પી. સી. વૈદ્ય ૪. આચાર્ય એમ. સી. દેસાઈ ૫. આચાર્ય ય. પ્રા. શુકલ ૬. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી ૭. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૯)	૧૨--૨--૧૯૬૯	...	૧. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા ૨. આચાર્ય વી. આર. રણદીવે ૩. આચાર્ય ય. ગુ. નાયક ૪. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
(૧૦)	૨૧--૩--૧૯૬૯	...	૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા ૩. આચાર્ય વી. આર. રણદીવે ૪. આચાર્ય એમ. સી. દેસાઈ

ક્રમાંક	સમિતિની સભાની તારીખ		ગેરહાજર રહેલા સભ્યોનાં નામ
			૫. આચાર્ય ય. ગુ. નાયક
			૬. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
			૭. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
(૧૧)	૯--૭--૧૯૬૯	...	૧. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
			૨. ડૉ. પી. સી. વૈદ્ય
			૩. આચાર્ય વી. આર. રણદીવે
			૪. આચાર્ય એમ. સી. દેસાઈ
			૫. આચાર્ય ય. પ્રા. શુકલ
			૬. આચાર્ય ય. ગુ. નાયક
			૭. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
			૮. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૯. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૧૨)	૨૧--૮--૧૯૬૯	...	૧. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
			૨. ડૉ. પી. સી. વૈદ્ય
			૩. આચાર્ય વી. આર. રણદીવે
			૪. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
(૧૩)	૨૦--૨--૧૯૭૦	...	૧. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
			૨. ડૉ. પી. સી. વૈદ્ય
			૩. આચાર્ય વી. આર. રણદીવે
			૪. આચાર્ય એમ. સી. દેસાઈ
			૫. આચાર્ય ય. ગુ. નાયક
			૬. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
			૭. શ્રી. ઈન્દ્રવદન મા. નાણાવટી
			૮. શ્રી. બટુભાઈ હ. દેસાઈ

પ્રશ્ન ૬ : (ક) ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના ઍક્ટ સુધારવા એક પંચ નીમ્યાની જાહેરાત કરી છે તે અંગે સરકારે ગુજરાત યુનિવર્સિટીને જાણ કરી છે ખરી ?

ઉત્તર ૬ : (ક) હા, જી.

પ્રશ્ન ૬ : (ખ) સરકારે ઍક્ટ સુધારવા નીમેલા પંચ સમક્ષ ગુજરાત યુનિવર્સિટી પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા માગે છે ખરી ?

ઉત્તર ૬ : (ખ) આ અંગે સરકારશ્રી યુનિવર્સિટીનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા માટે જણાવશે ત્યારે વિચારવામાં આવશે.

પ્રશ્ન ૬ : (ગ) આ રજૂઆત માટેની ભલામણો ગુજરાત યુનિવર્સિટી તૈયાર કરાવવા નવી સમિતિ નીમવા માગે છે ખરી?

ઉત્તર ૬ : (ગ) આ માટે નવી સમિતિ રચવાનો કોઈ પ્રસ્તાવ હાલ સિન્ડિકેટની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૭ : (ક) યુનિવર્સિટીએ તા. ૧૫ જૂન ૧૯૬૯થી અમલી બને તે રીતે પ્રૉવિડંટ ફંડના નિયમો ઘડીને બધી સંલગ્ન કૉલેજોને પાઠવ્યા છે. તે નિયમોનું સંપૂર્ણ પાલન ન કર્યું હોય તેવી કઈ કઈ કૉલેજો છે?

ઉત્તર ૭ : (ક) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી **પરિશિષ્ટ "ખ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૭ : (ખ) આ પ્રૉવિડંટ ફંડના નિયમ નં. ૧૫ પ્રમાણે ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે ટ્રાન્સફર કરી ન હોય તેવી કૉલેજોનાં નામ આપો.

ઉત્તર ૭ : (ખ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી **પરિશિષ્ટ "ખ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૭ : (ગ) પ્રૉવિડંટ ફંડના નિયમ ૨ (એચ) પ્રમાણે અડધા ટ્રસ્ટીઓની સંખ્યા જે તે કૉલેજના Employeesમાંથી હોવી ઘટે તે પ્રમાણે ટ્રસ્ટીઓની નિમણૂક કઈ કઈ કૉલેજોએ કરી છે?

ઉત્તર ૭ : (ગ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી **પરિશિષ્ટ "ખ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૭ : (ઘ) જે કૉલેજોએ પ્રૉવિડંટ ફંડ અંગેના પરિપત્રનો અમલ કર્યો નથી તે સામે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૭ : (ઘ) પ્રૉવિડંટ ફંડના પરિપત્રનો અમલ કરવા માટે કૉલેજોને આગ્રહ કરવા ઉપરાંત ૧૯૭૦ના વર્ષથી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ અંગે જોડાણ આપવા માટે સૂચવાયેલી શરતો પૈકી પ્રૉવિડંટ ફંડના અમલ અંગેની એક શરત પણ મૂકવામાં આવેલી છે.

પ્રશ્ન ૮ : સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૮--૧૯૬૮ની સભાના ઠરાવ પ્રમાણે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે મોંઘવારી ભથ્થાના દરમાં સુધારો કરી તા. ૨--૪--૧૯૬૮થી અમલી બનાવવા બધી સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટીએ પત્રાંક સિ. મોંઘ. ભ. નં. ૩૬૩૬૬, તા. ૨૩--૮--૧૯૬૮ના રોજ પાઠવ્યો છે. આ ઠરાવનો અમલ હજુ સુધી કઈ કઈ કૉલેજોએ નથી કર્યો?

ઉત્તર ૮ : સર્વે બિનસરકારી કૉલેજોએ તેનો અમલ કર્યો છે પરંતુ માહિતી માટે જણાવવાનું કે બિનસરકારી કૉલેજો પૈકી સાયન્સ કૉલેજ, કડીએ પાછલી બાકી (Arears) ચૂકવેલી નથી, જેની ચુકવણી તા. ૩૧--૩--૧૯૭૦ પહેલાં કરવાની સદરહુ કૉલેજે બાંયધરી આપી છે.

પ્રશ્ન ૯ : અમલ ન કર્યો હોય તેવી કૉલેજો સામે તે પછી યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૯ : ઉપર પ્રશ્ન ૮નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૦: યુ.જી.સી. સૂચિત પગારધોરણો "ચોથી પંચવર્ષીય યોજનાનાં પગારધોરણો" તરીકે દેશની બધી યુનિવર્સિટીઓના શિક્ષકો માટે તા. ૧--૪--૧૯૬૬થી અમલી બને તે રીતે અપનાવ્યા પછી ગુજરાત સરકારે પણ રાજ્યની બધી યુનિવર્સિટીઓ માટે તેનો સ્વીકાર કર્યો છે, છતાં ગુજરાત યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોમાં તદર્થ પગારધોરણો હજી સુધી કેમ અમલી બનાવ્યાં નથી?

ઉત્તર ૧૦ : ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારાઓનો અમલ કરવાનું સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૧-૩-૧૯૭૦ની સભામાં ઠરાવેલું છે.

પ્રશ્ન ૧૧ : (ક) ગુજરાત સરકારે જાહેર કરેલી ચોથી યોજનાનાં પગારધોરણોની સ્કીમમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોને લાભદાયી નીવડે તેવા કયા ફેરફારો ગુજરાત યુનિવર્સિટીએ માગ્યા છે?

ઉત્તર ૧૧ : (ક) યુનિવર્સિટીએ સરકારશ્રીને નીચેનાં સૂચન રજૂ કર્યાં હતાં :

(૧) સુધારેલાં પગારધોરણોના અમલને લઈને થનારા વધારાના ખર્ચ માટે માર્ચ ૧૯૭૧ પછી પણ ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાની રાજ્ય સરકાર તરફથી બાંયધરી આપવામાં આવે.

(૨) જે કૉલેજોનાં યુનિવર્સિટી સંસ્થાપિત બે અનુસ્નાતક કેન્દ્રો હોય કે પ્રાધ્યાપકો અને વ્યાખ્યાતાઓ માટે કુલ શિક્ષકગણના ૧૧ ટકા શિક્ષકો અથવા ઓછામાં ઓછા ત્રણ શિક્ષકો માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય તેવી કૉલેજોને અનુસ્નાતક કૉલેજો ગણી તેના આચાર્યો અને માન્ય અનુસ્નાતક શિક્ષકોને તે મુજબનું પગારધોરણ આપવામાં આવે.

(૩) સંલગ્ન કૉલેજોના જે શિક્ષકો યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં પ્રોફેસર કે રીડર તરીકે નિમાવા માટે લાયક હોય તેઓને સિનિયર સ્કેલ આપવામાં આવે.

(૪) પગારની રકમમાં મોંઘવારી ભથ્થું ભેળવ્યા વિનાનું પૂરું મોંઘવારી ભથ્થું આપવામાં આવે.

(૫) યોજનાના પશ્ચાદ્ભૂની અમલ થવાનો હોઈ તે દરમ્યાનના સમય માટેનો પગારવધારો આપવામાં આવે અને પ્રથમ વર્ગ ધરાવનાર સ્નાતક ટ્યૂટર / ડેમોન્સ્ટ્રેટરોને તેના અનુસ્નાતક પદવી ધરાવનાર શિક્ષકો માટે નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે.

પ્રશ્ન ૧૧ : (ખ) ગુજરાત સરકારે તે અંગે અત્યાર સુધીમાં શું જવાબ આપ્યો છે ?

ઉત્તર ૧૧ : (ખ) સરકારશ્રીના તા. ૨૧-૨-૧૯૭૦ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-૬૬૨૧ કેએચની નકલ આ સાથે **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૨ : (ક) યુ.જી.સી. પગારધોરણોની યોજના અનુસાર તા. ૧-૪-૧૯૬૬ના રોજ નોકરીમાં હોય તે જ શિક્ષકોના વધારાના ખર્ચ પર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ગ્રાન્ટ આપશે તો પછી તા. ૧-૪-૧૯૬૬ પછી જોડાયેલા અધ્યાપકો માટે યુનિવર્સિટી શું જૂનું જ પગારધોરણ ચાલુ રાખવા માગે છે ?

ઉત્તર ૧૨ : (ક) તા. ૧-૪-૧૯૬૬ના રોજ કે તે પછી નિમાયેલા અધ્યાપકો માટે આ પગારધોરણો વૈચારિક રીતે (Notionally) સ્વીકારવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૧૨ : (ખ) એક જ સંસ્થાના શિક્ષકો માટે બે પગારધોરણો અમલી બનાવાય તો તે કેટલે અંશે યોગ્ય છે?

ઉત્તર ૧૨ : (ખ) આ પ્રશ્નમાં માહિતી નહીં પણ અભિપ્રાય માગેલો હોઈ તેનો જવાબ આપવાનું શક્ય નથી.

પ્રશ્ન ૧૩ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં તા. ૧-૪-૧૯૬૬ના રોજ નોકરીમાં હોય તેવા અને તા. ૧-૪-૧૯૬૬ પછી જોડાયેલા છે તેવા શિક્ષકોની સંખ્યા વિષે સાથે જોડેલા પ્રોફોર્મા પ્રમાણે કોઠા ૧, કોઠા ૨ અને કોઠા ૩માં દરેક સંસ્થાની વિગતો આપો.

ઉત્તર ૧૩ : પ્રશ્નમાં ઉલ્લેખ કરેલો છે તે કોઠા ૧, કોઠા ૨ અને કોઠા ૩ પ્રમાણેની યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી **પરિશિષ્ટ "ઘ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૧૪ : (ક) ગયા વર્ષના માર્ચ--એપ્રિલમાં અને ઑક્ટોબરમાં લેવાયેલી પરીક્ષાઓમાં એવા કેટલા પરીક્ષકો હતા કે જેઓને એક કરતાં વધુ પરીક્ષાઓમાં નીમવામાં આવ્યા હતા ?

પ્રશ્ન ૧૪ : (ખ) આવી રીતે નિમણૂકો થઈ હોય તો તેનાં શાં કારણો હતાં ?

પ્રશ્ન ૧૪ : (ગ) એકથી વધારે કેટકેટલાને કેટકેટલી નિમણૂકો કયા કયા વિષયોમાં આપવામાં આવી હતી ?

ઉત્તર ૧૪ : (ક) થી (ગ)માં માગેલી માહિતી યુનિવર્સિટીની પરીક્ષાઓને લગતી ગુપ્ત પ્રકારની હોઈ તે સેનેટની સભામાં પૂરી પાડવાનું શકય નથી.

પ્રશ્ન ૧૫ : (ક) ગયે વર્ષે ગુજરાત યુનિવર્સિટીની કૉલેજો અને અનુસ્નાતક સંસ્થાઓમાંથી અધ્યાપકોને લગતી માહિતી મેળવવા ફૉર્મ્સ મેળવવામાં આવ્યાં હતાં તેઓનો શો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

ઉત્તર ૧૫ : (ક) ગયે વર્ષે ગુજરાત યુનિવર્સિટીની કૉલેજો અને અનુસ્નાતક સંસ્થાઓમાંથી અધ્યાપકોને લગતી માહિતી મેળવવા માટે ફૉર્મ્સ મેળવવામાં આવ્યાં હતાં તે આધારે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકો અંગેની માહિતી, માર્ચ--એપ્રિલના પરીક્ષકોની નિમણૂક કરતી વખતે જરૂર પડયે, ઉપયોગમાં લેવામાં આવી હતી.

પ્રશ્ન ૧૫ : (ખ) એ ફૉર્મ્સની મદદથી કાર્ડ્ઝ બનાવવાની યોજના અમલમાં આવી છે ?

ઉત્તર ૧૫ : (ખ) આ ફૉર્મ્સની મદદથી કાર્ડ્ઝ બનાવવાની યોજના વિચારણા હેઠળ છે. હજુ તે અમલમાં આવેલી નથી.

[૨] **ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી**એ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી, જેનો જવાબ નીચે પ્રમાણે આપવામાં આવ્યો હતો :

પ્રશ્ન ૧ : વિનયન વિદ્યાશાખાનાં યુનિવર્સિટી ભવનોમાં માન્ય શિક્ષકોના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં કેટલું સંશોધનકાર્ય થયું છે ? આ અંગે નીચે પ્રમાણે માહિતી આપવા વિનંતી છે :

દરેક ભવનના પીએચ.ડી. માટેના તે તે માન્ય માર્ગદર્શકને માન્યતા મળ્યા પછીનાં વર્ષોની સંખ્યા, તે દરમ્યાન તેમના માર્ગદર્શન નીચે નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા, તે પૈકી યુનિવર્સિટીને સુપરત થયેલા મહાનિબંધોની સંખ્યા અને તે પરથી પીએચ.ડી.ની ડિગ્રી માટે પાત્ર ઠરેલા વિદ્યાર્થીઓની સંખ્યા.

ઉત્તર ૧ : માગવામાં આવેલી માહિતી આ સાથે **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.

[૩] **ડૉ. એ. એમ. ત્રિવેદી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીએ તા. ૧૫ જૂન ૧૯૬૯થી અમલી બને તે રીતે પ્રોવિડંટ ફંડના નિયમો ઘડીને બધી સંલગ્ન કૉલેજોને પાઠવ્યા છે તે નિયમોનું સંપૂર્ણ પાલન ન કર્યું હોય તેવી કઈ કઈ કૉલેજો છે ?

પ્રશ્ન ૧ : (ખ) આ પ્રૉવિડંટ ફંડના નિયમ નં. ૧૧ પ્રમાણે ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે ટ્રાન્સફર કરી ન હોય તેવી કૉલેજોનાં નામ આપો.

પ્રશ્ન ૧ : (ગ) પ્રૉવિડંટ ફંડના નિયમ ૨(એચ) પ્રમાણે અરધા ટ્રસ્ટીઓની સંખ્યા જે તે કૉલેજના Employeesમાંથી હોવી ઘટે, તે પ્રમાણે ટ્રસ્ટીઓની નિમણૂક કઈ કઈ કૉલેજોએ કરી છે ?

પ્રશ્ન ૧ : (ઘ) જે કૉલેજોએ પ્રૉવિડંટ ફંડ અંગેના પરિપત્રનો અમલ કર્યો નથી તે સામે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧ (ક)થી (ઘ) : પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૭(ક)થી ૭(ઘ) સુધીના ઉત્તરો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : સિન્ડિકેટની તા. ૧૦--૧૧--૧૯૬૮ની સભાના ઠરાવ પ્રમાણે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે મોંઘવારી ભથ્થાના દરમાં સુધારો કરી તા. ૨--૪--૧૯૬૮થી અમલી બનાવવા બધી સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટીએ પત્રાંક સિં.મોં.ભ.નં. ૩૬૩૬૬, તા. ૨૩--૮--૧૯૬૮ના રોજ પાઠવ્યો છે. આ ઠરાવનો અમલ હજી સુધી કઈ કઈ કૉલેજોએ નથી કર્યો?

ઉત્તર ૨ : પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૮ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : અમલ ન કર્યો હોય તેવી કૉલેજો સામે તે પછી યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૩ : પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૯નો ઉત્તર જોવા વિનંતી છે.

[૪] આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ સુધારવા માટે યુનિવર્સિટીએ કોઈ સમિતિને કામ સોંપ્યું છે ખરું?

પ્રશ્ન ૧ : (ખ) આ સમિતિમાં સમાવેલા સભ્યોનાં નામ આપો.

પ્રશ્ન ૧ : (ગ) આ સમિતિના સભ્યો યુનિવર્સિટી તંત્રનાં કયાં કયાં મતદારમંડળોનું પ્રતિનિધિત્વ ધરાવે છે?

પ્રશ્ન ૧ : (ઘ) યુનિવર્સિટી વિદ્યાર્થી અને શિક્ષકોથી બનેલી હોવાના આદર્શની વાતો થતી હોય તો તે પ્રમાણે યુનિવર્સિટીએ આ યુનિવર્સિટી કાયદો સુધારવા નીમેલી સમિતિમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે ખરું ?

પ્રશ્ન ૧ : (ચ) તદર્થ સમિતિમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તેવા સભ્યોનાં નામ આપો.

પ્રશ્ન ૧ : (છ) આ સમિતિની અત્યાર સુધીમાં કેટલી સભાઓ કઈ કઈ તારીખોએ મળી અને દરેક સભામાં જે સભ્યો ગેરહાજર રહ્યા તેમનાં નામ આપો.

ઉત્તર ૧ (ક)થી (છ) : પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૧૧ (ક) થી ૫ (છ) સુધીના ઉત્તરો જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના ઍક્ટ સુધારવા એક પંચ નીમ્યાની જાહેરાત કરી છે. તે અંગે સરકારે ગુજરાત યુનિવર્સિટીને જાણ કરી છે ખરી?

પ્રશ્ન ૨ : (ખ) સરકારે ઍક્ટ સુધારવા નીમેલા પંચ સમક્ષ ગુજરાત યુનિવર્સિટી પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા માગે છે ખરી ?

પ્રશ્ન ૨ : (ગ) આ રજૂઆત માટેની ભલામણો ગુજરાત યુનિવર્સિટી તૈયાર કરાવવા નવી સમિતિ નીમવા માગે છે ખરી?

ઉત્તર ૨(ક)થી (ગ): પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૬ (ક) થી ૬ (ગ) સુધીના ઉત્તરો જોવા વિનંતી છે.

[૫] **શ્રી. એસ.** કે. ઝવેરીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીએ ૧૫ જૂન ૧૯૬૯થી અમલી બને તે રીતે પ્રૉવિડંટ ફંડના નિયમો ઘડીને બધી સંલગ્ન કૉલેજોને પાઠવ્યા છે તે નિયમોનું સંપૂર્ણ પાલન ન કર્યું હોય તેવી કઈ કઈ કૉલેજો છે?

પ્રશ્ન ૧ : (ખ) આ પ્રૉવિડંટ ફંડના નિયમ નંબર ૫ પ્રમાણે ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે ટ્રાન્સફર કરી ન હોય તેવી કૉલેજોનાં નામ આપો.

પ્રશ્ન ૧ : (ગ) પ્રૉવિડંટ ફંડના નિયમ ૨ (એચ) પ્રમાણે અડધા ટ્રસ્ટીઓની સંખ્યા જે તે કૉલેજના Employeesમાંથી હોવી ઘટે તે પ્રમાણે ટ્રસ્ટીઓની નિમણૂક કઈ કઈ કૉલેજોએ કરી છે?

પ્રશ્ન ૧ : (ઘ) જે કૉલેજોએ પ્રૉવિડંટ ફંડ અંગેના પરિપત્રનો અમલ કર્યો નથી તે સામે યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧ (ક)થી (ઘ): પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૭ (ક) થી ૭ (ઘ) સુધીના ઉત્તરો જોવા વિનંતી છે.

[૬] **આચાર્ય બી. એમ.** પીરઝાદાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) એફ.વાય.બી.એ.ના ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્ર માટે વર્ષની શરૂઆતમાં Marmion નામની ૩૫૦૦ લીટીની કવિતા prescribe કરવામાં આવી હતી તે વાત સાચી છે?

ઉત્તર ૧ : (ક) પ્રથમ વર્ષ બી.એ.ના ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્ર માટે વર્ષની શરૂઆતમાં "Marmion" નામની કવિતાનું પુસ્તક નિયત કરવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૧ : (ખ) પાછળથી આ કવિતાના બે "કેન્ટોઝ" જ કોર્સમાં છે તેવી જાહેરાત કરવામાં આવી તે વાત સાચી છે?

ઉત્તર ૧ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧ : (ગ) આ નિર્ણય કયારે કરવામાં આવ્યો? અને કૉલેજોને કયારે પરિપત્રથી જણાવવામાં આવ્યો?

ઉત્તર ૧ : (ગ) અંગ્રેજીની અભ્યાસસમિતિએ આ અંગેનો નિર્ણય તેની તા. ૨૭/૨૮--૧૦--૧૯૬૯ની સભામાં લીધો હતો; અને કુલપતિશ્રીનો આદેશ મેળવી તે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૫--૧૧--૧૯૬૯ના પરિપત્ર ક્રમાંક ૮ (૬૯)થી કૉલેજોને પરિપત્રિત કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૧ : (ઘ) "મારમિયન" જેવી લાંબી કવિતા prescribe કરવાનું પગલું ઉચિત નહોતું માટે આ નિર્ણય બદલવામાં આવ્યો તે વાત સાચી છે?

ઉત્તર ૧ : (ઘ) ઔચિત્ય અંગેના અભિપ્રાયની બાબતમાં ન પડતાં માહિતી માટે જણાવવાનું કે અંગ્રેજીની અભ્યાસસમિતિએ પહેલાં આખું કાવ્ય નિયત કરેલું અને ત્યાર પછી ફેરવિચારણા કરી બે "કેન્ટોઝ" નિયત કરવા ઠરાવ્યું હતું.

પ્રશ્ન ૧ : (ચ) હાલ જે બે કેન્ટોઝ prescribe કરેલા છે તે પણ વાસ્તવમાં Introduction cantos સહિત વિચારીએ તો ચાર cantos થઈ જાય, અને દર વર્ષ કરતાં પ્રમાણમાં વધુ લાંબા બની જાય છે?

ઉત્તર ૧ : (ચ) અંગ્રેજીની અભ્યાસસમિતિના નિર્ણય અનુસાર "બે કેન્ટોઝ" નિયત કરવામાં આવેલ છે. આ બે કેન્ટોઝ ચાર કેન્ટોઝ જેટલા થઈ જાય છે અને દર વર્ષ કરતાં પ્રમાણમાં વધુ લાંબા બની જાય છે તેવો અભિપ્રાય આપવા માટે યુનિવર્સિટી કાર્યાલય પાસે કશો આધાર નથી.

પ્રશ્ન ૧ : (છ) આ કવિતા એફ.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં ઘણી અઘરી છે એવી કોઈ ફરિયાદ યુનિવર્સિટી પાસે આવી છે ખરી?

ઉત્તર ૧ : (છ) ના, જી.

પ્રશ્ન ૧ : (જ) આવી ફરિયાદમાં તથ્ય છે તેની ચકાસણી કરવામાં આવી છે?

ઉત્તર ૧ : (જ) હા, જી. "મારમિયન" પુસ્તકમાંથી પ્રથમ બે "કેન્ટોઝ" પ્રસ્તાવના સહિત અભ્યાસક્રમમાં રાખ્યા છે તે બાબતમાં પુનર્વિચારણા કરવા માટેની વિનંતી ઍકેડેમિક કાઉન્સિલની તારીખ ૭/૮--૧--૧૯૭૦ની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી હતી. અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી સાથે વાત કરી કુલપતિશ્રી ઘટતું કરશે તેમ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮--૧--૧૯૭૦-ની સભામાં નક્કી થયું હતું અને તે પછી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૧-૧૯૭૦ની સભામાં આ બાબતની ચર્ચા નીકળી તે વખતે પણ નક્કી કરવામાં આવ્યું કે હાલ નિયત કરેલા અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂર નથી.

પ્રશ્ન ૨ : (ક) આઠસો અથવા તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી વાણિજ્ય વિદ્યાશાખાની અને વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખા ધરાવતી કૉલેજોની સંખ્યા ૧૯૬૫-૬૬, ૧૯૬૬-૬૭, ૧૯૬૭-૬૮, ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦માં કઈ કઈ હતી?

ઉત્તર ૨ : (ક) ૮૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી-સંખ્યા ધરાવતી કૉલેજોની સંખ્યા માગેલાં વર્ષો દરમ્યાન નીચે મુજબ હતી :

વર્ષ	વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજોની સંખ્યા	વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજોની સંખ્યા
૧૯૬૫--૬૬	૫	૩
૧૯૬૬--૬૭	૭	૨
૧૯૬૭--૬૮	૫	૧
૧૯૬૮--૬૯	૬	—
૧૯૬૯--૭૦	૮	૧

પ્રશ્ન ૨ : (ખ) ઉપર્યુકત કૉલેજોના જે તે વર્ષ દરમ્યાનની ટયૂશન ફીની આવક અને જે તે વર્ષનું સમગ્ર પગાર બિલ કેટલું હતું? તે તે વર્ષો દરમ્યાનની માહિતી આપી શકશો?

પ્રશ્ન ૨ : (ગ) આ કૉલેજોએ સને ૧૯૬૫--૬૬થી ૧૯૬૮--૬૯નાં વર્ષો દરમ્યાન તેમની ફીની આવકમાંથી આવર્તક ખર્ચ બાદ કરતાં વર્ષ દીઠ કેટલી પુરાંત ઊભી કરી છે તે જણાવી શકશો?

ઉત્તર ૨ (ખ) અને (ગ) : ૮૦૦ કે તેથી વધુ સંખ્યા ધરાવતી વાણિજ્ય વિદ્યાશાખાની અને વાણિજ્ય તેમ જ વિનયન વિદ્યાશાખા ધરાવતી કૉલેજોની સંખ્યા, ટયૂશન ફીની આવક વગેરેનું સમગ્ર પગારબિલ, ફીની આવકમાંથી આવર્તક ખર્ચ બાદ કરતાં વર્ષ દીઠ પુરાંત વગેરે માહિતી નીચેના પત્રકમાં આપેલ છે :

કૉલેજનું નામ	વર્ષ	ટયૂશન ફી	સમગ્ર પગાર-બિલ	આવર્તક ખર્ચ	ફીની આવક-માંથી આવર્તક ખર્ચ બાદ કરતાં પુરાંત	ખોટ
૧	૨	૩	૪	૫	૬	૭
માત્ર વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજો :						
(૧) એચ. એલ.	૧૯૬૫--૬૬	૩,૬૨,૦૪૦	૨,૦૫,૩૧૮	૩,૨૯,૨૩૭	૩૨,૮૦૩	—
કૉમર્સ કૉલેજ,	૧૯૬૬-૬૭	૩,૬૮,૭૬૦	૨,૩૯,૪૯૧	૩,૫૯,૧૧૨	૯,૬૪૮	—
અમદાવાદ	૧૯૬૭--૬૮	૪,૧૧,૪૨૫	૨,૬૩,૮૭૬	૩,૫૯,૨૬૯	૯૨,૧૫૬	—
	૧૯૬૮--૬૯	૪,૫૧,૨૦૦	૨,૭૩,૪૩૫	૪,૨૨,૬૬૧	૨૮,૫૩૯	—
	૧૯૬૯--૭૦	(આ માહિતી હાલ ઉપલબ્ધ નથી.)				
(૨) કે. પી.	૧૯૬૫--૬૬	૨,૪૨,૭૫૦	૧,૬૨,૩૩૮	૨,૫૧,૨૨૩	—	૮,૪૭૩
કૉમર્સ કૉલેજ,	૧૯૬૬--૬૭	૨,૫૯,૧૬૦	૨,૯૨,૮૯૧	૨,૮૬,૧૬૬	—	૨૭,૦૦૬
સુરત	૧૯૬૭--૬૮ ૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	બીજી યુનિવર્સિટીમાં જવાથી માહિતી આપવાની રહેતી નથી.				
(૩) શેઠ એચ. એ.	૧૯૬૫--૬૬	૩,૫૯,૭૬૦	૧,૯૨,૬૮૮	૩,૧૧,૯૩૦	૪૭,૮૩૦	—
કૉમર્સ કૉલેજ,	૧૯૬૬--૬૭	૩,૮૪,૬૬૦	૨,૧૪,૨૩૫	૩,૫૨,૧૦૭	૩૨,૫૫૩	—
અમદાવાદ	૧૯૬૭--૬૮	૪,૬૫,૭૨૦	૨,૪૨,૪૪૮	૮,૧૨,૭૦૩	—	૩,૪૬,૯૮૩
	૧૯૬૮--૬૯	૪,૪૨,૧૫૫	૨૭,૩૧૦	૪,૧૮,૧૩૦	૨૪,૦૨૫	—
	૧૯૬૯--૭૦	(આ માહિતી હાલ ઉપલબ્ધ નથી.)				
(૪) પી. ડી.	૧૯૬૫--૬૬	૨,૨૨,૩૩૫	૧,૧૯,૭૦૦	૨,૧૧,૬૯૧	૧૦,૬૪૪	—
માલવિયા	૧૯૬૬--૬૭	૨,૬૭,૮૬૬	૧,૨૯,૫૯૮	૨,૬૪,૮૪૭	૩,૦૧૯	—
કૉમર્સ કૉલેજ, રાજકોટ	૧૯૬૭--૬૮ ૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	બીજી યુનિવર્સિટીમાં જવાથી માહિતી આપવાની રહેતી નથી.				

૧	૨	૩	૪	૫	૬	૭
(૫) એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫--૬૬	૨,૪૨,૦૪૦	૧,૦૫,૩૦૯	૨,૩૩,૮૬૭	૮,૧૭૩	—
	૧૯૬૬--૬૭	૩,૦૬,૧૧૫	૧,૩૨,૮૫૯	૩,૧૫,૩૬૦	૯,૨૪૫	—
	૧૯૬૭--૬૮	૩,૬૫,૭૩૦	૧,૬૬,૪૪૪	૩,૦૩,૯૪૪	૯૪,૧૩૬	—
	૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	(હાલ માહિતી ઉપલબ્ધ નથી.)				
(૬) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫–૬૬	—આ વર્ષમાં બે વિદ્યાશાખા ધરાવતી કૉલેજ હતી. માહિતી વિનયન અને વાણિજ્ય કૉલેજોની યાદીમાં ક્રમાંક ૨ સામે આપવામાં આવેલ છે.				
	૧૯૬૬--૬૭	૧,૯૫,૩૮૦	૭૦,૫૧૧	૬૩,૫૪૪	૩૧,૮૩૬	—
	૧૯૬૭--૬૮	૩,૬૫,૨૮૮	૧,૪૧,૮૫૯	૨,૭૧,૧૫૨	૯૪,૧૩૬	—
	૧૯૬૮--૬૯	૪,૭૧,૨૧૧	૧,૮૭,૭૯૭	૩,૧૫,૦૭૨	૧,૩૬,૧૩૯	—
	૧૯૬૯--૭૦	(હાલ આ માહિતી ઉપલબ્ધ નથી.)				
(૭) નવગુજરાત કૉમર્સ અને લૉ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫--૬૬	(અસ્તિત્વમાં નહોતી)				
	૧૯૬૬--૬૭	૧,૦૩,૨૬૦	૧,૮૪,૮૩૬	૩,૧૮,૬૪૧	—	૨,૧૫,૩૮૧
	૧૯૬૭--૬૮	૪,૦૯,૧૫૫	૨,૩૮,૫૫૦	૩,૦૫,૦૯૧	૧,૦૪,૦૬૪	—
(૮) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	(હાલ આ માહિતી ઉપલબ્ધ નથી.)				
વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજો :						
(૧) એસ. બી. ગાર્ડી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, નવસારી	૧૯૬૫--૬૬	૧,૩૧,૭૯૦	૨,૨૧,૪૩૨	૩,૭૪,૭૮૩	—	૨,૪૨,૯૯૩
	૧૯૬૬--૬૭	૩,૨૧,૧૬૦	૨,૯૬,૭૦૩	૪,૫૨,૪૨૫	—	૧,૩૧,૨૬૫
	૧૯૬૭--૬૮ ૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	(બીજી યુનિવર્સિટીમાં જવાથી માહિતી આપવાની રહેતી નથી.)				
(૨) સિટી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫--૬૬	૩,૦૦,૩૪૦	૧,૯૦,૩૮૨	૨,૮૭,૪૯૦	૧૨,૮૫૦	—
	૧૯૬૬--૬૭ ૧૯૬૭--૬૮ ૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	૧૯૬૬--૬૭ થી કૉમર્સની વિદ્યાશાખા અલગ થવાથી માત્ર કૉમર્સ કૉલેજ થઈ તે વર્ષથી માહિતી વાણિજ્ય કૉલેજોની યાદીમાં ઉપર ક્રમાંક ૬ સામે આપવામાં આવેલ છે.				
(૩) નવગુજરાત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫–૬૬	૩,૧૯,૯૪૯	૧,૭૪,૭૪૯	૩,૫૪,૧૦૪	—	૩૪,૧૫૫
	૧૯૬૬--૬૭ ૧૯૬૭--૬૮ ૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	૧૯૬૬--૬૭ અને ૧૯૬૭--૬૮ દરમ્યાન વાણિજ્ય અને લૉ કૉલેજ હતી તે માહિતી વાણિજ્ય કૉલેજોની યાદીમાં ક્રમાંક ૭ સામે આપેલ છે.				
(૪) અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧૯૬૫--૬૬	(કૉમર્સની વિદ્યાશાખા ૧૯૬૬--૬૭થી જોડાઈ)				
	૧૯૬૬--૬૭	૨,૧૬,૬૫૨	૧,૪૩,૬૨૨	૨,૨૭,૦૦૮	—	૧૦,૩૫૬
	૧૯૬૭--૬૮	૪,૨૦,૪૫૦	૧,૯૫,૬૫૦	૩,૬૨,૨૪૫	૫૮,૨૦૫	—
	૧૯૬૮--૬૯ ૧૯૬૯--૭૦	(માહિતી હાલ ઉપલબ્ધ નથી.)				

પ્રશ્ન ૨ : (ધ) ગવર્નમેન્ટની ગ્રાન્ટ મેળવતી કૉલેજોએ પોતાની પુરાંત રિઝર્વ ફંડમાં લઈ જવાની અને તેમાંથી કૉલેજની શૈક્ષણિક પ્રવૃત્તિ માટે જ તે વાપરવાનું નિયમન, કૉલેજો માટેની નવી ગ્રાન્ટ નીતિમાં છે તેનો યુનિવર્સિટીને ખ્યાલ છે?

ઉત્તર ૨ : (ધ) આ બાબતમાં શ્રી. શિક્ષણસંચાલક પાસેથી મળેલી માહિતી પ્રમાણે જે સરપ્લસ થાય તેમાંથી ૧૦ ટકા સુધીની રકમ બચતભંડોળમાં લઈ જવાની છૂટ છે.

પ્રશ્ન ૨ : (ચ) આ ગ્રાન્ટમાંથી ૫,૦૦૦ કરતાં વધુ ખર્ચ કરવા માટે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની પરવાનગી લેવી પડે છે તે વાત સાચી છે?

ઉત્તર ૨ : (ચ) કૉલેજોને માટે રાજ્ય સરકારની સહાયક ગ્રાન્ટ નિયમ મુજબ બચતભંડોળમાંથી કોઈ પણ વર્ષે રૂ. ૫,૦૦૦થી વધારે ખર્ચ કરવો હોય તો તે માટે શિક્ષણનિયામકશ્રીની સંમતિ આવશ્યક ગણવામાં આવેલી છે.

પ્રશ્ન ૨ : (છ) ગવર્નમેન્ટની ગ્રાન્ટ નહીં મેળવતી કેટલી કૉલેજો આવકના ૧૦ ટકા કરતાં પણ વધુ પુરાંત મેળવે છે તેનો યુનિવર્સિટીને ખ્યાલ છે?

ઉત્તર ૨ : (છ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી **પરિશિષ્ટ "છ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૨ : (જ) ૧૯૬૫-૬૬થી કઈ કઈ કૉલેજોએ પોતાની ફીની આવકના ૧૦ ટકા કરતાં વધુ પુરાંત મેળવી છે, તેની માહિતી આપી શકાશે?

ઉત્તર ૨ : (જ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી **પરિશિષ્ટ "જ"** તરીકે આ સાથે સામેલ છે.

પ્રશ્ન ૨ : (ઝ) આવી પુરાંત મેળવતી કૉલેજો, આ પુરાંતને કૉલેજના વિકાસ માટે અમુક અંશે કે મહદંશે ઉપયોગમાં લે તેવું કોઈ નિયમન હાલ અસ્તિત્વમાં છે?

ઉત્તર ૨ : (ઝ) ના, જી.

પ્રશ્ન ૨ : (ટ) અમુક અંશે કે સંપૂર્ણ રીતે આવી પુરાંતો "ear-mark" કરી કૉલેજના વિકાસ માટે જ તે ખર્ચાય તેવું નિયમન યુનિવર્સિટી સત્તાવાળાઓને જરૂરી લાગે છે?

ઉત્તર ૨ : (ટ) આ પ્રકારનું નિયમન મૂકવાનું હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૩ : (ક) યુ. જી. સી. પ્રાધ્યાપકો માટેનાં ક્વાર્ટર્સ માટે ૫૦ ટકા અને પ્રાધ્યાપકોની હૉસ્ટેલ બાંધવા માટે કેપિટલ ખર્ચના ૬૬⅔ ટકા ગ્રાન્ટ આપે છે તે વાત સાચી?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩ : (ખ) ગુજરાત યુનિવર્સિટી જોડે સંલગ્ન કૉલેજોમાંથી આવી ગ્રાન્ટ મેળવવા માટે કેટલી કૉલેજોએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન અરજી કરી છે?

ઉત્તર ૩ : (ખ) પ્રાધ્યાપકો માટે ક્વાર્ટર્સ બાંધવા માટેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની એક યોજના છે તે યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૯૬૯ના રોજ પૂરાં થતાં છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન કોઈ કૉલેજે યુનિવર્સિટી ગ્રાટ્ન્સ કમિશન પાસે યુનિવર્સિટી કાર્યાલય મારફતે માગણી કરી નથી, જ્યારે પ્રાધ્યાપકોની હૉસ્ટેલની યોજના હેઠળ મકાનો બાંધવા માટે આ સમય-ગાળા દરમ્યાન પાંચ કૉલેજોએ અરજી કરી છે.

પ્રશ્ન ૩ : (ગ) યુનિવર્સિટી જોડે સંલગ્ન હોય એવી કેટલી કૉલેજોમાં સ્ટાફ ક્વાર્ટર્સ છે?

ઉત્તર ૩ : (ગ) યુનિવર્સિટી કાર્યાલયને તા. ૧૩-૩-૧૯૭૦ સુધી મળેલી માહિતી અનુસાર પાંચ બિનસરકારી કૉલેજોએ સ્ટાફ ક્વાર્ટર્સ માટે જોગવાઈ કર્યાનું જણાવ્યું છે જ્યારે સરકારી કૉલેજો પૈકી એક કૉલેજે એવી જોગવાઈ કરી હોવાનું જણાવ્યું છે.

પ્રશ્ન ૩ : (ઘ) યુ. જી. સી.ની બિલ્ડિંગ ગ્રાન્ટની યોજના માટે છેલ્લાં પાંચ વર્ષમાં આપણી જોડે સંકળાયેલી કેટલી કૉલેજોએ અરજી કરી છે? અને કેટલી અરજીઓ કયા પ્રકારની ગ્રાન્ટ માટે મોકલાઈ છે? તેમાંથી કેટલી મંજૂર થઈ છે?

ઉત્તર ૩ : (ઘ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુદી જુદી યોજનાઓ હેઠળ મકાનોના બાંધકામ માટે કૉલેજોએ કરેલી અરજીઓ અંગે માગેલી માહિતી નીચે મુજબ છે:

ક્રમાંક	યોજનાનું નામ	કેટલી કૉલેજોએ અરજી કરી?	કેટલી કૉલેજોની અરજી મંજૂર થઈ?
(૧)	વિદ્યાર્થીઓનું છાત્રાલય	૨૦	૧૦
(૨)	વિદ્યાર્થિનીઓનું છાત્રાલય	૩	૧
(૩)	નૉન-રેસિડેન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટર	૧૯	૧૦
(૪)	શિક્ષકો માટેનાં મકાનો	૧	—
(૫)	પ્રયોગશાળાના વિસ્તરણની યોજના	૩	૨
(૬)	ગ્રંથાલય વિસ્તરણ યોજના	૭	૧
(૭)	શિક્ષકોનું છાત્રાલય	૫	૨

પ્રશ્ન ૩ : (ચ) દર વર્ષે એક લાખ રૂપિયા કરતાં વધુ પુરાંત મેળવતી કૉલેજો અસ્તિત્વ ધરાવતી હોવા છતાં યુ. જી. સી.ની આવી વિકાસયોજનાનો લાભ પ્રમાણમાં ઓછો લેવાય છે એ વાત સાચી છે?

ઉત્તર ૩ : (ચ) યુનિવર્સિટી કાર્યાલય તરફથી માહિતી મગાવતાં તા. ૧૩-૩-૧૯૭૦ સુધીમાં ૬૧ કૉલેજો પાસેથી જે માહિતી આવી છે તે પરથી જણાય છે કે તે પૈકીની એકે કૉલેજ વાર્ષિક એક લાખ રૂપિયા કરતાં વધુ પુરાંત ધરાવતી નથી.

પ્રશ્ન ૩ : (છ) પુરાંત મેળવતી કૉલેજો પોતાની પુરાંતોમાંથી વિકાસનાં કાર્યો ઉપાડે તે માટે કોઈ પગલાં લેવાનું અથવા નિયમન કરવાનું યુનિવર્સિટીનાં સત્તામંડળો વિચારે છે ખરાં?

ઉત્તર ૩ : (છ) તેવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટી જોડે સંલગ્ન કૉલેજોએ પોતાની વાર્ષિક આવક અને ખર્ચના હિસાબોની માહિતી યુનિવર્સિટીને આપવાની હોય છે ખરી?

ઉત્તર ૪ : (ક) યુનિવર્સિટી પોતે આવી માહિતી મગાવતી નથી, પરંતુ ભારત સરકારનું શિક્ષણમંત્રાલય કૉલેજો પાસેથી ફૉર્મ બી-૧માં દરેક વર્ષની આંકડાકીય માહિતી મગાવે છે જે તેમણે યુનિવર્સિટી મારફતે મોકલી આપવાની હોય છે. તેમાં પ્રશ્નમાં નિર્દિષ્ટ માહિતીનો પણ સમાવેશ થાય છે.

પ્રશ્ન ૪ : (ખ) તે માહિતી પૂરી પાડવા અંગે હાલ કયા નિયમો અસ્તિત્વમાં છે?

ઉત્તર ૪ : (ખ) યુનિવર્સિટીના પોતાના આવા કોઈ નિયમો હાલ અસ્તિત્વમાં નથી.

પ્રશ્ન ૪ : (ગ) તે નિયમોનું પાલન છેલ્લાં ત્રણ વર્ષમાં કઈ કૉલેજોએ કર્યું નથી?

ઉત્તર ૪ : (ગ) પ્રશ્ન ૪ (ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

[૭] **ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :**

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોને યુ.જી.સી.નાં પગારધોરણોને બદલે યુનિવર્સિટીનાં પગાર-ધોરણ સ્વીકારવા ફરજ પાડવામાં આવી અને તેના પરિણામે યુનિવર્સિટીના પગારધોરણ અનુસાર પગાર નક્કી કરતી વખતે કેટલીક કૉલેજોએ શિક્ષકોનાં ઈન્ક્રીમેન્ટ્સ અટકાવ્યાં તે હકીકત સાચી છે?

ઉત્તર ૧ : (ક) યુનિવર્સિટી કાર્યાલય પાસે આવી કોઈ ફરિયાદ આવી નથી.

તે પછી ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી કાર્યાલય પાસે ફરિયાદ આવી છે કે કેમ તેવી માહિતી મેં નથી માગી. મેં એમ પૂછ્યું છે કે આ સાચું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એવી કોઈ ફરિયાદ આવે તો ખબર પડે.

ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કૉલેજો પાસેથી માહિતી માગીને આ અંગે ખાતરી કરી શકાઈ ન હોત?

કુલપતિશ્રીનો ઉત્તર : આપે જો તેવી માગણી કરી હોત તો મેળવી આપત. ફરિયાદ આવી નથી તે હકીકત છે.

ડૉ. ડી. એચ. સુતરિયાએ જણાવ્યું કે મારા પ્રશ્નનો એ જ અર્થ થાય છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આપ એ અર્થ કરવા મુખત્યાર છો. આપને મદદ કરવાની ઘણી ઈચ્છા છે. આપ પ્રશ્નનો જે અર્થ માગો છો તે અર્થ જો સ્પષ્ટ કર્યો હોત તો માહિતી મેળવી આપત. આપ કહો છો તેવો અર્થ સ્પષ્ટ થતો નથી. ક્ષમા કરશો.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

'ફરિયાદ આવી છે' એવું તેમણે કયાં પૂછ્યું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આપને જે રીતે માહિતી જોઈતી હતી તે સ્પષ્ટ રીતે માગી હોત તો તે મેળવી શકાત. જેમનાં ઈન્ક્રીમેન્ટ્સ અટકાવવામાં આવ્યાં હોય તેમની ફરિયાદ આવી હોત તો ખબર પડત.

પ્રશ્ન ૧ : (ખ) અને જો તે હકીકત સાચી હોય તો યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે ઈન્ક્રીમેન્ટ્સ અકાવી શકાય છે?

પ્રશ્ન ૧ : (ગ) જો ન અટકાવી શકાતાં હોય તો યુનિવર્સિટી આ અંગે તાત્કાલિક પગલાં ભરી યોગ્ય કરશે?

ઉત્તર ૧ (ખ) અને (ગ) : ઉપરના પ્રશ્ન ૧(ક)નો જવાબ જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

પ્રશ્ન ૨ : (ક) યુનિવર્સિટીએ પુસ્તકોના અનુવાદ કરવા ૧૯૬૧ પહેલાં કેટલા કરાર કર્યા?

ઉત્તર ૨ : (ક) ૩૭

પ્રશ્ન ૨ : (ખ) તે પૈકી કેટલા કરાર હજુ પૂરા થયા નથી?

ઉત્તર ૨ : (ખ) ૧.

પ્રશ્ન ૨ : (ગ) અને જો ન થયા હોય તો એ કરાર છેલ્લા કયારે રિન્યૂ કરવામાં આવ્યા?

ઉત્તર ૨ : (ગ) ઉપર (ખ) માં જણાવેલ કરાર અંગે હસ્તપ્રત સુપરત કરવા માટેની મુદત તા. ૫--૩--૧૯૭૦ના રોજ લંબાવવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ઘ) અને અત્યારે તે કરારોની શી સ્થિતિ છે?

ઉત્તર ૨ : (ઘ) ઉપર (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ચ) કરારની મુદત પૂરી થયા બાદ જો તે રિન્યૂ ન કરવામાં આવ્યા હોય તો એમ માનવું કે તે કરાર હવે રદ થાય છે?

ઉત્તર ૨ : (ચ) ઉપરનો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૨ : (છ) ઉપરોકત પ્રશ્નોમાં કરાર કરવામાં આવ્યા હોય તેમનાં નામ, વિષય અને કયારે કયારે રિન્યૂ થયા તથા તેની સંપૂર્ણ વિગત, વિષય અને પુસ્તકવાર આપશો?

ઉત્તર ૨ : (છ) ૬૫ પહેલાં થયેલ ૩૭ કરારો પૈકી ૩૬ હસ્તપ્રતો મળી ગયેલ હોઈ જે એક કામ બાકી છે તે અંગેની માહિતી નીચે મુજબ છે:

"હિસ્ટરી ઑફ પોલિટિકલ થિયરી" બાય સેબાઈન

અનુવાદક : આચાર્ય શ્રી. યશવંતભાઈ શુકલ

વિષય : રાજ્યશાસ્ત્ર

કરાર કર્યા તારીખ : ૧૭--૩--૧૯૬૩

રિન્યૂ કર્યા તા. ૭--૬--૧૯૬૪, ૭--૧૨--૧૯૬૪, ૭--૩--૧૯૬૫, ૭--૯--૧૯૬૫, ૭--૪--૧૯૬૭ અને ૫--૩--૧૯૭૦.

પ્રશ્ન ૩ : (ક) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટરને એમ.એ.ના કૉન્વોકેશન પછી જ એમ.એ.નો ગ્રેડ આપવામાં આવે છે અને તે રીતે અન્યાય કરવામાં આવ્યો હોય તેવી કોઈ અરજી યુનિવર્સિટી પાસે આવી છે?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩: (ખ) તે અંગે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં?

ઉત્તર ૩: (ખ) આચાર્યશ્રીનું કથયિતવ્ય (Comments) મગાવ્યું છે.

પ્રશ્ન ૪: (ક) સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૮--૧૯૬૮ની સભાના ઠરાવ પ્રમાણે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે મોંઘવારી ભથ્થાના દરમાં સુધારો કરી તા. ૨--૪--૧૯૬૮થી અમલી બનાવવા બધી સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટીના પત્રાંક સિ. મોં. ભ. નં. ૩૬૩૬૬, તા. ૨૩--૮--૧૯૬૮ના રોજ પાઠવ્યો છે. આ ઠરાવનો અમલ હજુ સુધી કઈ કઈ કૉલેજોએ નથી કર્યો?

ઉત્તર ૪: (ક) પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪: (ખ) અમલ ન કર્યો હોય તેવી કૉલેજો સામે તે પછી યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૪: (ખ) પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૯ નો ઉત્તર જોવા વિનંતી છે.

[૮] આચાર્ય એન. કે. દવેએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧: જે કૉલેજો લેક્ચરરોને રૂ. ૨૦૦વાળો અને પ્રોફેસરોને રૂ. ૩૦૦વાળો ગ્રેડ આપતી હતી તેમણે અનુક્રમે રૂ. ૨૫૦ અને રૂ. ૩૫૦વાળા ગ્રેડ તા. ૧--૪--૧૯૬૬ થી આપવાનું સ્વીકાર્યું ન હોય તેવી કૉલેજોનાં નામ મળશે?

ઉત્તર ૧: જે ૧૪ સંલગ્ન કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો અપનાવેલાં તેઓને તા. ૧૫--૬--૧૯૬૬થી યુનિવર્સિટીનાં પગારધોરણોનો અમલ કરવાનું કહેવામાં આવેલ તે સર્વે કૉલેજોએ તા. ૧૫--૬--૧૯૬૬થી યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવેલ છે.

પ્રશ્ન ૨: જે કૉલેજોએ નવા સ્કેલ આપવાનું સ્વીકાર્યું હોય તેમાંની એવી કોઈ કૉલેજ છે કે જેણે તા. ૧--૪--૧૯૬૬ પછી કૉલેજ છોડી ગયેલા અધ્યાપકોને સ્કેલના ફેરફારને કારણે ચઢતો પગાર હજી સુધી ન ચૂકવ્યો હોય? અને તે પણ "કૉલેજ છોડી ગયા" તે જ કારણસર?

ઉત્તર ૨: યુનિવર્સિટીને ઉપલબ્ધ થયેલ માહિતી મુજબ ઉપરની ૧૪ કૉલેજો પૈકી નીચેની કૉલેજોએ તેઓની કૉલેજ છોડીને ગયેલા શિક્ષકોને તા. ૧૫--૬--૧૯૬૬થી અપનાવેલ યુનિવર્સિટીનાં પગારધોરણ મુજબ સ્કેલ ફેરફારને પરિણામે જે તફાવત પડે તે ન ચૂકવનાર કૉલેજો નીચે પ્રમાણે છે:

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૩) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ, અને
(૪) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.

"કૉલેજ છોડી ગયાને" કારણે જ આ પગાર નથી ચૂકવાયો એમ કહેવા માટે આ કાર્યાલય પાસે વિશેષ માહિતી નથી.

૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક (જેઓને બીજે કયાંય કામ સોંપવામાં ન આવે);

૨. આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૫૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. આર. એચ. ગાંધીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય રમણલાલ એચ. ગાંધીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ફારસી અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ફારસી અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. આંકડાશાસ્ત્ર વિષયના વધારાના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. સી. આર. નાયકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. છોટુભાઈ આર. નાયકને બદલે શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના કાર્યભારને અનુલક્ષીને જરૂરી શિક્ષકોને નીમવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. વી. એન. જોશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. એન. જોશીને બદલે આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં અવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર
   (૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

૨. મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦થી વધે તો મનોવૈજ્ઞાનિક પ્રાયોગિક સાધનોનો એક વધુ સેટ વસાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. રમણલાલ એચ. ગાંધીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય રમણલાલ એચ. ગાંધીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ઈતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ

આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) હિંદીના એક વ્યાખ્યાતા;
૨. વધારાના વિષયો માટે જરૂરી વર્ગખંડોનો પ્રબંધ કરવામાં આવે;
૩. હિંદીના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની સગવડ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. દયાશંકર જોશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય દયાશંકર જોશીને બદલે પ્રો. મણિશંકર પી. પંડ્યાએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના ગ્રંથપાલ ઉપરાંત યોગ્ય લાયકાત ધરાવતા બીજા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. ધીરુભાઈ ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ ઠાકરને બદલે આચાર્ય ભાઈલાલભાઈ પ્રા. કોઠારીએ રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના વિષયમાં હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. કૉલેજનું નવું મકાન તા. ૩૧-૩-૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. બી. પી. કોઠારીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ભાઈલાલભાઈ પ્રા. કોઠારીએ રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી: એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. એ. એચ. આઈ. વહોરાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. એચ. આઈ. વહોરાએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સંબો.)માં ઇતિહાસ અને હિન્દીનું ચાલુ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં હિન્દી, સમાજશાસ્ત્ર; અને બી.એ.(સંબો.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   (૨) હિન્દીના એક પ્રાધ્યાપક
   (૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૬) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) હિન્દી	...	...	રૂ. ૨,૦૦૦–૦૦
(૨) સમાજશાસ્ત્ર	...	...	રૂ. ૨,૦૦૦–૦૦
(૩) રાજ્યશાસ્ત્ર	...	...	રૂ. ૧,૦૦૦–૦૦
(૪) ઇતિહાસ	...	...	રૂ. ૧,૦૦૦–૦૦
(૫) આંકડાશાસ્ત્ર	...	...	રૂ. ૧,૦૦૦–૦૦;

૩. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩,૧૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એન. બી. નાયકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. બી. નાયકને બદલે શ્રી. ચિમનભાઈ પી. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની ભલામણની લીટી ૫ અને ૬માં 'બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર'ને બદલે 'બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ; તથા બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર અને અંકડાશાસ્ત્ર' એ શબ્દો મૂકવા.

શિક્ષકગણની નિમણૂકની શરત ૧(૬)માં 'ઈતિહાસના એક વ્યાખ્યાતા'ને બદલે 'ઈતિહાસના એક પ્રાધ્યાપક' એ શબ્દો મૂકવા.

શરત નં. ૨(૪)માં ઈતિહાસની સામે રૂ. ૧,૦૦૦ને બદલે રૂ. ૨,૦૦૦ની રકમ મૂકવી."

ઉપરના સુધારાઓ સાથે પ્રિ. એન. બી. નાયકે રજૂ કરેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તેમ મૂકવો :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલની ઉપરના સુધારાઓ સહિતની ભલામણોમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય સી. એલ. શાસ્ત્રીને બદલે આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્ય એચ. સી. પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી.(સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસ.સી.(સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એ. એચ. આઈ. વહોરાએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. એન. કૉલેજ, વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. એચ. આઈ. વહોરાએ રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"'આથી સેનેટની આ સભા એમ. એન. કૉલેજ, વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ' શબ્દો પછી 'નોંધે છે અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોમાંની શરત ૨ નું ભૂતકાળમાં થયું છે તેમ પાલન ન કરે તો સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે' શબ્દો મૂકવા."

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. યાજ્ઞિકે ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે મજકૂર સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપ્યો કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

ત્યાર બાદ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિતના; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના કાયમી જોડાણ માટે; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત; અને બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસસી.-(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને

ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૮,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં તત્ત્વજ્ઞાન વિષયને લગતાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) અંગ્રેજી	...	...	...	રૂ. ૨,૦૦૦–૦૦
(૨) ગણિત	...	...	...	રૂ. ૨,૦૦૦–૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	...	...	રૂ. ૨,૦૦૦–૦૦
(૪) આંકડાશાસ્ત્ર	...	...	...	રૂ. ૧,૦૦૦–૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સભો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચૂનીલાલ નાગજીભાઈ પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ અપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. કે. સી. ક્ષત્રિયે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. ચૂનીલાલ નાગજીભાઈ પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. સી. ક્ષત્રિયને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ ઠરાવમાં જણાવેલ કૉલેજના નામમાં 'ચૂનીલાલ'ને બદલે 'ચૂનીભાઈ' એમ શાબ્દિક સુધારો આચાર્ય સી. સી. શાહે સૂચવ્યો, જે પ્રમુખશ્રીએ મંજૂર રાખ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. શ્રી. ઉમેદરામ પંચાલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ

થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. સી. એમ. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એમ. પટેલને બદલે શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીંમે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ઇતિહાસના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ઇતિહાસના વિષયને લગતાં પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. આઈ. જે ધ્રુવે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આઈ. જે. ધ્રુવને બદલે શ્રી. ચિમનભાઇ પી. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; અને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૦ સુધીમા કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધી ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦થી તા. ૧૪--૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬—૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યતા;

૨. કૉલેજના નવા મકાનમાં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળાઓ ખસેડવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અર્થશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ તથા રાજ્યનીતિશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલયને વિજ્ઞાનનાં પુસ્તકો વસાવી સમૃદ્ધ કરવામાં આવે અને તેમાં ખર્ચ કરવા અંગેની પાછલી ઊણપ પૂરી કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એલ. ડી.** દવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એલ. ડી. દવેને બદલે આચાર્ય એ. એચ. આઈ. વહોરાએ રજૂ કર્યો, તેને શ્રી. ઈન્દ્રવદન એ. મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. શ્રી નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૭–૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાંની શરત ૧માં નીચેના શબ્દો ઉમેરવામાં આવે :

'પરંતુ જો તૃતીય વર્ષ બી.એ.માં અંગ્રેજી (પ્રિન્સિ.) ન હોય તો અંગ્રેજીના પ્રાધ્યાપકની આવશ્યકતા નથી.'"

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. ઇન્દ્રવદન એ. મોદીએ ટેકો આપ્યો.

મજકૂર સુધારા અંગે આચાર્ય જે. બી. સાણ્ડિલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો યોગ્ય સ્વરૂપમાં છે ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપ્યો કે સદરહુ સુધારો યોગ્ય સ્વરૂપમાં નથી.

ત્યાર બાદ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન—એ પ્રત્યેક વિષય માટે ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;

૨. અર્થશાસ્ત્રનાં રૂ. ૪,૦૦૦ નાં પુસ્તકો વસાવવામાં આવે;
૩. ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા અર્થશાસ્ત્રનાં જરૂરી સામયિકો મગાવવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. કે. એન. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની ભલામણ—એ શીર્ષકે રજૂ થયેલા ભલામણરૂપ ઠરાવની ચોથી લીટીમાં 'રસાયણ-વિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો' શબ્દ પછી 'તથા બી એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો' શબ્દો ઉમેરવા, તથા પાંચમી લીટીમાં છેલ્લા અને છઠ્ઠી લીટીના શરૂઆતના શબ્દો 'અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના' રદ કરવા, જેથી એકેડેમિક કાઉન્સિલની ભલામણ એ શીર્ષકે રજૂ થયેલા ભલામણરૂપનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય :

'આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન; અને ઈતિહાસ, તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું, તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.'"

ઉપરનો સુધારો કોઈએ રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું વિચારવાપાત્ર રહ્યું નહિ.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૧. શ્રી. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; બી.એ.(સબો.)માં હિન્દી, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા

બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલણપુર, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ.(સંભો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બધી સુવિધાઓ કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલણપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલને બદલે ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. એમ. નાગામિયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. શ્રી લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; બી.એ. (સંભો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ. (સંભો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦

સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ.(સભો.)માં હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સભો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે
   (૨) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા;
૨. સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. વસંતભાઈ જી.** ઉપાધ્યાયે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વસંતભાઈ જી. ઉપાધ્યાયે રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; અને બી.એ.(સભો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ, સમાજશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.-(સભો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ, સમાજશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ; તથા બી.કોમ.(સિવિલ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું કામચલાઉ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૨) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૩) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૪) ફેમિલી હેલ્થના વ્યાખ્યાતા;
૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા (સ્ટોર્સ), સ્ટોર, વિવિધ હેતુઓની ખંડ, વર્ગખંડો, પ્રદર્શન માટેની વ્યવસ્થા ઇત્યાદિની જોગવાઈ કરવામાં આવે;
૩. ગૃહવિજ્ઞાનના વિષયનાં સાધનો વસાવવા પાછળ રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગૃહવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારવધારો, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડિ. વ. પ્રા. ધુરંધરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. રજનીભાઈ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ રામય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય યશવંતભાઈ પ્રા. ધુરંધરે રજૂ કર્યો, તેને ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૪. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (સાયં.)માં ઇતિહાસના અભ્યાસક્રમનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા, વિદ્યાર્થીઓની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ

શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં ભારતીય સંસ્કૃતિ તથા મનોવિજ્ઞાનના અભ્યાસક્રમોનું તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એમ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. એમ. પી. પંડ્યાએ ટેકો આપ્યો.

સદરહુ બાબત પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાંની શરત ૧માંથી '(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક' એ શબ્દો દૂર કરવામાં આવે."

ઉપરનો સુધારો કોઈએ રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું વિચારવાનું રહ્યું નહિ.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી; અને બી.એ.(સમો.)માં સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી; તથા બી.એ.(સમો.)માં સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિંદીના એક પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૪) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) ભૂગોળના એક વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટેના વ્યાખ્યાનખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં નીચે જણાવ્યા મુજબનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) હિન્દી વિષય માટે રૂ. ૨,૦૦૦
   (૨) સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ—એ પ્રત્યેક વિષય માટે રૂ. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ **સંમત** છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એસ. આર. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં **સૂચવેલી**

શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચોક્કસ આગાહીમાં આપે, એવા ઠરાવ સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. આર. પટેલને બદલે આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ચં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે પ્રસ્તાવને સંમત કરવામાં આવ્યો.

૨૬. યુવરાજ સૂબાજીરાવજી આર્ટ્સ [illegible] કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને [illegible] તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ આપવા

[illegible] ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે [illegible] આર્ટ્સ ઍન્ડ શ્રી. કાંતિલાલ સબૂરદાસ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા, સિન્ડિકેટની નિમણૂંક [illegible] અધિનની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૦ [illegible] તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં [illegible] તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના અધ્યાપક
   (૨) હિંદીના અધ્યાપક
   (૩) અંગ્રેજીના અધ્યાપક
   (૪) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૫) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૬) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૭) યોગ્ય લાયકાત ધરાવતા [illegible]

૨. વધારાના અભ્યાસક્રમ માટે જરૂરી [illegible] ફર્નિચરની સગવડ માટેના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે નીચે મુજબની ઓછામાં ઓછી રકમ ફાળવવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦
   (૨) હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
   (૩) અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
   (૪) આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. એમ. સી.** દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કાંતિલાલ સબૂરદાસ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) બૅંકિંગના એક વ્યાખ્યાતા

(૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) સંસ્કૃતના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) ગણિતના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલયમાં નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૨) આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૩) અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦;

૩. આંકડાશાસ્ત્રના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રિ. આમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ–કરજણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; અને બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ.-(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી

તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના ટ્યૂટર
   (૪) સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમના ફિઝિકલ સાયન્સના મુદ્દાઓના શિક્ષણ માટે પ્રબંધ કરવામાં આવે;

૨. કૉલેજ માટેનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. અંગ્રેજી ગૌણ વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રિ. ડી. પી. ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટનો આ સભા શ્રીમતી હર્પાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સમો.)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું

જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા
   (૨) મનોવિજ્ઞાનના એક ખંડ સમયના ટ્યૂટર
   (૩) આંકડાશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા;

૨. આંકડાશાસ્ત્રના વિષય માટે રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

ઉપરનો સુધારો આચાર્ય ય. ગુ. નાયકે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૨. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) કાર્યભાર અનુસાર જરૂરી અધ્યાપક કે ડેમોન્સ્ટ્રેટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા ૧,૨૦૦થી ૧,૫૦૦ ચો. ફૂટની કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન માટે ૧,૦૦૦થી ૧,૨૦૦ ચો. ફૂટની કુલ ત્રણ પ્રયોગશાળાઓ બનાવવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૩૦,૦૦૦
   (૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૧૫,૦૦૦
   (૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧૫,૦૦૦;

૫. લાયનું ગ્રંથાલય વિસ્તૃત કરી નીચે જણાવેલ વિષયોનાં પુસ્તકો માટે ગ્રંથાલય માટે તે સામે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
   (૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
   (૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથ પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. જે. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જાણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. જે. ત્રિવેદીને બદલે શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૩. કૉમર્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ કૉલેજ, ડભોઈ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જાણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જાણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૪) બૅંકિંગના વ્યાખ્યાતા
   (૫) મર્કન્ટાઇલ લૉના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) અંગ્રેજીના એક ટ્યૂટર અથવા વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સી ... ... રૂ. ૨,૦૦૦
   (૨) બૅંકિંગ ... ... રૂ. ૨,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. એચ. વેલ્વને** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કૉમર્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ એચ. વેલ્વને રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૪. બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ, આંકડાશાસ્ત્ર; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) અંગ્રેજીના ટ્યૂટર
   (૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) બૅંકિંગના વ્યાખ્યાતા
   (૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે વ્યાખ્યાનખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ તથા બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ જોડાણની મુદત તારીખ ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીના બે વર્ષની રાખવાના સુધારા સાથે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એન. બી. જોષી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. બી. જોશીએ રજૂ કર્યો, તેને પ્રૉ. જયંત બી. હરિભક્તિએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સ તથા ફર્સ્ટ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦ થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું

વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) કોમર્સના પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૬) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે જરૂરી વર્ગખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમના માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ જોડાણની મુદત તારીખ ૧૧-૬-૧૯૭૦ થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીના બે વર્ષની રાખવાના સુધારા સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. એમ. તલાટી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એન. સી. જોટીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને આચાર્ય ઓ. બી. વ્યાસે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.એસસી.(રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના ચાલુ; તથા બી.એસસી.-(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં

કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૩) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કીટાણુવિજ્ઞાનની અલગ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળાની સાધનસામગ્રી માટે રૂ. ૩૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાન--એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એચ. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા બોરસદ સાયન્સ, આર્ટ્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય રમણિકભાઈ એચ. શાહને બદલે શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૯. નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષમાં એક્ચ્યુઅરિયલ સાયન્સ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગનું ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને ઑક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૪) બૅંકિંગના પ્રાધ્યાપક

(૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

(૬) ઑક્ચ્યુઅરિયલ સાયન્સના વ્યાખ્યાતા

(૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો બેસાડવા માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ વર્ગોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા ઑક્ચ્યુઅરિયલ સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણમાં 'પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને ઑક્ચ્યુઅરિયલ સાયન્સના' એમ જણાવવામાં આવેલ છે તેને બદલે 'પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા દ્વિતીય વર્ષ બી.કૉમ.માં ઑક્ચ્યુઅરિયલ સાયન્સના' એમ શબ્દો મૂકવાના સુધારા સાથે સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૦. શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સના વિષયો અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા પ્રથમ એલએલ.બી.ના ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમા કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) કૉમર્સના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૭) કાયદાના વ્યાખ્યાતા
   (૮) કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ.૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણીમંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એ. બી. વ્યાસે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ. તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ ઍન્ડ એજ્યુકેશન, મહેસાણા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. શિક્ષણશાખામાં વધારાના બે વ્યાખ્યાતા તથા એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. વિદ્યાર્થીઓ માટે અલાયદો ખંડ સંપૂર્ણ સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવે;

૩. સંસ્થા જુદા મકાનની તાત્કાલિક સગવડ મેળવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. વિજ્ઞાનની પ્રયોગશાળામાં વધુ રૂ. ૨,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય પી. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

" આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે. "

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પી. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય વી. આર. રાવદીવેએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ--કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય
   (૨) ખંડ સમયના કાયદાના એક પ્રાધ્યાપક
   (૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;
૨. વધારાના વર્ગો માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બોડીના સભ્ય બનાવવામાં આવે;
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

" આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય પી. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

" આથી સેનેટની આ સભા પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પી. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય વી. આર. રણદીવેએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૩. શેઠ વૃજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વૃજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા, શિક્ષકની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ વૃજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૪. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.ઈ.-(કેમ.) અને દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા તૃતીય વર્ષ બી.ઈ.-(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ અને દ્વિતીય બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧

સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મિકેનિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૨) કેમિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૩) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૪) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
   (૫) કેમિકલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ વ્યાખ્યાતા અથવા ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનના હાલના બાંધકામમાં ૫,૦૦૦ ચો. ફૂટના બાંધકામનો ઉમેરો કરવામાં આવે;

૩. વર્કશોપ હીટ લેબોરેટરી અને ફિઝિકલ લેબોરેટરી સુસજ્જ કરવા માટે અગાઉના બાકી ખર્ચ પેટે નીચે જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

	રૂપિયા
(૧) ગ્રાઈન્ડિંગ મશીન	૨,૫૦૦
(૨) લેથ્સ	૪૨,૦૦૦
(૩) શેપિંગ મશીન	૫,૦૦૦
(૪) પ્રિસિઝન ઈન્સ્ટ્રૂમેન્ટ	૨,૦૦૦
(૫) સ્ટીલ એન્જિન મોડેલ ડ્રોપ વાલ્વ ટાઈપ	૫૦૦
(૬) સ્ટીલ એન્જિન મોડેલ સ્લાઈડ વાલ્વ ટાઈપ	૫૦૦
(૭) એન્જિનિયરિંગ પાર્ટ્સ	
(ક) કનેક્ટિંગ શેડ	૨૫૦
(ખ) ક્રેન્ક અને ક્રેન્ક પિન સાથેનો શાફ્ટ	૨૦૦
(ગ) પિસ્ટન રિંગ્સ અને પિસ્ટન શેડ સાથેનો પિસ્ટન	૨૫૦
(ઘ) જુદી જુદી જાતના ગવર્નર્સ	૩૫૦
(ચ) કાર્બ્યુરેટર	૨૦૦
(૮) ચાર-સ્ટોક સેક્શનાઈઝ્ડ વૂડન પેટ્રોલ એન્જિન મોડેલ	૬૦૦
(૯) ઈન્ડિકેટર ડાયાગ્રામ અને બ્રેકની વ્યવસ્થા સાથેનું ૧૨ હૉર્સ પાવર હોરિઝોન્ટલ ડીઝલ એન્જિન	૧૨,૦૦૦
(૧૦) ડૉબી મશીન ઈન્ડિકેટર ફૉર ઑઈલ એન્જિન	૪,૦૦૦
(૧૧) સેપરેટિંગ ઍન્ડ થ્રૉટિંગ કૅલેરીમીટર	૪,૦૦૦
(૧૨) સેક્શનાઈઝ્ડ વૂડન સ્ટીમ ટર્બાઈન મોડેલ	૫૦૦
(૧૩) સ્ટીમ બૉઈલર	૧૦,૦૦૦
(૧૪) ડાયોડ ટ્રાયોડ વગેરે સાથેનું ફિઝિકસ ઈકિવપમેન્ટ	૫,૦૦૦
(૧૫) ફિઝિકલ કેમિસ્ટ્રી ઈકિવપમેન્ટ	૧૦,૦૦૦
(૧૬) પાઈપ બેન્ડિંગ મશીન	૩,૫૦૦
	૧,૦૩,૩૫૦;

૪. કેમિકલ એન્જિનિયરિંગ ઈક્વિપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ના પ્રમાણે કુલ ૪૫૦ વિદ્યાર્થીઓને લક્ષમાં લેતાં રૂ. ૯૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવે.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એ. એમ. ત્રિવેદીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી.-(નર્સિંગ)ના; તથા દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. બી.એસસી. અથવા એમ.એસસી. ટ્રેઇન્ડ નર્સની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) નર્સિંગ કૉલેજ પ્રત્યેક વર્ષ ૭૫થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે પ્રમાણે જોગવાઈ માટે મકાનમાં જરૂરી માળ કે પાંખો (વિંગ) બાંધી મકાનનું વિસ્તૃતીકરણ તથા ખાસ વિભાગો માટે જરૂરી જગ્યા, ગ્રંથાલય સાથે જોડાયેલ પરંતુ અલગ વાચનખંડ

(૨) ૨૫૦ વિદ્યાર્થીઓ એકીસાથે બેસી શકે તેવું ઑડિટોરિયમ — મેડિકલ ફિલ્મ્સ બતાવવા, પરિસંવાદ યોજવા ઇત્યાદિ માટે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. **જયંત બી. હરિભક્તિએ** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જયંત બી. હરિભક્તિએ રજૂ કર્યો, તેને ડૉ. ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૬. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૦--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા

(૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

(૪) હિન્દીના વ્યાખ્યાતા

(૫) કૉમર્સના વ્યાખ્યાતા

(૬) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા

(૭) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૮) તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૯) હાલના ખંડ સમયના વ્યાયામશિક્ષકને બદલે પૂરા સમયના વ્યાયામશિક્ષક;

૨. કૉલેજના નવા મકાનમાં ગ્રંથાલયનો ખંડ તૈયાર કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	...	રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે વિનયન વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ કૉલેજ, સંખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. એમ. તલાટીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૭. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીને જૂન ૧૯૭૩થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ.(સંયો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. એમ. શીખે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં અવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૮. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો (૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા (૨) જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલયમાં આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રના વિષય માટે પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટયુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... ... રૂ. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... ... રૂ. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... ... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું ર્શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વી. આર. રાણદીવે**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રાણદીવેએ રજૂ કર્યો, તેને આચાર્ય પી. આર. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૯. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરી વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સપ્રે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જાન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૨) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સઓ.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા

બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઑર્ગેનિક કેમિસ્ટ્રી)
   (૨) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઇન-ઑર્ગેનિક અથવા ફિઝિકલ કેમિસ્ટ્રી)
   (૩) રસાયણવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૪) વનસ્પતિવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૫) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી કરવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એમ. શુક્લે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એમ. શુક્લને બદલે શ્રી. રમણિકભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૦. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદનું જૂન ૧૯૭૧થી વિભાગીકરણ કરી વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી, (૧) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા (૨) શેઠ એસ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧૧-૧૯૭૦ સુધીમાં કરે તો તેનું જૂન ૧૯૭૦થી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ, તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ-એમ વિભાગીકરણ કરવા તથા શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અર્થશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ; તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) વાણિજ્યના વ્યાખ્યાતા
   (૩) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા;
૨. વધારાની વિદ્યાશાખા માટેના વર્ગો માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૪. આચાર્ય માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;
૫. વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦
કુલ	...	રૂ. ૭,૦૦૦;

૬. વિનયન વિદ્યાશાખામાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) હિન્દીના વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડના લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ; તથા (૨) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેનાં ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૧. શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાતો નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩--૪--૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે ચર્ચાવિચારણા કરી. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. મહેતાએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણને અનુલક્ષીને સદરહુ કૉલેજને જોડાણ આપવું નહિ, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાને બદલે આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૨. શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય તરફથી જૂન ૧૯૭૦થી ગાંધીનગર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. સુધી અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, હિંદી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃત; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; તથા બી.એ.(સંઘ.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી ગાંધીનગર ખાતે જૂન ૧૯૭૦ની શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધી અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી અને હિન્દી; તથા બી.એ.(સંઘ.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૫) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક ટ્યૂટર
(૮) હિન્દીના એક પ્રાધ્યાપક
(૯) હિન્દીના એક વ્યાખ્યાતા
(૧૦) હિન્દીના એક ટ્યૂટર
(૧૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૧૨) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) મનોવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૪) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૧૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૬) સમાજશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૧૮) ઇતિહાસના એક ટ્યૂટર
(૧૯) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨૦) રાજ્યશાસ્ત્રના એક ટ્યૂટર
(૨૧) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨૨) તત્ત્વજ્ઞાનના એક ટ્યૂટર
(૨૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨૪) આંકડાશાસ્ત્રના એક ટ્યૂટર
(૨૫) અંગ્રેજીના ત્રણ વ્યાખ્યાતા
(૨૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨૭) સંસ્કૃતના એક ટ્યૂટર
(૨૮) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૨૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૩૦) એકાઉન્ટન્સીના એક ટ્યટર
(૩૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક
(૩૨) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૩૩) બૅંકિંગના એક ટ્યૂટર
(૩૪) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૩૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૩૬) વાણિજ્યના એક ટ્યૂટર
(૩૭) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩૮) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
(૩૯) વ્યાયામશિક્ષક
(૪૦) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નિયુકત કરવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂ. ૩,૫૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. આંકડાશાસ્ત્રના વિષયમાં પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૬. ગ્રંથાલયમાં પ્રથમ વર્ષ સુધીના પ્રત્યેક વિદ્યાશાખાના અભ્યાસક્રમ દીઠ રૂ. ૭,૦૦૦નો નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, અમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. એમ. શીખે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી ઉકેર ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને આચાર્ય શ્રી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૬. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ--કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી ભૂજ ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રી-યુનિ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ--કચ્છ તરફથી ભૂજ ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણ તથા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિ. વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા
   (૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૮) વ્યાયામશિક્ષક
   (૯) ગ્રંથપાલ;

   (**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નિયુક્ત કરવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ સ્કેવર ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેના ખંડો
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪ ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ-કચ્છ તરફથી ભૂજ ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે

તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૭. શ્રી ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૦થી ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્ય અને કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે શરૂ કરાનાર (૧) વાણિજ્યની કૉલેજ, તથા (૨) કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો (૧) વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધી, તથા (૨) કાયદાની કૉલેજને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) વાણિજ્યની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા
   (૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૮) વ્યાયામશિક્ષક
   (૯) ગ્રંથપાલ;

   (**નોંધ.**— આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નિયુક્ત કરવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

(૨) કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક વ્યાખ્યાતા

(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા

(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જી. સી. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે શરૂ કરનાર (૧) વાણિજ્ય; અને (૨) કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જી. સી પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૮. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી ખંભાત ખાતે શરૂ કરનાર કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ પંડયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૯. શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસીની કૉલેજને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસી કૉલેજના શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમ તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ફાર્મસીના વિષયોમાં અનુસ્નાતક પદવી ધરાવતા આચાર્ય
   (૨) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૩) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૪) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૫) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૬) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૭) એન્જિનિયરિંગ મિકેનિકના વ્યાખ્યાતા (એન્જિ. ડ્રૉઇંગ)
   (૮) એનેટોમી–ફિઝિયોલોજી વગેરે માટેના વ્યાખ્યાતા
   (૯) જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૧૦) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૧૧) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૧૨) એન્જિનિયરિંગ મિકેનિકના ડેમોન્સ્ટ્રેટર (એન્જિ. ડ્રૉઇંગ)
   (૧૩) એનેટોમી--ફિઝિયોલોજી વગેરે માટેના ડેમોન્સ્ટ્રેટર
   (૧૪) વ્યાયામશિક્ષક
   (૧૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે તથા આલેખ મુજબનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરવામાં આવે અને તેના માટેની નાણાકીય જોગવાઈ અંગે સંતોષજનક પ્રતીતિ કરાવવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૧૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૭,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૪,૦૦૦;

૫. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન અને કાઉન્સિલની તરાહ(pattern)ના સંદર્ભમાં બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજમાં પ્રાયોગિક કાર્ય અને સાધનોની જે સવલત ઉપલબ્ધ થઈ શકે તે ઉપરાંત પ્રયોગશાળા અને સાધનોની સવલત ઊભી કરવામાં આવે;

૬. ફાર્મેકોગ્નોસીના બાગ માટે આશરે ૧૫૦૦ ચોરસ મીટરની જગ્યાની વ્યવસ્થા કરવામાં આવે તથા તે માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળની રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલે સૂચવેલી શરતોમાં નીચે મુજબ સુધારાવધારા કરીને તે પ્રમાણે સુધારાયેલી શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૦ સુધીમાં કરવામાં આવે તો ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી શરૂ થનાર ફાર્મસી કૉલેજને પ્રથમ વર્ષ બી.ફાર્મ.નો અભ્યાસક્રમ તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ આપવા માટે સેનેટને ભલામણ કરવી:

શરત નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે:

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે તથા સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલા આલેખ મુજબનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરી

શકાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૦ સુધીમાં ઓછામાં ઓછું ૧૦,૦૦૦ ચોરસ ફૂટ જેટલું પ્રથમ તબક્કાનું બાંધકામ પૂરું કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરેની સુવિધા સહિતનો.)

(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

નીચેની શરત, શરત નં. ૨(અ) તરીકે ઉમેરવામાં આવે :

૨.(અ) તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં પ્રયોગશાળાનાં સાધનો, રાચરચીલું, રસાયણો વગેરે માટે રૂપિયા ૮૦,૦૦૦ જેટલું ખર્ચ કરવામાં આવે તથા ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન રૂ. ૧,૨૦,૦૦૦ જેટલા આવર્તક ખર્ચ માટેની જોગવાઈ કરવામાં આવે અને વધુમાં જાન્યુઆરી ૧૯૭૧ સુધીમાં કૉલેજના મકાનના બાંધકામના બીજા તબક્કા માટે રૂ. ૨,૦૦,૦૦૦ના ભંડોળની જોગવાઈ કરવામાં આવે."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. આઈ. એ. મોદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસીની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણ સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે; એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ઇન્દ્રવદન ઓ. મોદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૦. નીચે જણાવેલી કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની

પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
(૧)	યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ ...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)-માં અંગ્રેજી, ઈતિહાસ, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.-(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
(૨)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ ...	બી.એ.(સબો.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિત-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
(૩)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી ...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, મનો-વિજ્ઞાન; તથા બી.કૉમ.માં અડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિ-ટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૪)	વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર ...	પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ.
(૫)	સાયન્સ કૉલેજ, કડી ...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૬)	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ ...	પ્રથમ વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
(૭)	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	... પ્રથમ વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી.(નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી.(નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ.
(૮)	ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	... પ્રી-યુનિ. આર્ટ્સ તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ.
(૯)	મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીસનગર	... પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા એલ.એલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ.
(૧૦)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)	... એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ.
(૧૧)	ઊંઝા કેળવણી મંડળ લૉ કૉલેજ, ઊંઝા	... એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ.

શ્રી. કુલસચિવના સદરહુ અહેવાલોની નોંધ લેવામાં આવી.

૯૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦† અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૬૯ના રોજ પૂરા થતા વર્ષનો સિન્ડિકેટે રજૂ કરેલ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૬૯ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા નોંધ લે છે."

***G. U. Act, Section 50** :

The Annual Report of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

†Statute 90 :

The Syndicate shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Senate at least eight weeks before the date fixed for the annual meeting of the Senate.

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેના પાંચ સુધારા રજૂ કરવા માટે નોટિસ આપી હતી :

૯૧(૧). ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટે તેની તા. ૭-૩-૧૯૬૯ની સભામાં પસાર કરેલી અધ્યાપકોની નોકરીની શરતોના મુસદ્દાને યોગ્ય ઑર્ડિનન્સમાં ફેરવી નાખવામાં આવે, જેથી કેટલીક કૉલેજો તરફથી આ ઠરાવની થતી ઉપેક્ષા નિવારી શકાય."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઑર્ડિનન્સ ઘડવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે તેમ સેનેટને જણાવવું."

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

તે પછી ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ૧૯૬૮--૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ આ સભાગૃહની વિચારણા માટે આવ્યો છે તેના સંદર્ભમાં ભવિષ્યમાં શું કરવું તે બાબતને આચાર્ય ગિરીશભાઈ પટેલનો પ્રસ્તાવ સ્પર્શતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય ગિરીશભાઈ પટેલનો ઉપરનો પ્રસ્તાવ નં. ૧ કાનૂનસર ગણી શકાય નહિ.

૯૧(૨). ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શિક્ષક છૂટો થાય અથવા શિક્ષકને છૂટો કરવામાં આવે તે પછી શિક્ષકને તેની પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવામાં સંલગ્ન કૉલેજો અમર્યાદિત સમય વિતાવે છે, તો આ અંગેની કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરીને પ્રવર્તમાન નિયમોમાં તેની જોગવાઈ કરવામાં આવે તેમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો સુધારો નં. ૨ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

તે પછી ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ૧૯૬૮--૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ આ સભાગૃહની વિચારણા માટે આવ્યો છે તેના સંદર્ભમાં ભવિષ્યમાં શું કરવું તે બાબતને આચાર્ય ગિરીશભાઈ પટેલનો પ્રસ્તાવ સ્પર્શતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય ગિરીશભાઈ પટેલનો ઉપરનો પ્રસ્તાવ નં. ૨ કાનૂનસર ગણી શકાય નહીં.

૯૧(૩). ગુજરાત યુનિવર્સિટી ઍકટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"રાજ્યની બધી યુનિવર્સિટીઓના કાયદા સુધારવા સરકારે એક પંચની નિમણૂક કરી છે અને તે પંચ પોતાની કાર્યવાહી માત્ર છ મહિનામાં પૂરી કરી લેવા ધારે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પોતે પણ પોતાના કાયદામાં આમૂલ ફેરફારો કરાવવા માટેની ભલામણો તૈયાર કરવા એક સમિતિ સત્વરે નીમે અને તદર્થ સમિતિમાં આચાર્ય સિવાયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે તેમ આ સભા યુનિવર્સિટી સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે અને તેમાં વિદ્યાર્થી સંસદના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરી શકાશે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો સુધારો નં. ૩ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

તે પછી ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ૧૯૬૮-૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ આ સભાગૃહની વિચારણા માટે આવ્યો છે તેના સંદર્ભમાં ભવિષ્યમાં શું કરવું તે બાબતને આચાર્ય ગિરીશભાઈ પટેલનો પ્રસ્તાવ સ્પર્શતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય ગિરીશભાઈ પટેલનો ઉપરનો પ્રસ્તાવ નં. ૩ કાનૂનસર ગણી શકાય નહીં.

ઉપરના પ્રસ્તાવ પર શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે અનુક્રમ નં. ૯૧(૩)થી જે ઠરાવ રજૂ કરવા નોટિસ આપી છે તે ઠરાવમાં 'આચાર્ય સિવાયના અધ્યાપકો, ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને' શબ્દો મૂકવા જેથી ઠરાવનો ઉત્તરાર્ધ નીચે પ્રમાણે વંચાશે :

> તદર્થ સમિતિમાં આચાર્ય સિવાયના અધ્યાપકો, ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે તેમ આ સભા યુનિવર્સિટી સિન્ડિકેટને ભલામણ કરે છે."

આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કરેલો પ્રસ્તાવ નં. ૩ કાનૂન બહાર ઠરાવવામાં આવેલો હોઈ શ્રી. એસ. કે. ઝવેરીના સુધારા અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૯૧(૪). ગુજરાત યુનિવર્સિટી ઍકટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી કાયદો સુધારવા માટેની ભલામણો તૈયાર કરવામાં ઉપયોગી નીવડે તે માટે સેનેટ, સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ અને અભ્યાસસમિતિઓ વગેરે bodiesનું માળખું કેવું હોવું જોઈએ તે માટે

યુનિવર્સિટીએ એપ્રિલ, મે અને જૂન માસમાં ઓછામાં ઓછા ૩ પરિસંવાદો યોજવા અને તેના રિપોર્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીએ નીમેલી સમિતિ સમક્ષ રજૂ કરવા આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા છે તેવા પરિસંવાદો યોજવાની જરૂર જણાતી નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો સુધારો નં. ૪ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝદાએ ટેકો આપ્યો.

એ પછી ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ૧૯૬૮—૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ આ સભાગૃહની વિચારણા માટે આવ્યો છે તેના સંદર્ભમાં ભવિષ્યમાં શું કરવું તે બાબતને આચાર્ય ગિરીશભાઈ પટેલનો પ્રસ્તાવ સ્પર્શતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય ગિરીશભાઈ પટેલનો ઉપરનો પ્રસ્તાવ નં. ૪ કાનૂનસર ગણી શકાય નહીં.

૯૧(૫). ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ભલામણ કરેલાં અને ગુજરાત સરકારે સ્વીકાર કરેલાં પગારધોરણોનો તાત્કાલિક અમલ કરાવવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ખાસ ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણોના અમલ અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવની સેનેટને જાણ કરવી."

(સિન્ડિકેટના સદરહુ ઠરાવની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

તે પછી ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ૧૯૬૮—૬૯ના વર્ષનો વાર્ષિક અહેવાલ આ સભાગૃહની વિચારણા માટે આવ્યો છે તેના સંદર્ભમાં ભવિષ્યમાં શું કરવું તે બાબતને આચાર્ય ગિરીશભાઈ પટેલનો પ્રસ્તાવ સ્પર્શતો હોઈ તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય ગિરીશભાઈ પટેલનો ઉપરનો પ્રસ્તાવ નં. ૧ કાનૂનસર ગણી શકાય નહીં.

ઉપરના પ્રસ્તાવ પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પ્રસ્તાવની બીજી પંક્તિમાં 'તાત્કાલિક અમલ કરાવવા માટે' પછી અને 'ખંડ સમયના અધ્યાપકોનું નિયત વેતન એ પ્રમાણે સુધારવા માટે' શબ્દો ઉમેરવામાં આવે."

આચાર્ય ગિરીશભાઈ પટેલે રજૂ કરેલો પ્રસ્તાવ નં. ૫ કાનૂન બહાર ઠરાવવામાં આવેલો હોઈ, આચાર્ય બી. આર. પટેલના તે પરના સદરહુ સુધારા અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

તે પછી શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૨૫-૩-૧૯૭૦ના રોજ અહીં બંધ કરવામાં આવ્યું અને તા. ૨૬-૩-૧૯૭૦ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૯૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ §૪૯ અનુસાર રજૂ થતા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૭-૬૮ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આ સભા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૭-૬૮ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૩. ૧૯૬૮-૬૯ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે રજૂ થતો બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

---

§ **G. U. Act, Section 49** :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the State Government for audit.

(2) The Syndicate shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit, to the Senate and to the State Government.

(3) The Syndicate shall also prepare, before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolution with reference thereto and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રા. કે. કા. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી:

"આ સભા સને ૧૯૬૮–૬૯ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

ઉપરનો પ્રસ્તાવ પ્રા. કે. કા. શાસ્ત્રીને બદલે આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ડી. એમ. શીંપી ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૪. **ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા સ્ટે. ૮૯‡ અનુસાર સિન્ડિકેટે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૦–૭૧નું અંદાજપત્ર તથા સને ૧૯૬૯–૭૦નું પુનર્નિર્મિત અંદાજપત્ર.**

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી.** શાહે નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૦–૭૧ના અંદાજપત્ર તથા સને ૧૯૬૯–૭૦ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે, અને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. એસ. કે. ઝવેરીએ નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૦-૭૧ના અંદાજપત્ર તથા સને ૧૯૬૯-૭૦ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે, ને વિદ્યાર્થીઓની તંદુરસ્તી અને તબીબી તપાસ માટેના કર્મચારી વર્ગના ખર્ચમાં હાલ ખાલી પડેલી સી. એમ. ઓ.ની જગ્યા કમી કરવી અને તે ઑફિસનો આરોગ્યભવનમાં સમાવેશ કરી તેનું સુપરવિઝન રેસિડેન્ટ મેડિકલ ઑફિસરને સોંપવું અને અંદાજપત્રમાં તે અંગેના ખર્ચથી ફાજલ પડતી રકમમાં જરૂરી ઉમેરો કરી આરોગ્યભવન ખાતે ઓનરરી સર્જન અને ઓનરરી ફિઝિશિયનની સેવાઓ મેળવવી તેવી ભલામણ સેનેટની આ સભા સિન્ડિકેટને કરે છે."

ઉપરનો સુધારો શ્રી. એસ. કે. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

---

§ જુઓ પૃ. ૧૪૩.

‡ **Statute 89 :**

The Syndicate shall prepare the financial estimates for the ensuing year at least eight weeks before the date fixed for the annual meeting of the Senate and shall send a copy of the financial estimates prepared by the Syndicate to all the members of the Senate so as to reach them eight weeks before the annual meeting of the Senate every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Senate.

તે પર ચર્ચાવિચારણા ચાલી તે દરમિયાન ડૉ. ય. ગુ. નાયકે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સિન્ડિકેટે આ સભાગૃહ સમક્ષ રજૂ કરેલા અંદાજપત્ર પર સુધારો આવી શકે નહીં તે જોતાં શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કરેલો સુધારો કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

ત્યાર બાદ આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૫. સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિનન્સો પૈકી ઑર્ડિ. ૬૨-બી નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાનો સિન્ડિકેટનો રિપોર્ટ :

" O. 62-B :

The function of the Finance Committee shall be—

1. to sanction all expenditure up to Rs. 15,000/- on behalf of the Syndicate;
2. to dispose of quotations and tenders received for the supply of materials, dead-stock, execution of work and expenditure other than the work pertaining to the construction and repairs of buildings and maintenance of University Estate;
3. to consider such matters as are referred to it by the Syndicate from time to time. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી રણજિતભાઈ ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

" ઑર્ડિ. ૬૨-બી ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે. "

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીને બદલે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૬. સિન્ડિકેટે સુધારેલા તથા નવા ઘડેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૬૫—કે (૩) (એ), ઑર્ડિ. ૬૫—કે (બી)૬ પછી પેટાકલમ (સી), (ડી) અને (ઈ)નો ઉમેરો; ઑર્ડિ. ૭૯, ઑર્ડિ. ૧૨૦, ઑર્ડિ. ૧૨૭; ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ, ઑર્ડિ. ૨૧૬, ઑર્ડિ. ૨૮૧ (૩), ઑર્ડિ. ૨૮૨ (૩), ઑર્ડિ. ૨૮૫-બી, ઑર્ડિ. ૨૯૪ (૩), ઑર્ડિ. ૨૯૫ (૩), ઑર્ડિ. ૩૨૧, ઑર્ડિ. ૩૨૧--એ, ઑર્ડિ. નર્સિંગ ૧, ઑર્ડિ. નર્સિંગ ૨, અને ઑર્ડિ. નર્સિંગ ૩.

(બ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એન્જ. ૧, ઑર્ડિ. એન્જ. ૨, ઑર્ડિ. એન્જ. ૩, અને ઑર્ડિ. એન્જ. ૪, કામચલાઉ ઑર્ડિ. ફાર્મ. ૧૪--એ, ઑર્ડિ. ૩૭૭-એફ, ઑર્ડિ. ૩૭૮, ઑર્ડિ. ૩૭૮—એ, ઑર્ડિ. ૩૭૮-બી.

(સુધારેલા તથા નવા ઘડેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ આ સાથે **પરિશિષ્ટ " ઠ "** તરીકે સામેલ છે.)

સદરહુ ઑર્ડિનન્સો સભાગૃહે એક પછી એક વિચારણા માટે હાથ ધર્યા અને ઑર્ડિ. ૩૨૧ સિવાયના તમામ ઑર્ડિનન્સો મંજૂર કર્યા.

ઑર્ડિ. ૩૨૧ જ્યારે ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો ત્યારે આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ ઑર્ડિનન્સ પુનર્વિચારણા માટે સિન્ડિકેટને પાછો મોકલવામાં આવે, તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૭. **આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી** હતી :

"સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૫-એસ નીચે પ્રમાણે સુધારવો :

The Syndicate may, in its discretion, permit the opening of as many post-graduate centres in the same subject in a zone, as it may think necessary, for the same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in the centres instituted in the preceding year; and (*ii*) the institution applying for the new post-graduate centre has at least ten students ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for the opening of post-graduate centres."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગેનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીના સત્તામંડળની વિચારણા હેઠળ હોઈ સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યકત કરવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ઈશ્વરભાઈ પટેલે રજૂ કર્યો, તેને પ્રો. પી. એફ. પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેના બે સુધારાઓ રજૂ કરવા માટે આચાર્ય આઈ. જે. ધ્રુવે નોટિસ આપી હતી :

(૧) પ્રસ્તાવની લીટી નં. ૬ માં 'to start with' શબ્દો પછી નીચે પ્રમાણે ઉમેરો કરવો :

(*iii*) and sufficient number of recognised post-graduate teachers and assistants to post-graduate teachers are available in the zone to teach all the papers, without adversely affecting the teaching work at the existing post-graduate centres in the zone."

ઉપરનો સુધારો નં. ૧ આચાર્ય આઈ. જે. ધ્રુવને બદલે આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુએ ટેકો આપ્યો.

ત્યાર બાદ સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ ડૉ. એ. એમ. ત્રિવેદીએ ગુપ્ત મતદાનની માગણી કરતાં કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદારો (tellers) તરીકે નિમણૂક કરી:

(૧) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૨) આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુ
(૩) આચાર્ય એન. એસ. પંડ્યા
(૪) આચાર્ય દર્શનસિંગ શીખ.

આ તબક્કે શ્રી. એલ. આર. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત અંગે મતદાનની જે પ્રથા અપનાવાય છે તે બરોબર નથી અને એકલા સુધારા પર મતદાન લેવાવું જોઈએ.

તે પર કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે કોઈ પણ બાબત ઉપર આવેલા સુધારા એક પછી એક વિચારણા માટે હાથ ધરવા જોઈએ તે ખરું, પરંતુ તે પ્રત્યેક સુધારો મૂળ પ્રસ્તાવ પર શી રીતે અસર કરે છે તે લક્ષમાં લેવું ઘટે અને તેથી એકસાથે મૂળ પ્રસ્તાવ અને તે પરના સંબંધકર્તા સુધારા—જો હોય તો—પર મત લેવા જોઈએ.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું:

તરફેણમાં ૪૧ મત
વિરુદ્ધમાં ૨૫ મત, અને
૩ મત નિરર્થક (invalid).

(૨) "લીટી નં. ૪ માં 'preceding year' ને બદલે 'preceding years' શબ્દો મૂકવા."

ઉપરનો સુધારો નં. ૨ આચાર્ય આઈ. જે. ધ્રુવે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ તેથી તે પરત્વે કશું વિચારણા કરવાપણું રહ્યું નહિ.

ત્યાર બાદ ઉપરના સુધારા નં. ૧ સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે ગુપ્ત મતદાનની માગણી કરી, તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદારો (tellers) તરીકે નિમણૂક કરી:

(૧) પ્રો. મણિશંકર પંડ્યા
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૪) શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું:

તરફેણમાં ૩૨ મત
વિરુદ્ધમાં ૧૬ મત, અને
૨ મત નિરર્થક (invalid).

આમ ઉપરના સુધારા નં. ૧ સાથેનો મૂળ પ્રસ્તાવ વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૨૬–૩–૧૯૭૦ના રોજ અહીં બંધ કરવામાં આવ્યું અને તા. ૨૭–૩–૧૯૭૦ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભા ફરી મળતાં સભાગૃહનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૯૮. **પ્રા. પી. એફ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૧-એસ નીચે પ્રમાણે સુધારવો :

There shall not generally be more than four post-graduate centres in the same subject in a zone. Provided, however, that the Syndicate may, in its discretion, permit only as an exception the opening of a fifth centre for the same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in four centres already instituted in the preceding year and (*ii*) the institution applying for the new post-graduate centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for the opening of post-graduate centres. In no case there shall be more than five centres in the same zone."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગેનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ હોઈ, સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યકત કરવા ઇચ્છતી નથી, એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. પી. એફ. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

ઉપરના પ્રસ્તાવ પર **આચાર્ય આઈ. જે. ધ્રુવે** નીચેના બે સુધારાઓ રજૂ કરવા માટે નોટિસ આપી હતી :

(૧) "પ્રસ્તાવની લીટી નં. ૩માં 'to start with' શબ્દો પછી નીચે પ્રમાણે ઉમેરો કરવો :

(*iii*) and sufficient number of recognised post-graduate teachers and assistants to post-graduate teachers are available in the zone to teach all the papers, without adversely affecting the teaching work at the existing post-graduate centres in the zone."

(૨) "લીટી નં. ૫માં 'preceding year'ને બદલે 'preceding years' શબ્દો મૂકવા."

પ્રો. પી. એફ. પટેલનો ઉપરનો મૂળ પ્રસ્તાવ તેમણે કે અન્ય કોઈ સભ્યે રજૂ કરેલો નહિ હોવાથી આચાર્ય આઈ. જે. ધ્રુવના ઉપરના બે સુધારાઓ અંગે સભાગૃહને વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૯૯. ડૉ. એમ. એન. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ઑ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે:

(*i*) There shall not be more than 1200 students in a college of *one-faculty unit.*

(*ii*) There shall not be more than two-faculty units in a college.

(*iii*) If a college has *two-faculty units,* the total strength of the *two* units taken together shall not exceed 1500 students.

(*iv*) No college shall have more than *four* divisions of a class and each division shall be of not more than hundred students, provided that it will be competent for the Vie-Chancellor in his discretion and at the request of a college to permit admission of an additional number of students in each class *or* in a division thereof, subject to the maximum total of 1200 *students in a college with one-faculty unit and of* 1500 *students in a college with two faculty units* as mentioned respectively in (*i*) and (*iii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz., either Pre-University class *or* F.Y. class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

ને પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય બી. આર. પટેલે નોટિસ આપી હતી:

"ઑ. ૧૨૦-બી (*i*)માં નીચેનું શબ્દગુચ્છ ઉમેરવામાં આવે:

Other than Science Faculty."

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. એમ. નાગમિયાએ ટેકો આપ્યો.

તે પરની ચર્ચાવિચારણા દરમિયાન આચાર્ય યશવન્તભાઈ પ્રા. શુકલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો અસ્પષ્ટ છે તેથી તે કાનૂનસર ગણાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

ત્યાર બાદ મૂળ પ્રસ્તાવ પરની વિચારણા આગળ ચાલી તે દરમિયાન આચાર્ય જે. બી. સાણ્ડિલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આ સુધારેલા ઑર્ડિ. ૧૨૦--બીનો મુસદ્દો ઍકૅડેમિક કાઉન્સિલે તૈયાર કરેલો નથી તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આ સભાગૃહ સમક્ષ હાલ જે ઑર્ડિ. ૧૨૦-બી છે તેને મંજૂર કરવા અંગેની આ બાબત નથી, પરંતુ ઑર્ડિ. ૧૨૦–બી સુધારવા માટે લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરવા અંગેની આ બાબત છે અને તેથી સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર ન ગણાય.

ત્યાર બાદ ડૉ. એ. એમ. ત્રિવેદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં તબીબી વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓમાં કેટલા વધુ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની પરવાનગીથી પ્રવેશ આપી શકાય તે સ્પષ્ટ જણાવ્યું નથી તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કરેલા કારણે કાનૂન બહાર ઠરાવી શકાય નહિ.

ત્યાર બાદ લંબાણ ચર્ચાવિચારણાને અંતે સદરહુ પ્રસ્તાવ ૩૦ વિરુદ્ધ ૪૯ મતે ઊડી ગયો.

તે પછી ડૉ. એમ. એન. દેસાઈએ ગુપ્ત મતદાનની માગણી કરી, તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદારો (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) શ્રી. સત્યેન્દ્રભાઇ ઝવેરી
(૨) પ્રો. મણિશંકર ખંડયા
(૩) આચાર્ય બી. એમ. પીરઝાદા
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૪૭ મત,
વિરુદ્ધમાં ૫૫ મત, અને
૧ મત નિરર્થક (invalid).

આમ સદરહુ પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

૧૦૦. સેનેટે તેની તા. ૧૦/૧૧--૧૦--૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૯૯, ઍકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ભલામણને અનુલક્ષીને હવે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

St. 99 :

"The subjects comprised in each of these faculties shall be as follows :

1. Faculty of Arts including Education :

Humanities

(a) Modern Indian Languages :

Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali.

(b) Other Modern Languages :
English
German
French.

(c) Classical Languages :
Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi)
Avesta and Pahlavi
Persian and Arabic

(d) Miscellaneous :
History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy
Mathematics
Statistics
Education
Fine Arts
Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture.
Islamic Culture
Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science
Linguistics.

(e) Social Sciences :
Politics
Economics
Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co-operation
Business Management
Banking.

(f) General Education :

2. Faculty of Science :

(a) Mathematics
Statistics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

(b) General Education.

3. Faculty of Technology including Engineering :

Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-communications
Chemical Engineering
Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics
Geology
Business Management.

4. Faculty of Agriculture :

Agriculture including Veterinary Science Forestry.

5. Faculty of Law :

Law and Jurisprudence.

6. Faculty of Medicine :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Nursing.

7. Faculty of Commerce :

(a) Economics
Politics
Statistics

Commerce
Geography
Accounting including Costing and Actuarial Science
Co-operation
Mathematics
Labour Welfare
Business Management
Banking
Transport
Economics of Cotton.

8. Faculty of Ayurvedic Medicine :

Ayurvedic Medicine.

9. Faculty of Pharmacy :

Pharmacy comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Bio-chemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Bioassay, Pharmacy Management and Drug Marketing.

10. Faculty of Dental Surgery :

Dental Surgery.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૯૯ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને **ડૉ. એ. એમ. ત્રિવેદીએ** ટેકો આપ્યો.

તે પછી ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ ધ્યાન ખેંચ્યું કે સદરહુ સ્ટેચ્યૂટમાં 'ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઈન્કલ્યુડિંગ એજ્યુકેશન' એ મથાળા હેઠળ પેટાવિભાગ (ડી)માં 'હિસ્ટરી' એ શબ્દ મોટા ટાઈપમાં છપાયેલો હોઈ તે મથાળા જેવો લાગે છે.

તે પરથી કુલપતિશ્રીએ સદરહુ પેટાવિભાગને 'મિસેલિનિયસ (Miscellaneous)'એ મથાળું બાંધી આપવા માટે અને હિસ્ટરીને એક વિષય તરીકે લેખવા માટે શાબ્દિક ફેરફાર કરવાની અનુમતિ આપી.

ત્યાર પછી આચાર્ય બી. એમ. પીરઝાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સ્ટેચ્યૂટ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબ સુધારવાથી "Business Management" વિષયની અભ્યાસસમિતિને એક વિદ્યાશાખામાંથી ખસેડી બીજી વિદ્યાશાખામાં મૂકવામાં આવે છે, પણ તે અંગે સંબંધકર્તા વિદ્યાશાખાનો અભિપ્રાય પૂછવામાં આવ્યો નથી તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૧૦૧. **આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"The Senate requests the Syndicate to amend Statute 107 as follows :

(Second Para) :

Each of the Deans so elected shall hold office for 2 years or until another Dean selected and may be re-elected."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવમાં "Another Dean selected" એમ જણાવેલું છે તેને બદલે "another Dean is elected" એમ લેવું જોઈએ એમ સૂચન રજૂ થતાં કુલપતિશ્રીએ તેને શાબ્દિક સુધારા તરીકે ગણીને તે સુધારવા માટે અનુમતિ આપી.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટેચ્યૂટ સુધારવા માટે સિન્ડિકેટને સત્તા નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૧૦૨. **સેનેટે તેની તા. ૧૦/૧૧–૧૮–૧૯૬૯ની સભામાં મંજૂર કરેલ સ્ટે. ૧૦૮, ઑકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણને અનુલક્ષીને હવે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :**

St. 108 :

"The following Boards of Studies may be constituted under the provisions of Section 25 (1) :

Faculty of Arts including Education :

(1) Gujarati
(2) Marathi
(3) Hindi
(4) Sindhi
(5) Bengali
(6) English
(7) Modern European Languages (German and French)
(8) Sanskrit
(9) Prakrit and Pali
(10) Persian, Arabic and Urdu
(11) Avesta and Pahlavi
(12) History, Archaeology, Epigraphy and Numismatics
(13) Political Science
(14) Sociology and Anthropology

(15) Logic, Philosophy and Political Philosophy
(16) Psychology
(17) Education
(18) Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture
(19) Home Science
(20) Physical Education
(21) Journalism
(22) Fine Arts
(23) Library Science
(24) Linguistics.

Faculties of Arts including Education and Commerce :

(25) Labour Welfare
(26) Economics
(27) Co-operation
(28) *Banking.*

Faculties of Arts including Education, Science and Commerce :

(29) Geography
(30) Statistics
(31) General Education.

Faculties of Arts including Education and Technology including Engineering :

(32) Town Planning and Architecture.

Faculties of Arts including Education, Science, Commerce and Technology including Engineering :

(33) Mathematics.

Faculty of Arts including Education, Commerce and Technology including Engineering :

(34) *Business Management.*

Faculty of Science :

(35) Physics
(36) Chemistry
(37) Botany
(38) Zoology
(39) Microbiology.

Faculties of Science and Technology including Engineering :

(40) Geology.

Faculty of Commerce :

(41) Commerce
(42) Accounting including Costing
(43) Actuarial Science and Statistics
(44) *Transport*
(45) *Economics of Cotton.*

Faculty of Law :

(46) Board of Studies in Jurisprudence, International Law (Private and Public), Constitutional Law

(47) Board of Studies in Crime, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws)

(48) Board of Studies in Law of Property and Personal Laws, Taxation Laws.

Faculty of Technology including Engineering :

(49) Civil Engineering

(50) Mechanical Engineering

(51) Electrical Engineering

(52) Chemical Engineering.

Faculty of Medicine :

(53) *Pre-Clinical including Anatomy, Physiology*

(54) *Para-Clinical including Pathology, Pharmacology, Forensic Medicine*

(55) *Clinical Medicine, Surgery, etc.*

(56) Nursing.

Faculty of Pharmacy :

(57) *Pharmacy comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Bio-Chemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Bio-assay, Pharmacy Management and Drug Marketing.*

Faculty of Dental Surgery :

(58) *Dental Surgery.*

Faculty of Ayurvedic Medicine :

(59) Ayurvedic Medicine.

Faculty of Agriculture :

(60) Agriculture."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. બી. હરિભકિત**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૦૮ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. બી. હરિભકિતને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો તેને આચાર્ય **શ્રી. એલ. શાસ્ત્રી**એ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા વિદ્યાશાખાનો અભિપ્રાય પૂછવામાં આવ્યો નથી તે જોતાં આ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૧૦૩. સિન્ડિકેટે નવો ઘડેલો નીચેનો સ્ટે. ૧૧૮--એ મંજૂર કરવા બાબત :

St. 118–A:

" One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present."

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

" સિન્ડિકેટે નવો ઘડેલો સ્ટે. ૧૧૮--એ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવામાં આવે. "

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય પૂછવામાં આવેલો નથી તે જોતાં આ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

આ તબક્કે શ્રી. કુલસચિવ સભાગૃહની બહાર ગયા અને તેમની જગ્યા કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાએ લીધી.

૧૦૪. સેનેટે તેની તા. ૪/૫--૧૦--૧૯૬૭ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૧૩૪ સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧--૩--૧૯૬૮ની સભામાં નીચે પ્રમાણે સુધારીને કુલાધિપતિશ્રીની મંજૂરી માટે મોકલેલ તે તેઓશ્રીએ તેમના મંત્રીના તા. ૧૯-૧૦-૧૯૬૮ના પત્રાંક જી. એસ. ૫૭૬૬-૬૮થી સેનેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે પછી સેનેટે તેની તા. ૧૦/૧૧--૧૦--૧૯૬૯ની સભામાં તે સ્ટેચ્યૂટ તે પરના શ્રી. એસ. કે. ઝવેરીના સુધારા સાથે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે હવે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટે કરેલ રિપોર્ટ :

(સદરહુ બાબત પરત્વે કુલાધિપતિશ્રીના મંત્રીશ્રીના તા. ૧૯–૧૦–૧૯૬૮ના પત્રાંક જી.એસ. ૫૭૬૬-૬૮ની નકલ આ સાથે **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

St. 134 :

" The pay-scale of the Registrar shall be that of a University Professor and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time, provided however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provision of this Statute shall be deemed to take effect from 1–7–1967. "

ઉપરના સ્ટે. ૧૩૪ પર શ્રી. એસ. કે. ઝવેરીનો સુધારો નીચે મુજબ હતો:

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૨૯/૩૦-૩-૧૯૬૮ની સભામાં સ્ટેચ્યૂટ ૧૩૪ના પાઠ સુધારીને પસાર કર્યો છે તે પર કુલાધિપતિશ્રીના આદેશને અનુલક્ષીને સદરહુ સ્ટેચ્યૂટ ૧૩૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો જરૂરી જણાય છે એમ કુલાધિપતિશ્રીને જણાવીને સદરહુ સુધારેલા સ્ટેચ્યૂટ ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે તેઓશ્રીને વિનંતી કરવામાં આવે:

St. 134 :

"The pay-scale of the Registrar shall be Rs. 900–40–1,300–50–1,400 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other full-time employees of the University from time to time.

He shall, in addition, be entitled to furnish a bungalow including water and telephone facilities and shall be charged therefor 10 % of his basic pay per month.

He shall also be entitled to the benefit of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall come into force the date it is assented to by His Excellency the Chancellor."

સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં કરેલો રિપોર્ટ

"આથી ભલામણ કરવામાં આવે છે કે સ્ટે. ૧૩૪ સુધારવા અંગેની સદરહુ સમિતિની તા. ૩-૧-૧૯૭૦ની ભલામણ સ્વીકારીને તે સ્ટેચ્યૂટ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી:

St. 134 :

"The pay-scale of the Registrar shall be Rs. *1,000–50–1,300–60–1,600* and he shall in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole time employees of the University from time to time, *provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.*

He shall, in addition, be entitled to a *rent-free* furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefits of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઇ ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી:

"સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં જે સ્ટેચ્યૂટ નં. ૧૩૪ મંજૂર કર્યો હતો તે અંગે કુલાધિપતિશ્રીએ પોતાનાં જે સૂચનો સાથે પુનર્વિચારણા માટે મોકલ્યો છે તે પર પૂરતી

ચર્ચાવિચારણા કર્યા પછી આ સભાગૃહ ઠરાવે છે કે સુધારેલો સ્ટે. ૧૩૪ મંજૂર કરવા માટેનો સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં કરેલો રિપોર્ટ સ્વીકારવામાં આવે તથા તે મુજબ સુધારેલા સ્ટે. ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે કુલાધિપતિશ્રીને વિનંતી કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સદરહુ ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

'સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં જે સ્ટેચ્યૂટ નં. ૧૩૪ મંજૂર કર્યો હતો તે અંગે કુલાધિપતિશ્રીએ પોતાનાં જે સૂચનો સાથે પુનર્વિચારણા માટે મોકલ્યો છે તે પર સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં કરેલ રિપોર્ટ ધ્યાનમાં લઈ આ નીચે બતાવ્યા મુજબ સુધારેલ સ્ટે. ૧૩૪ને પોતાની મંજૂરી આપવા માટે કુલાધિપતિશ્રીને વિનંતી કરવામાં આવે :

St. 134 :

The pay-scale of the Registrar shall be Rs. 900–40–1,300–50–1,400 and he shall in addition be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time except the examination allowance.

He shall in addition be entitled to a house with water and telephone facilities for which he will be charged at the rate of 10% of his basic pay per month.

He shall also be entitled to the benefits of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall come into force the date it is assented to by His Excellency the Chancellor.' "

ઉપરનો સુધારો શ્રી. એસ. કે. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં સદરહુ સુધારો બહુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ ગુપ્ત મતદાનની માગણી કરી. તે ઉપરથી કુલપતિશ્રીએ નીચે જણાવેલા સભ્યોની ચકાસણીદારો (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય બી. એમ. પીરઝાદા

(૨) આચાર્ય જે. બી. સાણ્ડિલ

(૩) આચાર્યા ઊર્મિલાબહેન પટેલ

(૪) આચાર્ય એન. બી. જોશી.

તે પછી ચકાસણીદારોના રિપોર્ટ પરથી ગુપ્ત મતદાનનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ૧૮ મત,
વિરુદ્ધમાં ૫૪ મત, અને
૧ મત નિરર્થક (invalid).

આમ મૂળ પ્રસ્તાવ પરનો શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીનો સુધારો વધુમતે ઊડી ગયો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે તેમના સુધારા સાથેનો મૂળ પ્રસ્તાવ નામંજૂર થયેલો હોવાથી મૂળ પ્રસ્તાવ પણ નામંજૂર થયેલો ન ગણાય ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સુધારા સાથેનો મૂળ પ્રસ્તાવ નામંજૂર થયેલો છે પણ મૂળ પ્રસ્તાવ પર હજુ મત લેવામાં આવેલ નથી તેથી મૂળ પ્રસ્તાવ તો હજુ બાકી રહે જ છે.

તે પછી ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે ૫૭ વિરુદ્ધ ૫ મતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૫. સ્ટે. ૧૮૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :

St. 188—Loans to Subscribers :

" *Advances from the Fund may be granted to the subscribers as under :*

(*i*) In case of illness of a subscriber or any member of his family or for any other reason deemed fit by the Vice-Chancellor, advance to the extent of his own subscription may be granted to the subscriber at the discretion of the Vice-Chancellor. Such advances shall be repaid in such number of monthly instalments *not exceeding* 24 and at such rate of interest as may be fixed *by the Syndicate from time to time.*

(*ii*) *A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus* 50 % *of the contribution of the University credited to his Provident Fund Account as on* 31*st March immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding* 120 *and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.*

(*iii*) *Such advances shall be recovered by deductions from the salary paid by the University to the subscriber. The first of such deductions shall be made from the first payment of a full month's salary after the subscriber has drawn the advance. The amount of such instalments shall be fixed in round numbers and the last instalment shall cover the entire balance then to be refunded by the subscriber, provided that the subscriber may, at his option, pay any additional sum over and above the amount of the instalment fixed in round figures.*"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

" સ્ટે. ૧૮૮ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે. "

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ નોટિસ આપી હતી :

" અનુક્રમ નં. ૧૦૫ થી સ્ટેચ્યૂટ ૧૮૮ સુધારવા માટેનો જે ઠરાવ રજૂ કરવાની સિન્ડિકેટ તરફથી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નોટિસ આપી છે તે સ્ટેચ્યૂટના (*ii*) પેરામાં શબ્દો '50% of' આવે છે તે શબ્દો કાઢી નાંખવા જેથી સ્ટેચ્યૂટના તે પેરામાંનું તે વાકય નીચે પ્રમાણે વંચાશે :

(*ii*) A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus the contribution of the University credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application."

ઉપરનો સુધારો શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરઝાદાએ ટેકો આપ્યો.

તે પછી સભાગૃહની સંમતિથી શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીએ શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીનો ઉપરનો સુધારો સ્વીકારી લીધો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીના સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૬. સ્ટે. ૨૦૨ (*i*) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :
Statute 202 :

" The following shall be the University Schools and Departments for teaching and research in the University :

(*i*) University School of Social Sciences :

This School shall provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics
(2) Sociology
(3) Politics
(4) Statistics
(5) Labour Welfare *and Social Work*
(6) History
(7) Business Management and Industrial Management
(8) *Social Change.*

This School may also impart such instructions in Diploma Courses and Certificate Courses as may be instituted by the Senate from time to time."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"સ્ટે. ૨૦૨ (*i*) ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને શ્રી. ગુલાબભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

(**નોંધ.**—"Social Welfare" એ છાપભૂલ હોઈ તેને "Social Work" તરીકે સુધારવામાં આવી.)

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આ તબક્કે શ્રી. કુલસચિવ સભાગૃહમાં તેમના સ્થાન પર ફરી હાજર થયા.

૧૦૭. આચાર્ય જે. બી. સાણ્ડિલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :*

"This meeting of the Senate recommends to the Syndicate that the statute determining the emoluments and conditions of service of the Ractor should be as under :

(*i*) The pay-scale of the Rector shall be Rs. 1,650-75-2,100, and he shall in addition be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

(*ii*) He shall in addition be entitled to a furnished house including water and telephone facilities and shall be charged for the same at the rate of 10 % of his basic salary per month.

(*iii*) He shall also be entitled to the benefits of provident fund and gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time."

---

*નોંધ.—ગુજરાત યુનિવર્સિટી ધારાની સંબંધકર્તા કલમ નં. ૧૨ નીચે મુજબ છે :

12. (1) (*a*) The Senate may, by resolution, decide that appointment shall or shall not be made to the office of the Rector :

Provided that nothing in this section shall entitle the Senate to decide that the First Rector, if any, appointed under Section 61-A shall vacate his office during the period of his appointment.

(*b*) If the Senate decides under clause (*a*) that appointment shall be made to the office of the Rector, the Rector shall be appointed by the Chancellor, on the recommendation of the Vice-Chancellor. The Rector shall be a whole-time salaried officer and his emoluments and conditions of service shall be determined by the Statutes.

(2) the powers conferred on the Vice-Chancellor by or under this Act, shall, subject to the control of the Vice-Chanceller, also be exercisable, so far as may be, by the Rector.

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાણ્ડિલે રજૂ કર્યો. આ તબક્કે કેટલાક સભ્યોએ અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચ્યું કે સભાગૃહના કામકાજ માટે જરૂરી ઓછામાં ઓછી ૫૦ સભ્યોની હાજરી નથી.

તે પછી હાજર રહેલા સભ્યોની ગણતરી કરતાં જણાયું કે સભાગૃહમાં માત્ર ૪૪ સભ્યો જ હાજર હોઇ જરૂરી quorum રહેતું નથી, તેની અધ્યક્ષશ્રીએ નોંધ લીધી અને પછી સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું.

તેથી નીચેની બાકી રહેતી બાબતો વિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ.

સદરહુ પ્રસ્તાવ પર શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટ એજન્ડામાં અનુક્રમ નં. ૧૦૭થી આચાર્યશ્રી જે. બી. સાણ્ડિલે જે પ્રસ્તાવ મૂકેલ છે તેમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

પેરા (*i*)માં સ્કેલ Rs. '1650–75–2100' મૂકેલ છે તેને બદલે 'Rs. 1250–75–2000' મૂકવો.

પેરા (*ii*) બદલીને નીચે પ્રમાણે મૂકવો :

'(*ii*) If any housing accommodation is made available to him, he shall be charged for the same at the rate of 10% of his basic salary per month.' અને છેવટે નીચે પ્રમાણે ઉમેરો કરવો :

But this resolution should not be treated as a decision of the Senate to make an appointment to the office of the Rector."

૧૦૮. નીચે જણાવેલી વ્યક્તિઓને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આ યુનિવર્સિટીની ડી.લિટ.ની માનાર્હ પદવી આપવાની સિન્ડિકેટની ભલામણ :

(૧) પ્રો. ફીરોઝ કાવસજી દાવર;

(૨) ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશી; અને

(૩) આચાર્યશ્રી દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર (કાકાસાહેબ કાલેલકર).

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"ઉપર જણાવેલી ત્રણ વ્યક્તિઓને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આ યુનિવર્સિટીની ડી.લિટ.ની માનાર્હ પદવી આપવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

૧૦૯. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સામાજિક પરિવર્તન (Social Change)નો વિભાગ સ્થાપવા અંગે તથા તે વિભાગ માટે નીચેની જગ્યાઓ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

પ્રોફેસર	... ૨ જગ્યા
રીડર	... ૩ જગ્યા
લેક્ચરર	... ૪ જગ્યા
સંશોધન મદદનીશ	... ૪ જગ્યા.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

" યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સામાજિક પરિવર્તનનો વિભાગ સ્થાપવાની તથા તે વિભાગ માટે ઉપર જણાવ્યા પ્રમાણેની જગ્યાઓ સ્થાપવાની સિન્ડિકેટની તથા એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવામાં આવે. "

૧૧૦. સેનેટની તા. ૧૮/૧૯–૧–૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮–૯–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ તથા તે પર સિન્ડિકેટની તા. ૧૦/૧૧–૧–૧૯૭૦ની સભાનો રિપોર્ટ (જાણ સારુ).

સેનેટનો ઠરાવ

" ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે. "

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની ભલામણ

" બહુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો. "

સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૧-૧૯૭૦ની સભાનો રિપોર્ટ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી. "

૧૧૧. નીચેના પ્રદાનનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો રિપોર્ટ (જાણ સારુ) :

શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના આચાર્ય એમ. સી. દેસાઈ તરફથી, ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટી ભવનોના શિક્ષકો પૈકી જે શિક્ષક અર્થશાસ્ત્રના વિષયના સંશોધન-કામમાં યુનિવર્સિટીએ નીમેલા નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર સૌથી વધુ ગુણવત્તા ધરાવતા હોય તેને પ્રતિવર્ષ " આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક " આશરે રૂ. ૨૦૦નો આપવા માટે રૂ. ૭,૦૦૦નું રોકડ પ્રદાન તથા ચાલુ વર્ષ માટે રૂ. ૩૧૦નું રોકડ પ્રદાન.

૧૧૨. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના ત્રિવાર્ષિક અભ્યાસક્રમ ઉપરાંત આ ત્રણે વિદ્યાશાખાઓમાં વિશિષ્ટ ઑનર્સ અભ્યાસક્રમ શરૂ કરવો. આ અભ્યાસક્રમ ઉચ્ચ કક્ષાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓને જે તે વિદ્યામાં પારંગત બનાવવામાં મદદરૂપ થાય તેવો હોવો જોઈએ. એ અભ્યાસક્રમના શિક્ષણ તથા પરીક્ષણ અંગે પણ વિશિષ્ટ યોજના ઘડી કાઢવા ભલામણ છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ પોતાનો અભિપ્રાય વ્યકત કરતાં પહેલાં એકેડેમિક કાઉન્સિલનું મંતવ્ય જાણવા ઇચ્છે છે એમ સેનેટને જણાવવું."

૧૧૩. આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટીમાં હાલની યોજના મુજબ ચાલતાં વિદ્યાભવનો-(સ્કૂલો)નું વિકેન્દ્રીકરણ કરી શકય તેટલા વિષયોનાં વિદ્યાભવન (Departments) સ્વતંત્ર એકમ તરીકે છૂટાં પાડવાં અને જરૂર લાગે ત્યાં જ માત્ર આનુષંગિક વિદ્યા(વિષયો)નું જોડાણ કરી વિદ્યાભવન (Dapartments) રચવાં. વધુમાં ઠરાવે છે કે યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા અન્ય જવાબદાર મંડળોને આ અંગે યોજના ઘડી તાત્કાલિક અમલમાં મૂકવા માટે પગલાં લેવા ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું."

૧૧૪. આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"જનરલ એજ્યુકેશન વિષયની પરીક્ષા અન્ય વિષયોની જેમ જ યુનિવર્સિટી તરફથી લેવાની જોગવાઈ કરવા માટે સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને આથી ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલે કરેલા નીચેના ઠરાવની સેનેટને જાણ કરવી :

"આથી ઠરાવવામાં આવે છે કે જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમની બાબતમાં હાલ જે વ્યવસ્થા છે તેમાં કશો ફેરફાર કરવો નહીં."

૧૧૫. આચાર્ય જે. બી. સાણ્ડિલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This meeting of the Senate resolves that the appointment should be made to the office of the Rector and requests the Vice-Chancellor to take necessary steps for the same."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું."

૧૧૬. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સંબદ્ધ સૌને ભલામણ કરે છે કે કૉલેજોની તેમ જ વાહનવ્યવહારની પૂરતી સગવડને કારણે હવે કૉલેજના છાત્રાલયની આવશ્યકતા રહેતી ન હોઈ કૉલેજના જોડાણની શરતોમાંથી છાત્રાલયની અનિવાર્યતા કાઢી નાખવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૧૭. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સરકારશ્રીને તેમ જ સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અંગ્રેજી વગર એસ.એસ.સી. પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી વિનયન વિદ્યાશાખામાં ફરજિયાત અંગ્રેજીને બદલે ફરજિયાત હિન્દીનું પ્રશ્નપત્ર શીખવવાની જોગવાઈ કરી તથા બાકીના પ્રશ્નપત્ર યથાવત્ રાખી તેવા વિદ્યાર્થીઓને કૉલેજ-શિક્ષણ આપવામાં આવે તેવી વ્યવસ્થા જૂન ૧૯૭૦થી કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી:

આચાર્ય બી. આર. પટેલના પ્રસ્તાવ પર સુધારા :

સુધારો નં. ૧ : "પ્રસ્તાવની બીજી લીટીમાં 'વિનિયન વિદ્યાશાખા'માં શબ્દોને બદલે 'વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

સુધારો નં. ૨ : "પ્રસ્તાવની બીજી લીટીમાં 'વિનયન વિદ્યાશાખામાં' શબ્દોને બદલે 'વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

૧૧૮. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સરકારશ્રીને તેમ જ સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અંગ્રેજી વિષય વિના પણ એસ.એસસી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૦થી ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો અને તેવા વિદ્યાર્થીઓને બી.એ. સુધીમાં ફરજિયાત અંગ્રેજીને બદલે ફરજિયાત ગુજરાતી કે ફરજિયાત હિન્દી લેવાની સગવડ કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :

સુધારો નં. ૧

(અ) "પ્રસ્તાવની લીટી નં. ૩ : 'વિનયન વિદ્યાશાખામાં' શબ્દોને બદલે 'વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

(બ) "પ્રસ્તાવની લીટી નં. ૩ : 'બી.એ. સુધીમાં' શબ્દોને બદલે 'સ્નાતક કક્ષા સુધી' શબ્દો મૂકવા."

સુધારો નં. ૨

(અ) "પ્રસ્તાવની લીટી નં. ૩ : 'વિનયન વિદ્યાશાખા'માં શબ્દોને બદલે 'વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

(બ) "પ્રસ્તાવની લીટી નં. ૩ : 'બી.એ. સુધીમાં' શબ્દોને બદલે 'સ્નાતક કક્ષા સુધી' શબ્દો મૂકવા."

૧૧૯. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તાઓને ભલામણ કરે છે કે અંગ્રેજી [વગર એસ.એસ.સી. પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૦થી વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો અને તેમને બી.એ. સુધીમાં ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્રમાંથી મુક્તિ આપવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય આઈ. જે. ધ્રુવે નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :

સુધારો નં. ૧

(અ) "પ્રસ્તાવની લીટી નં. ૨માં 'વિનયન વિદ્યાશાખામાં' શબ્દોને બદલે 'વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

(બ) "પ્રસ્તાવની લીટી નં. ૨માં 'બી.એ. સુધીમાં' શબ્દોને બદલે 'સ્નાતક કક્ષા સુધી' શબ્દો મૂકવા."

સુધારો નં. ૨

(અ) "પ્રસ્તાવની લીટી નં. ૨માં 'વિનયન વિદ્યાશાખામાં' શબ્દોને બદલે 'વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં' શબ્દો મૂકવા."

(બ) "પ્રસ્તાવની લીટી નં. ૨માં 'બી એ. સુધીમાં' શબ્દોને બદલે 'સ્નાતક કક્ષા સુધી' શબ્દો મૂકવા."

૧૨૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં છેલ્લાં પગારધોરણો તા. ૧--૪--૧૯૬૬થી અમલમાં આવતાં હોવા છતાં આજદિન સુધી આપણી યુનિવર્સિટીમાં એનો અમલ થયો નથી તેમ જ ક્યારે થશે તે સ્પષ્ટ સમજાતું નથી. આથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે સરકાર તરફથી રજૂ કરવામાં આવેલાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો નાકીદે સ્વીકારી લેવાં અને યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોના સર્વ અધ્યાપકો માટે ફરજિયાત રાખવાં તથા એ અંગે ઊભા થતા પ્રશ્નો કે સૂચનો માટે યુનિવર્સિટીએ સરકાર સાથે ચર્ચાવિચારણા ચાલુ રાખવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણોના અમલ અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવની સેનેટને જાણ કરવી."

૧૨૧. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજના ગ્રંથપાલ અશૈક્ષણિક (non-teaching) સ્ટાફમાં આવતા હોવાથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે તે અંગે યુનિવર્સિટીએ ઘડેલા નિયમો રદ કરવા."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૨. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પહેલાં બે વર્ષની પરીક્ષાઓ માટે અન્ય યુનિવર્સિટીના પરીક્ષકો, પ્રાધ્યાપકો, સમીક્ષકો નિયુક્ત કરવાથી કશી વિશેષતા સધાતી ન હોવાથી યુનિવર્સિટીનાં પ્રથમ બે વર્ષ (એટલે કે પ્રથમ વર્ષ બી.એ., બી.કૉમ., બી.એસસી. વગેરે) પરીક્ષાઓ માટે અન્ય યુનિવર્સિટીની વ્યક્તિઓની નિયુક્તિ ન કરવી એવી આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૩. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તૃતીય વર્ષ બી.એ.માં માત્ર મુખ્ય વિષય જ લેવાનો હોય છે, અને એમ.એ.માં મુખ્ય વિષય સાથે ગૌણ વિષય લેવો પડે એવી કેટલાક વિષયોમાં અવસ્થા છે તે અસંગતિ દૂર કરવા એમ.એ.માં માત્ર મુખ્ય વિષયનાં જ બધાં પ્રશ્નપત્રો રાખવાં એવી આ સેનેટની સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૪. પ્રા. કે. કા. શાસ્ત્રી અને બીજા સોળ સભ્યોએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાના પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં કેટલાંક વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે તે માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

તે જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૫ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવું જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૫. પ્રા. એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાના પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં કેટલાંક વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે તે માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

તે જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૧ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવું જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ત્રીજા ફકરાની બીજી પંક્તિમાં '૧૧ ટકા'ને બદલે '૧૨ ટકા' શબ્દો મૂકવા."

૧૨૬. શ્રી. આર. વી. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાના પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં કેટલાંક વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે તે માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

તે જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૧ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવા જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી.

"ત્રીજા ફકરાની બીજી પંક્તિમાં '૧૧ ટકા' શબ્દોને સ્થાને '૧૦ ટકા' શબ્દો મૂકવામાં આવે."

૧૨૭. શ્રી. ડી. એસ. બસને નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાના પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં કેટલાંક વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૧૧ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે તે માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

તે જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૧ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવા જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૮. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાને પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં વીસ વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે એ માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

એ જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૫ ટકા મકાનભાડા (house rent allowance) પેટે આપવા અથવા અધ્યાપક માટે ૬૫ ચોરસ વાર વિસ્તારના રહેઠાણની જોગવાઈ કરી આપવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૨૯. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શિક્ષક છૂટો થાય અથવા શિક્ષકને છૂટો કરવામાં આવે તે પછી શિક્ષકને તેની પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવામાં સંલગ્ન કૉલેજો અમર્યાદિત સમય વિતાવે છે, તો આ અંગેની કોઈ ચોક્કસ સમય-મર્યાદા નક્કી કરીને પ્રવર્તમાન નિયમોમાં તેની જોગવાઈ કરવામાં આવે તેમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૦. ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શિક્ષક છૂટો થાય અથવા શિક્ષકને છૂટો કરવામાં આવે તે પછી શિક્ષકને તેની પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવામાં સંલગ્ન કૉલેજો અમર્યાદિત સમય વિતાવે છે, તો આ અંગેની કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરીને પ્રવર્તમાન નિયમોમાં તેની જોગવાઈ કરવામાં આવે તેમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૧. શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શિક્ષક છૂટો થાય અથવા શિક્ષકને છૂટો કરવામાં આવે તે પછી શિક્ષકને તેની પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવામાં સંલગ્ન કૉલેજો અમર્યાદિત સમય વિતાવે છે, તો આ અંગેની કોઈ ચોક્કસ સમય-મર્યાદા નક્કી કરીને પ્રવર્તમાન નિયમોમાં તેની જોગવાઈ કરવામાં આવે તેમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૨. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટે તેની તા. ૭–૩–૧૯૬૯ની સભામાં પસાર કરેલ અધ્યાપકોની નોકરીની શરતોના મુસદ્દાને યોગ્ય ઑર્ડિનન્સમાં ફેરવી નાખવામાં આવે, જેથી કેટલીક કૉલેજો તરફથી આ ઠરાવની થતી ઉપેક્ષા નિવારી શકાય."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઑર્ડિનન્સ ઘડવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે તેમ સેનેટને જણાવવું."

૧૩૩. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટે તેની તા. ૭–૩–૧૯૬૯ની સભામાં પસાર કરેલી અધ્યાપકોની નોકરીની શરતોના મુસદ્દાને યોગ્ય ઑર્ડિનન્સમાં ફેરવી નાખવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઑર્ડિનન્સ ઘડવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે તેમ સેનેટને જણાવવું."

૧૩૪. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી કાયદો સુધારવા માટેની ભલામણો તૈયાર કરવામાં ઉપયોગી નીવડે એ માટે સેનેટ, સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ અને અભ્યાસસમિતિઓ વગેરે bodiesનું માળખું કેવું હોવું જોઈએ તે માટે યુનિવર્સિટીએ એપ્રિલ, મે અને જૂન માસમાં ઓછામાં ઓછા ૬ પરિસંવાદો યોજવા અને એના રિપોર્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીએ નીમેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા છે તેવા પરિસંવાદો યોજવાની જરૂર જણાતી નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૫. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી કાયદો સુધારવા માટેની ભલામણો તૈયાર કરવામાં ઉપયોગી નીવડે તે માટે સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ અને અભ્યાસસમિતિઓ વગેરે bodiesનું માળખું કેવું હોવું જોઈએ તે માટે યુનિવર્સિટીએ એપ્રિલ, મે અને જૂન માસમાં ઓછામાં ઓછા ૬ પરિસંવાદો યોજવા અને તેના રિપોર્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીએ નીમેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા છે તેવા પરિસંવાદો યોજવાની જરૂર જણાતી નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૬. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"રાજ્યની બધી યુનિવર્સિટીઓના કાયદા સુધારવા સરકારે એક પંચની નિમણૂક કરી છે અને એ પંચ પોતાની કાર્યવાહી માત્ર છ મહિનામાં પૂરી કરી લેવા ધારે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પોતે પણ પોતાના કાયદામાં આમૂલ ફેરફારો કરાવવા માટેની ભલામણો તૈયાર કરવા એક સમિતિ સત્વરે નીમે અને તદર્થ સમિતિમાં આચાર્ય સિવાયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે એમ આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે અને તેમાં વિદ્યાર્થી સંસદના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરી શકાશે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૭. આચાર્ય ગિરીશભાઈ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"રાજ્યની બધી યુનિવર્સિટીઓના કાયદા સુધારવા સરકારે એક પંચની નિમણૂક કરી છે અને તે પંચ પોતાની કાર્યવાહી માત્ર છ મહિનામાં પૂરી કરી લેવા ધારે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પોતે પણ પોતાના કાયદામાં આમૂલ ફેરફારો કરાવવા માટેની ભલામણો તૈયાર કરવા એક સમિતિ સત્વરે નીમે અને તદર્થ સમિતિમાં આચાર્ય સિવાયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે તેમ આ સભા યુનિવર્સિટી સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે અને તેમાં વિદ્યાર્થી સંસદના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરી શકાશે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૩૮. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકો માટે યુનિવર્સિટી ઍક્ટની જોગવાઈ પ્રમાણે નોકરીની શરતો, પગારધોરણો વગેરે યુનિવર્સિટી નક્કી કરે છે, પરંતુ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ (કારકુન, પટાવાળા વગેરે) અંગે નોકરીની શરતો, પગારધોરણો વગેરે નક્કી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં હાલ કોઈ જોગવાઈ નથી એને કારણે યુનિવર્સિટી પણ એની માન્ય સંસ્થાઓ અને સંલગ્ન કૉલેજોમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ માટે કોઈ જવાબદારી લેવા તૈયાર નથી એને કારણે આજે દરેક સંસ્થામાં નૉન-ટીચિંગ સ્ટાફનાં પગારધોરણો તેમ જ નોકરીની શરતો જુદી જુદી પ્રવર્તે છે અને એમનું ભારે શોષણ થઈ રહ્યું હોવાની માહિતી બહાર આવી છે.

ગુજરાત સરકારે હવે યુનિવર્સિટી ઍક્ટ સુધારવા માટે એક સમિતિ રચી છે ત્યારે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ અંગેની સઘળી જવાબદારી પણ યુનિવર્સિટી સ્વીકારે અને શક્ય હોય તો ઑર્ડિનન્સ બનાવીને એમની નોકરીની શરતો અને પગારધોરણો યુનિવર્સિટી નક્કી કરે એવી જોગવાઈ યુનિવર્સિટી ઍક્ટમાં કરી લેવામાં આવે એમ આ સભા યુનિવર્સિટીનાં હાગતાંવળગતાં મંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નોનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે, એમ સેનેટને જણાવવું."

૧૩૯. પ્રા. કે. કા. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીમાં લેવાતી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક કરવા માટે આંતરિક અધ્યાપકો પાસેથી અરજીઓ મંગાવવાની પ્રથા બંધ કરવાની અને દર વર્ષે તે તે કૉલેજ અને અનુસ્નાતક સંસ્થા પાસેથી અધ્યાપકોને લગતી માહિતી મંગાવવામાં આવે છે તે માહિતીની મદદથી તૈયાર કરેલી યાદીઓ ઉપરથી પેનલો તૈયાર કરાવવાની હાગતાવળગતા ખાતાને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિચારણા હેઠળ છે એમ સેનેટને જણાવવું."

૧૪૦. ડૉ. ડી. એચ. સુતરિયાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

(ક) "ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકો અને યુનિવર્સિટીના કર્મચારીઓ અને તે સૌના કુટુંબને મળતી તબીબી સારવાર અંગે કરેલ ખર્ચ પેટે કુલ ખર્ચના ૨૧ ટકા ખર્ચ (એક વર્ષમાં વધુમાં વધુ રૂ. ૨૦૦ સુધી) Employer પાસે અપાવવા યોગ્ય જોગવાઈ કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે."

(ખ) "ઉપરોકત ઠરાવને અમલી બનાવવા નીચેના સિદ્ધાંતોને ધ્યાનમાં લઈ જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા અધિકૃત મંડળોને વિનંતી કરે છે:

(૧) કુટુંબમાં આવા હકને પાત્ર નીચેની વ્યકિતઓ ગણાશે :

પત્ની કે પતિ, બાળકો, માતા, પિતા, તેમની સાથે રહેતા સંપૂર્ણ આશ્રિત તેવાં અપરિણીત ભાઈઓ અને બહેનો.

(૨) સારવાર અંગે થયેલ ખર્ચનું યોગ્ય પ્રમાણપત્ર, પ્રમાણિત તબીબી ચિકિત્સક પાસેથી લાવવાનું રહેશે.

(૩) પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ વધુમાં વધુ એક માસમાં તે રકમ ચૂકવવાનો રહેશે."

સિન્ડિકેટનો અભિપ્રાય

(ક) "આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીને પોતાનું આરોગ્યકેન્દ્ર છે તથા સંલગ્ન કૉલેજો માટે આરોગ્યકેન્દ્રો સ્થાપવા માટેની યોજના તાજેતરમાં ઘડવામાં આવેલી છે તે જોતાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકો અને યુનિવર્સિટી કર્મચારીઓને સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા મુજબનું તબીબી સારવાર અંગેનું ભથ્થું આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

(ખ) "આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીને પોતાનું આરોગ્ય કેન્દ્ર છે તથા સંલગ્ન કૉલેજો માટે આરોગ્ય-કેન્દ્રો સ્થાપવા માટેની યોજના તાજેતરમાં ઘડવામાં આવી છે તે જોતાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકો અને યુનિવર્સિટી કર્મચારીઓને સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા મુજબનું તબીબી સારવાર અંગેનું ભથ્થું આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૧. શ્રી. એસ. એમ. ઠક્કરે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની સભાઓની કામકાજની યાદીઓમાં જણાવવામાં આવતાં તમામ કાર્યો સામાન્યત: નિશ્ચિત સમયમર્યાદાને કારણે પૂરાં થઈ શકતાં નથી. આથી વારંવાર શિક્ષણના હિતનાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો બાકી જ રહી જાય છે. આમ ન બને તે સારુ આ સેનેટની કામકાજની યાદી પરનું તમામ કામ પૂરું થાય ત્યાં સુધી સેનેટની ચાલુ સભાને જરૂર પડયે લંબાવવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતી-વળગતી અધિકારી વ્યકિતઓને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૨. શ્રી. એસ. એમ. ઠક્કરે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એન.સી.ઈ.આર.ટી.) પ્રયોજિત, રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ સંચાલિત ચૌદ માસના બી.એડ.ના સમર કોર્સ (Summer Course) દ્વારા વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન તરફથી લેવામાં આવતી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર શિક્ષકોને આપવામાં આવતી બી.એડ. ડિગ્રીને આપણી યુનિવર્સિટીની બી.એડ. ડિગ્રી સમકક્ષ ગણી તેવા બી.એડ. શિક્ષકોને ગુજરાત

યુનિવર્સિટીના એમ.એડ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા સેનેટની આ સભા લાગતાંવળગતાં અધિકારી સત્તા મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૩. શ્રી. એસ. એમ. ઠક્કરે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો ઝડપથી વધતો જતો વ્યાપ અને તેના કારણે નીચાં જતાં શિક્ષણનાં ધોરણો જોતાં માધ્યમિક શાળાઓમાં એમ.એડ. થયેલા નિષ્ણાત શિક્ષકો વધુ પ્રમાણમાં મળી રહે તે માટે હાલના બી.એડ. થયેલા શિક્ષકોને એમ.એડ. થવાની તકો વિસ્તૃત બનાવવા સેનેટની આ સભા એમ.એડ. માટે વેકેશન વર્ગો શરૂ કરવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે તેની સેનેટને જાણ કરવી."

૧૪૪. શ્રી. એસ. એમ. ઠક્કરે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ભારતનાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એકસ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરવા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વેકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૫. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આપણા દેશમાં પ્રવર્તની નિરક્ષરતા નિવારવા વિદ્યાર્થીઓ મહત્ત્વની કામગીરી બજાવી શકે તે હેતુથી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સ્નાતકની પદવી મેળવવા ઇચ્છતો વિદ્યાર્થી એસ.એસ.સી. પરીક્ષા પછી કૉલેજમાં પ્રવેશ મેળવે ત્યાર પછી વેકેશનમાં યા તેને અનુકૂળ સમયે ૧૦૦ નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરે તેવી કામગીરી ફરજિયાત બનાવવા અને તે અંગે થતા ખર્ચ વગેરેની યોજના ઘડી રાજ્ય સરકાર તે જવાબદારી ઉપાડે તે માટે જરૂરી કાર્યવાહી કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા લાગતીવળગતી કમિટીઓને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં રહેલી ભાવના સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૬. આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ફીની આવકમાંથી આવર્તક ખર્ચ બાદ કરતાં જે કૉલેજો પુરાંત મેળવે છે તેમણે પોતાની પુરાંતના ૭૫ ટકા ear-marked રિઝર્વ ફંડમાં લઈ જઈ કૉલેજના વિકાસ માટેનાં કાર્યોમાં જ તે રકમ વાપરવા અંગે યોગ્ય નિયમનો ઉપસ્થિત કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોની આર્થિક બાબતો અંગેનો સદરહુ પ્રસ્તાવ યુનિવર્સિટીના સત્તાક્ષેત્રની મર્યાદા બહાર છે એમ સિન્ડિકેટનું મંતવ્ય છે તેમ સેનેટને જણાવવું."

નં. સેનેટ / ૫૯૭૮ / ૧૯૭૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૭, ૧૯૭૦.

કં. ચં. પરીખ,
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૨(અ)

પ્રા. કે કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૧(ક) અંગે તા. ૧૪--૩--૧૯૭૦ સુધીમાં પદ કૉલેજો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી જોતાં નોકરીમાંથી છૂટા કર્યા હોય તેવા શિક્ષકોને "સંલગ્ન શિક્ષકોની સેવાના" નિયમ ૧૦(૨) તથા ૧૦(૩) મુજબ અનુક્રમે ૬ કે ત્રણ માસના પગાર જેટલું વળતર આપવું પડે તેમ હોય તોપણ નહિ ચૂકવ્યાનું કોઈ કૉલેજે જણાવ્યું નથી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨(બ)

પ્રા. કે. કા. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૭ (ક), ૭(ખ) અને ૭ (ગ) અંગે યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	પ્રૉવિડંટ ફંડના નિયમોનું સંપૂર્ણ પાલન કર્યું છે?	પ્રૉવિડંટ ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે ટ્રાન્સ-ફર કરી છે ?	પ્રૉવિડંટ ફંડના નિયમ ૨ (એચ) પ્રમાણે અર્ધા ટ્રસ્ટીઓની સંખ્યા જે કૉલેજના એમ્પ્લોયમેન્ટ-માંથી હોવી ઘટે તે પ્રમાણે ટ્રસ્ટીઓની નિમણૂક કરી છે ?
૧	૨	૩	૪	૫
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ ...	નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પરંતુ ફંડની રકમ ટ્રસ્ટી-ઓના નામે ટ્રાન્સફર કરી નથી, કરવાની વિધિ ચાલે છે.		
૨.	આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ ...	ના	ના	ના
૩.	એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ ...	નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે હવે પછી કરશે.		

૪. તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર (કચ્છ)...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ પ્રૉવિડંટ ફંડની રકમ ટ્રસ્ટીઓને નામે ટ્રાન્સફર કરી નથી અને નિયમ મુજબ ટ્રસ્ટીઓની નિમણૂક કરી નથી.
૫. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	...	હા હા હા
૬. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	...	નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ ટ્રસ્ટીઓના નામે રકમ ફેરવવા અંગે કાર્યવાહી ચાલુ છે તેમ જણાવ્યું છે.
૭. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ પ્રૉવિડંટ ફંડની
ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા ...		રકમ ટ્રસ્ટીઓના નામે કરી નથી.
૮. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર ...		હા હા હા
૯. સી. એમ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ ...		નિયમોનું સંપૂર્ણ પાલન કર્યાનું કૉલેજે જણાવ્યું છે. ટ્રસ્ટીઓને નામે રકમ કરી છે, પણ ટ્રસ્ટ નિયમ ૨ (એચ) પ્રમાણે નથી.
૧૦. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. ...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ અડધા ટ્રસ્ટીઓ
રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ		એમ્પ્લોયીઝમાંથી હોવા માટે કાંઈ જણાવ્યું નથી.
૧૧. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ ...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ ટ્રસ્ટીઓના અડધા
કૉલેજ, ઊંઝા		એમ્પ્લોયીઝમાંથી હોવા અંગે નિર્ણય કર્યો નથી.
૧૨. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી ...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ નિયમો ૧૯૭૦--૭૧ના વર્ષથી લાગુ પડશે, એમ જણાવ્યું છે.
૧૩. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર ...		નિયમોનું પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ શિક્ષકો કાયમી થયા ન હોવાથી પાત્ર નથી, એમ જણાવ્યું છે.
૧૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા ...		હા હા (૧૫--૬--૧૯૭૦થી) હા (તા. ૧૫--૬--૧૯૭૦થી)
૧૫. ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા ...		હા હા (૧૫--૬--૧૯૭૦થી) હા (તા. ૧૫--૬--૧૯૭૦થી)
૧૬. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ ...		ચાલુ વર્ષે લાગુ પડતું નથી, તેમ જણાવ્યું છે.
એફ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર ...		
૧૭. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા ...		નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ ફંડની રકમ હજુ સુધી ટ્રસ્ટીઓના નામે કરી નથી.

૧	૨	૩	૪	૫
૧૮. શ્રીમતી બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત	...	નિયમોનું પાલન થયાનું કૉલેજે જણાવ્યું છે, પણ ફંડની રકમ ટ્રસ્ટીઓના નામે ટ્રાન્સફર કરવાની કાર્યવાહી ચાલે છે.		
૧૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	...	નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું જણાવ્યું છે, પણ હજુ ટ્રસ્ટી મંડળની નિયુક્તિ કરી નથી.		
૨૦. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	...	નિયમો અમલમાં મૂકવા પગલાં લેવાઈ રહ્યાં છે.		
૨૧. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	...	નિયમોનું સંપૂર્ણ પાલન થયાનું જણાવ્યું છે, પણ ફંડની રકમ હજુ સુધી ટ્રસ્ટીઓના નામે ફેરવી નથી.		
૨૨. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	...	,,	,,	,,
૨૩. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	નિયમો પ્રમાણે પ્રોવિડંટ ફંડ અપાય છે, ટ્રસ્ટ રચવા અંગેની કાર્યવાહી ચાલુ છે, તેમ જણાવ્યું છે.		
૨૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	પ્રૉવિડંટ ફંડની કપાત નિયમાનુસાર છે. અન્ય નિયમોના અમલ અંગે કાર્યવાહી ચાલુ છે.		
૨૫. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	ના	ના	ના
૨૬. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	...	નિયમનું સંપૂર્ણ પાલન કર્યાનું કૉલેજે જણાવ્યું છે, પણ અડધા ટ્રસ્ટીઓ "એમ્પ્લોયીઝ"માંથી લેવા અંગે કાર્યવાહી ચાલે છે, તેમ જણાવ્યું છે.		
૨૭. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર	...	હા	હા	હા
૨૮. સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	હા	—	હા
૨૯. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	...	હા	—	હા
પ્રશ્ન ૧૦: (૧) યુનિવર્સિટીના પ્રેસના સિનિયર કંપોઝીટર શ્રી. નારણભાઈ સતવારાનો ૧૯૭૦માં જૂન માસમાં દશેક દિવસની માંદગીની રજા, ઈ.એસ.આઈ. ડૉક્ટરનું પ્રમાણિત સર્ટિફિકેટ લોવા છતાં તથા તેમની રજા જમા લોવા છતાં, તેમનો પગાર કાપવામાં આવેલ છે ?

ઉત્તર ૧૦ : (૧) ૧૯૭૦ના જૂન માસના અંત સુધીમાં શ્રી. સતવારાની રજાને મંજૂરી મળી ન હતી, તેથી તેમના રજાના દિવસોનો પગાર આકારી શકાયો ન હતો.

પ્રશ્ન ૧૦ : (૨) જો હા, તો તે કોણે કયા કયા કારણથી કાપેલો ?

ઉત્તર ૧૦ : (૨) ઉપર (૧) જોનાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૦ : (૩) આ બાબતમાં ફેક્ટરી ઈન્સ્પેકટરે દરમ્યાનગીરી કરેલી ?

ઉત્તર ૧૦ : (૩) હા, જી.

પ્રશ્ન ૧૦ : (૪) જો હા, તો તેમણે શું સૂચનો આપેલાં ?

ઉત્તર ૧૦ : (૪) શ્રી. સતવારાની રજા મંજૂર કરવા માટે શ્રી. ફેક્ટરી ઈન્સ્પેકટરે નોંધ તથા વિનંતી કરી હતી.

પ્રશ્ન ૧૦ : (૫) આ બાબત અંગે શ્રી. સતવારાએ યુનિવર્સિટી સત્તાવાળાઓને અરજી કરેલી ?

ઉત્તર ૧૦ : (૫) હા, જી.

પ્રશ્ન ૧૦ : (૬) જો હા, તો તેઓશ્રી તરફથી શું પગલાં ભરવામાં આવ્યાં ?

ઉત્તર ૧૦ : (૬) વિગત લક્ષમાં લઈને શ્રી. સતવારાની રજા મંજૂર કરવામાં આવી છે અને રજા અંગે તેમણે વેળાસર યુનિવર્સિટી પ્રેસમાં જાણ ન કરી હતી, તે અંગે તેમને તાકીદ આપવામાં આવી છે.

પ્રશ્ન ૧૦ : (૭) (ક) આમાં શ્રી. પ્રેસ-મેનેજર સત્ય હકીકતને છુપાવીને ખોટા કૃત્યને ઢાંકવા પ્રયત્ન કરતા જણાયા છે ?

(ખ) તો તેમની સામે યુનિવર્સિટી સત્તાવાળાઓએ શું પગલાં લીધાં ?

ઉત્તર ૧૦ : (૭) (ક) ના, જી.

(ખ) ઉપર પ્રશ્ન નં. ૭ (ક)નો ઉત્તર જોતાં શ્રી. પ્રેસ-મેનેજર સામે પગલાં લેવાનો પ્રશ્ન ઊભો થતો નથી

પ્રશ્ન ૧૧ : (૧) યુનિવર્સિટી છપાઈ વિભાગમાં કેટલાં મશીનો છે તે જણાવશો?

ઉત્તર ૧૧ : (૧) યુનિવર્સિટી પ્રેસમાં છપાઈ વિભાગમાં નીચેનાં કુલ ૮ પ્રિન્ટિંગ મશીનો છે :

ક્રમાંક	મશીનનું નામ	સાઈઝ
૧.	વિક્ટોરિયા	૨૪"×૩૬"
૨.	જોબર	૨૦"×૩૦"
૩.	મિલી	૨૦"×૩૦"
૪.	ફ્રિનિક્સ	૧૧"×૨૦"
૫.	ટ્રેડલ	૧૩"×૧૯"
૬.	ટ્રેડલ	૧૨"×૧૮"
૭.	રોમાયર (ઑફસેટ)	૧૨"×૧૫"
૮.	ટ્રેડલ	૮"×૧૨"

પ્રશ્ન ૧૧ : (૨) યુનિવર્સિટીના મશીન વિભાગમાં કર્મચારીઓનો દૈનિક રિપોર્ટ રાખવામાં આવે છે?

ઉત્તર ૧૧ : (૨) હા, જી.

પ્રશ્ન ૧૧ : (૩) જો હા, તો દરેક મશીનમૅન કયા મશીન ઉપર કેટલું કામ કરે છે તેની યાદી આપશો?

ઉત્તર ૧૧ : (૩) આવી યાદી આપવી શકય નથી.

પ્રશ્ન ૧૧ : (૪) (ક) ૧૯૬૮--૬૯ અને ૭૦ની સાલમાં દરેક મશીનનું ઉત્પાદન કેટલું છે તે જણાવશો?

(ખ) જો કોઈ મશીન બંધ રાખવામાં આવ્યું હોય તો શા માટે બંધ રાખવામાં આવ્યું છે તેનાં કારણો આપશો?

ઉત્તર ૧૧ : (૪) (ક) યુનિવર્સિટી પ્રેસમાં મશીનવાર ઉત્પાદનની નોંધ રાખવામાં આવતી નથી એટલે માહિતી આપવી શકય નથી.

(ખ) મુદ્રણકામ(job)નો પ્રકાર જોઈને તે કયા યંત્ર પર લેવું તે નક્કી કરવામાં આવે છે. એ સ્પષ્ટતા સાથે જણાવવાનું કે કોઈ મશીન બંધ રાખવામાં આવતું નથી.

પ્રશ્ન ૧૧ : (૫) ૧૯૬૮ના માર્ચ માસમાં ખરીદાયેલ "રોમાયર" મશીન ઉપર તે ખરીદાયું ત્યારથી તા. ૩૧--૭-૧૯૭૦ સુધીમાં રોજનું કેટલું ઉત્પાદન થયું તે તારીખવાર આપશોજી?

ઉત્તર ૧૧ : (૫) આવી યાદી આપવી શકય નથી.

પ્રશ્ન ૧૨ : (૧) (ક) યુનિવર્સિટી પ્રેસમાં કુલ કંપોઝીટરની સંખ્યા કેટલી?

(ખ) તેમાં સિનિયર કંપોઝીટર કેટલા?

ઉત્તર ૧૨ (૧) (ક) યુનિવર્સિટી પ્રેસમાં કુલ ૩૩ કાયમી કંપોઝીટરો છે.

(ખ) તે પૈકી ૧ (એક) હેડ કંપોઝીટર, ૪ કંપોઝીટરો, તથા ૨૮ જુનિયર કંપોઝીટરો છે. 'સિનિયર કંપોઝીટર'ની કોઈ જગ્યા યુનિવર્સિટી પ્રેસમાં નથી.

પ્રશ્ન ૧૨ : (૨) (ક) સિનિયર કંપોઝીટરોની જગ્યા કયાં કારણોસર ઊભી કરવામાં આવી છે?

(ખ) તેમનું કાર્યક્ષેત્ર શું છે?

(ગ) તેમનું પગારધોરણ શું છે?

ઉત્તર ૧૨ : (૨) (ક) યુનિવર્સિટી પ્રેસના કામકાજની જરૂરિયાતને લક્ષમાં રાખીને કંપોઝીટરો(જુનિયર કંપોઝીટરોથી ભિન્ન)ની જગ્યાઓ ઊભી કરવામાં આવેલી છે.

(ખ) કંપોઝિંગને લગતી જરૂર પ્રમાણેની કામગીરી કરવી તે તેમનું કાર્યક્ષેત્ર છે.

(ગ) કંપોઝીટરનું પગારધોરણ રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ એ પ્રમાણે છે.

પ્રશ્ન ૧૨ : (૩) આ રીતે જુનિયર કંપોઝીટરની સંખ્યા અને તેમનું કાર્યક્ષેત્ર તેમ જ પગારધોરણ જણાવશો?

ઉત્તર ૧૨ : (૩) જુનિયર કંપોઝીટરો(કાયમી)ની સંખ્યા ૨૮.

કાર્યક્ષેત્ર: જે તે કંપોઝીટરની આવડત, અનુભવ, ઈત્યાદિ લક્ષમાં લઈને પ્રેસ તરફથી સોંપવામાં આવતું. કંપોઝિંગ અને પ્રેસને લગતી કામગીરી કરવી તે.

પગારધોરણ: રૂ. ૫૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦.

પ્રશ્ન ૧૨ : (૪) જો બંનેમાં પગારભેદ જણાતો હોય તો બંનેના કાર્યક્ષેત્રમાં ભિન્નતા કઈ?

ઉત્તર ૧૨ : (૪) સામાન્ય રીતે કામગીરીની કક્ષામાં ભિન્નતા છે. બાકી બેઉ પ્રકારની જગ્યાઓ કંપોઝીટરોની જગ્યાઓ જ છે.

પ્રશ્ન ૧૨ : (૫) (ક) હેડ કંપોઝીટરનું કાર્યક્ષેત્ર શું છે?

(ખ) તેમ જ તેમનું પગારધોરણ શું છે?

ઉત્તર ૧૨ : (૫) (ક) કંપોઝિંગ વિભાગને સ્પર્શતાં કામોની વ્યવસ્થા કરવી અને દેખરેખ રાખવી તે તથા શ્રી. પ્રેસ-વ્યવસ્થાપક તરફથી જે કાંઈ ફરજ સોંપાય તે ફરજ અદા કરવી તે શ્રી. હેડ કંપોઝીટરનું કાર્યક્ષેત્ર છે.

(ખ) હેડ કંપોઝીટરનું પગારધોરણ: રૂ. ૧૦૦-૫-૧૫૦-ઈ.બી ૧૮૦

પ્રશ્ન ૧૩ : (૧) ઑકટોબર ૧૯૬૭માં ઑફિસિયેટિંગ પ્રેસ-મૅનેજર શ્રી. પુરોહિત માંદગીની રજા ઉપર હતા?

ઉત્તર ૧૩ : (૧) હા, જી.

પ્રશ્ન ૧૩ : (૨) તે સમયે શ્રી. ડી. ડી. પટેલે ઑફિસમાં પ્રેસ-મૅનેજરની ફરજ બજાવેલ?

ઉત્તર ૧૩ : (૨) હા જી.

પ્રશ્ન ૧૩ : (૩) શું આ સમયનાં નાણાં—બંને સભ્યોએ એક જ જગ્યાનું ઑફિસિયેટિંગ એલાવન્સ લીધું છે તે વાત સાચી?

ઉત્તર ૧૩ : (૩) બેઉ સભ્યોને આવું ભથ્થું અપાયું છે તે વાત સાચી છે

પ્રશ્ન ૧૩ : (૪) જો હા, તો એક જ જગ્યાનું ઑફિસિયેટિંગ એલાવન્સ એકસાથે બંને સભ્યો લઈ શકે ખરા?

ઉત્તર ૧૩ : (૪) ના, જી.

પ્રશ્ન ૧૩ : (૫) અને જો ના, તો જેણે ખોટી રીતે નાણાં લીધાં હોય તેમની પાસેથી નાણાં પરત (recover) લેવામાં આવશે?

ઉત્તર ૧૩ : (૫) આ પ્રશ્ન પરથી ધ્યાન ખેંચાતાં તે નાણાં હાલના ઑફિસિયેટિંગ પ્રેસ-મૅનેજર પાસેથી તા. ૨૪--૯--૧૯૭૦ના રોજ પરત લેવામાં આવ્યાં છે.

પ્રશ્ન ૧૪ : (૧) (ક) માર્ચ ૧૯૭૦નો ૧૯મી તારીખે યુનિવર્સિટી પ્રેસમાં કયાં પ્રશ્નપત્રો છાપવાનાં હતાં?

(ખ) જો ના, તો યુનિવર્સિટી પ્રેસ સવારના ૪--૦૦ વાગ્યાથી શા માટે શરૂ કરવામાં આવેલું?

(ગ) તા. ૧૯--૩--૧૯૭૦ના દિવસે કયા કયા કર્મચારીઓ વહેલી સવારે ૪--૦૦ વાગ્યે આવેલા તેમનાં નામ આપશો?

ઉત્તર ૧૪ : (૧) (ક) તા. ૧૯--૩--૧૯૭૦ના રોજ યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોનું છાપકામ કરવાનું હતું.

(ખ) ઉપર (૧)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

(ગ) તે માટે કુલ ૩૭ કર્મચારીઓ સવારે ૪--૦૦ વાગ્યે આવેલા. તેમનાં નામોની યાદી આ સાથે **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૪ : (૨) (ક) બાકીના કર્મચારીઓ તેમની ફરજ પર કેટલા વાગ્યે આવેલા?

(ખ) તે દિવસે પ્રેસના નોટિસ બોર્ડ પર કયું ટાઇમટેબલ અમલમાં હતું?

(ગ) કેટલા સમયથી કયાં સુધી તે વિગતો આપશો?

ઉત્તર ૧૪ : (૨) (ક) બાકીના કર્મચારીઓ ૭--૩૦ વાગ્યે આવેલા.

(ખ)-(ગ) ટાઇમટેબલની નકલ જોવા માટે સભા-સમયે ટેબલ પર રાખવામાં આવશે.

પ્રશ્ન ૧૪ : (૩) (ક) આ દિવસે જે કર્મચારીઓ સવારે ૪--૦૦ વાગ્યે આવેલા તેમને કેટલા કલાકનો ઓવરટાઇમ ભરી આપવામાં આવેલો?

(ખ) તા. ૧૯--૩--૧૯૭૦ના દિવસે નોટિસબોર્ડ પ્રમાણે કર્મચારીઓને રિસેસ આપવામાં આવેલી?

ઉત્તર ૧૪ : (૩) (ક) તા. ૧૯--૩--૧૯૭૦ના દિવસે જે કર્મચારીઓ સવારે ૪--૦૦ વાગ્યે કામ પર હાજર થયેલા તેઓને ૩½ કલાકના વધુ કામ માટેનું ઓવરટાઇમ ભથ્થું ભરી આપવામાં આવેલું.

(ખ) ના, જી. પણ કર્મચારીઓને નિયમ પ્રમાણે અડધા કલાકનો વિરામ આપવામાં આવેલો.

પ્રશ્ન ૧૪ : (૪) હા, તો વહેલી સવારે આવેલા કર્મચારીઓ યુનિવર્સિટી પેસના તા. ૨૨--૧૦--૧૯૬૪ના પત્રાંક ૯૨૧ મુજબ ઓવરટાઈમના હક્કદાર થાય ખરા કે?

ઉત્તર ૧૪ : (૪) જે કામદારોને તે દિવસે ૭½ કલાકનું કામ અને ૧/૨ કલાકનો વિરામ આપવામાં આવ્યો છે તેઓ ઓવરટાઈમના ભથ્થા માટે હક્કદાર થતા નથી.

પ્રશ્ન ૧૪ : (૫) આ અંગે કર્મચારીઓને રિસેસ નહિ આપ્યા અંગેની કોઈ ફરિયાદ યુનિવર્સિટી કાર્યાલયને મળી છે?

ઉત્તર ૧૪ : (૫) ના, જી.

પ્રશ્ન ૧૪ : (૬) હા, તો તે અંગે શાં પગલાં લેવામાં આવેલાં તે જણાવશો?

ઉત્તર ૧૪ : (૬) ઉત્તર ૧૪ (૫)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૧૫ : (૧) તા. ૧૧--૪--૧૯૭૦ના રોજ ટેમ્પરરી કોંપીલોલ્ડર શ્રી. નરેન્દ્ર એન. પટેલ તેમની ફરજ ઉપર કેટલા વાગ્યે હાજર થયેલા?

ઉત્તર ૧૫ : (૧) ટેમ્પરરી કોંપીલોલ્ડર શ્રી. નરેન્દ્ર એન. પટેલ તેઓની ફરજ ઉપર તા. ૧૧--૪--૧૯૭૦ના રોજ સવારે ૧૦--૩૦ ને બદલે ૧૦--૧૦ વાગ્યે આવ્યા હતા.

પ્રશ્ન ૧૫ : (૨) શ્રી. નરેન્દ્ર પટેલ, શ્રી. બી. આર. ભાવસાર કરતાં ૧૦ મિનિટ મોડા આવેલા?

ઉત્તર ૧૫ : (૨) ના, જી.

પ્રશ્ન ૧૫ : (૩) શ્રી. નરેન્દ્ર પટેલને કામ આપવામાં આવેલું અને શ્રી. બી. આર. ભાવસારને શા માટે કામ આપવામાં ન આવ્યું?

ઉત્તર ૧૫ : (૩) શ્રી. ભાવસારની અનિયમિતતા ચલાવી લેવા જેવી નહોતી.

પ્રશ્ન ૧૫ : (૪) જો શ્રી. ભાવસારને તે વખતે ફરજ પર હાજર થવા દેવાના ન હતા તો તેમને લેખિત યાદી આપેલી?

ઉત્તર ૧૫ : (૪) ના, જી.

પ્રશ્ન ૧૫ : (૫) જો ના, તો શ્રી. ભાવસારનાં કોઈ કારણો શ્રી. ભાવસારને જણાવેલાં?

ઉત્તર ૧૫ : (૫) હા, જી.

પ્રશ્ન ૧૫ : (૬) શ્રી. ભાવસારે તેમનો કેસ પ્રેસ-મેનેજર, કુલપતિશ્રી સમક્ષ રજૂ કર્યો હોવા છતાં તેમને આજ સુધી કોઈ લેખિત જવાબ આપવામાં આવ્યો છે?

ઉત્તર ૧૫ : (૬) તેમને વચગાળાનો જવાબ આપવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૫ : (૭) જો ના, તો શા માટે આપવામાં આવ્યો નથી?

ઉત્તર ૧૫ : (૭) નિર્ણય થયેથી તેમને જવાબ આપવામાં આવશે.

પ્રશ્ન ૧૫ : (૮) શ્રી. ભાવસારનો અડધા દિવસનો પગાર કોના આદેશથી કપાયેલો છે તે જણાવશો ?

ઉત્તર ૧૫ : (૮) શ્રી. ભાવસારે જે અડધા દિવસ માટે કામ કર્યું ન હોવાથી તે અડધા દિવસ માટેનો તેઓનો પગાર નિયમ મુજબ કાપવામાં આવ્યો છે.

પ્રશ્ન ૧૫ : (૯) તો શ્રી. ભાવસારનો અડધા દિવસનો પગાર ભરી આપવામાં આવશે ?

ઉત્તર ૧૫ : (૯) ઉપર પ્રશ્ન નં. ૧૫ (૭)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬ : (૧) તા. ૩૧--૩--૧૯૭૦ના રોજ યુનિવર્સિટી પ્રેસ રાતના ૧૨--૦૦ વાગ્યે શરૂ કરવામાં આવેલું ?

ઉત્તર ૧૬ : (૧) હા, જી.

પ્રશ્ન ૧૬ : (૨) યુનિવર્સિટી પ્રેસમાં પ્રશ્નપત્ર આપવાનો સમય કેટલા વાગ્યાનો હતો તેનો ટાઈમ આપશો ?

ઉત્તર ૧૬ : (૨) રાત્રે ૨--૦૦ વાગ્યાનો.

પ્રશ્ન ૧૬ : (૩) (ક) રાતના ૧૨--૦૦ વાગ્યે પ્રેસ શરૂ કર્યું ત્યારે કયા કયા કર્મચારીઓ ફરજ ઉપર હાજર હતા ?

(ખ) શું એ વાત સાચી છે કે ગ્રંથનિર્માણ બોર્ડનું કામ પૂરું કરવાનું હતું તેથી ૧૨--૦૦ વાગ્યે પ્રેસ ચાલુ કરેલું ?

ઉત્તર ૧૬ : (૩) (ક) રાત્રિના ૧૨--૦૦ વાગ્યે નીચેના કર્મચારીઓ હાજર હતા :

૧. શ્રી. ડી. એમ. પંડ્યા
૨. શ્રી. ડી. ડી. પટેલ
૩. શ્રી. પી. ડી. ભટ્ટ
૪. શ્રી. પૂજારામ તિવારી
૫. શ્રી. આર. બી. પટેલ
૬. શ્રી. પાંડુરંગ ગુજર
૭. શ્રી. સૂર્યકાંત ભટ્ટ.

(ખ) હા, જી.

પ્રશ્ન ૧૬ : (૪) તે જ દિવસે બપોરના ૧--૦૦ વાગ્યે શ્રી. બી. આર. ભાવસાર, શ્રી. એન. પી. પટેલ, શ્રી. આર. એમ. શેલત, શ્રી. એમ. બી. પન્ના, વગેરેને સાંજના ૫--૩૦ સુધી કામ પર રોકેલા એ વાત સાચી ?

ઉત્તર ૧૬ : (૪) ના, જી.

પ્રશ્ન ૧૬ : (૫) તેમાં શ્રી. બી. આર. ભાવસાર સિવાય બીજા કર્મચારીઓનો ઓવરટાઈમ યુનિવર્સિટી પ્રેસ-મેનેજરે ચૂકવી આપેલ છે, તો શ્રી. ભાવસારનો ઓવરટાઈમ શા માટે આપવામાં આવતો નથી ?

ઉત્તર ૧૬ : (૫) તે બાબતની ચોકસાઈ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે તેથી.

પ્રશ્ન ૧૬ : (૬) શ્રી. ભાવસારે આ અંગે યુનિવર્સિટી સત્તાવાળાઓને જાણ કરતો પત્ર લખ્યો છે?

ઉત્તર ૧૬ : (૬) હા, જી.

પ્રશ્ન ૧૬ : (૭) જો હા, તો શ્રી. ભાવસારના ઓવરટાઇમનાં નાણાં ક્યારે આપશો તે જણાવશો?

ઉત્તર ૧૬ : (૭) જરૂરી ચોકસાઈ થયેથી તે અંગે નિર્ણય લેવામાં આવશે.

પ્રશ્ન ૧૭ : (૧) માર્ચ--એપ્રિલ, ૧૯૭૦માં યુનિવર્સિટી પ્રેસના વ્યવસ્થાપકશ્રીથી માંડી હેલ્પર સુધીના કયા કયા કર્મચારીઓએ બીજીપાળીમાં કઈ કઈ તારીખોએ અને કેટલા દિવસ કામ કર્યું તેની યાદી આપશો કે?

ઉત્તર ૧૭ : (૧) આ માહિતી આપવી શકય નથી, પણ યુનિવર્સિટી પ્રેસનું હાજરીપત્રક સભાગૃહમાં જોવા માટે મળી શકશે.

પ્રશ્ન ૧૭ : (૨) પ્રેસમાં જે કર્મચારીઓને ઓવરટાઇમ આપવામાં આવે છે તેમના હાજરીપત્રકમાં તારીખ-વાર કયો સમય પૂરેલો છે તે જણાવશો?

ઉત્તર ૧૭ : (૨) આ માહિતી આપવી શકય નથી, પરંતુ પ્રેસનું ઓવરટાઇમ ભથ્થાનું પત્રક સભાગૃહ વખતે જોવા માટે મળી શકશે.

પ્રશ્ન ૧૭ : (૩) જે કર્મચારીઓને હાજરીપત્રકમાં (પી) પૂરવામાં આવે છે તે દિવસે ઓવરટાઈમ હોતો નથી એ વાત સાચી?

ઉત્તર ૧૭ : (૩) ના, જી.

પ્રશ્ન ૧૭ : (૪) જો હા, તો આવા (પી) પૂરેલા કેટલા કર્મચારી છે તેમનાં નામ આપશોજી?

ઉત્તર ૧૭ : (૪) ઉત્તર ૧૭ (૩)નો જવાબ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૭ : (૫) હાજરીપત્રકમાં (પી) પૂર્યા હોય છતાં ઓવરટાઈમ ભરી આપ્યો હોય તેવા કર્મચારી કેટલા છે? તેમનાં નામ આપશોજી?

ઉત્તર ૧૭ : (૫) (અ) આવા એક કર્મચારી છે.

(બ) નામ: શ્રી. ડી. એમ. પંડયા (કાર્યકારી મદદનીશ પ્રેસ-વ્યવસ્થાપક)

પ્રશ્ન ૧૭ : (૬) યુનિવર્સિટી પ્રેસમાં ટેમ્પરરી કોપીહોલ્ડરો અને કાયમી કોપીહોલ્ડરો વચ્ચે ઓવરટાઈમના કલાકોનો કેટલો તફાવત છે તે જણાવશો?

ઉત્તર ૧૭ : (૬) આ પ્રશ્ન કયા સમય-ગાળાને સ્પર્શે છે તે તેમાં જણાવ્યું નથી તેમ છતાં માર્ચ--એપ્રિલ ૧૯૭૦ના ગાળામાં આ કર્મચારીઓના ઓવરટાઈમ ભથ્થા અંગેની વિગતો નીચે મુજબ છે:

કાયમી કોપીહોલ્ડરોનાં નામ	ઓવરટાઈમના કુલ કલાક	ઓવરટાઈમનું કુલ વેતન રૂ. પૈસા
૧. શ્રી. બી. આર. ભાવસાર	૮૧	૨૩૯--૭૨
૨. શ્રી. વી. એલ. દવે	૬૬	૧૮૮--૫૬
૩. શ્રી. જે. ડી. પરમાર	૧૩૫½	૩૪૩--૪૮

ટેમ્પરરી કૉપીહોલ્ડરનાં નામ	ઓવરટાઈમના કુલ કલાક	ઓવરટાઈમનું કુલ વેતન રૂ. પૈસા
૪. શ્રી. એન. એન. પટેલ	૮૯½	૧૪૩--૨૦
૫. શ્રી. ખેતસિંહ ટી. ઝાલા	૮૯	૧૪૨--૪૦
૬. શ્રી. કાંતિલાલ બી. પંડ્યા	૧૦૧½	૧૬૨--૪૦
૭. શ્રી. પ્રવીણકુમાર ડી. વ્યાસ	૮૬½	૧૩૮--૪૦
૮. શ્રી. જિતેન્દ્ર એ. ભાનુશાલી	૧૮½	૨૯--૬૦

પ્રશ્ન ૧૭ : (૭) જો આટલો મોટો તફાવત હોય તો તે માટેનાં કયાં વિશિષ્ટ કારણો છે?

ઉત્તર ૧૭ : (૭) તફાવત કેટલો છે તે ઉપર પ્રશ્ન નં. ૬ના ઉત્તરમાં જણાવ્યું છે તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે કર્મચારીઓને તેઓની કાર્યક્ષમતા તથા પ્રેસની કામગીરીની જરૂરિયાત લક્ષમાં રાખીને સામાન્ય રીતે તે પરીક્ષાના કામના સમયે ઓવરટાઈમ કામ માટે બોલાવવામાં આવે છે.

પ્રશ્ન ૧૭ : (૮) શ્રી. પી. એમ. ગાંધી અને શ્રી. આર. બી. પટેલ પ્રેસમાં નોટિસ બોર્ડ પર મૂકેલા ટાઈમટેબલ કરતાં બીજા સમયે ફરજ પર હાજર થતા તો તેનાં કયાં વિશિષ્ટ કારણો હતાં?

ઉત્તર ૧૭ : (૮) ટાઈમટેબલમાં નિર્દેશ ન કર્યો હોય તેવા કોઈ સમયમાં ઉપરોક્ત બંને વ્યકિતઓને બોલાવવામાં આવી નથી.

પ્રશ્ન ૧૮ : યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ અંગે નીચેની વિગતો આપશો :

(૧) સિનિયોરિટી પ્રમાણે ઓવરટાઈમના કલાકો અને રકમ, ૧૯૬૯--૭૦ માર્ચ--એપ્રિલમાં.

(૨) કર્મચારીઓનાં નામ, હોદ્દો, કલાક, રકમ.

ઉત્તર ૧૮ : પ્રશ્ન (૧) તથા (૨)માં શૈક્ષણિક વર્ષ ૧૯૬૯--૭૦ના માર્ચ--એપ્રિલના ગાળામાં માગેલ વિગતો દર્શાવતું પત્રક આ સાથે **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૯ : તા. ૨૯/૩૦/૩૧--૩--૧૯૬૯ની તથા તા. ૪--૪--૧૯૬૯ની સેનેટમાં જણાવેલ છે કે એસ.એસ.સી. પાસ તથા ત્રણ વર્ષનો પ્રૂફ-રીડિંગના કામનો અનુભવ હોય તેમને કૉપી-હોલ્ડિંગના કામ માટે રોકવામાં આવે છે?

સદરહુ નિયમનો ઉપર જણાવેલી કક્ષા સિવાયના પ્રેસના કંપોઝ વિભાગના કોઈ કર્મચારી પાસેથી કૉપીહોલ્ડિંગનું કામ લેવામાં આવ્યું છે?

(૧) જો હા,

(૨) તો તેનું નામ તથા અભ્યાસ કયાં સુધી કરેલ છે તેની યાદી આપશો ખરા?

ઉત્તર ૧૯ : હા, જી. કંપોઝ વિભાગના જે કર્મચારીઓ પાસેથી કયારેક કામચલાઉ કૉપી-હોલ્ડિંગમાં મદદ લેવાઈ છે તેઓનાં નામ તથા અભ્યાસની વિગતો નીચે પ્રમાણે છે:

ક્રમાંક	નામ		અભ્યાસ/શૈક્ષણિક લાયકાત
૧.	શ્રી. પી. એમ. ગાંધી	...	એસ.એસ.સી.પાસ
૨.	શ્રી. બી. પી. ત્રિવેદી	...	અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ

ક્રમાંક	નામ		અભ્યાસ/શૈક્ષણિક લાયકાત
૩.	શ્રી. ડી. સી. દીક્ષિત	...	એસ.એસ.સી. (અંગ્રેજી વિના)
૪.	શ્રી. કે. પી. પટેલ	...	એસ.એસ.સી. (અંગ્રેજી વિના)
૫.	શ્રી. એમ. એસ. જોશી	...	ધોરણ ૧૦ પાસ
૬.	શ્રી. પંકજ આર. ઠક્કોર	...	એસ.એસ.સી. સુધી
૭.	શ્રી. હરિકૃષ્ણ એલ. દોશી	...	એસ.એસ.સી. પાસ

પ્રશ્નોત્તરી પૂરી થયા પછી કુલસચિવશ્રીએ આચાર્ય બી. એમ. પીરજાદાએ પૂછેલા પૂરક પ્રશ્નની માહિતી રૂપે જે કૉલેજો તરફથી જવાબો આવ્યા નથી તે કૉલેજોનાં નામ વાંચી સંભળાવ્યાં.

૧–બ. ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર શિક્ષણ સહિત વિનયન વિદ્યાશાખાના ચાર સભ્યોની ચૂંટણી માટે અમદાવાદ કેન્દ્ર પરનું મતદાન તા. ૨૦--૯--૧૯૭૦ના રોજ નિયત સમયે શરૂ થયા પછી બંધ રાખવામાં આવ્યું તે હકીકતના સંદર્ભમાં યુનિવર્સિટીના કાર્યતંત્રની નિષ્ફળતાને અનુલક્ષીને શ્રી. એચ. વી. વસાએ સભા-મોકૂફી(adjournment)નો પ્રસ્તાવ નીચે મુજબ રજૂ કર્યો :

" આ સભાગૃહનું કામકાજ બપોરે ૩--૦૦ વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવે."

તે પછી શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૫૩ અને સ્ટે. ૫૭ મુજબ કોઈ બાબત ચર્ચાવિચારણા હેઠળ હોય ત્યારે તે અંગે સભામોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરી શકાય, પણ તે સિવાય રજૂ કરી શકાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભામોકૂફીનો પ્રસ્તાવ કોઈ પણ સમયે આવી શકે છે, પણ તેમાં કોઈ નવી બાબત લાવી શકાય નહીં.

શ્રી. વસાના સદરહુ પ્રસ્તાવને શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ બીજો કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૩૧ હેઠળ કામકાજની યાદીનો ક્રમ દર્શાવવામાં આવ્યો છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ પર આ તબક્કે ચર્ચાવિચારણા કરી શકાય ખરી ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સભામોકૂફીનો પ્રસ્તાવ કોઈ પણ સમયે લાવી શકાય છે એમ મેં આગળ જણાવેલું છે અને શ્રી. વસાનો પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે શ્રી. એચ. વી. વસાએ સભામોકૂફીનો પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવા માટે પરવાનગી આપવા માટે સભાગૃહને વિનંતી કરી.

તે પછી સભાગૃહે સર્વાનુમતે તે પરવાનગી આપી, તેથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો.

શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ યાદી પરના કામકાજનો ક્રમ ફેરવવાની બાબતમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તા. ૧--૧૦--૧૯૭૦એ મળનાર સેનેટની ખાસ સભાની કામકાજની યાદીમાંનો પ્રસ્તાવ નં. ૯ સભાગૃહમાં સભ્યોની સંખ્યા સેનેટના કુલ સભ્યોની અડધી સંખ્યા કરતાં વધુ હોય તે વખતે, તરત હાથ ધરાય એ માટે સ્ટેચ્યૂટ નં. ૩૧ હેઠળ સભાનો ખાસ મત નોંધવા માટે હું આથી દરખાસ્ત કરું

છું. સદરહુ મત કામકાજની શરૂઆતમાં જ લેવાય એવી મારી વિનંતી છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી કામકાજની યાદી પરની બાબત નં. ૯ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૯. નીચે જણાવેલી વ્યકિતઓને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આ યુનિવર્સિટીની ડી.લિટ.ની માનાર્હ પદવી આપવાની સિન્ડિકેટની ભલામણ :

(૧) પ્રો. ફીરોઝ કાવસજી દાવર;

(૨) ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશી; અને

(૩) આચાર્ય દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર (કાકાસાહેબ કાલેલકર).

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ** એ નોટિસ આપી હતી :

"ઉપર જણાવેલી ત્રણ વ્યકિતઓને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આ યુનિવર્સિટીની ડી.લિટ.ની માનાર્હ પદવી આપવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુક્લે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(નોંધ.—સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો ત્યારે સભાગૃહના કુલ ૨૩૩ સભ્યો પૈકી ૧૨૧ સભ્યો હાજર હતા.)

૧૦--ક. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ):

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧)	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ--૬	...	બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૨)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં ફારસી અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૩)	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૪)	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ અમદાવાદ.	...	બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૫)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.એ.(સભો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સભો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૬)	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી તથા બી.એ.(સભો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૭)	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૮)	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સભો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી, ઇતિહાસ તથા બી.એ.-(સભો.)માં આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૯)	એમ. એન. કૉલેજ, વીસનગર	...	બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને બી.એ.(સભો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૧૦)	ચૂનીલાલ નાગજીભાઈ પટેલ ફરતી કૂઈવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(સભો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧૧)	કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૨)	તાપાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર	...	બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩; તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધી ગણિતશાસ્ત્ર, રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થ-શાસ્ત્ર તથા બી.એ.(સમો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૧૩)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.-(સમો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.-(સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૧૪)	શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા	...	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા બી.એ.(સમો.)માં ભારતીય સંસ્કૃતિ, મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી કાયમી જોડાણ; તથા બી.એ.(સમો.)-માં ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
(૧૫)	શ્રીમતી લપાબેન છગનલાલ પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ ...	બી.એ.(ધ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એ.(સમો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૧૬)	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ ...	બી.એ.(ધ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ તથા બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્ર અને હિન્દી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧- ૬- ૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૧૭)	શ્રી. એસ. એસ. મલેતા આર્ટ્સ ઍન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર ...	બી.એ..(ધ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી અને સંસ્કૃત; તથા બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, પર્શિયન, હિન્દી અને ઈતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૧૮)	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ ...	બી.એ.(સમો.)માં ગણિતશાસ્ત્ર શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૯)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત ...	ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧-૬-૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૨૦)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ ...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૨૧)	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ. ...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૭૦-થી તા. ૩૧--૫--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૨૨)	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ. ...	બી.એસસી.(સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨૩)	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૨૪)	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ.	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિ-વિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૨૫)	શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ.	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૨૬)	કૉમર્સ કૉલેજ, ડભોઈ.	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૭૦-થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૨૭)	બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-'૭૦-થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૨૮)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૨૯)	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ.	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦-થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૩૦)	મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર.	...	પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.-ના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૩૧)	વિવેકાનંદ કૉલેજ ઑફ ઍજ્યુકેશન ઍન્ડ લૉ મહેસાણા.	...	દ્વિતીય વર્ષ એલએલ.બી. તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૩૨)	શેઠ વ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા.	...	પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૩૩)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી.	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.-(સમા.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ.
(૩૪)	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૩૫)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર.	...	પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૬)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬—૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૩૭)	લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા.	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત તથા બી.એ.(સબો.)માં હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૩૮)	પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ.	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, અંગ્રેજી, અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૩૯)	મહુધા આર્ટ્સ ઍન્ડ મોતીલાલ ડાહ્યાભાઈ શાહ કૉમર્સ કૉલેજ, મહુધા	...	પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૪૦)	ચંદનબેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તિલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર.	...	પ્રી-યુનિ. આર્ટ્સ તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને હિન્દી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

૨. સિન્ડિકેટે સુધારેલા, નવા ઘડેલા તથા રદ કરેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. આર્ટ્સ ૨, ઑર્ડિ. સાયન્સ ૧, ઑર્ડિ. કૉમર્સ ૧.

ઑર્ડિ. એન્જિ. એસ ૧, ઑર્ડિ. એન્જિ. એસ ૨, ઑર્ડિ. એન્જિ. એસ. ૩ અને ઑર્ડિ. એન્જિ. એસ. ૪.

ઑર્ડિ. પી. એન્જ. ૧, ઑર્ડિ. પી. એન્જ. ૨, અને ઑર્ડિ. પી. એન્જ. ૩.

ઑર્ડિ. ફાર્મ ૮ અને ઑર્ડિ. ફાર્મ ૧૧.

ઑર્ડિ. ૧૫-એ, ઑર્ડિ. ૫૭-એ (૯), ઑર્ડિ. ૬૫ (એફ)(એ), ઑર્ડિ. ૭૦, ઑર્ડિ. ૭૫, ઑર્ડિ. ૧૨૦-એ, ઑર્ડિ. ૧૨૦-સી, ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૫૧--સી અને ઑર્ડિ. ૧૭૪--જી.

ઉપરના સુધારેલા ઑર્ડિનન્સો પૈકી ઑર્ડિ. ૧૨૦—એ અને ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ) સિવાયના અન્ય ઑર્ડિનન્સો મંજૂર કરવામાં આવ્યા.

ઑર્ડિ. ૧૨૦—એ અંગે આચાર્ય જે. સી. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવો. તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવા અંગેના સદરહુ પ્રસ્તાવ પર મત લેવાતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિનન્સ ૧૨૯ અંગે પ્રો. કે. જે. ભટ્ટે પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવો. તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવા અંગેના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(ખ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એમ.એ. ૧ (એ), ઑર્ડિ. એમ.એસસી. ૧ (એ) અને ઑર્ડિ. એમ.કૉમ. ૧ (એ).

ઑર્ડિ. પ્રી-મેડિકલ ૧, ઑર્ડિ. પ્રી-મેડિકલ ૨, ઑર્ડિ. પ્રી-મેડિકલ ૩, ઑર્ડિ. પ્રી-મેડિકલ ૪ અને ઑર્ડિ. પ્રી-મેડિકલ ૫.

ઑર્ડિ. ૩૭૨-સી, અને ઑર્ડિ. ૩૭૨-ડી.

ઉપરના નવા ઘડેલા ઑર્ડિનન્સો સભાગૃહે મંજૂર કર્યા.

(ક) રદ કરવામાં આવેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૨૮૦ અને ઑર્ડિ. ૨૯૩.

ઉપરના ઑર્ડિ. ૨૮૦ અને ઑર્ડિ. ૨૯૩ રદ કરવાનાં કાર્યને સભાગૃહે મંજૂર કર્યું.

(સુધારેલા, નવા ઘડેલા, રદ કરેલા તથા 'રિફર બૉક' કરેલા ઑર્ડિનન્સોના પાઠ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૩. **સ્ટે. ૧૧૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ :**

"All Boards of studies shall, save as otherwise provided, be formed every five years."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. બટુભાઈ હ. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૧૦ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. બટુભાઈ હ. દેસાઈની ગેરહાજરીમાં ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. ખંડવાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪. રૂટે. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઑકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ :

(1) "A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University Class in the Faculty of Arts or the First Year Diploma Classes in the Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an Examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to Pre-University class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under the substantive provisions mentioned in no. (1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an Examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed;

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board

of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science
shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science
as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science
shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science
as his subjects.

(5) Admissions of students for the academic year 1971-72 and subsequent years shall be governed by this Statute."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. મણિશંકર પંડ્યા**એ નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૭૩ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. મણિશંકર પી. પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સૂચિત સ્ટે. ૧૭૩ની પેટાકલમ (૧)માં જે શરત કલમ (બી) હેઠળ મૂકવામાં આવી છે તે મૂકવા માટે સેનેટને સત્તા નથી, તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કેટલીક ચર્ચાવિચારણા પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે સદરહુ બાબત અંગેનો ચુકાદો સભાગૃહ તા. ૨-૧૦-૧૯૭૦ના રોજ ફરી મળશે તે વખતે તેઓશ્રી આપશે.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો :

"સેનેટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા સામાજિક કાર્યકર શ્રી. માનસિંહજી પટેલના અકસ્માત દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સામાજિક સેવા, સહકાર અને શિક્ષણનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે, અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧--૧૦--૧૯૭૦ના રોજ બંધ રાખવામાં આવ્યું, અને તા. ૨--૧૦--૧૯૭૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે સભા ફરી મળતાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

આચાર્ય ગિરીશભાઈ પટેલે આગલે દિવસે (તા. ૧--૧૦--૧૯૭૦ના રોજ) ઉપરનો કાનૂની મુદ્દો ઉઠાવ્યો હતો તે અંગે કુલપતિશ્રીએ ચુકાદો આપ્યો કે પ્રો. મણિશંકર પી. પંડ્યાનો સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી શ્રી. ઈન્દ્રવદન એમ. મોદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સૂચિત સ્ટેચ્યૂટની પેટાકલમ (૧)માં વિદ્યાર્થી એસ.એસ.સી.માં પાસ થયેલો છે એમ જણાવેલું છે, તેના સંદર્ભમાં તેને અમુક સંજોગોમાં ફરીથી એસ.એસ.સી.ની પરીક્ષામાં બેસવા માટે જણાવવું તે કાનૂનસર ગણાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જાણાવ્યું કે પ્રો. મણિશંકર પી. પંડ્યાનો સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨ના સંદર્ભમાં સૂચિત સ્ટે. ૧૭૩માં વદતોવ્યાઘાત (Contradiction) જણાય છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જાણાવ્યું કે પ્રો. મણિશંકર પી. પંડ્યાનો સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે બીજો કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે, એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીને એક વખત યુનિવર્સિટીમાં દાખલ કર્યા પછી તેને માટે પ્રવેશની કોઈ વધારાની લાયકાત મેળવવા માટે તેને જણાવવું તે સેનેટના અધિકારમાં આવે છે ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જાણાવ્યું કે વધારાની લાયકાત (further qualification) નિયત કરવા માટેની જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨ હેઠળ છે તે જોતાં પ્રો. મણિશંકર પી. પંડ્યાનો પ્રસ્તાવ કાનૂનસર ગણી શકાય.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે એક વધુ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે વિદ્યાર્થીને યુનિવર્સિટીમાં દાખલ કરતી વખતે તેને ભવિષ્યમાં પૂરી કરવાની શરત મૂકવી તે કાનૂનસર ગણાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જાણાવ્યું કે પ્રો. મણિશંકર પી. પંડ્યાનો સદરહુ પ્રસ્તાવ કાનૂન બહાર નથી.

પ્રો. મણિશંકર પી. પંડ્યાના પ્રસ્તાવ પર નીચેના સુધારા રજૂ કરવા માટે આચાર્ય આઈ. એમ. પટેલે નોટિસ આપેલી હતી :

"બાબત નં. ૪માં પ્રો. મણિશંકર પંડ્યાએ રજૂ કરેલા પ્રસ્તાવમાં સ્ટે. ૧૭૩ને સુધારવાની એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

"સ્ટે. ૧૭૩ના વિભાગ (૧) (*b*) પછીના પેરેગ્રાફમાં બીજી લીટીમાં 'and Geometry' શબ્દો પછી 'or Elementary Mathematics' શબ્દો ઉમેરવા તથા વિભાગ ૩ (*a*) (*ii*)માં

'Algebra-Geometry' શબ્દો પછી 'or elementry Mathematics' શબ્દો ઉમેરવા તેમ જ ૩ (*b*) (*ii*) માં 'Algebra-Geometry' શબ્દો પછી 'or Elementry Mathematics' શબ્દો ઉમેરવા જેથી સુધારેલો આખો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય :

'St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. (I) above; and

(*b*) He shall not be delcared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent therteo.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level),

(*ii*) Algebra–Geometry or Elementary Mathematics,

(*iii*) Physics–Chemistry or General Science

shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination—

(*i*) English (at higher or lower level),

(*ii*) Algebra–Geometry or Elementary Mathematics,

(*iii*) Physics-Chemistry or General Science

as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) Classes, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level),

(*ii*) Elementary Mathematics or Algebra–Geometry, and

(*iii*) Physics–Chemistry or General Science

shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level),

(*ii*) Elementary Mathematics or Algebra–Geometry,

(*iii*) Physics–Chemistry or General Science

as his subjects.

(5) Admission of students for the academic year 1971–72 and subsequent year shall be governed by this Statute.'"

આચાર્ય આઈ. એમ. પટેલનો ઉપરનો સુધારો તેમની ગેરહાજરીમાં ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ: અશ્વિનભાઈ એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય બી. એમ. પીરજાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કરેલો ઉપરનો સુધારો એકેડેમિક કાઉન્સિલના સત્તાક્ષેત્રને સ્પર્શે છે તે જોતાં એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય જાણ્યા વિના સદરહુ પ્રસ્તાવ પર આ સભાગૃહ ચર્ચાવિચારણા કરે તે કાનૂનસર ગણાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનબહાર ગણી શકાય નહીં.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે ૨૬ વિરુદ્ધ ૭૪ મતે ઊડી ગયો.

(૨) આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો બીજો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

બાબત નં. ૪ માં પ્રો. મણિશંકર પંડ્યાએ રજૂ કરેલા પ્રસ્તાવમાં સ્ટે. ૧૭૩ને સુધારવાની એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

"સ્ટે. ૧૭૩ના વિભાગ (૧) (*b*) પછીના પેરેગ્રાફમાં પહેલી લીટીમાં who has not શબ્દો પછીના શબ્દો 'offered Algebra and Geometry at the S.S.C. Examination

or an examination considered equivalent thereto' ને બદલે 'passed the S.S.C. Examination or an examination equivalent thereto with Algebra and Geometry or Elementary Mathematics securing at least 55 % marks' શબ્દો મૂકવા તથા વિભાગ ૩ (*a*) (*ii*) માં 'Algebra-Geometry' શબ્દો પછી 'or Elementary Mathematics securing at least 55 % marks' શબ્દો ઉમેરવા તેમ જ ૩ (*b*) (*ii*) માં 'Algebra-Geometry' શબ્દો પછી 'or Elementary Mathematics securing at least 55 % marks' શબ્દો ઉમેરવા જેથી સુધારેલો આ પેા પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાય :

'St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under the substantive provisions mentioned in No. (1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not passed the S.S.C. Examination or an examination equivalent thereto with Algebra and Geometry or Elementary Mathematics securing at least 55 % marks, shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra–Geometry or Elementary Mathematics securing at least 55 % marks; and

(*iii*) Physics–Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra–Geometry or Elementary Mathematics securing at least 55 % marks; and

(*iii*) Physics–Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra–Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and

(*iii*) Physics--Chemistry or General Science as his subjects.

(5) Admission of students for the academic year 1971–72 and subsequent year shall be governed by this Statute.' "

આચાર્ય આઈ. એમ. પટેલનો ઉપરનો સુધારો કોઇ પણ સભ્યે સભાગૃહ સમક્ષ રજૂ કર્યો નહીં તેથી તે પર કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી પ્રમુખશ્રીએ ડૉ. ય. ગુ. નાયકનો સુધારો વિચારણા માટે હાથ ધરવા સભાગૃહને જણાવ્યું :

(૪) આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સ્ટેચ્યુટ ૧૭૩માં નીચે પ્રમાણે સુધારો કરવો :

કલમ (૩) (*a*) (*ii*) અને (૩) (*b*) (*ii*)માં Algebra-Geometry શબ્દોની આગળ નીચેના શબ્દો ઉમેરવા :

'Elementary Mathematics with at least 60 % marks, or . . . . . .'

નોંધ.--ઉપરના સુધારા પછી (૩) (*a*) (*ii*) અને (૩) (*b*) (*ii*) કલમો નીચે પ્રમાણે વંચાશે :

(*ii*) 'Elementary Mathematics with at least 60 % marks, or Algebra-Geometry and'"

ઉપરનો સુધારો ડૉ. ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને ડૉ. એમ. એન. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય ય. પ્રા. શુક્લે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ડૉ. એમ. એન. દેસાઈએ રજૂ કરેલા સુધારા પર સભાગૃહે આ અગાઉ વિચારણા કરી લીધી છે તે જોતાં ડૉ. ય. ગુ. નાયકનો આ સુધારો હવે ઊભો રહી શકે ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે ડૉ. ય. ગુ. નાયકના સુધારાનો વ્યાપ જોતાં તે ઊભો રહે છે; તે પછી ડૉ. ય. ગુ. નાયકના સુધારા પર મત લેવામાં આવતાં તે ૨૯ વિરુદ્ધ ૭૬ મતે ઊડી ગયો.

તે પછી પ્રમુખશ્રીએ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈનો સુધારો ચર્ચાવિચારણા માટે હાથ ધરવા માટે સભાગૃહને જણાવ્યું :

(૩) શ્રી ઝીણાભાઈ દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સ્ટે. નં. ૧૭૩ના (૧)માંની બીજી અને ત્રીજી લીટીમાંથી નીચેના શબ્દો કાઢી નાખવા :

'with English as one of the subjects.'

એ જ પ્રમાણે (૧)માં યાદીના પૃ. ૭ માં પહેલી લીટીમાં આવતા in Fine Arts શબ્દો પછીના on the following conditions શબ્દો સહિત (*a*) અને (*b*) કાઢી નાખી બાકીનો ભાગ છે તેમનો તેમ રાખવો. આ ફેરફારથી સુધારેલો સ્ટે. ૧૭૩ (૧) નીચે પ્રમાણે વંચાશે :

'A candidate who having passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma classes in Fine Arts.

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be premitted to offer Mathematics at the Pre-Univesrity Arts Examination.'

સ્ટેચ્યૂટનો બાકીનો બધો ભાગ છે તેમનો તેમ રાખવો."

શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ ઉપરનો સુધારો રજૂ કર્યો, તેને પ્રો. મણિશંકર પી. પંડયાએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય એમ. સી. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈના સુધારા ઉપર એકેડેમિક કાઉન્સિલે પોતાનો અભિપ્રાય વ્યકત કરેલો નથી તે જોતાં આ સભાગૃહ તે પર વિચારણા કરી શકે ખરું?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ રજૂ કરેલ સુધારો કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી આચાર્ય એન. બી. જોશીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે પ્રો. મણિશંકર પી. પંડયાના મૂળ પ્રસ્તાવમાં વિદ્યાર્થીને માટે એસ.એસ.સી.ની પરીક્ષામાં અંગ્રેજીમાં પાસ થવાનું આવશ્યક ગણવામાં આવ્યું છે તે જોતાં શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈનો આ સુધારો કાનૂનસર ગણી શકાય ખરો?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવું કે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈનો સદરહુ સુધારો કાનૂન બહાર ગણી શકાય નહીં.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈના સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે ૨૬ વિરુદ્ધ ૬૪ મતે ઊડી ગયો.

(૫) આચાર્ય એન. કે. દવેએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સ્ટે. ૧૭૩માં નીચે મુજબ સુધારો કરવો:

(*i*) સ્ટે. ૧૭૩ કલમ (૧) પાંચમી લીટીમાં Faculty of Arts પછી ઉમેરો "..... .. Faculty of Science, Faculty of Commerce"

(*ii*) સ્ટે. ૧૭૩ કલમ (૧) (*b*)માં સુધારો કરવો:
પહેલી લીટીમાંથી '... Arts ...' શબ્દ કમી કરવો.

(*iii*) સ્ટે. ૧૭૩ની કલમ (૨) રદ કરવી અને ત્યાર પછીની કલમોના નંબરો સુધારવા.

(*iv*) સ્ટે. ૧૭૩ની કલમ (૩) અને (૪) ની શરૂમાં જ 'Provided however' આ શબ્દો ઉમેરવા.

(*v*) સ્ટે. ૧૭૩ની કલમ ૩ (*a*) (*i*), ૩ (*b*) (*i*), ૪ (*a*) (*i*) અને ૪ (*b*) (*i*) રદ કરવી."

આચાર્ય એન. કે. દવેએ ઉપરનો સુધારો રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે આચાર્ય એન. કે. દવેએ રજૂ કરેલો ઉપરનો સુધારો ૨૪ વિરુદ્ધ ૬૨ મતે ઊડી ગયો.

ડૉ. એ. એમ. ત્રિવેદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"I propose the following amendment to the resolution No. 4 to be moved by Professor Manishanker Pandya to Statute No. 173: Notwithstanding what is stated above, for admission to Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, the concession regarding English shall be available as in the Faculty of Arts and First Year Diploma in Fine Arts."

ડૉ. એ. એમ. ત્રિવેદીએ ઉપરનો સુધારો રજૂ કર્યો, તેને ડૉ. ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે ૧૩ વિરુદ્ધ ૫૨ મતે ઊડી ગયો

નીચેનો સુધારો નં. ૮ રજૂ કરવા માટે ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી, પણ તે સુધારો તેમણે કે કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં :

"I propose the following amendment to the resolution No. 4 to be moved by Professor Manishanker Pandya to Statute No. 173 :

Nothwithstanding what is stated above, for admission to Pre-University Science class, and the First Year Diploma in Pharmacy the concession regarding English shall be available as in the Faculty of Arts or First Year Diploma in Fine Arts i.e. the amended resolution will read as follows :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with subjects as in (3) (*a*) (*ii*) and (*iii*) or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Science or the First Year Diploma Classes in Pharmacy on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an Examination considered equivalent thereto, if he had not passed in English at the S.S.C. Examination before he is admitted to the Pre-University Science class or the First Year Diploma Class in Pharmacy as the case may be under substantive provisions mentioned in No. (1) above; and

૩. ગુજરાત યુનિવર્સિટી ધારા, ૧૯૪૯ની કલમ ૧૯ (૧) (૫) પ્રમાણે સેનેટ મતદારવિભાગમાંથી સિન્ડિકેટ પર, સેનેટના સભ્યો પૈકી જેઓ આચાર્યો કે શિક્ષકો કે હેડમાસ્તરો કે માન્ય સંસ્થાઓના વડાઓ કે માધ્યમિક શાળાના શિક્ષકો ન હોય તેવા એક સભ્યની ખાલી પડેલી જગ્યા પર પેટાચૂંટણી કરવા બાબત.

સદરહુ પેટાચૂંટણી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તથા પ્રમુખશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર (scrutineers) તરીકે નીમ્યા :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ
(૨) આચાર્ય દર્શનસિંગ શીખ

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૫) પ્રમાણે સેનેટ મતદારવિભાગમાંથી સેનેટના સભ્યો પૈકી સિન્ડિકેટ પર ચૂંટાયેલા આઠ સભ્યો કે જેઓ આચાર્યો કે શિક્ષકો કે હેડમાસ્તરો કે માન્ય સંસ્થાઓના વડાઓ કે માધ્યમિક શિક્ષકો નથી, તે પૈકીની સિન્ડિકેટ પરની એક ખાલી પડેલ જગ્યા માટેની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય મંગળવાર, તા. ૯-૩-૧૯૭૧ના રોજ સાંજના ચાર વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં :

ક્રમાંક	સભ્યનું નામ	હોદ્દો	સરનામું
૧.	શ્રી. દામુભાઈ સી. શુકલ	સેનેટ-સભ્ય	૪૯, જવાહરનગર, અમદાવાદ–૭
૨.	શ્રી. રમણલાલ ધનાભાઈ પટેલ	,,	પોસ્ટઑફિસ નજીક, બોરસદ
૩.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	,,	૧૬૮૦, આકાશેઠ કૂવાની પોળ, રાયપુર, અમદાવાદ
૪.	શ્રી. વિનોદચંદ્ર હિંમતલાલ કપાસી	,,	૧૮૬૬, પાડા પોળ, ગાંધી માર્ગ, અમદાવાદ–૧
૫.	શ્રી. હીરાભાઈ પુરુષોત્તમદાસ પટેલ	,,	મૅનેજિંગ ટ્રસ્ટી, સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, પો. બૉક્સ નં. ૫૧, નડિયાદ.

પરંતુ ચકાસણી સમય પહેલાં (૧) શ્રી. દામુભાઈ સી. શુકલ, અને (૨) શ્રી. રમણલાલ ધનાભાઈ પટેલે તેમનાં ઉમેદવારીપત્રો પાછાં ખેંચતાં, સિન્ડિકેટ પરથી સદરહુ એક જગ્યા માટે પેટાચૂંટણી માટે બાકીના નીચેના ત્રણ ઉમેદવારોનાં ઉમેદવારીપત્રોની ચકાસણી કરતાં સદરહુ ઉમેદવારીપત્રો માન્ય (valid) ઠર્યાં હતાં :

ક્રમાંક	સભ્યનું નામ	હોદ્દો	સરનામું
૧.	શ્રી. વિનોદચંદ્ર હિંમતલાલ કપાસી	સેનેટ-સભ્ય	૧૮૬૬, પાડા પોળ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧
૨.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	,,	૧૬૮૦, આકાશેઠ કૂવાની પોળ, રાયપુર, અમદાવાદ
૩.	શ્રી. હીરાભાઈ પુરુષોત્તમદાસ પટેલ	,,	મેનેજિંગ ટ્રસ્ટી, સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, પો. બોક્સ નં. ૫૧, નડિયાદ.

મતગણતરી પૂરી થતાં શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

(**નોંધ.**—મતદાન શરૂ થયેલું જાહેર કરવામાં આવ્યું તે પછી પ્રશ્નોત્તરીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.)

૩--અ. પ્રશ્નોત્તરી

[૧] **આચાર્ય વિનોદ બી. અધ્વર્યુએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :**

પ્રશ્ન ૧ : (ક) છેલ્લાં પાંચ વર્ષ (૧૯૬૬-૬૭થી ૧૯૭૦-૭૧) દરમ્યાન નીચેની માહિતી વર્ષવાર આપવા વિનંતી :

વર્ષ	ગુજરાત યુનિ. સાથે સંલગ્ન શિક્ષણની કૉલેજોની સંખ્યા	બી.એડ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા

ઉત્તર ૧ : (ક) ૧૯૬૬-૬૭થી ૧૯૭૦-૭૧નાં વર્ષો દરમ્યાન સંલગ્ન શિક્ષણની કૉલેજોની વર્ષવાર સંખ્યા, અને ૧૯૬૬-૬૭થી ૧૯૬૯-૭૦ના વર્ષમાં બી.એડ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની વર્ષવાર સંખ્યા નીચે દર્શાવી છે. ૧૯૭૦--૭૧ના વર્ષમાં બી.એડ.ની પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ હજુ હવે બહાર પડશે :

વર્ષ	સંલગ્ન શિક્ષણની કૉલેજોની સંખ્યા	બી.એડ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા
૧૯૬૬—૬૭	૩	૭૬૬
૧૯૬૭—૬૮	૩	૫૫૯
૧૯૬૮—૬૯	૭	૭૫૦
૧૯૬૯—૭૦	૧૦	૧૦૭૧
૧૯૭૦—૭૧	૧૬	પરિણામ હજુ હવે બહાર પડશે.

પ્રશ્ન ૧ : (ખ) (૧) ચાલુ સેનેટમાં ૧૯૭૧ જૂનથી શિક્ષણની નવી કૉલેજો શરૂ કરવા માટે કેટલી દરખાસ્તો રજૂ થઈ છે ?

ઉત્તર ૧ : (ખ) (૧) ચાર.

પ્રશ્ન ૧ : (ખ) (૨) ૧૯૭૨ જૂનથી શિક્ષણની કૉલેજ શરૂ કરવા માટે કેટલી અરજીઓ આવી છે?

ઉત્તર ૧ : (ખ) (૨) ત્રણ.

પ્રશ્ન ૧ : (ગ) આ વર્ષે શિક્ષણની કૉલેજોમાં કૉલેજવાર કેટલા વિદ્યાર્થીઓ છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧ : (ગ) ચાલુ વર્ષે સંલગ્ન શિક્ષણની કૉલેજોની વિદ્યાર્થીઓની સંખ્યા નીચે દર્શાવી છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિદ્યાર્થી સંખ્યા
૧.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	૨૧૮
૨.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧૧૦
૩.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	૨૪૨
૪.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	૧૧૦
૫.	શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા	૧૧૦
૬.	શ્રીમતી બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત	૧૧૦
૭.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	૧૧૦
૮.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	૧૩૨
૯.	એસ. ટી. ટી. કૉલેજ, વીસનગર	૭૭
૧૦.	આર. બી. સાગર એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	૫૫
૧૧.	કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	૪૪
૧૨.	સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, ગોધરા	૬૬
૧૩.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા	૬૬
૧૪.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	૬૬
૧૫.	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	૬૬
૧૬.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશને ઍન્ડ લૉ, મહેસાણા	૧૧૦ (શિક્ષણના વિદ્યાર્થીઓની સંખ્યા)

પ્રશ્ન ૨ : છેલ્લાં પાંચ વર્ષ (૧૯૬૬-૬૭થી ૧૯૭૦-૭૧) દરમ્યાન નીચેની માહિતી વર્ષવાર આપવા વિનંતી :

વર્ષ	ગ્રંથપાલ માટેના ડિગ્રી કોર્સ માટેના ગુજરાત યુનિ. દ્વારા સંચાલિત વર્ગમાં કેટલાને પ્રવેશ અપાયો?		પરીક્ષામાં કેટલા બેઠા?		કેટલા ઉત્તીર્ણ થયા?		આ વર્ષમાં કેટલી નવી કૉલેજો શરૂ થઈ?
	ભાઈઓ	બહેનો	ભાઈઓ	બહેનો	ભાઈઓ	બહેનો	
	કુલ		કુલ		કુલ		

ઉત્તર ૧ ૨ સદરહુ માહિતી નીચે દર્શાવી છે :

વર્ષ	ગ્રંથપાલ માટેના ડિગ્રી કોર્સ માટેના ગુજરાત યુનિ. દ્વારા સંચાલિત વર્ગમાં કેટલાને પ્રવેશ અપાયો?			પરીક્ષામાં કેટલા બેઠા?			કેટલા ઉત્તીર્ણ થયા			આ વર્ષમાં કેટલી નવી કૉલેજો શરૂ થઈ?
	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	ભાઈઓ	બહેનો	કુલ	
૧૯૬૬-૬૭	૭	૧૫	૨૨	૭	૧૩	૨૦	૬	૧૦	૧૬	૧૩
૧૯૬૭-૬૮	૯	૧૩	૨૨	૧૦	૧૪	૨૪	૮	૧૪	૨૨	—
૧૯૬૮-૬૯	૧૨	૧૨	૨૪	૧૪	૧૧	૨૫	૧૨	૧૧	૨૩	૧૬
૧૯૬૯-૭૦	૧૫	૧૭	૩૨	૧૫	૧૭	૩૨	૧૨	૧૪	૨૬	૯
૧૯૭૦-૭૧	૨૩	૧૧	૩૪	પરીક્ષા હજુ હવે થવાની છે તે માટે ઉમેદવારોની અરજીઓ આવેલ છે.			પરીક્ષા થયેથી પરિણામ હજુ હવે બહાર પડશે.			૧૭

[૨] આચાર્ય બી. આર. પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા:

પ્રશ્ન ૧ : માર્ચ અને ઑક્ટોબર ૧૯૭૦ની યુનિવર્સિટી પરીક્ષાઓમાં—

(ક) આ યુનિવર્સિટીના નહિ એવા કેટલા અધ્યાપકોને પરીક્ષાકાર્ય સોંપવામાં આવ્યું હતું?

(ખ) યુનિવર્સિટીના તદ્‌વિષયક નિયમ પ્રમાણે માન્ય નહિ એવી કેટલી વ્યક્તિઓને પરીક્ષાકાર્ય સોંપવામાં આવ્યું હતું તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧ : (ક) માર્ચ—એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાઓ માટે આ યુનિવર્સિટીના નહિ એવા ૮૪૧ અધ્યાપકોને અને ઑક્ટોબર ૧૯૭૦ની પરીક્ષાઓ માટે આ યુનિવર્સિટીના નહિ એવા ૪૨૯ અધ્યાપકોને પરીક્ષાકાર્ય સોંપવામાં આવ્યું હતું.

(ખ) કોઈ નહિ.

પ્રશ્ન ૨ : (ક) યુનિવર્સિટીના પરીક્ષા અંગેના નિયમ પ્રમાણે કેટલા વર્ષના કાર્ય પછી પરીક્ષક/પ્રાશ્નિક કે સમીક્ષકને 'ડ્રોપ' મળે છે?

ઉત્તર ૨ : (ક) એ અંગે યુનિવર્સિટી સત્તામંડળોએ કોઈ નિયમ કરેલો નથી, પરંતુ છેલ્લાં થોડાં વર્ષોથી એવી પ્રણાલિકા ઊભી થઈ છે કે સામાન્યત: અને શકય હોય ત્યાં જે વ્યકિતએ સતત છ વખત પરીક્ષણકાર્ય કર્યું હોય તો તેને નિમણૂક આપવી નહિ. તબીબી વિદ્યાશાખામાં એક પરીક્ષકે સતત ૪ વખત એક વિષયમાં કામ કર્યું હોય તો કાં તો તેમને વિષય—પરીક્ષા બદલવામાં આવે છે અગર નિમણૂક જ કરવામાં આવતી નથી.

પ્રશ્ન ૨ : (ખ) આવો 'ડ્રોપ' જેને ન મળ્યો હોય તેવી વ્યકિતઓની યાદી આપવા કૃપા કરશોજી.

પ્રશ્ન ૨ : (ગ) આ વ્યકિતઓને શા માટે 'ડ્રોપ' આપવામાં નથી આવ્યો તે જાણી શકું?

ઉત્તર ૨ : (ખ) અને (ગ) આ યાદી આપવાનું શકય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૩ : (ક) યુનિવર્સિટી પરીક્ષાકાર્યની નિયુક્તિમાં અન્યાય થાય છે તેવી વાતો ચાલે છે, તો આ અંગે અન્યાય કે અસંગતિ ન થાય તેવી પદ્ધતિ વિચારવામાં આવી છે ખરી?

ઉત્તર ૩ : (ક) અન્યાય થાય છે તેવી વાતો અંગેના વિધાન અંગે કશું ન કહેતાં એમ જણાવવાનું કે પરીક્ષકોની નિમણૂકોની બાબતમાં શકય તેટલી વસ્તુલક્ષિતા (Objectivity) જળવાય તે માટેનો એક પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મૂકવામાં આવેલ છે.

પ્રશ્ન ૩ : (ખ) એ પદ્ધતિ કયારથી અમલમાં આવે છે?

ઉત્તર ૩ : (ખ) એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની મંજૂરી મળ્યા પછી.

પ્રશ્ન ૩ : (ગ) એ પદ્ધતિમાં અમુક વર્ષો આ કામગીરી કર્યા પછી નિવૃત્તિ આપવાના નિયમોનો સમાવેશ કર્યો છે?

ઉત્તર ૩ : (ગ) આ પદ્ધતિના પ્રસ્તાવમાં કોઈ એક વ્યકિતને પરીક્ષાકાર્યમાંથી નિવૃત્તિ કયારે આપવી તે અંગે કોઈ નિયમ સૂચવવામાં આવેલો નથી.

પ્રશ્ન ૪ : (ક) યુનિવર્સિટીનાં ભવનોમાં વિષયવાર અનુસ્નાતક વિભાગ માટે શિક્ષકગણની આવશ્યકતાના નિયમો જાણી શકું?

ઉત્તર ૪ : (ક) આ અંગે કોઈ નિયમો નક્કી કરવામાં આવેલા નથી.

પ્રશ્ન ૪ : (ખ) એ નિયમો પ્રમાણે કયા કયા વિષય—વિભાગ—માં શિક્ષકોની ત્રુટિ છે તે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૪ : (ખ) ઉપર (ક)નો જવાબ જોતાં આ પ્રશ્નમાં માગેલી માહિતી આપવાની રહેતી નથી.

પ્રશ્ન ૫ : (ક) આપણી યુનિવર્સિટીના અધ્યાપકોને ટયૂશન કરવાની મનાઈ છે. એ નિયમનો ભંગ કરનાર અધ્યાપકોની યાદી આપવા વિનંતી છે.

ઉત્તર ૫ : (ક) આવી કોઈ યાદી તૈયાર કરવામાં આવી નથી.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

આ પ્રશ્ન પૂછવાનો મૂળ આશય એ છે કે આપણી યુનિવર્સિટીમાં ટયૂશન કરવાની મનાઈ છે. પ્રશ્નની ભાવના (સ્પિરિટ) મારી જાય છે, અને જે જવાબ આપાયો છે તેથી પ્રશ્ન 'ઈવેડ' કરવામાં આવતો હોય તેમ જણાય છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગેની યાદી તૈયાર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન ૫ : (ખ) આ નિયમનો ભંગ કરનાર અધ્યાપકો સામે શાં પગલાં લેવામાં આવ્યાં? આવા અધ્યાપકોને પરીક્ષણકાર્યથી મુકત રાખવામાં આવ્યા છે?

ઉત્તર ૫ : (ખ) જે શિક્ષકે અરજીમાં પોતે ટયૂશન કરે છે એમ જણાવેલ હોય તેને પરીક્ષક તરીકેનું કામ સોંપવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૫ : (ગ) આવા અધ્યાપકોની અધ્યાપક તરીકેની માન્યતા રદ કરવાનું યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે ખરું ?

ઉત્તર ૫ : (ગ) આવો કોઈ પ્રસ્તાવ હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૫ : (ઘ) અધ્યાપકોની ટ્યૂશનબંધીના કડક અમલ માટે યુનિવર્સિટીએ લીધેલી તકેદારી વિષે કંઈક જાણી શકું ?

ઉત્તર ૫ : (ઘ) આ અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવની નકલ કૉલેજોના આચાર્યોને પરિપત્રિત કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૬ : યુનિવર્સિટીએ જે તે પદ માટેની યોગ્યતાના નિયમો ઘડયા છે તે યોગ્યતા નહિ ધરાવતા છતાં તે પદ માટે માન્ય કરવામાં આવી હોય તેવી વ્યકિતઓની યાદી નીચેના કોઠામાં આપવા વિનંતી :

ક્રમ	કૉલેજનું નામ	પદ	વ્યકિતનું નામ	ત્રુટિ	ત્રુટિ માફ કરવાનાં કારણો
૧	૨	૩	૪	૫	૬

ઉત્તર ૬ : સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોના જે તે પદ માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબની ઓછામાં ઓછી જરૂરી યોગ્યતા ધરાવતી ન હોય તેવી વ્યકિતને તે પદના શિક્ષક તરીકે માન્ય કરવામાં આવેલ નથી, પણ સ્પષ્ટના ખાતર ઉમેરવાનું કે કોઈક કેસોમાં યોગ્યતાની અમુક ઊણપ હોય તો તેવા કેસોમાં વ્યકિતગત ધોરણે વિચારણા કરીને તે નિમણૂકોથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ચલાવવા માટે જે તે કૉલેજનો વિનંતી આવ્યેથી તે પર વિચારણા કરીને ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવામાં આવે છે. ૧૯૭૦–૭૧ના વર્ષમાં આવી પરવાનગી જે કેસોમાં આપવામાં આવેલી છે તેની વિગતો **પરિશિષ્ટ "૧"**માં જણાવેલી છે.

પ્રશ્ન ૭ : સંસ્થામાંથી છૂટા થયેલા સ્ટાફને હજી સુધી વેતન ન ચૂકવ્યું હોય તેવી કૉલેજોની માહિતી નીચેના પત્રકમાં આપવા વિનંતી છે :

ક્રમ	કૉલેજનું નામ	જેનું વેતન બાકી છે તે વ્યકિતનું નામ	વ્યકિતની છૂટા થયા તારીખ	વેતન બાકી હોવાનાં કારણો	યુનિવર્સિટીએ તે અંગે લીધેલી તકેદારી
૧	૨	૩	૪	૫	૬

ઉત્તર ૭ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૨"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અધ્યાપકને તેના છૂટા થયા પછી નિયત સમયમાં પરત કરવાની પ્રોવિડંટ ફંડની રકમ ન ચૂકવાઈ હોય તેવી કૉલેજોની યાદી ને અન્ય વિગતો નીચેના નમૂનામાં આપવા વિનંતી છે:

ક્રમાંક	કૉલેજ	જેનું પ્રોવિડંટ ફંડ બાકી છે તે વ્યકિતઓ	નીકળતી રકમ	હજુ સુધી નહીં ચૂકવાયાનું કારણ	કયારે ચૂકવાશે ?	યુનિ.એ એ અંગે કરેલી કાર્યવાહી
૧	૨	૩	૪	૫	૬	૭

ઉત્તર ૮ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૩"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૯ : પૂરતા અનુસ્નાતક શિક્ષકો ન હોવા છતાં અનુસ્નાતક કેન્દ્ર ચલાવ્યું હોય તો તેવાં કેન્દ્રોની તદ્‌વિષયક માહિતી આપવા વિનંતી છે.

ઉત્તર ૯ : વર્ષ ૧૯૭૦--૭૧ દરમ્યાન નીચેની કૉલેજોમાં સ્થાપવામાં આવેલા વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં સત્રની અધવચ્ચે સ્થાનિક શિક્ષકોની ઊણપ થઈ હતી :

ક્રમાંક	**કૉલેજનું નામ**	**અનુસ્નાતક કેન્દ્રોને વિષય**
(૧)	**બી. જે. મેડિકલ કૉલેજ, અસારવા, અમદાવાદ--૧૬**	એમ.ડી., રેડિયોલોજી
(૨)	**આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ**	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'
(૩)	**રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, કૉલેજ, ખંભાત**	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'

પ્રશ્ન ૧૦ : યુનિવર્સિટીના અને સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનું મંડળ તેમની નોકરીની શરતો ને પગારધોરણ અંગે યુનિવર્સિટી સમક્ષ કઈ માગણીઓ રજૂ કરે છે તે જણાવવા કૃપા કરશોજી. એ માગણીઓ અંગે યુનિવર્સિટીએ કરેલી વિચારણાનો ખ્યાલ આપશોજી.

ઉત્તર ૧૦ : સદરહુ માગણીઓ અંગેના પત્રની નકલ આ સાથે સામેલ છે. (જુઓ પરિશિષ્ટ "૪".)

પ્રશ્ન ૧૧ : કઈ કઈ કૉલેજોએ અધ્યાપકોને નોટિસ આપીને છૂટા કર્યા છે તે અંગે નીચેના પત્રકમાં માહિતી આપશોજી :

ક્રમાંક	**કૉલેજનું નામ**	**છેલ્લાં બે વર્ષ દરમ્યાન છૂટા કરેલા (નોટિસથી) અધ્યાપકોની યાદી**	**છૂટા કરવાનાં કારણ (અધ્યાપક વાર)**	**નિયમ પ્રમાણે એમ કરતાં આપવાનું થતું વળતર (અધ્યાપક વાર)**	**વળતર અધ્યાપકને અપાયું છે કે કેમ?**	**ન અપાયાનાં કારણ**	**એ અંગે યુનિ.નો નિર્ણય**	**યુનિવર્સિટીએ લીધેલાં પગલાં**
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

ઉત્તર ૧૧ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૫" જોવા વિનંતી છે.

[૩] શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટીના રજિસ્ટ્રારની ઑફિસના કર્મચારીઓ માંદગીની રજા જેટલાં વર્ષોની જમા રખાવી શકે છે તેટલાં વર્ષોની રજા યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ એકત્રિત કરી શકતા નથી તેવી ભિન્નતા દૂર કરવા શું બાધક છે ?

ઉત્તર ૧ : (ક) પ્રેસના કર્મચારીઓને માંદગીની રજા એકત્રિત કરવા અંગે યુનિવર્સિટીએ કોઈ મર્યાદા મૂકેલી નથી.

પ્રશ્ન ૧ : (ખ) યુનિવર્સિટી તેના બન્ને વિભાગના કર્મચારીઓને માંદગીની સવલત આપવા બાબતમાં એક જ સરખા નિયમો તુરત જ લાગુ પાડશે ?

ઉત્તર ૧ : (ખ) હાલને તબક્કે આ અંગે કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨ : (ક) યુનિવર્સિટીના બીજા કર્મચારીઓને મળતા સાઇકલ ભથ્થાને પગારમાં સમાવેશ કરવાનો નિયમ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને કેમ લાગુ પાડવામાં આવ્યો નથી ?

ઉત્તર ૨ : (ક) આ અંગેની બાબત વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૨ : (ખ) તે ભેદભાવનું કારણ શું ?

ઉત્તર ૨ : (ખ) ઉપર પ્રશ્ન (ક)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ગ) તે ભેદભાવ દૂર કરવા યુનિવર્સિટી સત્તામંડળો કાંઈ કરશે ?

ઉત્તર ૨ : (ગ) ઉપર ઉત્તર ૧ (ખ) અને ૨ (ક) જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (આ) યુનિવર્સિટીનાં કયાં કયાં પુસ્તકો હાલ યુનિવર્સિટી પ્રેસ બહાર છાપવા આપવામાં આવ્યાં છે?

ઉત્તર ૩ : (આ) નીચેનાં પુસ્તકોની હસ્તપ્રતો બહારના પ્રેસોમાં છાપવા માટે આપેલી છે:

મૌલિક

(૧) રૂનું અર્થશાસ્ત્ર
(૨) અપુષ્પવનસ્પતિવિજ્ઞાન અને અશ્મીભૂત વનસ્પતિવિજ્ઞાન
(૩) વૈજ્ઞાનિક પદ્ધતિ
(૪) સંખ્યાત્મક વિશ્લેષણ
(૫) ભારતમાં સમવાયતંત્ર
(૬) સંયોજકતા
(૭) ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશીઓના સંપર્કની અસર
(૮) પ્રાયોગિક મનોવિજ્ઞાન
(૯) કુદરતી રંગોનું રસાયણ
(૧૦) શ્રેણીઓ અને શ્રેઢીઓ
(૧૧) જાપાનની શિક્ષણવ્યવસ્થા
(૧૨) સહકારી વેચાણ અને વ્યવસ્થા
(૧૩) ૧૮૫૭
(૧૪) સહકાર સિદ્ધાંત—ઉદ્‌ભવ અને વિકાસ
(૧૫) વનસ્પતિ વર્ગીકરણ
(૧૬) સહકાર અને રાજ્ય
(૧૭) જીવરસાયણ
(૧૮) સહકાર—સિદ્ધાંત અને વ્યવહાર

ઇતર

(૧૯) સૉક્રેટીસ ઍન્ડ કાઇસ્ટ

અનુવાદિત

(૨૦) પ્રકાશશાસ્ત્રનાં મૂળતત્ત્વો
('Fundamental of Optics' by Jenkings and Whilo)

(૨૧) પરમાણુ અને નાભિક ભૌતિકશાસ્ત્ર
('An Introduction to Atomic and Nuclear Physics' by Somat)

(૨૨) વિદ્યુત અને ચુંબકત્વ
(Electricity and Magnetism' by A. S. Ramsey)

(૨૩) ભૌતિકશાસ્ત્ર
('Physics' by Sterling and Woodale)

(૨૪) ઉચ્ચતર બીજગણિત
('Higher Algebra' by Barnard and Child)

(૨૫) હિન્દનું ભૂસ્તરશાસ્ત્ર
('Geology of India' by D. N. Wadia)

(૨૬) તત્ત્વજ્ઞાનનો સરળ ઇતિહાસ
('A Students' History of Philosophy' by A. K. Rogers)

(૨૭) નીતિશાસ્ત્ર પ્રવેશ
('A Manual of Ethics' by J. S. Mackenzie)

(૨૮) અર્વાચીન રાજ્યબંધારણો
('Modern Political Constitutions' by C. F. Strong)

પ્રશ્ન ૩ : (બ) યુનિવર્સિટીએ રૂ. ૫૦,૦૦૦ ઉપરાંતની જોગવાઈ પ્રકાશન અંગેના સ્ટાફ માટે કરી હોવા છતાં ચાલુ સાલે તે પ્રમાણે વ્યવસ્થા કરી પ્રકાશનોનું કામ યુનિવર્સિટી પ્રેસમાં નહીં કરવાનું શું કારણ ?

ઉત્તર ૩ : (બ) યુનિવર્સિટીના પ્રેસમાં પ્રકાશનોના કામ માટે કંપોઝીટરોનો એક જુદો પેટાવિભાગ ઊભો કરવામાં આવ્યો છે અને તેમાં ચાલુ વર્ષ દરમ્યાન ૨૬ હસ્તપ્રતોનું મુદ્રણકામ પૂરું થયું છે અને ૧૦ હસ્તપ્રતોનું મુદ્રણકામ ચાલુ છે. બાકીનાં પ્રકાશનોનું કામ વિલંબમાં પડે નહીં તે માટે અન્ય પ્રેસોને સોંપવામાં આવ્યાં છે.

શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

"યુનિવર્સિટી પ્રેસમાં પ્રકાશનોના કામ માટે નવો વિભાગ કરવામાં આવ્યો છે, તેમાં કોઈની 'હેડ' તરીકે નિમણૂક કરી છે ?"

કુલપતિશ્રીનો ઉત્તર : કંપોઝ વિભાગ હેઠળ પ્રકાશન અંગે એક જુદો પેટાવિભાગ કરવામાં આવ્યો છે.

શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો ?

આ કંપોઝ કામ માટે પ્રકાશન ખાતે કર્મચારી નીમ્યા તેમને પ્રકાશન અંગેનું જ કંપોઝ કામ આપવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે કાર્યાલયને લખશો તો તપાસ કરીને ઉત્તર આપી શકાશે.

પ્રશ્ન ૩ : (ક) ઉપરોક્ત કામ અંગે સગવડ થઈ શકે તે માટે મટિરિયલ્સ માટેની જોગવાઈ પેટે રકમ અલગ રાખી હોવા છતાં તે રકમ બહારના પ્રેસોમાં કામ આપવા માટે વાપરવામાં આવી છે ?

ઉત્તર ૩ : (ક) ના, જી.

પ્રશ્ન ૩ : (ખ) તેનું શું કારણ ?

ઉત્તર ૩ : (ખ) ઉપર પ્રશ્ન (ક) નો જવાબ જોતાં આ પ્રશ્નમાં માગેલી માહિતી આપવાની રહેતી નથી.

[૪] શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : સંલગ્ન કૉલેજોમાં યુ.જી.સી. સૂચિત ચોથી યોજનામાં પગારધોરણો અધ્યાપકોને લાગુ પાડવા અંગે યુનિવર્સિટીએ જે ઠરાવો કર્યા છે તેનો પૂરેપૂરો અમલ કઈ કઈ કૉલેજોએ નથી કર્યો તેવી કૉલેજોનાં નામ આપો અને અંશત: અમલ કર્યો હોય તો કઈ કઈ બાબતોમાં અને કયા વર્ગના શિક્ષકો માટે તે અમલ નથી કર્યો તે કૉલેજોનાં નામ આપો.

ઉત્તર ૧ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૬"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : યુ.જી.સી. સૂચિત ચોથી યોજનાનાં પગારધોરણોનો અંશત: અમલ કર્યો હોય અથવા બિલકુલ અમલ જ ન કર્યો હોય તે માટે યુનિવર્સિટીએ તેવી કૉલેજોને તાકીદે અમલ કરવા શાં પગલાં લીધાં ?

ઉત્તર ૨ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સૂચિત ચોથી યોજનાનાં પગારધોરણોના અમલ અંગે સંલગ્ન કૉલેજો અને રાજ્ય સરકાર વચ્ચે કાર્યવાહી ચાલે છે. આ કાર્યવાહી પૂરી થયેથી જો કોઈ કૉલેજોએ પગારધોરણોનો અમલ ન કર્યાનું જણાશે તો તે અંગે ઘટતાં પગલાં લેવાનું વિચારવામાં આવશે. વધુમાં ૧૯૭૧ના વર્ષથી જોડાણ માટે જે કૉલેજોએ અરજી કરી છે તેમનાં જોડાણ માટેની ભલામણ કરવા માટે મૂકેલી શરતોમાં નીચેની શરતનો સમાવેશ કરવામાં આવેલ છે :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

પ્રશ્ન ૩ : (ક) એમ.એસસી. પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટર અને બી.એસસી. પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટર માટે ગુજરાત સરકારે કેન્દ્ર સરકારની મંજૂરી લઈને બન્નેને રૂ. ૨૫૦-૧૫-૪૦૦ના એક જ સ્કેલમાં મૂકવાનું જી.આર.થી ઠરાવ્યું હોવા છતાં કઈ કૉલેજોએ બી.એસસી. ડેમોન્સ્ટ્રેટરોને આ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું નવું પગારધોરણ લાગુ પાડ્યું નથી ?

શ્રી. ઈન્દ્રવદન મોદીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુ.જી.સી. સ્કેલ ફાર્મસી કૉલેજને લાગુ પડતો નથી ? યુનિવર્સિટી તે અંગે કાંઈ કરી શકે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : રાજ્ય સરકારને આ અંગે ભલામણ કરવામાં આવી છે.

પ્રશ્ન ૩ : (ખ) આ અંગે યુનિવર્સિટીને કૉલેજ તરફથી કે અન્યથા કોઈ માહિતી મળી છે ખરી ?

પ્રશ્ન ૩ : (ગ) જો માહિતી મળી હોય તો પછી યુનિવર્સિટીએ પોતાના ઠરાવનો અમલ કરાવવા તેવી કૉલેજો પર શાં પગલાં લીધાં ?

ઉત્તર ૩ : (ક), (ખ) અને (ગ) : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૭"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ક) બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી સાયન્સ વિભાગ બંધ કરવા વિષે કોઈ અરજી આવી છે ખરી ?

ઉત્તર ૪ : (ક) બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજે પોતાના વિજ્ઞાન વિભાગનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૧થી બંધ કરવાનું નક્કી કર્યું છે એમ જણાવેલું છે.

પ્રશ્ન ૪ : (ખ) જો આવી હોય અને યુનિવર્સિટીએ તે પર જે કંઈ કાર્યવાહી કરી હોય તેની વિગત આપશો ?

ઉત્તર ૪ : (ખ) જૂન ૧૯૭૧થી વિજ્ઞાન વિદ્યાશાખાનું શિક્ષણ બંધ કરનાર છે તેવી જાણ કરતો બી. ડી. કૉલેજના આચાર્યશ્રીનો તા. ૧૧-૧૧-૧૯૭૦નો પત્ર સિન્ડિકેટની તા. ૨૧-૧૧-૧૯૭૦ની સભામાં રજૂ કરવામાં આવેલો અને સિન્ડિકેટના ઠરાવ મુજબ સંલગ્ન કૉલેજોમાં કોઈ પણ વિષયનું કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલા માર્ગદર્શક સિદ્ધાંતો તરફ સદરહુ કૉલેજના આચાર્યશ્રીનું તા. ૩૦-૧૧-૧૯૭૦ના પત્રાંક સિ./૩૪૬૪૯થી ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તા. ૧૫મી જૂનથી બી. ડી. કૉલેજમાં વિજ્ઞાન વિભાગ બંધ કરવામાં આવનાર છે તેવી માહિતી આપણી પાસે આવી છે ? કોઈ શિક્ષકોને છૂટા કરવામાં આવી રહ્યા છે ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે હા. છૂટા કરવામાં આવેલા શિક્ષકોની યાદી બીડેલી છે; તેમાં આ કૉલેજના તેવા શિક્ષકોનાં નામો પણ આવી જાય છે.

એક સભ્યે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જો છૂટા કરવામાં આવ્યા હોય અને સિન્ડિકેટને કાગળ લખ્યો હોય તો આપણે હવે કાંઈ કરવા માગીએ છીએ ખરા ?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે વિભાગ બંધ કરવામાં આવ્યો છે અને તે ત્રણ અધ્યાપકોને છૂટા કરવામાં આવ્યા છે અને નિયમ એવો છે કે વર્ગો ક્રમશ: બંધ કરવા જોઈએ. આ નિયમ નિયમ તરીકે ઓળખાય છે, પણ હકીકતમાં તો તે ફક્ત માર્ગદર્શક સિદ્ધાંત છે.

પ્રશ્ન ૫ : (ક) બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની ૧૯૬૯-૭૦ માં તેમ જ ૧૯૭૦-૭૧માં કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યા કેટલી હતી ?

ઉત્તર ૫ : (ક) બી. ડી. કૉલેજ, અમદાવાદમાં ૧૯૬૯-૭૦ અને ૧૯૭૦--૭૧ના વર્ષમાં કુલ વિદ્યાર્થિનીઓની સંખ્યા અનુક્રમે ૧૪૮૬ અને ૧૪૩૩ હતી.

પ્રશ્ન ૫ : (ખ) આ કૉલેજ સત્ર દીઠ વિદ્યાર્થિની પાસે કેટલી ફી ઉઘરાવે છે ?

ઉત્તર ૫ : (ખ) આ કૉલેજે વિદ્યાર્થિની પાસે સત્ર દીઠ કુલ ફી નીચે પ્રમાણે લીધી હતી :

	૧૯૬૯–૭૦	૧૯૭૦–૭૧
વિનયન ...	રૂ. ૧૨૫–૦૦	રૂ. ૧૨૫–૦૦
વિજ્ઞાન ...	રૂ. ૧૫૦–૦૦	રૂ. ૧૫૦–૦૦

પ્રશ્ન ૫ : (ગ) આ કૉલેજની કુલ ફીની આવક સામે કૉલેજના સ્ટાફનું માસિક તથા વાર્ષિક પગારબિલ કેટલું થાય છે ?

ઉત્તર ૫ : (ગ) બી. ડી. કૉલેજ, અમદાવાદની કુલ ફીની આવક તથા કૉલેજના સ્ટાફના માસિક તથા વાર્ષિક પગારબિલની વિગતો નીચે દર્શાવી છે :

	૧૯૬૯–૭૦	૧૯૭૦–૭૧
(૧) કુલ ફીની આવક ...	રૂ. ૩,૯૨,૮૨૫–૦૦	રૂ. ૩,૬૮,૫૦૦–૦૦
(૨) સ્ટાફનું માસિક પગારબિલ ...	રૂ. ૩૬,૧૪૭–૫૦	રૂ. ૪૦,૬૯૬–૫૦
(૩) સ્ટાફનું વાર્ષિક પગારબિલ ...	રૂ. ૪,૪૨,૫૫૫–૦૦	રૂ. ૫,૧૦,૪૩૫–૫૩

પ્રશ્ન : ૫ (ઘ) આ કૉલેજની આવક અને ખર્ચ સંબંધી યુનિવર્સિટીએ તેનો વિજ્ઞાન વિભાગ બંધ કરવાની અરજી આવી છે ત્યારે તપાસ કરવાનું વિચાર્યું છે ખરું ?

ઉત્તર : ૫ (ઘ) આ બાબતમાં કાંઈ તપાસ કરવાનું વિચારાયું નથી.

[૫] શ્રી. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે અપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ગુજરાત યુનિવર્સિટીએ તા. ૧૫–૬–૧૯૬૪થી તથા તા. ૧૫–૬–૧૯૬૬થી સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો લાગુ પાડતા ઠરાવો કરેલા છે. આ બંને ઠરાવો પ્રમાણે લાગુ પડતી કૉલેજો સંબંધી નીચે પ્રમાણેની માહિતી પૂરી પાડશો ?

(ક) (૧) તા. ૧૫–૬–૧૯૬૪થી યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો કઈ કઈ કૉલેજોએ અમલી બનાવ્યાં ?

(ક) (૨) અને તે કૉલેજોના કુલ શિક્ષક વર્ગમાંથી કેટલા શિક્ષકોને દર ત્રણ વર્ષે એક ઈજાફા પ્રમાણે વેઈટેજનો લાભ આપવામાં આવ્યો ?

ઉત્તર ૧ : (ક)(૧) અને (ક)(૨): સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૮" જોવા વિનંતી છે.

શ્રી. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદમાં ત્રણ પ્રોફેસરોની વિગત આપી છે, અને અર્થશાસ્ત્રનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરીએ છીએ તેમાં ત્રણ અધ્યાપકો દર્શાવાયા છે તો ચાલુ વર્ષે તે કૉલેજમાં છે કે નહિ ?

કુલસચિવશ્રીએ જણાવ્યું છે કે સિન્ડિકેટે ઠરાવ્યું છે કે ચાલુ વર્ષમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના વિષયોમાં નવાં અનુસ્નાતક કેન્દ્રો આપવાં નહિ.

પ્રશ્ન ૧ : (ખ) તા. ૧૫—૬—૧૯૬૬ પહેલાં જે કૉલેજો જૂનાં યુ.જી.સી. પગારધોરણો અધ્યાપકોને ચૂકવતી હતી તે કૉલેજોનાં નામ આપો.

ઉત્તર ૧ : (ખ) તા. ૧૫—૬-૧૯૬૬ પહેલાં નીચેની કૉલેજો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગાર-ધોરણો ચૂકવતી હતી :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	બી. ડી. કૉલેજ, અમદાવાદ
(૨)	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩)	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૪)	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૫)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૬)	સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૭)	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
(૮)	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૯)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૧૦)	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૧૧)	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
(૧૨)	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૧૩)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૧૪)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૧ : (ગ) તેવી કૉલેજોને પણ યુનિવર્સિટીનાં પગારધોરણો તા. ૧૫—૬—૧૯૬૬થી લાગુ પાડવાનો ઠરાવ થયો તેમાં અધ્યાપકોને દર ત્રણ વર્ષે એક ઈજાફા પ્રમાણે "વેઇટેજ"નો લાભ આપવામાં આવ્યો હતો ખરો ?

ઉત્તર ૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧ : (ઘ) જો ન આપવામાં આવ્યો હોય તો તા. ૧૫—૬—૧૯૬૪થી અને તા. ૧૫—૬—૧૯૬૬થી લાગુ પડતાં એક જ પ્રકારનાં યુનિવર્સિટીનાં પગારધોરણમાં ભેદભાવ રાખવા માટે કોઈ વાજબી કારણો તે ઠરાવ કરતી વેળાએ વિચારાયાં હતાં ખરાં ?

ઉત્તર ૧ : (ઘ) સિન્ડિકેટે તેની તા. ૬—૬—૧૯૬૪ની સભામાં પગારધોરણો અંગે કરેલા ઠરાવની કંડિકા નીચે ટાંકી છે, જે સ્વયંસ્પષ્ટ છે :

" યુનિવર્સિટીનાં અત્યાર અગાઉનાં પગારધોરણમાંથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો સ્વીકારતી વખતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયમો પ્રમાણે જે શિક્ષકને

ઓક વખત તેમની અગાઉની નોકરી વગેરે બાબત અંગે ઈન્ક્રીમેન્ટ મળ્યાં હોય તેવા શિક્ષકોને યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો તે કૉલેજ સ્વીકારે તો તે વખતે તેમને ફરીથી તેમની નોકરી વગેરેની મુદતના કારણે ઈન્ક્રીમેન્ટ્સ ગણી બેવડો લાભ મળી શકશે નહિ."

પ્રશ્ન ૧ : (ચ) તા. ૧૫—૬—૧૯૬૬થી યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો જે કૉલેજોએ સ્વીકાર્યાં તેમાંથી કોઈ કૉલેજોએ દર ત્રણ વર્ષે એક ઈજાફા પ્રમાણે વેઈટેજનો લાભ આપ્યો હોય તેવી કૉલેજોનાં નામ આપો અને તેવી કૉલેજોએ પોતાના કુલ શિક્ષકવર્ગમાંથી કેટલા શિક્ષકોને તેનો લાભ આપ્યો છે?

ઉત્તર ૧ : (ચ) યુનિવર્સિટીને ઉપલબ્ધ થયેલી સદરહુ માહિતી નીચે મુજબ છે:

ક્રમાંક	કૉલેજનું નામ	કુલ શિક્ષકોની સંખ્યા	કેટલા શિક્ષકોને ઈજાફાના વેઈટેજનો લાભ આપ્યો છે?
૧.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	૧૪	૩
૨.	કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	૨૧	૧૦

પ્રશ્ન ૨ : યુ.જી.સી. સૂચિત ચોથી યોજનાનાં પગારધોરણો યુનિવર્સિટીના ઠરાવ મુજબ જે કૉલેજોએ અમલી બનાવ્યાં હોય અથવા ફિક્સેશન કરીને ગુજરાત સરકારને વિગતો મોકલી હોય તે સંબંધી નીચે મુજબની માહિતી આપશો ?

(ક) તા. ૧--૪--૧૯૬૬ના રોજ ગુજરાત યુનિવર્સિટીની પ્રત્યેક કૉલેજમાં વ્યાખ્યાતા (લેક્ચરર્સ) અને પ્રાધ્યાપકો(પ્રોફેસર્સ)ની સંખ્યા કેટલી હતી ?

(ખ) તા. ૧--૪--૧૯૬૬ના રોજ તેવી પ્રત્યેક કૉલેજના કુલ વ્યાખ્યાતા અને પ્રાધ્યાપકોની સંખ્યામાંથી નવાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પગારધોરણોમાં મૂકતી વખતે રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦ના સ્કેલમાં કેટલા અધ્યાપકોને મૂકવામાં આવ્યા ?

(ગ) અને તેમાંથી સરકારના જી.આર. પ્રમાણે સ્પેશિયલ ગ્રાન્ટ મેળવવાને પાત્ર કેટલા પ્રાધ્યાપકો દર્શાવાયા છે ?

ઉત્તર ૨ : (ક), (ખ) અને (ગ) : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૯"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં હાલ શારીરિક શિક્ષણના અધ્યાપકો (ફિઝિકલ ઈન્સ્ટ્રકટર્સ) તરીકે કામ કરતા શિક્ષકોમાંથી ફિઝિકલ એજ્યુકેશનમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ડિગ્રી કે સર્ટિફિકેટ પદવી ધરાવતા શિક્ષકો કઈ કઈ કૉલેજોમાં છે તેમનાં નામો આપો. આવી પદવી ન ધરાવતા ફિઝિકલ ઈન્સ્ટ્રકટર્સ કઈ કઈ કૉલેજોમાં છે તેમનાં નામ આપો.

ઉત્તર ૩ : ફિઝિકલ એજ્યુકેશનના વિષયમાં અનુસ્નાતક પદવીની લાયકાત ધરાવતા શિક્ષક ફક્ત સેંટ ઝેવિયર્સ કૉલેજ(અમદાવાદ)માં જ છે. તે સિવાયની કોઈ કૉલેજમાં આવી લાયકાત ધરાવતા કોઈ શિક્ષક નથી.

પ્રશ્ન ૪ : (ક) ગુજરાત સરકારે તેના તા. ૯મી માર્ચ ૧૯૭૦ના ઠરાવમાં સંલગ્ન કૉલેજોના આચાર્યો અને અધ્યાપકોને પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કેલ આપવાનું નક્કી કરવાનું કાર્ય યુનિવર્સિટી પર છોડયું છે, તો તે સંબંધી યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં જે કંઈ કાર્યવાહી કરી હોય તેની વિગતો આપશો. આ સંબંધમાં અધ્યાપકોમાંથી રૂ. ૭૦૦-૧૧૦૦ના સ્કેલમાં કયા અધ્યાપકોને મૂકવા તે વિષે યુનિવર્સિટીએ શી કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૪ : (ક) આ પ્રશ્ન સિન્ડિકેટની તા. ૬--૯--૧૯૭૦ની સભામાં મૂકવામાં આવ્યો હતો અને તેમાં થયેલા ઠરાવને અનુલક્ષીને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૮--૯--૧૯૭૦ના પત્રાંક સિ./૨૮૬૩૮--૩૯થી અનુસ્નાતક પગારધોરણ માટે કયા શિક્ષકો અને કઈ કૉલેજો પાત્ર ગણાય તે અંગે રાજ્ય સરકાર પાસેથી કેટલીક સ્પષ્ટતાઓ માગવામાં આવેલી, અને કાર્યાલયના તા. ૧૯--૧૧--૧૯૭૦ના પત્રાંક ડી.ઓ.વી.સી. ૩૧૫૭૮થી અને તા. ૧૦--૨--૧૯૭૧ના પત્રાંક ૦૩૧૨૧૩થી રાજ્ય સરકારને જરૂરી સ્પષ્ટતા અને માર્ગદર્શન ત્વરિત આપવા વિનંતી કરવામાં આવી હતી. ત્યાર બાદ સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૨--૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિના સભ્યો શિક્ષણ સંચાલકશ્રીને તારીખ ૧૭--૨--૧૯૭૧ના રોજ મળ્યા હતા, તે પછી રાજ્ય સરકારે તેના તા. ૧૯--૨--૧૯૭૧ના સરકારી ઠરાવથી કેટલીક સ્પષ્ટતા કરી તે પછી સિન્ડિકેટે નીમેલી સમિતિએ તેની તા. ૪--૩--૧૯૭૧ની સભામાં કરેલી ભલામણો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

પ્રશ્ન ૪ : (ખ) આ અંગે જો કોઈ ધોરણો યુનિવર્સિટીએ નક્કી કર્યાં હોય તો તે વિષે માહિતી આપશો. સરકારના આ ઠરાવ થયે લગભગ એક વર્ષ પૂરું થવા આવ્યું તો યુનિવર્સિટી આ અંગે હવે છેવટનો નિર્ણય કયાં સુધીમાં લેવા માગે છે તે વિષે કોઈ સમયમર્યાદા આપશો ?

ઉત્તર ૪ : (ખ) ઉપર (ક)માં જણાવ્યા પ્રમાણે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણો સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવી છે. તેનો નિર્ણય થયેથી ચાલુ માસ દરમ્યાન તેનો અમલ કરી શકાશે એમ અપેક્ષા છે.

પ્રશ્ન ૫ : (ક) ડાકોર ભવન્સ કૉલેજના પ્રો. જાની છૂટા થયા પછી તેમને ગયા વર્ષના વૅકેશનનો પગાર ચૂકવાયો નથી. આ સંબંધી કોઈ ફરિયાદ યુનિવર્સિટી સમક્ષ આવી છે ?

ઉત્તર ૫ : (ક) હા, જી.

પ્રશ્ન ૫ : (ખ) જો આવી હોય તો યુનિવર્સિટીએ તે સંબંધી શી કાર્યવાહી કરી છે ?

ઉત્તર ૫ : (ખ) એ ભાઈને વૅકેશનના પગારની ચુકવણી કરવા માટે તે કૉલેજને જણાવ્યું છે.

પ્રશ્ન ૫ : (ગ) અને કાર્યવાહી કરવા છતાં જો કૉલેજ તે પગાર ચૂકવતી નથી તો તે સંબંધી હવે કોઈક કડક પગલાં યુનિવર્સિટી લેવા વિચારે છે કે કેમ ?

ઉત્તર ૫ : (ગ) વૅકેશનના પગારની ચુકવણી કરવા અંગેના યુનિવર્સિટીના સૂચન અંગે કૉલેજ તરફથી જવાબ આવ્યા બાદ આગળ કાર્યવાહી કરવાની જરૂર જણાશે તો તે કરવામાં આવશે.

પ્રશ્ન ૬ : (ક) અધ્યાપકો ટ્યૂશન કરે છે તે સંબંધી કોઈ માહિતી યુનિવર્સિટી પાસે ચાલુ વર્ષ દરમિયાન આવી છે ખરી ?

ઉત્તર ૬ : (ક) હા, જી.

પ્રશ્ન ૬ : (ખ) જો આવી હોય તો યુનિવર્સિટીએ તે સંબંધી લાગતીવળગતી કૉલેજોના આચાર્યોને તે માહિતી મોકલી આપીને તે વિગતો ખરી છે કે ખોટી તેવી કોઈ કાર્યવાહી કરી છે ખરી?

ઉત્તર ૬ : (ખ) ના, જી.

પ્રશ્ન ૬ : (ગ) આ આવેલી માહિતી માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષામાં પરીક્ષકો / પ્રાશ્નિકોની નિમણૂકો વિષે નિર્ણય લેતી વેળાએ, સિન્ડિકેટ સમક્ષ કે પરીક્ષા-સમિતિઓ સમક્ષ યુનિવર્સિટી કાર્યાલય તરફથી રજૂ કરવામાં આવી હતી કે કેમ ?

ઉત્તર ૬ : (ગ) હા, જી.

એ અંગે એમ વિચારવામાં આવ્યું છે કે જેમને નિમણૂક આપી છે તેઓ પાસે તેમના સ્વીકારપત્ર જોડે જ તેઓ ટ્યૂશન કરતા નથી એવું સોગંદનામું તેમના આચાર્યની રૂબરૂમાં સહી કરી મગાવવું અને તે પછી જરૂર લાગે તો પગલાં લેવાં.

[૬] પ્રા. અંબુભાઈ દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) જૂન ૧૯૭૧થી કઈ કઈ સંલગ્ન કૉલેજોમાં કયા કયા વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે અથવા શરૂ કરવાના પ્રસ્તાવો યુનિવર્સિટીની વિચારણા હેઠળ છે?

પ્રશ્ન ૧ : (ખ) જૂન, ૧૯૭૧માં જે કૉલેજોમાં નવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ થવાનાં છે તેમાં તેની જરૂરિયાત પ્રમાણે માન્ય અનુસ્નાતક શિક્ષકો કે મદદનીશ શિક્ષકો જે તે કૉલેજમાં નોકરી કરતા હોય અથવા તો જેમની નવી નિમણૂકો થઈ હોય કે થવાની હોય તે સંબંધી નામોની યાદી સાથે પ્રત્યેક કેન્દ્રની વિગત આપો.

ઉત્તર ૧ : (ક) અને (ખ) : જૂન, ૧૯૭૧થી નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા માટે પ્રસ્તાવો આવેલા છે. સ્થાનિક સ્ટાફ પર જે શિક્ષકોનાં નામ કૉલેજના આચાર્યશ્રીએ આપ્યાં છે તે જે તે કૉલેજના નામ સામે જણાવ્યાં છે :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	અનુસ્નાતક કેન્દ્ર માટેનો વિષય	કૉલેજ જણાવ્યા મુજબ કેન્દ્ર માટેનો સ્થાનિક શિક્ષકગણ
(૧)	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	ગુજરાતી	(૧) શ્રી. એન. સી. શાહ, શિક્ષક (૨) શ્રી. જે. કે. વ્યાસ, મદદનીશ (૩) શ્રી. એસ. સી. પટેલ, મદદનીશ
(૨)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ	એમ.એ.	ગુજરાતી	(૧) શ્રી. પી. એચ. ભટ્ટ, શિક્ષક (૨) કુ. એસ. એન. ભટ્ટ, મદદનીશ (૩) કુ. ભાનુમતીબહેન જાની, શિક્ષક (જૂનથી જોડાશે.)
(૩)	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	હિન્દી	(૧) શ્રી. એચ. જી. શુકલ, શિક્ષક (૨) શ્રી. આર. પી. શાહ (હાલમાં મદદનીશ— જૂન ૧૯૭૧થી પૂર્ણ શિક્ષક બનશે)

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	અનુસ્નાતક કેન્દ્ર માટેનો વિષય	કૉલેજે જણાવ્યા મુજબ કેન્દ્ર માટેનો સ્થાનિક શિક્ષકગણ
(૪)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ બોરસદ	એમ.એ.	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	(૧) શ્રી. એસ. એસ. રાજ, શિક્ષક, 'સી' (૨) શ્રી. બી. પી. પટેલ, મદદનીશ જૂથ "એ"--"સી" (૩) શ્રી. એમ. આર. સોલંકી, મદદનીશ જૂથ "એ"--"બી"
(૫)	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	(૧) શ્રી. આઈ. જે. ધ્રુવ, શિક્ષક જૂથ "એ"-- "સી" (૨) શ્રી. કે. વી. વસાવડા, શિક્ષક જૂથ "સી"--"ડી" (૩) શ્રી. બી. એમ. ભટ્ટ, શિક્ષક જૂથ "સી"--"ડી"
(૬)	સરકારી સાયન્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર "બી"	(૧) શ્રી. એમ. જી. ઉમરાવકર, શિક્ષક જૂથ "બી" (૨) શ્રી. વાય. એમ. પંડ્યા, શિક્ષક જૂથ "બી" (૩) શ્રી. આઈ. આર. પટેલ, સ્ટેટિસ્ટિક્સ—શિક્ષક
(૭)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી"--"ડી"	(૧) શ્રી. વાય જે. ઠાકોર, શિક્ષક જૂથ "સી"--"ડી" (૨) શ્રી. પી. ડી. બડવા (મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર છે.) (૩) શ્રી. પી. એસ. ઉપાધ્યાય (મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર છે.)
(૮)	એમ. એન. સાયન્સ કૉલેજ વીસનગર	એમ.એ.	સંસ્કૃત	(૧) શ્રી. કે. જે. અજબીયા, શિક્ષક (૨) શ્રી. જે. એસ. પટેલ, મદદનીશ (૩) શ્રી. એન. જે. રાવળ, (જૂનથી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર છે.)
(૯)	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	સંસ્કૃત	(૧) શ્રી. બી. ટી. ભટ્ટ, શિક્ષક (૨) શ્રી. વી. જી. પંડ્યા, શિક્ષક

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	પદવી	અનુસ્નાતક કેન્દ્ર માટેનો વિષય	કૉલેજે જણાવ્યા મુજબ કેન્દ્ર માટેનો સ્થાનિક શિક્ષકગણ
(૧૦)	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ	એમ.એસસી.	ફિઝિકસ	(૧) શ્રી. જે. જી. પટેલ, શિક્ષક (૨) શ્રી. એમ. સી. શાહ, મદદનીશ (૩) શ્રી. ટી. સી. ભાલજા (જૂન ૧૯૭૧થી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા મેળવવાને પાત્ર થશે.)
(૧૧)	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	(૧) શ્રી. એમ. એસ. વ્યાસ, શિક્ષક, ઑર્ગેનિક (૨) શ્રી. આઈ. એસ પટેલ, મદદનીશ, ઑ. (૩) શ્રી. એલ. બી. પટેલ, શિક્ષક ઑ. (જૂન ૧૯૭૧થી જોડાશે) (૪) શ્રી. કે. એન. વોરા, મદદનીશ (જૂન ૧૯૭૧થી જોડાશે)
(૧૨)	સરકારી સાયન્સ કૉલેજ, ભાંધીનગર	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	(૧) ડૉ. વી. એ. વ્યાસ, શિક્ષક--ઑ. (૨) શ્રી. એચ. સી. પટેલ, શિક્ષક--ઑ.

પ્રશ્ન ૧ : (ગ) જૂન ૧૯૭૧માં કોઈ વિષયમાં નવું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાનું છે તેને કારણે તે વિષયમાં અનુસ્નાતક માન્યતા ન ધરાવતા અને તે કૉલેજમાં નોકરીમાં હોય તેવા અધ્યાપકોને છૂટા કરીને અનુસ્નાતક માન્યતા ધરાવતા શિક્ષકોની નવી નિમણૂક થઈ છે કે થવાની છે એ સંબંધી યુનિવર્સિટીને કંઈ માહિતી મળી છે ખરી ?

ઉત્તર ૧ : (ગ) ના, જી.

પ્રશ્ન ૧ : (ઘ) નોકરીમાં ચાલુ હોય તેવા અધ્યાપકોને છૂટા કરીને વ્યાપારી હિતો સાધવા આવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ થતાં હોય તો તે માટે યુનિવર્સિટીએ તે વિષયના અધ્યાપકોને છૂટા ન કરવાની શરતો, અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની છૂટ આપવા વિષે યુનિવર્સિટી વિચારે છે કે કેમ ?

ઉત્તર ૧ : (ઘ) "વ્યાપારી હિતો સાધવા"ની બાબતમાં આ કાર્યાલય પાસે માહિતી નથી, એ સ્પષ્ટતા સાથે પ્રશ્નમાં અભિપ્રેત છે એવો કોઈ પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૨ : (ક) તા. ૧--૪--૧૯૬૮ પછી ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થાના દરો જ્યારે જ્યારે વધાર્યા છે તેના પરિપત્રો યુનિવર્સિટી પર કયારે આવ્યા અને યુનિવર્સિટીના કર્મચારીઓને તે કયારથી લાગુ પાડવામાં આવ્યા ?

ઉત્તર ૨ : (ક) રાજ્ય સરકારનો આ અંગેનો કોઈ ઠરાવ યુનિવર્સિટીને મોકલવામાં આવ્યો હોય તેમ જણાતું નથી, પણ ઠરાવની નકલ સચિવાલયમાંથી મેળવીને આ બાબત સિન્ડિકેટની તા. ૧૧/૧૨--૭--૧૯૭૦-ની સભા સમક્ષ મૂકેલી હતી. આ ઠરાવનો અમલ રાજ્ય સરકારે જે તારીખથી કરેલો છે તે તારીખથી જ યુનિવર્સિટીના કર્મચારીઓને માટે કરવામાં આવેલો છે.

પ્રશ્ન ૨ : (ખ) તા. ૧-૪-૧૯૬૮ પછી ગુજરાત સરકારે વધારેલા મોંઘવારી ભથ્થાના દરો સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને લાગુ પાડવામાં હજુ સુધી આવ્યા નથી તો આ પ્રસ્તાવ યુનિવર્સિટી સિન્ડિકેટની વિચારણા હેઠળ છે કે કેમ ?

ઉત્તર ૨ : (ખ) સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટની વિચારણા હેઠળ મૂકવામાં આવેલો છે.

પ્રશ્ન ૨ : (ગ) ગુજરાત સરકારે તા. ૧-૪-૧૯૬૮ પછી મોંઘવારી ભથ્થાના જે દરો વધાર્યા છે તેના પરિપત્રો યુનિવર્સિટીને મોકલી આપ્યા હોય તો તેની (મોંઘવારી ભથ્થાના દરના કોષ્ટકો સાથે) વિગતો આપો.

ઉત્તર ૨ : (ગ) ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થાના કોઈ પરિપત્રો મોકલી આપ્યા નથી પણ આ પરિપત્રો સચિવાલયમાંથી મેળવી લેવામાં આવે છે, જેની નકલ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.

[૭] આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલીક કૉલેજોએ એક કે વધુ માસના પગારની ચુકવણી કરી નથી એ વાત યુનિવર્સિટીના લક્ષમાં આવી છે ખરી ?

ઉત્તર ૧ : (ક) હા, જી.

પ્રશ્ન ૧ : (ખ) આ હકીકત કયારે યુનિવર્સિટીના લક્ષમાં આવી અને તેની વિગતો કઈ છે ?

પ્રશ્ન ૧ : (ગ) આ બાબતમાં યુનિવર્સિટીએ કયાં પગલાં લીધાં છે ?

ઉત્તર ૧ : (ખ) અને (ગ): સદરહુ માહિતી નીચે દર્શાવી છે :

પગાર ન ચુકવનાર કૉલેજનું નામ	હકીકત યુનિવર્સિટીના લક્ષમાં કયારે આવી ?	યુનિવર્સિટીએ લીધેલાં પગલાં
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર	તા. ૨૦-૧૦-૧૯૭૦ના રોજ	આ અંગે આચાર્યશ્રીનું વકતવ્ય મગાવવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ તેમના તા. ૧-૨-૧૯૭૧ના પત્રથી જણાવ્યું છે કે ચઢેલા બધા પગાર માર્ચ ૧૯૭૧ના અંત સુધીમાં ચૂકવાઈ જશે.

પ્રશ્ન ૧ : (ઘ) આવતા વર્ષના ચાલુ જોડાણની ભલામણ કરતાં પહેલાં યુનિવર્સિટી પાસે શૈક્ષણિક અને અન્ય સ્ટાફને તેમની નીકળતી બાકી રકમ અપાવવા માટે શો પ્રબંધ કર્યો છે ?

ઉત્તર ૧ : (ઘ) સદરહુ કૉલેજની જૂન ૧૯૭૧થી જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે જોડાણની ભલામણ કરવા માટેની શરતોમાં નીચેની શરત પણ મૂકવામાં આવી છે :

"૬. તા. ૧-૩-૧૯૭૧ સુધીમાં શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું વગેરેની અત્યાર સુધીની બાકી રહેલી રકમો ચેકથી પૂરેપૂરી ચૂકવી આપવામાં આવે અને તા. ૩૧-૩-૧૯૭૧ સુધીમાં રૂ. ૫૦,૦૦૦ની રકમનું ભંડોળ એકત્ર કરવામાં આવે."

સંલગ્ન કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે યુનિવર્સિટીએ કોઈ ધારાધોરણ ઘડ્યાં ન હોઈ તે અંગે કોઈ પ્રબંધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૨ : (ક) પ્રતિવર્ષ પુસ્તકો પેટે જે આવર્તક ખર્ચ કરવું જોઈએ તે લક્ષમાં લેતાં જે સમગ્ર ખર્ચ થવું જોઈએ તેના કરતાં ઓછા મૂલ્યનાં પુસ્તકો કેટલીક કૉલેજોમાં છે તેવી હકીકત સ્થાનિક તપાસસમિતિ દ્વારા કે કૉલેજોમાં અન્ય રીતે યુનિવર્સિટીના લક્ષમાં આવી છે ?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) આવા કિસ્સાઓમાં વધારાનું જોડાણ આપતાં કે જોડાણનું રિન્યુઅલ કરતાં પહેલાં આ ઊણપો દૂર થાય તે માટે યુનિવર્સિટીએ પગલાં લીધાં છે ?

ઉત્તર ૨ : (ખ) હા, જી.

પ્રશ્ન ૩ : (ક) આવતા વર્ષથી વાણિજ્ય વિદ્યાશાખામાં અભ્યાસક્રમનું નવું માળખું અમલમાં આવે છે તે વાત સાચી છે ?

ઉત્તર ૩ : (ક) અભ્યાસક્રમ અંગેનું નવું માળખું ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કર્યું છે, પણ તેના અભ્યાસક્રમની વિગતો અભ્યાસસમિતિએ હજુ ઍકેડેમિક કાઉન્સિલ પાસે રજૂ કરવા માટે તૈયાર કરી નથી.

પ્રશ્ન ૩ : (ખ) આ નવું માળખું અમલી બનતાં પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના વર્ગ માટે બિઝનેસ મૅથેમેટિક્સનું એક પ્રશ્નપત્ર દાખલ થાય છે તે વાત સાચી છે ?

ઉત્તર ૩ : (ખ) હા, જી.

પ્રશ્ન ૩ : (ગ) આ પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ હજુ સુધી તૈયાર થયો નથી, એ વાત સાચી છે ?

ઉત્તર ૩ : (ગ) ના, જી. આ વિષયનો અભ્યાસક્રમ અભ્યાસસમિતિએ તૈયાર કર્યો છે.

પ્રશ્ન ૩ : (ઘ) "ક"નો ઉત્તર "હા"માં હોય તો આ પ્રશ્નપત્ર દાખલ થતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી જાય તે ભયે આ કામને ઢીલમાં પાડવા માગે છે તે વાત સાચી છે ?

પ્રશ્ન ૩ : (ચ) જો આ સાચું ન હોય તો કયા કારણસર આ કામ ઢીલમાં પડયું છે તે જણાવશો ?

ઉત્તર ૩ : (ઘ) અને (ચ) : પ્રશ્ન ૩ (ગ)નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

પ્રશ્ન ૪ : હાજરી પૂરી ન થઈ હોય તેવા કારણસર વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓનાં ફૉર્મ અટકાવવામાં આવ્યાં છે તેની માહિતી આપી શકાશે ?

ઉત્તર ૪ : સને ૧૯૬૮, ૧૯૬૯ અને ૧૯૭૦નાં વર્ષોમાં વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ખૂટતી હાજરીની જે વિગતો કૉલેજો પાસેથી મળેલી તેને આધારે જે વિદ્યાર્થીઓનો પરીક્ષા-પ્રવેશ અટકાવવામાં આવ્યો હતો તેમની સંખ્યા નીચે મુજબ હતી :

વિદ્યાશાખા	૧૯૬૮	૧૯૬૯	૧૯૭૦
વિનયન	૧૮	૧૬	૪૮
વાણિજ્ય	૧૧	૭	૨૦

[૮] **શ્રી. ભોળાભાઈ બી. પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : મારા તા. ૧૧--૧--૧૯૭૧ના પત્રમાં મેં નીચેની કાર્યવાહી બાબતે યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરી છે :

(ક) યુનિવર્સિટી હૉસ્ટેલના એ--બી બ્લૉકને તારની વાડ કરાવવા બાબત

(ખ) એ--બી બ્લૉકમાં પંખા મુકાવવા

(ગ) એ--બી બ્લૉકમાં કબાટ કરાવવાં

(ઘ) રિસર્ચ સ્કૉલરને હૉસ્ટેલમાં ફ્રી સગવડ બાબત

(ચ) ફૅમિલી સાથે રહેતા રિસર્ચ સ્કૉલરને યોગ્ય ભાડાથી ટીચર્સ હૉસ્ટેલમાં સગવડ આપવા બાબત.

(છ) એ--બી અને સી--ડી બ્લૉકના રસોડાનો વહીવટ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટલ સ્ટોર હસ્તક લેવા બાબત.

ઉપરોકત બાબતો દર્શાવતા મારા તા. ૧૧--૧--૧૯૭૧ના પત્રની આ કાર્યાલયે અત્યાર સુધીમાં શી કાર્યવાહી કરી ?

ઉત્તર : ૧ સદરહુ સૂચનો અંગે નીચે મુજબ હકીકત છે :

(ક) અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ કરેલી તારની વાડમાં યુનિવર્સિટીની 'એ' અને 'બી' હૉસ્ટેલોનો સમાવેશ થઈ જાય છે, જેથી જુદી વાડ કરવાનું જરૂરી જણાયું નથી. 'સી' અને 'ડી' અને લેડીઝ હૉસ્ટેલ માટે તારની વાડ કરવામાં આવી છે.

(ખ) બોઈઝ હૉસ્ટેલ 'એ' બ્લૉક તથા લેડીઝ હૉસ્ટેલ માટે સીલિંગ ફેન મૂકવાનો પ્રસ્તાવ મંજૂર થયો છે અને પંખા ખરીદવાની કાર્યવાહી ચાલી રહી છે.

(ગ) લેડીઝ હૉસ્ટેલ તથા બોઈઝ હૉસ્ટેલ 'સી' અને 'ડી' બ્લૉકમાં સ્ટીલનાં કબાટ પૂરાં પાડવામાં આવ્યાં છે. 'એ' અને 'બી' બ્લૉકનાં કબાટ માટે સ્થપતિ પાસેથી ડિઝાઈન માગી છે. આ હૉસ્ટેલમાં છાજલીવાળાં કબાટ છે ત્યાં બારણાં કરવાનાં છે. આ બાબત બિલ્ડિંગ કમિટી સમક્ષ છે.

(ઘ) } આ સૂચન અંગે હાલ કાર્યવાહી ચાલુ છે.
(છ) }

(ચ) યુનિવર્સિટીના ટીચર્સ હૉસ્ટેલના રિસર્ચ સ્કૉલરોને રહેઠાણો આપવાનું નક્કી કર્યું છે.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટી હૉસ્ટેલ સલાહકાર સમિતિએ 'સી'--'ડી' બ્લૉકની પાછળ વહેતા ગંદા પાણીથી થતા મચ્છરોના ત્રાસથી બચવા ડ્રેનેજની વ્યવસ્થા કરવા યુનિવર્સિટી કાર્યાલયને ભલામણ કરેલી છે. આ બાબતમાં યુનિવર્સિટી કાર્યાલયે શું કર્યું ?

ઉત્તર ૨ : ૧૩૨'ના સૂચિત ટી.પી. રોડ પર ડ્રેનેજ લાઈન માટે અ. મ્યુ. કૉર્પોરેશન સાથે પત્રવ્યવહાર ચાલે છે. આ ડ્રેનેજ કનેકશન મળતાં તુરત હૉસ્ટેલ 'સી' તથા 'ડી' બ્લૉકને ડ્રેનેજ કનેકશન મળી શકશે.

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટી ઍકટ ૧૯૪૯ની કલમ ૨૦ની પેટાકલમ ૧૫માં જે "સ્ટાફ" શબ્દ વાપરવામાં આવ્યો છે તેનો અર્થ ફકત "ટીચિંગ સ્ટાફ" તેવો જ અત્યાર સુધીમાં શા માટે કરવામાં આવ્યો છે તેનાં કારણો તથા સ્પષ્ટતા આપશો ?

ઉત્તર ૩ : આ બાબતમાં અર્થઘટન અંગેના પ્રશ્ન ઊભો થતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮ હેઠળ કુલાધિપતિશ્રીને તે માટે વિનંતી કરતાં તેઓશ્રીએ નિર્ણય આપ્યો છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ (૧૫) હેઠળ ગુજરાત યુનિવર્સિટીને તેની સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નોકરીની શરતો નિયત કરવાની સત્તા નથી.

પ્રશ્ન ૪ : (ક) ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળે પોતાની માગણીઓનું આવેદન-પત્ર કે જે કુલાધિપતિશ્રીને તા. ૧૩--૪--૧૯૭૦ના રોજ સોંપેલું તે કાર્યાલયને ક્યારે મળ્યું ?

ઉત્તર ૪ : (ક) તા. ૯--૯--૧૯૭૦ના રોજ.

પ્રશ્ન ૪ : (ખ) આ આવેદનપત્ર તા. ૧૧--૨--૧૯૭૧નો સિન્ડિકેટ સમક્ષ રજૂ થયું તે પહેલાં તેના ઉપર કોઈ કાર્યવાહી કાર્યાલય તરફથી હાથ ધરાઈ હતી ?

ઉત્તર ૪ : (ખ) આ અંગેની બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બોર્ડ સમક્ષ વિચારણા હેઠળ મૂકવામાં આવેલી હતી.

પ્રશ્ન ૪ : (ગ) જવાબ "હા"માં હોય તો કઈ કાર્યવાહી હાથ ધરાઈ ?

ઉત્તર ૪ : (ગ) ઉત્તર ૪ (ખ) ના જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪ : (ઘ) જવાબ જો "ના"માં હોય તો આટલો વખત તેના ઉપર કોઈ પણ પગલાં કેમ ન લેવામાં આવ્યાં તેનાં કારણો આપશો ?

ઉત્તર ૪ : (ઘ) ઉત્તર ૪ (ખ)ના જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫ : યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને પરીક્ષા સમય દરમિયાન ઓવરટાઇમનાં ભથ્થાં આપવામાં આવે છે જ્યારે યુનિવર્સિટીની ચૂંટણી તેમ જ કાર્યાલયનાં અન્ય કાર્યો દરમિયાન યુનિવર્સિટી કર્મચારીઓ તેમની નોકરીના સમય કરતાં વધારે સમયની સેવાઓ આપે છે તેવા સંજોગોમાં તેમને ઓવરટાઇમનાં ભથ્થાં કેમ આપવામાં આવતાં નથી ?

ઉત્તર ૫ : પરીક્ષાની મોસમોમાં પરીક્ષા કામ માટે જ ઓવરટાઇમ કામનું ભથ્થું આપવાનું સિન્ડિકેટે મંજૂર કરેલું છે. તે સિવાયના કામ માટે ઓવરટાઇમ કામનું ભથ્થું આપવાનું સિન્ડિકેટે મંજૂર કરેલું નથી.

તે પછી સભાગૃહની સંમતિથી બપોરે ૨--૦૦ વાગ્યા સુધી સભાગૃહનું આગળનું કામકાજ હાથ ધરવાનું બંધ રાખવામાં આવ્યું, અને બપોરે ૨--૦૦ વાગ્યે સભાગૃહનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૪. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૭ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો, તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા એક પૂર્ણ સમયના ટ્યૂટર;

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. ડી. એન. પાઠકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. ડી. એન. પાઠકે રજૂ કર્યો, તેને આચાર્ય વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.-(સબો.)માં ફારસીનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. કે. આર. ચંદ્રશેખરને** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ

અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. કે. આર. ચન્દ્રશેખરને રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

ચર્ચા દરમિયાન શ્રી. ઇન્દ્રવદન મોદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને પ્રો. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પ્રસ્તાવ પર મતદાન લેતી વખતે કાનૂની મુદ્દો ઊભો થયો કે સ્ટે. ૫૦ અન્વયે આ પ્રસ્તાવની મંજૂરી માટે ઓછામાં ઓછી ½ જેટલી બહુમતી મેળવવી જરૂરી છે. તે ½ બહુમતી હાજર સભ્યોની કે કુલ સભ્યોની હોવી જોઈએ તે નક્કી કરવું જોઈએ.

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સ્ટે. ૫૦ અન્વયે જે ½ જેટલી બહુમતી જરૂરી છે તે સભાગૃહમાં મતદાન વખતે હાજર હોય તે સભ્યોની ઓછામાં ઓછી ½ જેટલી બહુમતી જરૂરી છે.

તે પછી શ્રી. ઇન્દ્રવદન મોદીના આ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર સભ્યોના ½ કરતાં વધુ સભ્યોનો ટેકો મળ્યો.

તે પછી આચાર્ય ય. પ્રા. શુક્લે ગુપ્ત મતદાન કરવા માગણી કરતાં પ્રમુખશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીદારો (tellers) તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય રામપ્રસાદ એમ. શુકલ
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) ડૉ. જે. બી. હરિભક્તિ
(૪) પ્રો. ડી. એન. પાઠક.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૧૦૭
વિરુદ્ધમાં	૪૦
નિરર્થક	૧
કુલ	૧૪૮.

આમ શ્રી. ઇન્દ્રવદન મોદીનો ઉપરનો પ્રસ્તાવ સભાગૃહે મંજૂર કર્યો.

તે પછી સેનેટનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું અને સમિતિનું કામ શરૂ થયું.

દરમિયાન સદરહુ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલ એક શિક્ષકને વળતરની ચુકવણી અંગેના પ્રશ્ન અંગે ચર્ચાવિચારણા થઈ.

આ બાબત પર ચર્ચાવિચારણા ચાલતી હતી તે, પદવીદાન સમારંભનો સમય થતાં, અધૂરી રહી અને સમિતિનું કામકાજ તે દિવસ પૂરતું બંધ કરવામાં આવ્યું, અને તા. ૨૦--૩--૧૯૭૧ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે પાછું ફરીથી હાથ ધરવામાં આવ્યું.

ચર્ચાવિચારણા દરમિયાન પ્રો. જસવંત ઠાકરનો તા. ૨૦--૩--૧૯૭૧ નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જેમાં તેમણે અદાલતમાં કૉલેજ સામે કરેલો વળતર અંગેનો પોતાનો દાવો પાછો ખેંચી લેવાની

તૈયારી બતાવી હતી. તે પછી આચાર્ય ય. પ્રા. શુક્લે જણાવ્યું કે સદરહુ પ્રશ્ન અંગે તેમની કૉલેજના સંચાલક મંડળના પ્રતિનિધિ અને પ્રો. જશવંત ઠાકર એ બેઉની સાથે કુલપતિશ્રી વાતચીત કરશે અને તે પછી મંડળ કુલપતિશ્રીનો જે નિર્ણય હશે તેનો અમલ કરશે. આ પછી સમિતિએ નીચે મુજબ રિપોર્ટ કર્યો કે :

પ્રોફેસર ચન્દ્રશેખરને રજૂ કરેલો પ્રસ્તાવ છે તેના તે જ રૂપમાં મંજૂર કરવામાં આવે.

તે પછી કુલપતિશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી સમિતિના રિપોર્ટ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો. આમ પ્રો. ચંદ્રશેખરને રજૂ કરેલો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર થયો.

૬. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ઈતિહાસના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટે; તથા બી.એ.(સભો.)માં ફારસી, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઉર્દૂના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ઈતિહાસ; તથા બી.એ.(સભો.)માં ફારસી, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ફારસીના વ્યાખ્યાતા
   (૨) વિનયન વિભાગ માટે અલગ વ્યાયામ શિક્ષક;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એન. બી. જોષી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એન. બી. જોષીએ રજૂ કર્યો, તેને ડૉ. ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્યા ઊર્મિલાબહેન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીને પરવાનગી આપી. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા તે પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું અને સમિતિનું કામકાજ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ પોતાનો રિપોર્ટ સેનેટને નીચે મુજબ કરવાનું ઠરાવ્યું :

મૂળ પ્રસ્તાવમાં સૂચવવામાં આવેલી જોડાણની શરતોમાં નીચેની શરત, શરત નં. ૪ તરીકે ઉમેરવામાં આવે :

"૪. સદરહુ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા શિક્ષક/શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ વળતરની ચુકવણી કરવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર સાથે મત લેવામાં આવતાં તે મૂળ પ્રસ્તાવ સમિતિના રિપોર્ટ સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત; તથા બી.એ.(સભા.)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત; તથા બી.એ.(સભા.)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬--૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. પી. ઠાકરે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય વી. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧—૫—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. વાચનાલય—પુસ્તકાલય માટેનો ખંડ તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. મણિશંકર** પંડ્યાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ કૉલેજ, સંખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. મણિશંકર પંડ્યાને બદલે આચાર્ય ડી. એસ. જોશીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા

સેનેટને ભલામણ કરવી :

૧. જરૂરી વર્ગ-ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડના લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. એસ. જોશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલાં શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એસ. જોશીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે; તથા બી.એ. (સબો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા.૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધી ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ફારસીના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે ફારસી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય **વી. બી. અધ્વર્યુ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. બી. અધ્વર્યુએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી અને ઇતિહાસ; તથા બી.એ.(સભા.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને ઇતિહાસ; તથા બી.એ.(સભા.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના પ્રાધ્યાપક
   (૨) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક;
૨. નવા માગેલ વિષયો તથા સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા લક્ષમાં લઈને ગ્રંથાલયનો વિસ્તાર કરવામાં આવે તથા પુસ્તકાલય અને વાચનાલય માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;
૩. સંસ્કૃત અને સમાજશાસ્ત્ર અંગે પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો-સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. એચ. ગાંધીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એચ. ગાંધીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ :
(અ) નાટ્યવિદ્યા તથા પત્રકારિત્વના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.
(બ) બી.એસસી. (રૂપે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ સુધીના નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો; તથા બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નાટ્યવિદ્યાના અભ્યાસક્રમમાં નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) નાટ્યનિર્માણ(પ્રોડક્શન)ના વ્યાખ્યાતા
(૨) પ્રકાશ આયોજન(લાઇટિંગ)ના ટ્યૂટર
(૩) રંગભૂમિ સંબંધી કલા(સ્ટેજ ક્રાફ્ટ)ના ટ્યૂટર;

૨. વૉર્ડરોબ, લાઇટિંગ ઇક્વિપમેન્ટ, સીનરી મટિરિયલ્સ, મેક-અપ મટિરિયલ્સ, ટેપરેકૉર્ડિંગ મશીન વગેરે સાધનસામગ્રી માટે બંને વર્ષના અભ્યાસક્રમ મળીને રૂ. ૧૫,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦ તથા સામયિકો માટે રૂ. ૨,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૨) કીટાણુવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૩) લેબોરેટરી આસિસ્ટન્ટ;

૫. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં જરૂરી ફેરફાર કરવામાં આવે;

૬. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળાનું બાંધકામ હાથ ધરવામાં આવે અને તે બે વર્ષમાં પૂરું કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૪૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. પી. ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગુજરાત કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો. તે પર આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સિન્ડિકેટ તરફથી રજૂ થનારા પ્રસ્તાવોમાં બીજી પંક્તિમાં 'શરતોનું પરિપાલન થયેથી' પછી 'અને એ શરતોમાંની ચોથી શરતનું યથાર્થ પરિપાલન કરવાનો સરકારી ઠરાવ થયેથી' શબ્દો ઉમેરવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે સુધારો આચાર્ય ધીરુભાઈ ઠાકરે સભાગૃહની સંમતિથી સ્વીકારી લીધો.

તે પછી ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પછી સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું અને સમિતિનું કામ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવ્યું :

"મૂળ પ્રસ્તાવમાં સૂચવવામાં આવેલી જોડાણની શરતો પૈકી શરત નં. ૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

(૯) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા-ભથ્થું તથા પ્રોવિડંટ ફન્ડનો લાભ આપવામાં આવે અને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સુધારવા-માં આવેલાં શિક્ષકોનાં પગારધોરણો, યુનિવર્સિટીએ સૂચવેલાં પગારધોરણો કરતાં ઓછાં ન હોય તે સ્પષ્ટતા સાથે, તેને અમલમાં મૂકીને તે કૉલેજના તમામ શિક્ષકોને પૂરેપૂરું વેતન ચૂકવી આપવામાં આવે.

વધુમાં ઉપરની શરત નં. ૯ ઉપર મુજબ સુધરતાં આચાર્ય બી. આર. પટેલે રજૂ કરેલો સુધારો જરૂરી રહેશે નહીં અને તેથી તે સુધારો રદ કરવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી સદરહુ સુધારા સાથેનો મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર સાથે મત લેવામાં આવતાં સુધારા સાથેનો મૂળ પ્રસ્તાવ સમિતિના રિપોર્ટ સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સ્પષ્ટતા આ આચાર્ય બી. આર. પટેલનો સુધારો જરૂરી રહ્યો નહીં, અને તેથી તે રદ ગણવામાં આવ્યો.

૧૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સભા.)માં તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા ચાલુ જોડાણ માટેની; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સભા.)માં તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હિન્દીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. હિન્દી મુખ્ય વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. એમ. શુક્લે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેનાં ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય હરિહરભાઈ શુક્લે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સિન્ડિકેટ તરફથી રજૂ થનારા પ્રસ્તાવોમાં બીજી પંક્તિમાં 'શરતોનું પરિપાલન થયેથી' પછી 'અને એ શરતોમાંની ચોથી શરતનું યથાર્થ પાલન કરવાનો સરકારી ઠરાવ થયેથી' શબ્દો ઉમેરવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો નહીં, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહીં.

તે પછી ડૉ. એ. એમ. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાનું કામકાજ બંધ (Suspend) રાખવામાં આવ્યું, અને સમિતિનું કામ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

મૂળ પ્રસ્તાવમાં આવેલી જોડાણની શરતો પૈકીની શરત નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

> "૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગાર, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફન્ડનો લાભ આપવામાં આવે અને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સુધારવામાં આવેલાં શિક્ષકોનાં પગારધોરણો, યુનિવર્સિટીએ સૂચવેલાં પગારધોરણો કરતાં ઓછાં ન હોય તે સ્પષ્ટતા સાથે, તે અમલમાં મૂકીને તે કૉલેજના તમામ શિક્ષકોને પૂરેપૂરું વેતન ચૂકવી આપવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર મત લેવામાં આવતાં તે મૂળ પ્રસ્તાવ સમિતિના રિપોર્ટ સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. કે. જી. દેસાઈએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. કે. જી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રો. મનુભાઈ પંચોલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિનિસ.)માં ગુજરાતી અને હિંદી, તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની; તથા બી.એ.-(પ્રિનિસ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની; તથા બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિનિસ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી, તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણ-વિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા

(૨) ગણિતશાસ્ત્રના ટ્યૂટર;

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં જણાવેલ શરતો પછી શરત ક્રમાંક ૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરીને તે પછી વંચાય તે શરતોએ જોડાણ આપવા માટે સદરહુ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો :

૫. (૧) શ્રી. ડી. જે. પટેલ, (૨) શ્રી. એચ. એચ. પટેલ અને (૩) શ્રી. બી. એમ. શુક્લને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે પ્રમાણેનો મળવા પાત્ર પૂરેપૂરો પગાર (કોઈ જાતની કપાત સિવાય) સર્વે ભથ્થાં સહિત સદરહુ કૉલેજ તરફથી ચૂકવવામાં આવે અને પ્રૉવિડંટ ફંડ, વળતર ઇત્યાદિ જે લાભો તેમને તેમની સેવાના સાતત્યથી મળી શકે છે તે તમામનો લાભ પણ કૉલેજ તરફથી આપવામાં આવે તથા શ્રી. પી. એસ. પટેલને તા. ૧—૯—૧૯૬૭થી એટલે કે તેઓ જે તારીખથી પ્રાધ્યાપક તરીકે નિમાયા તે તારીખથી તેમનાં હિતોને કોઈ પ્રતિકૂળ અસર ન થાય તે રીતે પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ તે તારીખથી આ કૉલેજમાં સતત ચાલુ રાખવામાં આવે."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. ઝીણાભાઈ દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે વધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. બેચરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો મૂકવા માટે પ્રો. કે. એસ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

શ્રી. ઝીણાભાઈના ઠરાવમાં 'સિન્ડિકેટનો રિપોર્ટ' એ શબ્દો પછી નીચે મુજબ ઉમેરીને મૂળ ઠરાવ વંચાય તે રીતે સુધારો સામેલ કરવો :

સિન્ડિકેટનો રિપોર્ટ—"એમાં ઉલ્લેખાયેલા અધ્યાપકોની નોકરી, જૂન ૧૯૭૧થી શરૂ થતા વર્ષમાં પણ તેમના બધા હક્કો સહિત, આધારિત રીતે ચાલુ રહેશે એ સ્પષ્ટતા અને સુધારા સાથે..."

ઉપરનો સુધારો પ્રો. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો, પણ કેટલીક ચર્ચાવિચારણા બાદ પ્રો. કે. એસ. શાસ્ત્રીએ પોતાનો સુધારો સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

નીચેનો સુધારો રજૂ કરવાની શ્રી. ઇન્દ્રવદન મોદીએ નોટિસ આપી હતી :

"આથી ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટના રિપોર્ટની ભલામણમાં જણાવેલ શરતો પછી શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરીને તે પછી વંચાય તે શરતોએ જોડાણ આપવા માટે આ સભા ભલામણ કરે છે :

"(૬) (૧) શ્રી. ડી. જે. પટેલ, (૨) શ્રી. એચ. એચ. પટેલ અને (૩) શ્રી. બી. એમ. શુક્લને આપેલ નોટિસ જે મોકૂફ રાખવામાં આવી છે તેને રદબાતલ ગણવામાં આવે."

ઉપરના સુધારા પછી મૂળ ઠરાવ સુધારા સાથે નીચે પ્રમાણે વંચાશે :

"(૧) આથી સેનેટની આ સભા યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેના સિન્ડિકેટના રિપોર્ટ ઉપર્યુક્ત સુધારા સહિત સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે અને આ સુધારાથી વધારેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એવી રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો શ્રી. ઈન્દ્રવદનભાઈ મોદીએ રજૂ કર્યો, તેને પ્રો. બબાભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં સૂચવ્યું છે તે પ્રમાણે અન્ય કોઈ સંસ્થાના અધ્યાપકોને તેણે આપેલી નોટિસ રદબાતલ કરીને તેમને નોકરીમાં ચાલુ ગણવામાં આવે અ મતલબની જોડાણની શરત મૂકીને આ યુનિવર્સિટી એ સંસ્થાને આદેશ આપી શકે?

કુલપતિશ્રીએ ચુકાદો આપ્યો કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

તે પછી શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર ચર્ચાવિચારણા આગળ ચાલી. તે દરમિયાન શ્રી. લાલભાઈ ર. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને શ્રી. ઈન્દ્રવદન મોદીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાનું કામકાજ મોકૂફ (suspend) રાખવામાં આવ્યું, અને સમિતિનું કામ શરૂ થયું. કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

મૂળ પ્રસ્તાવમાં સૂચવવામાં આવેલી જોડાણની શરતોમાં નીચેની શરત, શરત નં. ૬ તરીકે ઉમેરવામાં આવે :

"(૧) શ્રી. ડી. જે. પટેલ, (૨) શ્રી. એચ. એચ. પટેલ અને (૩) શ્રી. બી. એમ. શુકલ અંગે ઉપસ્થિત થયેલ બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને, યુનિવર્સિટી સિન્ડિકેટના ધ્યાન પર લાવી સિન્ડિકેટની સૂચના મુજબ કૉલેજ વર્તશે તેવી બાંયધરી આપવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર મત લેવાતાં તે મૂળ પ્રસ્તાવ, સમિતિના રિપોર્ટ સાથે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.) માં અંગ્રેજી, ઇતિહાસ અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૫—

૧૯૭૧ સુધીમાં કરે તો **તેને** બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના પ્રાધ્યાપક
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૪) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૫) ફેમિલી હેલ્થના વ્યાખ્યાતા;

૨. ગૃહવિજ્ઞાન, પ્રયોગશાળા, રસોડું, સ્ટોર, લેનુલક્ષ્મી ખંડ, વર્ગખંડો, પ્રદર્શન માટેની વ્યવસ્થા ઇત્યાદિની જોગવાઈ કરવામાં આવે;

૩. ગૃહવિજ્ઞાનના વિષયનાં સાધનો માટે રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે મુજબનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) ઇતિહાસના વિષય માટે ... રૂ. ૨,૦૦૦
(૨) અંગ્રેજીના ,, માટે ... રૂ. ૧,૦૦૦
(૩) ગૃહવિજ્ઞાનના ,, માટે ... રૂ. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વી. એન. જોશીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. એન. જોશીને બદલે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ પ્રો. કે. એસ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે.

તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો તથા બંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં હાજર રહેલ સભ્યોની ૨/૩ કરતાં પણ વધારે સભ્યોની અનુમતિ મળતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું અને સમિતિનું કામ શરૂ થયું. કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબનો રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

"મૂળ પ્રસ્તાવમાં સૂચવવામાં આવેલી જોડાણની શરતો પૈકી શરત નં. ૬ નીચે મુજબ થંચાય તે રીતે સુધારવામાં આવે :

યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રોવિડંટ ફન્ડનો લાભ આપવામાં આવે, અને તે કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા શિક્ષક/શિક્ષકો (આચાર્ય સહિત)ને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર નોટિસ-પે ચૂકવવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું, અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર સાથે મત લેવામાં આવતાં તે મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

૧૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર

(૩) વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૪) ગુજરાતીના પ્રાધ્યાપક
(૫) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. નીચે મુજબની પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

(૧) રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા
(૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા
(૩) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂ. ૪૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૩૦,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૧૫,૦૦૦

૫. વનસ્પતિવિજ્ઞાન (સ્પે.)માં શિક્ષણ માટે સુયોગ્ય બાગ તૈયાર કરવામાં આવે;

૬. ગ્રંથાલયમાં નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય અને ગૌણ વિષય દીઠ તેની સામે દર્શાવ્યા મુજબનો આવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦
(૪) ગણિતશાસ્ત્ર	...	રૂ. ૧,૦૦૦
(૫) ગુજરાતી	...	રૂ. ૨,૦૦૦;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો".

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એલ. ડી. દવે**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલાં ધોરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એલ. ડી. દવેની ગેરહાજરીમાં ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનન અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને બી.એ.(સબો.)માં હિંદી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૨) રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૩) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના પ્રાધ્યાપક
   (૫) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૬) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૭) હિંદીના વ્યાખ્યાતા
   (૮) તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા
   (૯) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૧૦) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૧૧) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા;
૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ આવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૨) ગણિતશાસ્ત્ર	...	રૂ. ૧,૦૦૦
(૩) ગુજરાતી	...	રૂ. ૧,૦૦૦
(૪) અંગ્રેજી	...	રૂ. ૧,૦૦૦
(૫) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. એમ. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય પ્રેમશંકર હ. ભટ્ટે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, હિંદી અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, હિન્દી અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬-૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફની નીચેના ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. ડી. ભટ્ટે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા નટવરસિંહજી આર્ટ્સ **એન્ડ** સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના **જોડાણ** અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલાં શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. ડી. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય સી. કે. અકુવાલાએ ટેકો આપ્યો.

તે પછી પ્રો. ઓ. ટી. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું, અને સમિતિનું કામકાજ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું:

"મૂળ પ્રસ્તાવમાં સૂચવવામાં આવેલ જોડાણની શરતો પૈકી શરત નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે:

યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રોવિડન્ટ ફન્ડનો લાભ આપવામાં આવે, અને સદરહુ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર વળતર અને પ્રોવિડન્ટ ફન્ડનાં બાકી રહેલાં નાણાંની ચુકવણી કરવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું, અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સદરહુ રિપોર્ટ બેઉ પર સાથે મત લેવામાં આવતાં તે મૂળ પ્રસ્તાવ સમિતિના રિપોર્ટ સાથે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૧થી બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ શિક્ષકગણની નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૬૧ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા;

૨. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા આ વિષયનાં ઓછામાં ઓછાં બે જર્નલ મંગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. આર. રાવે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના **જોડાણ** અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ **કૉલેજને** જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. આર. રાવની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે **મંજૂર** કરવામાં આવ્યો.

૨૧. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(ફિ.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૭--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; અને બી.એ.(સબો.)માં હિંદી, ઇતિહાસ,રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથાબી.એસસી.(ફિ.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની સુવિધાવાળું કૉલેજનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ **સંમત છે એમ** સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. જી. મુનશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા **બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરના જોડાણ** અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને **જોડાણ આપવામાં** આવે એમ રાજ્ય **સરકારને ભલામણ** કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ જી. **મુનશીની** ગેરહાજરીમાં આચાર્ય જે. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, **તેને આચાર્ય** પ્રેમશંકર હ. ભટ્ટે ટેકો આપ્યો.

. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. શ્રી રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૦--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :

ફેમિલી હેલ્થના બંડ સમયના વ્યાખ્યાતા;

૨. રસોડું, સ્ટોર, લૉન્ડ્રી વગેરે બંડોની સુવિધા સાથેનું ગૃહવિજ્ઞાનનું અલાયદું મકાન;

૩. ગૃહવિજ્ઞાનના વિષયમાં વધુ સાધનો વસાવવા રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગૃહવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. લીલાબહેન શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. ૨૭મી પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. લીલાબેન શાહે રજૂ કર્યો, તેને આચાર્ય પદ્માબહેન ફડિયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૧થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપક

(૨) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ

સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૪. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના પ્રાધ્યાપકો
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના વ્યાખ્યાતા;
૨. એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. કે. ત્રિવેદીએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીની ગેરહાજરીમાં આચાર્ય જે. સી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય બી. આર. પટેલે નોટિસ આપી હતી :

"સિન્ડિકેટ તરફથી રજૂ થનાર ઠરાવમાં (એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી) પછી 'શરત ૧ (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક સિવાયની' શબ્દો ઉમેરવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય બી. આર પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય બી. આર. પટેલે સભાગૃહની સંમતિથી ઉપરનો સુધારો પાછો ખેંચી લીધો.

શરત નં. ૧માં 'વાણિજ્યના પ્રાધ્યાપકો' એ શબ્દોને બદલે 'વાણિજ્યના પ્રાધ્યાપક' એ શબ્દ શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવા માટે પ્રમુખશ્રીએ મંજૂરી આપી.

તે પછી ઉપરના શાબ્દિક સુધારા સાથેના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. **સૌ. જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમા.)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સૌ. જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ. (સમા.)માં સમાજશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. વી. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. વી. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો. તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને પ્રો. કે. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની સંખ્યાના ૨/૩ કરતાં પણ વધુ મતથી મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સેનેટની સભાનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું, અને સમિતિનું કામ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

"જોડાણની શરતના મૂળ પ્રસ્તાવમાં 'તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ' એ શબ્દો રાખવામાં આવે, તથા જોડાણની શરતો પૈકીની શરત નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડન્ટ ફન્ડનો લાભ આપવામાં આવે, અને સદરહુ કૉલેજના શિક્ષકોનું વેતન પ્રતિમાસ તા. ૭મી પહેલાં શિડ્યુલ બૅન્કમાં જે તે શિક્ષકના ખાતામાં જમા કરાવવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું, અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સમિતિનો સદરહુ રિપોર્ટ એમ બેઉ પર સાથે મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટે; તથા બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતનો નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું

વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૩) વાણિજ્યના પ્રાધ્યાપક
(૪) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો તથા એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગના વિષયોનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૧ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. એ. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. એ. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પછી ડૉ. એ. એમ. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તેના પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની સંખ્યાના ૨/૩ કરતાં પણ વધારે સભ્યોની સંમતિ મળતાં તે વધુ મતે મંજૂર કરવામાં આવ્યો.

સદરહુ બાબત અંગેની ચર્ચાવિચારણા, તા. ૨૧-૩-૧૯૭૧ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું ત્યારે, અધૂરી રહી હતી, અને તે તા. ૨૨-૩-૧૯૭૧ના રોજ સભાગૃહ ફરી મળતાં બપોરે ૧૨-૩૦ વાગ્યે આગળ ચાલી હતી.

ચર્ચાવિચારણા દરમ્યાન એક સૂચન થયું કે સદરહુ કૉલેજને સ્થાનફેર કરવાની બાબતમાં સિન્ડિકેટે મૂકેલી શરત અંગે સિન્ડિકેટમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. તે પછી સમિતિએ સેનેટને નીચે મુજબ રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

"સદરહુ કૉલેજના જોડાણ અંગે આચાર્ય એચ. એ. પટેલે રજૂ કરેલો પ્રસ્તાવ છે તેના તે સ્વરૂપમાં મંજૂર કરવામાં આવે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું, અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

સદરહુ સમિતિએ સૂચવ્યા મુજબ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૪) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૫) વાણિજ્યના વ્યાખ્યાતા
   (૬) હિન્દીના વ્યાખ્યાતા;
૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈની ગેરહાજરીમાં શ્રી. રાજેન્દ્રરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સભા.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલનો ભલામણ

૨. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ વર્ગખંડો તથા સેનિટેશનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય સુવ્યવસ્થિત કરવામાં આવે તથા વાચનખંડ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે અગાઉની ઊણપ પેટે રૂ. ૧,૭૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૩૦,૦૦૦ની રકમનું ભંડોળ એકત્ર કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને અૅકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને પ્રો. મનુભાઈ પંચોલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૦. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૧થી તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા ચતુર્થ વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને તેણે ચાલુ વર્ષ ૧૯૭૦--૭૧ના જોડાણ માટેની શરતો, જેનું પરિપાલન મે ૧૯૭૦ સુધીમાં થવું જોઈતું હતું તે હજુ સુધી પણ કર્યું નથી, એ જોતાં જૂન ૧૯૭૧થી તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા ચતુર્થ વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે ભલામણ કરી શકાય એમ નથી એમ સિન્ડિકેટને જણાવવું."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના જોડાણ અંગેના સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને અૅકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ અનુસાર સદરહુ અભ્યાસક્રમ શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય બી. આર. પટેલે નોટિસ આપી હતી :

"સિન્ડિકેટ તરફથી ડૉ. એ. એમ. ત્રિવેદીએ જે ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી છે તેમાં 'આથી સેનેટની આ સભા ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના જોડાણ' પછીના શબ્દો રદ કરી તે સ્થાને નીચેના શબ્દો ઉમેરવામાં આવે :

'અંગેના સ્થાનિક તપાસસમિતિ, અૅકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના અભિપ્રાયોની નોંધ લે છે અને તેમ જ સંસ્થાને તેની આ પ્રકારની વર્તણૂક માટે ઠપકો આપે છે, અને સંસ્થાની ઉપયોગિતા તથા અધ્યાપકો અને વિદ્યાર્થીઓના ભવિષ્યનો વિચાર કરતાં સંસ્થા ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષની શરતોનું તેમ જ જૂન ૧૯૭૧થી શરૂ થતા ચતુર્થ વર્ષ બી.ઈ. (કેમ.)ના વધારાના અભ્યાસક્રમના જોડાણ માટેની શરતોનું પરિપાલન તા. ૧૫--૭--૧૯૭૧ સુધીમાં યુનિવર્સિટીનાં સંબદ્ધ સત્તામંડળને સંતોષ થાય તે રીતે કરે તે શરતે સદરહુ કૉલેજને તેણે માગેલું જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે.'"

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે (નેગેટિવ કરે છે) ને જોતાં તે કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનબહાર ગણી શકાય નહીં.

સદરહુ બાબતના સંદર્ભમાં પ્રમુખશ્રીની પરવાનગીથી આચાર્ય ડી. ડી. દેસાઈ અને આચાર્ય બી. નારાયણદાસના અનુક્રમે તા. ૧૧–૩–૧૯૭૧ તથા તા. ૧૭–૩–૧૯૭૧ના પત્રો સભાગૃહ સમક્ષ વાંચવામાં આવ્યા.

તે પછી આચાર્ય ય. પ્રા. શુક્લે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો, તથા પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં હાજર રહેલા સભ્યોની સંખ્યાના ૨/૩ કરતાં પણ વધુ સભ્યોએ તેને અનુમતિ આપી.

તે પછી સેનેટની સભાનું કામકાજ બંધ (suspend) રાખવામાં આવ્યું અને સમિતિનું કામ શરૂ થયું.

કેટલીક ચર્ચાવિચારણા બાદ સમિતિએ સેનેટને નીચે મુજબનો રિપોર્ટ કરવાનું ઠરાવ્યું :

"ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિ, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની ભલામણોની આ સભા નોંધ લે છે. આ પ્રકારની સંસ્થાની જરૂરિયાતોને પહોંચી વળવા અંગેની શરતોના પરિપાલન માટેની મૉનેજમેન્ટની શિથિલતા ક્ષમ્ય છે. પરંતુ આ પ્રકારનો અભ્યાસક્રમ આપનાર આ એકમાત્ર સંસ્થા હોઈ તેની ઉપયોગિતા જોતાં અને તેમના તા. ૧૧–૩–૧૯૭૧ તથા તા. ૧૭–૩–૧૯૭૧ના પત્રોને ધ્યાનમાં લેતાં ૧૯૭૦–૭૧ના શૈક્ષણિક વર્ષની શરતોનું તેમ જ જૂન ૧૯૭૧થી શરૂ થતા ચતુર્થ વર્ષ બી.ઈ. (કેમ.)ના વધારાના અભ્યાસક્રમના જોડાણ માટે યુનિવર્સિટીની સિન્ડિકેટ હવે પછી મૂકે તે શરતોનું પરિપાલન કરે અને આ પ્રકારની સંસ્થા અંગેના ભવિષ્ય માટેના આવર્તક તથા અનાવર્તક ખર્ચ માટેની વિગતોમાં જે પ્રકારની જવાબદારી ઉપાડવાની થાય તે અંગેની સિન્ડિકેટ માગે તે બાંયધરી તા. ૧૫–૧૧–૧૯૭૧ સુધીમાં યુનિવર્સિટીની સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે આપે તે શરતે સદરહુ કૉલેજને તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.) સુધીના અભ્યાસક્રમ શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા ચતુર્થ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમ શીખવવા માટેનું વધારાનું જોડાણ, તા. ૧૧–૬–૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું, આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

તે પછી પ્રમુખશ્રીએ સેનેટનું કામકાજ શરૂ થયેલું જાહેર કર્યું, અને સમિતિનો ઉપરનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ અને સમિતિના રિપોર્ટ બેઉ પર સાથે મત લેવામાં આવતાં તે મૂળ પ્રસ્તાવ સમિતિના રિપોર્ટ સાથે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી ચતુર્થ વર્ષ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને ચતુર્થ વર્ષ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એ. એમ. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૨. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી તથા ફર્સ્ટ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી અને સેકન્ડ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને એફ.વાય.ફાર્મ. ડિપ્લોમા અને ફર્સ્ટ બી.ફાર્મ.નું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી અને સેકન્ડ બી.ફાર્મ.નું તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના એક ટ્યૂટર અને બે ડેમોન્સ્ટ્રેટર

(૨) બાયોલોજી ઍન્ડ ફાર્માકોગ્નોઝીના એક ટ્યૂટર

(૩) ફિઝિયોલોજી ઍન્ડ ઍનેટોમીના એક ટ્યૂટર

(૪) ફાર્માસ્યુટિક્સના એક ટ્યૂટર

(૫) અંગ્રેજીના એક ટ્યૂટર

(૬) એન્જિનિયરિંગ વિષયના એક વ્યાખ્યાતા;

૨. સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવેલ પરિશિષ્ટ "ડી" પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે;

૩. પુસ્તકો માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એસ.** શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એસ. શાહની ગેરહાજરીમાં ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૩. નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી મજકૂર કૉલેજનું વિભાગીકરણ કરવા તથા વિભાગીકરણને અંતે જુદી પડતી (૧) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા; અને (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૉન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અને એક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેનું (૧) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ એમ વિભાગીકરણ કરવા, તથા (૧) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે એલએલ.બી. સુધીના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું મળેલું જોડાણ ચાલુ રાખવા, તથા (૨) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૉન્કિંગનું તા. ૧૪-૬-૧૯૭૩ સુધી મળેલું જોડાણ ચાલુ રાખવા; તથા બી.કૉમ.માં સ્ટેટિસ્ટિક્સ અને એક્ચ્યુઅરિયલ સાયન્સ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) વિભાજિત થયેલ વાણિજ્ય કૉલેજ માટે આચાર્ય
   (૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. સ્ટેટિસ્ટિક્સ તથા એક્ચ્યુઅરિયલ સાયન્સ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિભાજિત થતી પ્રત્યેક કૉલેજ માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક અર્થ કરવામાં આવે;

૪. અલગ થતી બન્ને કૉલેજો માટે ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોઈ તે માટે જોગવાઈ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં સાહાયકારક મુજબ શિક્ષકોને પગારપેન્શન, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેના ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રાવદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેના સિન્ડિકેટના રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેનો ભલામણમાં સૂચવેલી શરતોનાં પરિપાલન અર્થેની સદરહુ આજ્ઞાવલિકમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રાવદીવેની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય ઓમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીએ ગુપ્ત મતદાનની માગણી કરતાં પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારોની નિમણૂક કરી :

(૧) ડૉ. ઓ. ઓમ. ત્રિવેદી
(૨) પ્રો. બળાભાઈ પટેલ
(૩) આચાર્ય બી. એમ. ગીરજાદા
(૪) આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદી.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૪૩
વિરુદ્ધમાં	૩૦
નિરર્થક	૦૧
	૭૪

આમ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કરેલો પ્રસ્તાવ બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૪. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ તરફથી જૂન ૧૯૭૧થી મજકૂર ટ્રસ્ટ દ્વારા ચાલતી આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદનું વિભાગીકરણ કરવા તથા વિભાગીકરણને અંતે જુદી થતી વિનયનની વિદ્યાશાખાને સદરહુ ટ્રસ્ટ દ્વારા ચાલતી કૉમર્સ કૉલેજ, પેટલાદ સાથે સંયોજિત કરવા તથા (૧) આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.(રસા.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા માટે તથા

બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૨) આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પેટલાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ.-(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંભા.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને સમાજ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા માટે તથા બી.એ.(સંભા.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ગ બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ શિક્ષકવર્ગની નિમણૂકો અંગેની શરત નં.૩(૨)ની નીચે જણાવેલ શરતનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૩-૧૯૭૧ સુધીમાં કરે તો તેને હાલની આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદનું વિભાગીકરણ કરવા તથા વિભાગીકરણના અંતે જરૂરી થતી વિનયનની વિદ્યાશાખાને રાજકીય ટ્રસ્ટ દ્વારા ચાલતી કોમર્સ કૉલેજ, પેટલાદ સાથે સંયોજિત કરવા; તથા (૧) આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમ રાખવા માટે તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે; તથા (૨) આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પેટલાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંભા.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ કાયમી જોડાણ કાયમી રાખવા માટે તથા બી.એ.(સંભા.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા પ્રથમ વર્ગ બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) ગુજરાતીના વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૪) હિન્દીના અંટ સમયના વ્યાખ્યાતા

(૫) પ્રાણીવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) લાલની આર્ટ્સ કૉલેજના પ્રત્યેક ભાષાના શિક્ષકો આ જ કૉલેજમાં રાખવામાં આવે

(૨) વાણિજ્યના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક

(૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. એકાઉન્ટન્સીનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે આમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) આર. કે. સાયન્સ કૉલેજ તથા (૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૫. **શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મતલબના થયેલા સૂચન તરફ સભાસૂઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાની ગેરહાજરીમાં આચાર્ય ય. પ્રા. શુકલે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૬. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી મહેસાણા ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સભો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મતલબના થયેલા સૂચન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. કે. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીની ગેરહાજરીમાં આચાર્ય આમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. શુકલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૭. **કપિલાબહેન એન્ડ ત્રિવેદી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી મહેમદાવાદ ખાતે શરૂ કરનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત, હિંદી અને સમાજશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ અકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.**

નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧-૧૨ ૪ ૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મલબતના થયેલા સૂચન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે કપિલાબહેન એન્ડ ત્રિવેદી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ તરફથી મહેમદાવાદ ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કપિલાબહેન એન્ડ ત્રિવેદી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ તરફથી મહેમદાવાદ ખાતે શરૂ કરનાર વિનયન અને વાણિજ્યની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલે રજૂ કર્યો, તેને ડૉ. અ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૮. **ય. પ્રા. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરનાર વિજ્ઞાનની કૉલેજને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ય. પ્રા. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શરૂ કરનાર વિજ્ઞાનની કૉલેજ શિક્ષકવર્ગની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૧ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ

બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા
(૪) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૭) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૮) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૯) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૦) જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૧) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૨) વ્યાયામશિક્ષક
(૧૩) ગ્રંથપાલ;

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની ભલામણ કરવામાં આવે તે વિષયના વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પ્રયોગશાળા માટેના ખંડો
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૧,૦૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે ગૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને તે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૉરિટી કમિશનરનું/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એ. એમ. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૯. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરનાર વિજ્ઞાનની કૉલેજને પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર વિજ્ઞાનની કૉલેજને જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એ. એમ. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે નવી વિજ્ઞાનની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં જણાવ્યા અનુસાર સદરહુ અભ્યાસક્રમ શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૦. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૭૧થી પાટણ ખાતે શરૂ કરનાર કાયદાની કૉલેજને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૪--૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬--૧૨--૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મતલબના થયેલા સૂચન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી પાટણ ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર કાયદાની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી પાટણ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રણદીવેની ગેરહાજરીમાં આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય વી. એસ. વણિકરે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્થાનિક તપાસસમિતિના સભ્ય જેઓ સિન્ડિકેટના પણ સભ્ય છે તેઓ સિન્ડિકેટની સભાના તબક્કે પોતાનો અભિપ્રાય બદલે તો તે કાનૂનસર ગણાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પર આચાર્ય વી. એસ. વણિકરે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી સેનેટની સભા નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી પાટણ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજના જોડાણ અંગેનો એલ.આઈ.સી.નો રિપોર્ટ સ્વીકારે છે અને તેમણે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે તેવી રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય વી. એસ. વણિકરે રજૂ કર્યો, તેને આચાર્ય બી. સી. પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો રજૂ કર્યો કે સદરહુ સુધારો મૂળ પ્રસ્તાવને નકારે છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનબહાર ગણી શકાય નહિ.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય વણિકરે સભાગૃહની સંમતિથી પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

તે પછી આચાર્ય બી. સી. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ આ સભાગૃહને સમિતિના રૂપમાં ફેરવવામાં આવે. તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પ્રમુખશ્રીએ પરવાનગી આપી. તેને આચાર્ય વી. એસ. વણિકરે ટેકો આપ્યો અને પંદર કરતાં વધુ સભ્યો તેના ટેકામાં ઊભા થયા. તે પછી તે પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની સંખ્યાની ૨/૩ જેટલી બહુમતી મળી નહિ. આમ સેનેટને સમિતિના રૂપમાં ફેરવવા અંગેનો આચાર્ય બી. સી. પટેલનો પ્રસ્તાવ ઊડી ગયો.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૧. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૭૧થી પાટણ ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅન્કિંગ, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬–૧૨–૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મતલબના થયેલા સૂચન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા જૂન ૧૯૭૧થી પાટણ ખાતે નવી શરૂ થનાર કૉમર્સ કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧૧–૧૯૭૧ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ અને થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૧થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા
(૪) હિન્દીના (ખંડ સમયના) વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૮) બૅન્કિંગના વ્યાખ્યાતા
(૯) વ્યાયામશિક્ષક
(૧૦) ગ્રંથપાલ;

(નોંધ:—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.)

૨. હાલની વિનયન અને વિજ્ઞાનની કૉલેજના મકાનની ગુંજાશ જોતાં વાણિજ્યની કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ, અને

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું ર્શી. ચૉરિટી કમિશનર/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

" પાટણમાં કૉમર્સ કૉલેજ માટેના જોડાણની અગાઉ પણ અરજીઓ આવેલી હતી તે હકીકતની નોંધ લેવી અને ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી પાટણ ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે આચાર્ય જશભાઈ પટેલે ચર્ચાબંધી(ક્લોઝર)નો પ્રસ્તાવ રજૂ કર્યો તેને આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદીએ ટેકો આપ્યો.

પ્રમુખશ્રીએ તે પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે પરવાનગી આપી. તે પર મત લેવામાં આવતાં ચર્ચાબંધીનો સદરહુ પ્રસ્તાવ વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે ગુપ્ત મતદાનની માગણી કરતાં પ્રમુખશ્રીએ નીચે મુજબ ચકાસણીદારો (scrutineers) નીમ્યા :

(૧) આચાર્ય બી. એમ. પીરજાદા
(૨) પ્રોફેસરે અંબુભાઈ દેસાઈ
(૩) ડૉ. રમણલાલ જોષી.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૪૨
વિરુદ્ધમાં	૨૯
નિરર્થક	૨

આમ સદરહુ પ્રસ્તાવ વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીએ સભામોકૂફી અંગે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"આ સભા શનિવાર, તા. ૨૭મીએ ૧૧—૦૦ વાગ્યા પર મુલતવી રાખવામાં આવે અને જરૂર હોય તો રવિવાર, તા. ૨૮મી માર્ચના રોજ સવારે ૧૧—૦૦ વાગ્યે પણ ચાલુ રાખવામાં આવે."

સદરહુ પ્રસ્તાવને શ્રી. ઈન્દ્રવદનભાઈ મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આમ સેનેટની આ સભા તા. ૨૭/૨૮-૩-૧૯૭૧ના રોજ પર મોકૂફ રહી.

તા. ૨૭-૩-૧૯૭૧ના રોજ ૧૧-૦૦ વાગ્યે સભા ફરી મળતાં આગળનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૯૨. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૧થી ગોધરા ખાતે શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજને પ્રથમ બી.કૉમ.માં બૅન્કિંગ, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ તરફ તથા ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૬-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભામાં નવી વિનયન, વાણિજ્ય અને કાયદાની કૉલેજો શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં તે મતલબના

થયેલ સૂચન તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ અને સૂચન તથા સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે જૂન ૧૯૭૧થી શરૂ થનાર વાણિજ્યની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા તરફથી ગોધરા ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈની ગેરહાજરીમાં આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૩. પંકજ કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે પંકજ કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક પ્રાધ્યાપક
   (૩) ચાર વ્યાખ્યાતા

   [નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (Studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

   (૪) કન્ટેન્ટ કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
   (૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને થાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ચાર નાના ખંડો—જૂથકાર્ય માટે

(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ

(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૯) આચાર્ય માટેનો ખંડ

(૧૦) પીવાના પાણી માટેનો ખંડ

(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનર / ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે અમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. કે. અકુવાલાએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પંકજ કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. કે. અકુવાલાની ગેરહાજરીમાં આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડયાએ ટેકો આપ્યો.

તે પછી ચર્ચાવિચારણા દરમિયાન એક સૂચન એમ થયું કે શિક્ષણશાસ્ત્રની નવી કૉલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફકત માધ્યમિક શાળાઓના શિક્ષકો પૂરતો જ મર્યાદિત રાખવામાં આવે.

તે પરથી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતમાં નવી અને જૂની કૉલેજો વચ્ચે આ પ્રમાણેનો ભેદભાવ મૂકવાની શરત ઉમેરી શકાય ખરી ?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે નવી અને જૂની કૉલેજોમાં પ્રવેશ આપવાની બાબતમાં ભેદભાવ મૂકતી શરત ઉમેરી શકાય નહિ.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય બી. આર. પટેલે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે ઊડી ગયો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે ગુપ્ત મતદાનની માગણી કરતાં નીચેના સભ્યોને ચકાસણીદાર (ટેલર્સ) તરીકે નીમવામાં આવ્યા :

(૧) આચાર્ય બી. એમ. પાંરજાદા
(૨) આચાર્ય દર્શનસિંગ શીખ
(૩) આચાર્ય ખોડાભાઈ પટેલ
(૪) શ્રી. દામુભાઈ શુકલ.

તે પછી ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં	૨૭
વિરુદ્ધમાં	૫૯
નિરર્થક	૨
કુલ ...	૮૮.

આમ આચાર્ય બી. આર. પટેલે રજૂ કરેલો મૂળ પ્રસ્તાવ વધુમતે ઊડી ગયો.

૯૪. કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૪--૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૭૧થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એક પ્રાધ્યાપક
(૩) ચાર વ્યાખ્યાતા
(૪) કન્ટેન્ટ કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

[નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (Studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

(૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)

(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ

(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૯) આચાર્ય માટેનો ખંડ

(૧૦) પીવાના પાણી માટેનો ખંડ

(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. કે. અકુવાલાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. કે. અકુવાલાની ગેરહાજરીમાં ડૉ. ઓ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, જેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

૬૫. શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ, મુંબઈ તરફથી જૂન ૧૯૭૧થી પાલનપુર ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ, મુંબઈ દ્વારા જુન ૧૯૭૧થી પાલનપુર ખાતે શરૂ કરાનાર શ્રી. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક પ્રાધ્યાપક
   (૩) ચાર વ્યાખ્યાતા
   (૪) કન્ટેન્ટ કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ
   [નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (Studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]
   (૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૯) આચાર્ય માટેનો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ, અને
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચેરિટી કમિશનરનું/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એન. યુ. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન **ટ્રસ્ટ**, મુંબઈ તરફથી પાલનપુર ખાતે શરૂ કરાનાર શ્રી ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય નિરંજનભાઈ યુ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૬. ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ તરફથી જૂન ૧૯૭૧થી બોરસદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ દ્વારા જૂન ૧૯૭૧થી બોરસદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬-૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક પ્રાધ્યાપક
   (૩) ત્રણ વ્યાખ્યાતાઓ
   (૪) કન્ટેન્ટ કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

[નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસક્રમ (Studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

(૧૧) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચ પ્રમાણની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ હોય અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેના ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેના ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)

(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે.)

(૭) દૃશ્ય શ્રાવ્ય માટેના ખંડ

(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૯) આચાર્ય માટેનો ખંડ

(૧૦) પીવાના પાણી માટેનો ખંડ

(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦ના આવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૦૦૦;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને લેદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦નો અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી ચૅરિટી કમિશનરનું/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. એસ. વસિકરે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા શ્રી. એમ. લાઈબ્રૂલ ટ્રસ્ટ, બારસદ તરફથી બારસદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેલું સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. એસ. વસિકરે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડયાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૭. નીચે જણાવેલી કૉલેજોના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ):

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧)	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	...	બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને સમાજશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨)	યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	...	બી.એ. (પ્રિન્સિ.) માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.) માં અંગ્રેજી ઈતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.) માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૩)	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	...	બી.એ. (પ્રિન્સિ.) માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૪)	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; બી.એ. (સબો.)માં હિન્દી, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૫)	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	...	૧. બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઈતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.એ. (સબો.)માં હિન્દી અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૬)	શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં ઈતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ. ૨. પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૭)	શાહ કે. એન. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૮)	ભકત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, મનોવિજ્ઞાન; બી.એ. (સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાપદ્ધતિ, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.
(૯)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ. (સબો.) માં રાજ્યનીતિશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૦)	એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.) માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૧૧)	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી; તથા પ્રથમ વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૨)	વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	...	૧. પ્રથમ વર્ષ બી.એ. સુધી ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
			૨. પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; બી.એ. (પ્રિન્સિ.) માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબૉ.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, હિન્દી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૧૩)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (ગિરધરનગર), અમદાવાદ-૪	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબૉ.)માં મનોવિજ્ઞાન તથા બી કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
		...	૨. બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી; બી.એ. (સબૉ.)માં ઇતિહાસ, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૧૪)	એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(સબૉ.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
			૨. બી.કૉમ.માં એડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૧૫)	ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	...	૧. પ્રથમ વર્ષ બી.એ. માં અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
			૨. પ્રથમ વર્ષ બી.એ. માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧૬)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧—૬—૧૯૭૦થી તા. ૩૧—૫—૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૭)	સાયન્સ કૉલેજ, કડી	...	બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦ થી તા. ૧૪—૬—૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૧૮)	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦ થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૯)	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	૧. પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦ થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૦)	નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	૧. પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ ઍન્ડ બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦ થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦ થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષ બી.કૉમ.માં એક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨૧)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ	...	૧. પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા.૧૪–૬–૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ. ૨. દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૨)	કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	...	દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૨૩)	આર્ટ્સ કૉલેજ, સંખેડા	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦થી તા. ૧૪—૬—૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.
(૨૪)	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન; બી.એ. (સબો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ.
(૨૫)	(અ) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ કૉમર્સ કૉલેજ, તલોદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી; બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(બ)	શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	...	બી.એસસી. (સ્પે.) માં રસાયણવિજ્ઞાન, બી.એસસી-(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ.

[નોંધ.— ઉપર ક્રમાંક ૨૫ (અ) અને (બ) માં દર્શાવેલ કૉલેજો શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ થતાં તથા વિભાજિત થયેલ વિનયન વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા ઉમેરતાં અસ્તિત્વમાં આવી.]

(૨૬)	ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	...	પ્રથમ વર્ષ બી.એ. સુધી અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર; બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ઇતિહાસ અને બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, તત્ત્વ-જ્ઞાન, આંકડાશાસ્ત્ર, ફારસી અને ભૂગોળ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્ર, અને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૮થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૨૭)	આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦ થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૨૮)	કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬–૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૨૯)	શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૦)	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૭૦થી તા. ૩૧-૫-૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૧)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	...	બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૭૦થી તા. ૩૧-૫-૧૯૭૧ સુધીનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૩૨)	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	...	બી.એડ.ના તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૩)	ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર	...	પ્રથમ વર્ષ બી.એસસી. સુધી રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.-(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૪)	કૉમર્સ કૉલેજ, પેટલાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૫)	કલોલ મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૬)	ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૭)	ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ	...	પ્રી-યુનિવર્સિટી કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૮)	શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	...	પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬—૧૯૭૧ સુધીનું જોડાણ.
(૩૯)	શ્રી. સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા	...	એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૪૦)	શ્રી કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.
(૪૧)	જયહિન્દ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર નવી કૉમર્સ કૉલેજ	...	સેનેટની ભલામણ મુજબ રાજ્ય સરકારે તે કૉલેજને જોડાણ આપ્યું નથી.

સભાગૃહે સદરહુ રિપોર્ટની નોંધ લીધી.

૯૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦† અનુસાર તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ પૂરા થતા વર્ષનો સિન્ડિકેટે રજૂ કરેલ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે રજૂ કરેલા ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી શાહે ટેકો આપ્યો.

૯૮ (૧). તે અંગે ડૉ. એલ. ડી. દવેએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૯--૭૦ના વાર્ષિક અહેવાલના પાન ૧૦ ઉપરના સંખ્યાંક ૩ માં દર્શાવેલી અધ્યાપકોની સંખ્યાના અનુસંધાનમાં અધ્યાપકોની વધતી જતી સંખ્યાને લક્ષમાં લઈ તેમ જ શિક્ષણનું ધોરણ અને યુનિવર્સિટીની સર્વ પ્રવૃત્તિનું પરિણામ શિક્ષકોના કાર્ય ઉપર અવલંબે છે તે ધ્યાનમાં લઈ ઉત્તમ વ્યક્તિઓ આ ક્ષેત્રમાં આવવા પ્રેરાય, આવેલા ટકી રહે તેમ જ અધ્યાપકો કૉલેજોમાં સ્થિરતા, શ્રદ્ધા તેમ જ સંતોષથી કામ કરે તે દૃષ્ટિએ અધ્યાપકો માટે ગ્રેચ્યુઈટીની જોગવાઈ કરવી,

---

*** G. U. Act, Section 50 :**

The Annual Report of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the Senate on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Senate at the annual meeting. The Senate may pass resolutions thereon and communicate the same to the Syndicate which may take such action as it thinks fit, and the Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

† Statute 90 :

The Syndicate shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Senate at least 8 weeks before the date fixed for the annual meeting of the Senate.

વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં આવશ્યક છે તેમ માનીને સેનેટની આ સભા આવી ગ્રેચ્યુઈટીની યોજના અમલમાં મૂકવા માટે ઘટતું કરવા લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને જણાવવું.

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એલ. ડી. દવેની ગેરહાજરીમાં આચાર્ય વી. બી. અધ્વર્યુએ રજૂ કર્યો, તેને શ્રી. એસ. કે. ઝવેરીએ ટેકો આપ્યો.

તે અંગે આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે આચાર્ય વી. બી. અધ્વર્યુએ રજૂ કરેલો પ્રસ્તાવ ભવિષ્યને સ્પર્શતો હોઈ તે વીતી ગયેલા વર્ષ ૧૯૬૯—૭૦ના વાર્ષિક અહેવાલ પર મૂકવામાં આવે તે કાનૂનસર ગણાય ખરું ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે આચાર્ય વી. બી. અધ્વર્યુએ રજૂ કરેલો પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી તે પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ અનુસાર રજૂ થતા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૮--૬૯ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો.

સિન્ડિકેટ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"આ સભા ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૮-૬૯ના વર્ષના ઑડિટ થયેલા હિસાબોની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને પ્રો. જે. જે. ચિનોયે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૦. ૧૯૬૯--૭૦ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે રજૂ થતો બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. એચ. વી. વસા**એ નોટિસ આપી હતી :

" સને ૧૯૬૯-૭૦ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલ પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એચ. વી. વસાની ગેરહાજરીમાં આચાર્ય વી. બી. અધ્વર્યુએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

---

§ G. U. Act, Section 49—પૃ. ૧૪૫ જોવા વિનંતી છે.

૧૦૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯§ તથા સ્ટે. ૮૯‡ અનુસાર સિન્ડિકેટે મંજૂર કરેલું ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૭૧—૭૨નું અંદાજપત્ર તથા સને ૧૯૭૦--૭૧નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૭૧–૭૨ના અંદાજપત્ર પર તથા સને ૧૯૭૦–૭૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે, અને તેની નોંધ લે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

૧૦૧(૧). શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે યુનિવર્સિટી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ, રાજ્ય સરકારનાં ધારાધોરણને લક્ષમાં લઈને તેમના મૂળ પગારમાં ભેળવવો અને તેનો અમલ તા. ૧--૪--૧૯૭૧થી કરવા માટે ૧૯૭૧--૭૨ના અંદાજપત્રના પાના '૫' ઉપર 'કર્મચારી વર્ગ ખર્ચ' એ મથાળા હેઠળ અંદાજે ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૫૦,૦૦૦નો વધુ સમાવેશ કરી તે મથાળે કુલ ખર્ચ રૂ. ૭,૭૭,૩૫૦ આકારવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો પ્રશ્ન હાલ વિચારણા હેઠળ છે એમ સેનેટને જાણ કરવી."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે અંગે કેટલીક ચર્ચાવિચારણા બાદ સભાગૃહની સંમતિથી શ્રી. ઝવેરીએ પોતાનો આ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

---

§ G. U. Act, Section 49 :

(1) The annual accounts of the University shall be prepared under the direction of the Syndicate and shall be submitted to the State Government for audit.

(2) The Syndicate shall, after the accounts are audited, submit a copy thereof along with a copy of the Audit, to the Senate and to the State Government.

(3) The Syndicate shall also prepare before such date as may be prescribed by the Statutes, the financial estimates for the ensuing year.

(4) The annual accounts and the financial estimates shall be considered by the Senate at its annual meeting and the Senate may pass resolution with reference thereto and communicate the same to the Syndicate which shall take them into consideration and take such action thereon as it thinks fit, and finally adopt the accounts and financial estimates. The Syndicate shall inform the Senate at its next meeting of the action taken by it or of its reasons for taking no action.

‡ Statute 89 :

The Syndicate shall prepare the financial estimates for the ensuing year at least eight weeks before the date fixed for the annual meeting of the Senate and shall send a copy of the financial estimates prepared by the Syndicate to all the members of the Senate so as to reach them eight weeks before the annual meeting of the Senate every year and the consideration of the budget shall be an item on the agenda of the annual meeting of the Senate.

૧૦૧(૨). શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી પોતાનાં પુસ્તકો તાકીદે છપાવીને બહાર પાડી શકે તે માટે યુનિવર્સિટી પ્રેસમાં પુસ્તક-પ્રકાશન માટે અલગ વિભાગ કરી પુસ્તક-પ્રકાશન અંગેનું કામકાજ પ્રેસમાં બીજાં કામોને કારણે ખોરંભે ન પડે તે માટે પ્રકાશન વિભાગને જોગવાઈ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રમાં રૂપિયા એક લાખ સુધીની જોગવાઈ કરવી અને યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧--૭૨ના અંદાજપત્રના પાન ૩ના ૧૬મા મથાળામાં રૂ. ૫,૦૩,૫૦૦ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કક્ષાનાં પુસ્તકોના પ્રકાશન માટે રાજ્ય સરકારે બોર્ડની તાજેતરમાં રચના કરેલ છે તે જોતાં યુનિવર્સિટી પ્રેસના અંદાજપત્રમાં સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબની જોગવાઈ કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે અંગે કટલીક ચર્ચાવિચારણા બાદ સભાગૃહની સંમતિથી શ્રી. ઝવેરીએ પોતાનો આ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

૧૦૧(૩). શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આ અગાઉ યુનિવર્સિટી સિન્ડિકેટે પ્રકટ કરેલી તેની ઇચ્છાને લક્ષમાં લઈને સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે (૧) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઇકલ ભથ્થું યુનિવર્સિટીના ધોરણે તેમના મૂળ પગારમાં ભેળવવા માટે; (૨) પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામ માટે રાત્રે આવીને પ્રેસના મકાનમાં કે ખુલ્લામાં ગમે ત્યાં સૂઈ રહીને હાલાકી ભોગવતા પ્રેસ-કર્મચારીઓની સુવિધા માટે ડૉર્મિટરીની વ્યવસ્થા ઊભી કરવા માટે; તેમ જ (૩) યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાને આજે ૧૪ વરસ જેવો લાંબો સમય પસાર થવા છતાં હજુ સુધી એક પણ પ્રેસ-કર્મચારી માટે ક્વાર્ટરની વ્યવસ્થા થઈ શકી ન હોવાથી યુનિવર્સિટી કૅમ્પસમાં ક્વાર્ટર બાંધવા અંગેની પ્રારંભિક તૈયારી કરવાના ખર્ચ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રકમાં પ્રતીક તરીકે રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ કરવા પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રના પાન '૩'ના ૧૬મા મથાળા હેઠળ કુલ ખર્ચ રૂ. ૫,૦૩,૫૦૦ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઇકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા માટેની બાબત વિચારણા હેઠળ છે એમ સેનેટને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે પ્રેસના કર્મચારીઓ માટે ડૉર્મિટરીની વ્યવસ્થા અંગે અને રહેઠાણો બાંધવા અંગે, જરૂરી નાણાના અભાવે વિચારણા કરવાનું હાલ શક્ય નથી એમ સેનેટને જણાવવું.

ઉપરનો પ્રસ્તાવ શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય એમ. સી. શાહે રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ શનિવાર, તા. ૨૭—૩—૧૯૭૧ના રોજ બંધ રાખવામાં આવ્યું, અને સભા રવિવાર, તા. ૨૮—૩—૧૯૭૧ના રોજ ફરી મળતાં કાર્યવાહી પરનું આગળનું કામ હાથ ધરવામાં આવ્યું.

૧૦૨. સિન્ડિકેટે સુધારેલા નીચેના ઑર્ડિનન્સો :

ઑર્ડિ. આર્ટ્સ-૩, ઑર્ડિ. કૉમર્સ—૫ (બી), ઑર્ડિ. ૬૫--કે, ઑર્ડિ. ૬૫--એમ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૬૫—એમ નોંધ (૩), ઑર્ડિ. ૬૫--પી (૪) (૫), ઑર્ડિ. ૬૮, ઑર્ડિ. ૧૨૦, ઑર્ડિ. ૧૨૦--બી, ઑર્ડિ. ૧૨૨, ઑર્ડિ. ૧૨૩, ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ.

નીચેના ઑર્ડિનન્સો એક પછી એક સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને તે અંગે નીચે મુજબ કાર્યવાહી થઈ :

(૧) તે પછી સભાગૃહે ઑર્ડિ. આર્ટ્સ—૩ મંજૂર કર્યો.

(૨) તે પછી ઑર્ડિ. કૉમર્સ—૫(બી) સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે એમ આચાર્ય બી. એમ. પીરજાદાએ પ્રસ્તાવ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે રેફરન્સ બંધનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૬૫—કે સભાગૃહે મંજૂર કર્યો.

નોંધ.—પેટાકલમ ૪ અને ૭માં "Faculty of Medicine and Dental Surgery" એ શબ્દોને બદલે "Faculties of Medicine and Dental Surgery" એ શબ્દો મૂકવાનું શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવામાં આવ્યું.

(૩) તે પછી ઑર્ડિ. ૬૫—એમ હાથ ધરવામાં આવ્યો.

તે અંગે આચાર્ય ઈશ્વરભાઈ પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત નંબર ૧૦૨માં સિન્ડિકેટે સુધારેલા ઑર્ડિનન્સ ૬૫—એમ (સંબંધકર્તા ભાગ)માં નીચેનો સુધારો કરવાની નોટિસ આપું છું :

ઑર્ડિનન્સ ૬૫-એમ(Revised portion)ના છેલ્લા કૉલમમાં મથાળે આવેલા શબ્દો 'Teaching experience as a Lecturer in the subject' ને બદલે 'teaching experience as a Lecturer or Tutor in the subject' મૂકવા.

તેમ જ છેલ્લે મૂકેલી નોંધ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવી :

'*Note*.—Teaching experience means experience of teaching as a Lecturer or Tutor to under-graduate classes or to higher classes at an affiliated college or recognised institution.'

ઠરાવનો બાકીનો ભાગ છે તે મુજબ રાખવો."

પ્રમુખશ્રીએ જણાવ્યું કે સિન્ડિકેટે મંજૂર કરેલા ઑર્ડિનન્સ પર સુધારો સેનેટ કક્ષાએ મૂકી શકાય નહીં તેથી તે સુધારા પર વિચારણા કરવાપણું રહ્યું નહીં.

તે પછી તે સુધારો સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવો એમ પ્રસ્તાવ આચાર્ય ઈશ્વરભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં રેફરન્સ બૉકનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

(૪) તે પછી ઑર્ડિ. ૬૧—પી (૪)(૫) અને ઑર્ડિ. ૬૮ મંજૂર કરવામાં આવ્યા.

ઑર્ડિ. ૬૮ અંગે નીચેનો સુધારો શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવા પ્રમુખશ્રીએ અનુમતિ આપી હતી :

"Having not less than five years as a post-graduate teacher standing"

તે શબ્દોને બદલે "having not less than five years' standing as a post-graduate teacher."

(૫) તે પછી ઑર્ડિ. ૧૨૦ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો.

તે અંગે આચાર્ય બી. એમ. પીરજાદાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે, તેને આચાર્ય બી. આર. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં રેફરન્સ બૉકનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

(૬) તે પછી ઑર્ડિ. ૧૨૦-બી ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો.

તે અંગે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં રેફરન્સ બૉકનો સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(૭) તે પછી ઑર્ડિ. ૧૨૨, ૧૨૩ અને ઑર્ડિ. ૧૨૯ (તેનો સંબંધકર્તા ભાગ) મંજૂર કરવામાં આવ્યા.

(મંજૂર કરેલા તથા સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલા સદરહુ ઑર્ડિનન્સોના પાઠ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૦૩. **આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"Add the following phrase in O.120-A, Class 2, para second, line 3, after the word Hindi. '..... and Gujarati'

The amended line will be read as under :

(*b*) In the faculty of Science and Commerce : Hindi and Gujarati."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય અને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગોમાં આધુનિક ભારતીય ભાષા તરીકે ગુજરાતીનું શિક્ષણકાર્ય કરવા માટે ખંડ સમયના લેક્ચરરની નિમણૂક હાલનાં ધારાધોરણ હેઠળ પર્યાપ્ત છે તે જોતાં ઑર્ડિ. ૧૨૦—એ માં આ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો સુધારો કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એન. જે. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૧૦૪. **આચાર્ય ડી. એમ. ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"That a paragraph as under be added after the existing paragraph under O. 123 :

'The Chairman or Convener of Examiners appointed for assessing answer-books will entrust the work of assessment to such number of Examiners as

would be requisite for the purpose, according to a calculation based on the number of clear days available to each Examiner for the work of assessment and incidental work and the number of answer-books that an Examiner can fairly be expected to deal with per day of eight working hours on an average.'"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો કોઈ નિયમ કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. ભટ્ટે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૧૦૫. આચાર્ય ડી. એમ. ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"That an ordinance numbered O. 131–A be added after existing O. 131 as under :

'The number of Junior Supervisors to be appointed for each block of thirty or so candidates appearing at a written examination shall not be less than two per each such block, so as to ensure adequate vigilance besides attendance to the candidates' usual needs and requirements.' "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. એમ. ભટ્ટે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૧૦૬. શ્રી. ભોળાભાઈ બી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી આ સભા ઠરાવે છે કે વિજ્ઞાન અને અન્ય વિદ્યાશાખાઓમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓએ તેમનો મહાનિબંધ રજૂ કરતાં પહેલાં ઑર્ડિ. ૩૧૫ અનુસાર ફ્રેન્ચ અથવા જર્મન અથવા રશિયન ભાષાનો ટેસ્ટ પસાર કરવો આવશ્યક ગણ્યો છે. હવે જે તે વિષયનાં અંગ્રેજી ભાષામાં અનુવાદ થયેલ પુસ્તકો અને સાહિત્ય સહેલાઈથી પ્રાપ્ત હોવાથી ઑર્ડિ. ૩૧૫ રદ કરવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

શ્રી. વિનોદચંદ્ર એચ. કપાસીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની (વાર્ષિક સભા): તા. ૧૯/૨૦/૨૧—૩—૧૯૭૧ની કાર્યવાહીની યાદીમાં પાન નં. ૭૩, ક્રમાંક ૧૦૬માં શ્રી. ભોળાભાઈ બી. પટેલનો પ્રસ્તાવ છે તેમાં છેલ્લી લાઈન 'ઑર્ડિ. ૩૧૫ રદ કરવો' તેમ છે જે સુધારી 'ઑર્ડિ. ૩૧૫ રદ કરવાની યોગ્ય સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે' તે રીતે વંચાય તેમ સુધારવા યોગ્ય કરશો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ભોળાભાઈ બી. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૧૦૭. સ્ટે. ૧૧૪--એ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ :

St. 114-A :

"Panels for various subjects at the different examinations shall be prepared by the respective Boadrs of Studies once a year. In preparing the panels, the Boards of Studies shall put on the panel *the names of teachers* who fulfil the qualifications laid down by the Syndicate for appointment as Examiners / *Paper-setters*. The Board will suggest who is particularly suited for a particular branch or paper in a subject."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૧૪-એ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતની ગેરહાજરીમાં આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ સદરહુ પ્રસ્તાવ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે એમ આચાર્ય બી. એમ. પીરજાદાએ પ્રસ્તાવ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ રેફરન્સ બૉકનો પોતાનો પ્રસ્તાવ આચાર્ય બી. એમ. પીરજાદાએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

તે પછી આચાર્ય એન. એસ. પંડ્યાએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૮. સ્ટે. ૧૧૮—એ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઘડવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ :

St. 118-A :

"One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"સ્ટે. ૧૧૮-એ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની, ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો.

સદરહુ સ્ટેચ્યૂટમાં "Quorum for the meeting of the Board of University Teaching" ને બદલે " Quorum for a meeting of the Board of University Teaching " એ શબ્દો મૂકવા. એ સુધારાને શાબ્દિક સુધારો ગણવા પ્રમુખશ્રીએ પરવાનગી આપી.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦૯. **આચાર્ય બી. આર. પટેલે** નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા યુનિવર્સિટી પ્રવેશ અંગેનો સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવાની સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે :

St. 173 :

1. For admission to the Pre-University class in the Faculty of Arts, Commerce and the First Year in the Diploma classes in the Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects.

   Provided that a candidate, who has not offered Algebra-Geometry or Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at Pre-University Arts Examination.

2. For admission to the Pre-University Science class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed (*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) Algebra-Geometry or Elementary Mathematics, and (*ii*) Physics-Chemistry or General Science, shall be two of them;

   OR

   (*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) Algebra-Geometry or Elementary Mathematics, and (*ii*) Physics--Chemistry or General Science as his subjects.

3. For admission to Pre-University Science (Agriculture) classes, a candidate must have passed—

   (*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

   (*i*) Elementary Mathematics or Algebra–Geometry; and

   (*ii*) Physics–Chemistry or General Science shall be two of them.

   OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Elementary Mathematics or Algebra–Geometry; and

(*ii*) Physics–Chemistry or General Science as his subjects."

સિન્ડિકેટનો અભિપ્રાય

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બહાદુરશાહ પંડિતે ટેકો આપ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ અંગે આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૧૭૩ના સુધારા અંગેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧/૨ ઑકટોબર ૧૯૭૦ની સભામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે નામંજૂર થયો હતો, તે જોતાં સ્ટે. ૨૮--એ મુજબ ૩/૪ જેટલા સભ્યોની બહુમતી મેળવવી જરૂરી છે. તે મુદ્દો ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની ૩/૪ જેટલી બહુમતી મળી નહિ તેથી તે પર વિચારણા કરવાપાત્ર રહ્યું નહીં.

૧૧૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવા ભલામણ કરે છે:

St. 173 :

(1) For admission to the Pre-University class in the faculties of Arts, Commerce and the First year in the Diploma classes in the Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one or he must have secured 45 % marks in aggregate at the examination.

Provided that a candidate who has not offered Algebra--Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science class, and the first year diploma in Pharmacy, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher level or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Algebra--Geometry or Elementary Mathematics

(*iii*) Physics--Chemistry or General Science shall be two of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Algebra--Geometry or Elementary Maths.

(*iii*) Physics--Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be two of them.

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and

(*iii*) Physics--Chemistry or General Science as his subjects."

સિન્ડિકેટનો અભિપ્રાય

૧૧૦. આથી વધુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

સદરહુ બાબત પરત્વે આવેલા સુધારાઓ :

(૧) ડૉ. બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૧૦માં સ્ટે. ૧૭૩--૨ (*iii*)ને અંતે 'shall be two of them 'માંથી 'two' કાઢી નાખવું."

(૨) આચાર્ય વા૫. જી. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

St. 173ના પેરા (2), પેટાકલમ (*a*)(*ii*)માં તથા પેટાકલમ (2) (*b*)(*ii*)માં 'Algebra-Geometry or Elementary Mathematics' વાકયા પછી નીચેના શબ્દો ઉમેરો :

'provided the candidate secures 60% or more marks in Elementary Mathematics.'

આથી કલમ (2) (*a*) (*ii*) અને 2 (*b*) (*ii*) નીચે પ્રમાણે વંચાશે :

'Algebra-Geometry or Elementary Mathematics; provided the candidate secures 60% or more marks in Elementary Mathematics.'

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બહાદુરશાહ પંડિતે ટેકો આપ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૧૭૩ પર સુધારા અંગેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧/૨ ઑકટોબર ૧૯૭૦ની સભામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે નામંજૂર થયો હતો. તે જોતાં સ્ટે. ૨૮--એ મુજબ ૩/૪ જેટલા સભ્યોનો બહુમતી મેળવવી જરૂરી છે. તે મુદ્દો ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની ૩/૪ જેટલી બહુમતી મળી નહિ તેથી તે પર વિચારણા કરવાપાત્ર રહ્યું નહીં.

૧૧૧. આચાર્ય જી. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Statute 173 be amended so as to read as under :

St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. 1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto.

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination—

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1971–72 and subsequent year shall be governed by this Statute."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જી. એમ. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બહાદુરશાહ પંડિતે ટેકો આપ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૧૭૩ પર સુધારા અંગેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧/૨ ઑક્ટોબર ૧૯૭૦ની સભામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે નામંજૂર થયો હતો, તે જોતાં સ્ટે. ૨૮--એ મુજબ ૩/૪ જેટલા સભ્યોની બહુમતી મેળવવી જરૂરી છે. તે મુદ્દો ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની ૩/૪ જેટલી બહુમતી મળી નહિ તેથી તે પર વિચારણા કરવાપાત્ર રહ્યું નહીં.

૧૧૨. આચાર્ય બી. એમ. પંડિતે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Statute 173 be amended so as to read as under :

St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. 1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an Examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination —

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1971–72 and subsequent year shall be governed by this Statute."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વંચુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બહાદુરશાહ પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય જી. એમ. પટેલે ટેકો આપ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટે. ૧૭૩ પર સુધારા અંગેનો પ્રસ્તાવ સેનેટની તા. ૧/૨ ઑક્ટોબર ૧૯૭૦ની સભામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે નામંજૂર થયો હતો, તે જોતાં સ્ટે. ૨૮--એ મુજબ ૩/૪ જેટલા સભ્યોની બહુમતી મેળવવી જરૂરી છે. તે મુદ્દો ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તેને હાજર રહેલા સભ્યોની ૩/૪ જેટલી બહુમતી મળી નહિ તેથી તે પર વિચારણા કરવાપાત્ર રહ્યું નહીં.

૧૧૩. સેનેટે તેની તા. ૧૮/૧૯--૧--૧૯૬૯ તથા તા. ૧૦/૧૧—૧૦–૧૯૬૯ની સભામાં સિન્ડિકેટનો પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૧૯૩--બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટની ભલામણ :

St. 193–B :

"The University shall institute a fund known as the University Employees Insurance Fund for the purposes mentioned hereunder, and this Fund shall be invested with any scheduled Bank and/or Government Securities in the form of Fixed Deposits or Securities or in such other manner as may be determined by the Syndicate from time to time. The Fund shall be created by debiting from the revenue account of the University annually a sum at the rate of Rs. 90/- per employee confirmed in the employment of the University.

(1) Such full-time employees of the University both teaching and non-teaching who have been confirmed in the employment of the University and have not completed the age of 60 years shall be insured for the Term Insurance under the Group Insurance Scheme of the Life Insurance Corporation of India for a sum of Rs. 3,000/– each and the premia thereof shall be paid out of this Fund.

(**Clarification** : An employee appointed on probation or on a temporary basis or a part-time employee of the University shall not be eligible for the benefit under the Scheme.)

(2) The University shall on retirement of an employee pay to him a Sum of Rs. 3,000/- out of the Fund, provided he had joined the University before he completed the age of 55 years as a full-time employee of the University and has been confirmed in the employment of the University. An employee appointed on probation or on a temporary basis or a part-time employee of the University shall not be entitled to any of the benefits under the scheme.

(3) In the event of the death of an employee insured under this scheme occurring in the course of his employment in the University the amount of the claim received by the University from the Life Insurance Corporation of India shall be credited to his fund, and his or her heir or heirs or the assignee, as the case may be, shall be paid an amount of Rs. 3,000/- out of this fund.

(4) The provisions made herein above shall come into operation on 1-7-1971."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"સેનેટે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૧૯૩-બી ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્યા ઊર્મિલાબહેન પટેલે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આચાર્ય બી. એમ. પીરજાદાએ યાદી પરના કામકાજનો ક્રમ ફેરવવાની બાબતમાં નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ક્રમાંક નં. ૧૬૪નું કામ ક્રમ નં. ૧૧૩ના કામ પછી તરત જ હાથ પર લેવા વિનંતી છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. એમ. પીરજાદાએ રજૂ કર્યો, તેને આચાર્ય ગિરીશભાઈ પટેલે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બાબત નં. ૧૧૩ પછી બાબત નં. ૧૬૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૬૪. પ્રા. કે. એસ. શાસ્ત્રી અને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ગવર્નિંગ બોડી અંગે યુનિવર્સિટી ધારા મુજબ Properly Constituted Governing bodyની જોગવાઈને મૂર્ત સ્વરૂપ આપવા પ્રત્યેક સંસ્થા માટે નીચે સૂચવ્યા પ્રમાણે ગવર્નિંગ બોડીની રચના કરવા યુનિવર્સિટી પ્રવૃત્ત બને તે માટે લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે :

ગવર્નિંગ બોડીનું સૂચિત માળખું

		સભ્ય-સંખ્યા
૧. ટ્રસ્ટી મંડળના પ્રતિનિધિઓની સંખ્યા	...	૩
૨. કૉલેજ/સંસ્થાના આચાર્ય/અધ્યક્ષ (સભ્ય અને મંત્રી)	...	૧
૩. અધ્યાપકોએ પસંદ કરેલા અધ્યાપકોના પ્રતિનિધિઓની સંખ્યા	...	૩
૪. બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિની સંખ્યા	...	૧
૫. વિદ્યાર્થી પ્રતિનિધિની સંખ્યા	...	૧
૬. યુનિવર્સિટીના પ્રતિનિધિની સંખ્યા	...	૧
	કુલ	૧૦ "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જાણાવવું."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. એ. ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. ઈન્દ્રવદનભાઈ મોદીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવમાં સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળનું બંધારણ નિયત કરવાનો પ્રશ્ન સ્થપાયેલો છે, તો તેવું બંધારણ નિયત કરવાની સત્તા યુનિવર્સિટીનાં સત્તામંડળોને છે ખરી ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જાણાવ્યું કે સદરહુ પ્રશ્ન કાનૂનસર છે.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય ય. પ્રા. શુક્લે પ્રસ્તાવ રજૂ કર્યો કે પ્રો. એ. ટી. દેસાઈએ રજૂ કરેલ પ્રસ્તાવ સિન્ડિકેટની વિચારણા માટે મોકલવામાં આવે. તેને શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણા થઈ. ત્યાર બાદ પ્રો. કે. એચ. મોદીએ ચર્ચા-બંધી(ક્લોઝર)નો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને પ્રો. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો. તેથી વિશેષ ચર્ચા આગળ ન ચલાવતાં આચાર્ય ય. પ્રા. શુક્લે રજૂ કરેલા રેફરન્સ બૅંકના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે અંગે આચાર્ય એમ. સી. શાહે ગુપ્ત મતદાનની માગણી કરતાં નીચે મુજબ ચકાસણીદારો (Tellers) નીમવામાં આવ્યા :

(૧) પ્રો. એસ. બી. વોરા
(૨) આચાર્ય એન. બી. જોશી
(૩) આચાર્ય ભાનુપ્રસાદ પંડ્યા
(૪) આચાર્ય એન. એસ. પંડ્યા.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં તે નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં ... ૩૦
વિરુદ્ધમાં ... ૪૭

કુલ ... ૭૭

આમ રેફરન્સ બૅંકનો પ્રસ્તાવ ઊડી ગયો. ત્યાર બાદ શ્રી. એ. ટી. દેસાઈએ રજૂ કરેલ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧૪. ૧૯૬૯ના વર્ષમાં થયેલ યુનિવર્સિટીનાં (૧) સમાજવિદ્યા ભવન, (૨) ભાષા-સાહિત્ય ભવન, (૩) મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવન, અને (૪) વિજ્ઞાન વિદ્યાભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલ (જાણ સારુ).

સદરહુ અહેવાલની નોંધ લેવામાં આવી.

(સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો આ સાથે **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૧૫. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો રિપોર્ટ (જાણ સારુ):

(૧) શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના આચાર્ય એમ. સી. દેસાઈ તરફથી ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટી ભવનોના શિક્ષકો

પૈકી જે શિક્ષક અર્થશાસ્ત્રના વિષયના સંશોધનકામમાં યુનિવર્સિટીએ નીમેલા નિષ્ણાતોના અભિપ્રાય અનુસાર સૌથી વધુ ગુણવત્તા ધરાવતા હોય તેને પ્રતિવર્ષ "આચાર્ય શ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક" આશરે રૂ. ૨૦૦નો આપવા માટે રૂ. ૭,૦૦૦નું રોકડ પ્રદાન તથા ૧૯૬૯–૭૦ના વર્ષ માટે રૂ. ૩૫૦નું વધુ રોકડ પ્રદાન.

(૨) શ્રીમતી જયાલક્ષ્મી એમ. પંડ્યા તરફથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી ટી.વાય.-બી.કૉમ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે પ્રથમ વર્ષમાં સૌથી વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "સ્વ. શ્રી. મોજીલાલ પુરુષોત્તમદાસ એમ. પંડ્યા અને શ્રીમતી જયાલક્ષ્મી એમ. પંડ્યા સુવર્ણચંદ્રક" રૂ. ૨૨૫નો એનાયત કરવા માટે રોકડ રૂ. ૫,૦૦૧નું પ્રદાન તથા ૧૯૬૯—૭૦ના વર્ષ માટે સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૨૫૦નું વધુ રોકડ પ્રદાન.

(૩) બાંકો ફાઉન્ડેશન, વડોદરા તરફથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી બી.ઈ.-(મિકેનિકલ)ની ફાઇનલ પરીક્ષામાં સૌથી વધુ ગુણાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ રૂ. ૨૨૫નો "બાંકો ફાઉન્ડેશન સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે રૂ. ૧૧,૦૦૦નું રોકડ પ્રદાન.

(૪) મંત્રીશ્રી ઈન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખા તરફથી પ્રતિ-વર્ષ એમ.ડી. (પેડ.)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ઈન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખા સુવર્ણચંદ્રક" આશરે રૂ. ૩૦૦ની કિંમતનો આપવા માટે રૂ. ૭,૫૦૦નું રોકડ પ્રદાન.

(૫) આચાર્ય, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯ તરફથી પ્રતિવર્ષ આ યુનિવર્સિટીની પ્રી-સાયન્સની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "રેવ. ફાધર હર્બર્ટ એ. ડિસોઝા, એસ.જે. સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૫૦નો સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦નું રોકડ પ્રદાન તથા ૧૯૭૦-૭૧ના વર્ષ માટે સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૩૫૦નું વધુ રોકડ પ્રદાન.

સદરહુ અહેવાલની નોંધ લેવામાં આવી.

૧૧૬. સેનેટની તા. ૧૮/૧૯--૧--૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮--૯--૧૯૬૯ની સભાની નીચેની ભલામણ તથા તે પર સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભાનો રિપોર્ટ (જાણ સારુ).

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮–૯--૧૯૬૯ની ભલામણ

"વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભાનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ **સ્વીકારવી.**"

સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે એમ. પ્રો. કે. એસ. શાસ્ત્રીએ પ્રસ્તાવ **રજૂ કર્યો,** તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં હાલની લાઈબ્રેરિયન અને આસિસ્ટન્ટ લાઈબ્રેરિયનની જગ્યાઓને બદલે લાઈબ્રેરી સાયન્સના વિષયના શિક્ષણ અંગેની વ્યવસ્થાને લક્ષમાં લઈને નીચેની જગ્યાઓ ઊભી કરવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ:

૧. રીડર-ઇન-લાઈબ્રેરિયન ... ૧ જગ્યા
(તેમણે યુનિવર્સિટીના ગ્રંથપાલની કામગીરી પણ કરવાની રહેશે.)

૨. લેક્ચરર-કમ-આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન ... ૨ જગ્યા
(**નોંધ.**—આ પ્રમાણે પગારધોરણ સુધરતાં તેમને મોંઘવારી ભથ્થું યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકોની જેમ મજૂર ડી.એ.ના ધોરણે આપવાનું રહેશે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી ગ્રંથાલયમાં હાલની લાઈબ્રેરિયન અને આસિસ્ટન્ટ લાઈબ્રેરિયનની જગ્યાઓને બદલે ઉપર જણાવ્યા પ્રમાણેની જગ્યાઓ ઊભી કરવાની સદરહુ ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧૮. નીચેના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ:

"1. One-year Advanced course in Psychiatric Social work;
2. One-year Teacher Training course in special Education of the Mentally Retarded;
3. One-year course in Psychiatric Occupational Therapy; and
4. Two-year course in Psycho-therapy."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ** નોટિસ આપી હતી :

"નીચે જણાવ્યા અનુસારના ચાર અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે :

"1. One-year Advanced course in Psychiatric Social work;
2. One-year Teacher Training course in special Education of the Mentally Retarded;

3. One-year course in Psychiatric Occupational Therapy; and

4. Two-year course in Psycho-therapy."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને શ્રી રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો..

૧૧૯. લિંગ્વિસ્ટિકસની "ઑડ-હૉક" સમિતિની ભલામણ અનુસાર ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિકસનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. કે. આર ચંદ્રશેખરને નોટિસ આપી હતી :

"ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિકસનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવાની સદરહુ ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. કે. આર. ચંદ્રશેખરનની ગેરહાજરીમાં ડૉ. રમણભાઈ જોષીએ રજૂ કર્યો, તેને પ્રેમશંકર ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨૦. તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર એમ.ડી. સેકાઈટ્રીનો અભ્યાસક્રમ દાખલ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે કરેલી ભલામણ.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જયંત બી. હરિભક્તિએ નોટિસ આપી હતી :

"એમ.ડી. સેકાઈટ્રીનો અભ્યાસક્રમ સ્થાપવાની સદરહુ ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જયંત બી. હરિભક્તિની ગેરહાજરીમાં ડૉ. આર. એમ. શાહે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં અવ્યો.

૧૨૧. યુનિવર્સિટી વિસ્તારમાં સમાજવિદ્યા ભવનની પૂર્વ બાજુએ આવેલ જમીનમાં પસાર થતા મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ના ટી.પી. રસ્તાની જમીનનો કબજો સોંપવા અંગેની મ્યુનિસિપલ કૉર્પોરેશનની વિનંતી ઉપર સિન્ડિકેટની નીચેની ભલામણ :

સિન્ડિકેટની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવાની તેમની વિનંતી મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. રણજિતસય ગં. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી વિસ્તારમાં સમાજવિદ્યા ભવનની પૂર્વ બાજુએ આવેલ જમીનમાં પસાર થતા મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ના ટી.પી. રસ્તાની જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવા અંગેની સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડયાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવા આવ્યો.

૧૨૨. શ્રી. ડી. જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાતના માધ્યમિક શિક્ષકો અહીંની તાલીમી કૉલેજોમાં પ્રવેશ ન મળતાં 'ભોપાળ કે એવી અન્ય યુનિવર્સિટી 'માં 'Vacation B.Ed. Course' માં જોડાઈ તાલીમ મેળવે છે. માધ્યમિક શિક્ષણક્ષેત્રે તાલીમ પામેલા શિક્ષકોનો અભાવ છે. આ હકીકતને ધ્યાનમાં લઈ આપણે ત્યાં 'B.Ed. Vacation Course 'શરૂ કરવો જરૂરી સમજું છું."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ હાલને તબક્કે સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ડી. જે. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે અંગે આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ અસ્પષ્ટ છે, તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય નહીં.

૧૨૩. શ્રી. ડી. જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ઉચ્ચ શૈક્ષણિક તાલીમ સંસ્થાઓથી મળી શકે તે હેતુથી B.A. કે M.A.ની જેમ જ M.Ed.ની તાલીમ મળી શકે તે દૃષ્ટિથી M.Ed. Vacation Course તાકીદે શરૂ કરવો જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ડી. જે. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે અંગે આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ અસ્પષ્ટ છે, તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય નહીં.

૧૨૪. શ્રી. ડી. જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ઉચ્ચ શિક્ષણક્ષેત્રે 'બગાડ' અને 'બેકારી' દૂર કરવા માટે 'કૉલેજપ્રવેશ' પર ખૂબ વ્યવહારુ તેવાં કોઈ નિયમન મૂકવાં જોઈએ. આવાં નિયમનોમાં ૪૦ ટકાથી ઓછા ગુણ ધરાવતા એસ.એસ.સી. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને કોઈ પણ વિદ્યાર્થીક્ષેત્રે પ્રવેશ ન મળવો જોઈએ. "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ હાલને તબક્કે સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ડી. જે. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે અંગે આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવ અસ્પષ્ટ છે, તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય નહીં.

૧૨૫. શ્રી. ડી. જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"માધ્યમિક શિક્ષકો તથા સ્નાતકોનાં યુનિવર્સિટી ચૂંટણી માટેનાં મતદારમંડળો ઘણાં વિશાળ છે. આવા મતદારોને દૂર દૂરનાં સ્થાનોથી મતદાનમથકે લઈ જવા પડે છે. પરિણામે આવી ચૂંટણી ખૂબ ખર્ચાળ બની રહે છે. તો મતદારોને જે સંસ્થામાં નોકરી કરતા હોય ત્યાં જ મતદાનની વ્યવસ્થા કરવામાં આવે, અગર પોસ્ટથી મતદાન કરવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. ડી. જે. મહેતાએ રજૂ કર્યો, તેને પ્રો. એ. ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે અંગે આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવ અસ્પષ્ટ છે તે જોતાં તે કાનૂનસર ગણાય ખરો ?

કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય નહીં.

૧૨૬. આચાર્ય આર. એમ. પંચાલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે કચ્છ વિસ્તારની કૉલેજો માટે ગુજરાત યુનિવર્સિટીની ઝોનલ રમતગમત સ્પર્ધા તેમ જ ઝોનલ યુવક કલ્યાણ સ્પર્ધા માટે અલગ ઝોન માન્ય કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એમ. પંચાલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પરત્વે વિચારવાપણું રહ્યું નહીં.

૧૨૭. શ્રી. અભિનવ શુક્લે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પ્રત્યેક સેનેટ સભ્યની પોતાના વિષયની એક જ અભ્યાસસમિતિ પર નિયુક્તિ કરવાની સિન્ડિકેટે શરૂ કરેલી પ્રણાલીને આ સભાગૃહ આવકારે છે. આ પ્રણાલીના અમલમાં જે અપવાદો કરવામાં આવ્યા છે, તે દૂર કરી નવા સુધારાનો સાચો અમલ થાય તેવી પ્રવૃત્તિ સવેળા હાથ ધરવા આ સભાગૃહ સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સભ્યોને અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે સિન્ડિકેટે જરૂરી વિચારણા કરીને નિર્ણય લીધેલ છે, અને તેમાં પુનર્વિચારણા કરવા માટે અવકાશ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. અભિનવ શુકલની ગેરહાજરીમાં પ્રો. એ. ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. આર. કે. અમીને ટેકો આપ્યો.

તે પર ચર્ચા ચાલતી હતી તે દરમ્યાન સભ્યોની હાજરી ઓછી થઈ, અને તે ગણતાં જણાયું કે સ્ટે. ૨૧ પ્રમાણે જરૂરી સભ્યોની હાજરી રહી નહીં તેથી પ્રમુખશ્રીએ જણાવ્યું કે કોરમના અભાવે સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકે નહીં. તેથી બાકીની બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ.

૧૨૮. ડૉ. સી. આઈ. ઝાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Now that Gujarat University has justifiably accepted the principle of independent consideration of marks obtained at University examination, in the award of classes to successful candidates at various examinations of Gujarat University, I propose the following :

'Only marks obtained at examinations held by the University, and not the aggregate of internal assessment and marks obtained at University examination, be considered for University awards.'"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૨૯. આચાર્ય જશભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં પસાર કરેલા ઠરાવ પ્રમાણે આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અનુસ્નાતક શિક્ષક હોવી જરૂરી છે, પરંતુ કાયદાની વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષકની લાયકાત ધરાવતા પ્રાધ્યાપક આચાર્ય મળવા ઘણા જ મુશ્કેલ છે, માટે ફક્ત કાયદાની વિદ્યાશાખા પૂરતું અનુભવી અથવા નિવૃત્ત ન્યાયાધીશો અને વકીલોની સેવાનો લાભ લઈ શકાય એ રીતે આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે હોવી જોઈએ તેમ આ સેનેટની સભા ભલામણ કરે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને યોગ્ય કરવા ભલામણ કરે છે :

(૧) કાયદાના અનુસ્નાતક શિક્ષક, અથવા (૨) કાયદાના પ્રાધ્યાપક, અથવા (૩) પાંચ વર્ષનો ન્યાયાધીશનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ અગર દસ વર્ષનો ન્યાયાધીશનો અનુભવ, અથવા (૪) ૧૦ વર્ષનો વકીલાતનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અગર પંદર વર્ષનો વકીલાતનો અનુભવ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૩૦. આચાર્ય એ. જે. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" For the purpose of grants, colleges attached to the faculty of law should be treated on par with other faculties of professional courses as B.Ed., Medicine, Engineering, Pharmacy, etc. or of courses in Humanities and Social Sciences as Arts, Science, Commerce and it be so secured from relevant bodies."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી તરફથી ગ્રાન્ટ આપવામાં આવતી નથી તે જોતાં આ બાબતમાં યુનિવર્સિટીએ કશું કરવાપણું નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૩૧. આચાર્ય એ. જે. પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" For the purpose of financial soundness of an Institution seeking affiliation for degree courses, deposit of minimum amount of one lac of rupees instead of Rupees ten thousand be prescribed as a primary condition to be strictly observed by depositing the said amount with the University within one month from the date of Syndicate resolution (Senate) or at least before a month the institution proposes to begin functioning."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૩૨. આચાર્ય કે. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને એકસરખું પગારધોરણ, મોંઘવારી, ઘરભાડા ભથ્થાં અને પ્રૉવિડંટ ફંડ નક્કી કરી આપવામાં આવે તેવી લાગતાંવળગતાં સત્તામંડળોને કાર્યવાહી કરવા ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની સેવાની શરતો નિયત કરવા માટે યુનિવર્સિટીને સત્તા આપવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર કરવાની જરૂર છે એમ ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ અંગે નીમેલા પંચને ભલામણ કરવામાં આવી છે એ હકીકતની સેનેટને જાણ કરવી."

૧૩૩. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવો, અને (૨) કૉલેજમાં તે વિદ્યાર્થીને અંગ્રેજીના વિકલ્પમાં નિયત કરેલી (ફ્રેન્ચ, રશિયન, જર્મની જેવી) વિદેશી ભાષા લેવાની વ્યવસ્થા કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું. "

ડૉ. બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

" બાબત ૧૩૩માં ' ભલામણ કરે છે કે ' પછી (૧) મૂકવું. છેલ્લી પંક્તિમાં ' ફ્રેન્ચ 'નું ' ફ્રેન્ચ ' સુધારવું."

૧૩૪. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે એસ.એસ.સી. કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર પાસ થયેલા વિદ્યાર્થીને કૉલેજની વિનયન શાખામાં પ્રવેશ આપવો અને તેને માટે ખાસ અભ્યાસક્રમ દાખલ કરવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૩૫. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું. "

૧૩૬. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" આથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પદવી પ્રાપ્ત કરતાં અમુક આવશ્યક સાહિત્ય વાંચીને સજ્જ થાય ને શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે આશયથી વિદ્યાર્થીઓ માટે વાચન નોંધપોથીની પ્રથા દાખલ કરવી. વિવિધ સત્તામંડળો તરફથી પ્રત્યેક વર્ષના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત વાંચવાનાં પુસ્તકોની યાદી બનાવવામાં આવે અને વિદ્યાર્થી એ પ્રમાણે પુસ્તકો વાંચે તેમ જ પુસ્તકોની નોંધપોથી રાખે જે કૉલેજના ગ્રંથપાલ, વિષયના અધ્યક્ષ અને આચાર્ય માન્ય કરે તેવી તથા જેની વાચન-નોંધપોથી માન્ય ન થાય તે વિદ્યાર્થીને માટે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ કરવામાં આવે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૩૭. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેની ગ્રંથપાલની લાયકાત ધરાવતા ગ્રંથપાલની અછતને સત્વરે પહોંચી વળવા માટે યુનિવર્સિટી તરફથી ચાલુ કેન્દ્ર ઉપરાંત અન્ય કેન્દ્રો અને ગ્રંથાલયનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૩૮. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ગુજરાતી વિષયમાં આઠ પ્રશ્નપત્રો સાથે (એન્ટાયર) એમ.એ. કરવાની વ્યવસ્થા કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૩૯. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે આપણી યુનિવર્સિટીમાં પરીક્ષાકાર્ય માટે પૂરતા અધ્યાપકો હોવાથી સ્નાતક (તૃતીય વર્ષ) કે અન્ય પદવીની અંતિમ પરીક્ષા અને અનુસ્નાતક પરીક્ષાઓમાં જ અન્ય યુનિવર્સિટીના શિક્ષકોને પરીક્ષાકાર્ય માટે નિયુક્તિ આપવી ને તે સિવાયની પરીક્ષાઓ માટે માત્ર આપણી યુનિવર્સિટીના જ શિક્ષકોને નિયુક્તિ આપવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૪૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે વ્યાખ્યાતા તરીકે લાયક હોવા છતાં ટ્યૂટર તરીકે કામ કરતી વ્યકિતઓના શૈક્ષણિક અનુભવ પરીક્ષાની કામગીરી અને અનુસ્નાતક શિક્ષકપદની યોગ્યતા માટે ગણતરીમાં લેવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવા."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને જણાવવું."

૧૪૧. શ્રી. બબલભાઈ મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારી-માંથી એમને ઉગારી શકે એ માટે શિક્ષણપંચે વર્ક એકસપીરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમમાં કયા કયા વિષયોમાં કયા કયા તબક્કે ફેરફારો કરવા ઘટે એ અંગે

વ્યવહાર વિગતો સાથે ચોક્કસ સૂચનો રજૂ કરવા માટેની કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે. એ કમિટીમાં કેળવણીકારો, ઉદ્યોગનિપુણો, વિકાસઅધિકારીઓ, સમાજ-સેવકો તથા દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો સમાવેશ થાય તે ઇષ્ટ થશે. સદરહુ કમિટી પોતાનો હેવાલ પોતાની નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટીને પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એના અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો".

૧૪૨. શ્રી. દામુભાઈ શુકલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

" જો આપણી યુનિવર્સિટીઓમાં કોઈ એક જ સુધારો સૂચવવાનો હોય તો તે સુધારો પરીક્ષાપદ્ધતિનો છે એમ કોઠારી કમિશને જાહેર કર્યું છે તેને સેનેટની આ સભા સ્વીકારે છે અને આપણી યુનિ.ની પરીક્ષાઓ વધારે સર્વગ્રાહી, વધારે વિશ્વસનીય અને વધારે ધ્યેયલક્ષી બને એને માટે અત્યારની ચાલુ પદ્ધતિમાં રહેલી ખામીઓ અને તે દૂર કરવાના વ્યવહારુ ઉપાયો સૂચવવા, સેનેટ, યુનિ.નાં સત્તામંડળોને એક સમિતિ બનાવીને અને આ મહત્ત્વની કામગીરી સારી રીતે અને ટૂંક સમયમાં પૂરી કરવાની વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિ-પ્રાય જણાવવો."

૧૪૩. શ્રી. દામુભાઈ શુકલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" શરીર વિષેનું જ્ઞાન એ બીજા કોઈ પણ વિષયના જ્ઞાન જેટલું જ બલકે સૌથી વધારે ઉપયોગી છે એ હકીકતનો વ્યાપકપણે સ્વીકાર કરાવવા શારીરિક શિક્ષણને કૉલેજોમાં ડિગ્રીના વિષય તરીકે શીખવવો જોઈએ અને ભાષા, વિજ્ઞાન, ગણિત કે ઇતિહાસ લઈને જેમ ડિગ્રી મેળવાય છે તેમ શારીરિક શિક્ષણ લઈને પણ ડિગ્રી મેળવી શકાય તથા તેનો " પોસ્ટ-ગ્રેજ્યુએટ " અભ્યાસ પણ થઈ શકે એવી વ્યવસ્થા આપણી યુનિવર્સિટીમાં કરવા માટે સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિ-પ્રાય જણાવવો."

૧૪૪. શ્રી. દામુભાઈ શુકલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ઠરાવે છે કે કૉલેજોનાં વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓ શરીરને નીરોગી અને સુદૃઢ રાખવા માટે આરોગ્યકેન્દ્રોમાં અપાતી દવાઓ કરતાં શારીરિક વ્યાયામો ઉપર વધારે આધાર રાખતાં શીખે અને યોગાસનો જેવી નિર્દોષ અને સરળ વ્યાયામપદ્ધતિઓનું જ્ઞાન મેળવી એને આચરણમાં

ઉતારી શકે એવી વ્યવસ્થા વિચારી કાઢવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળો યોગ્ય પગલાં લે અને એને માટે એક યોજના તૈયાર કરાવી એનો વહેલામાં વહેલી તકે ઉપયોગ થાય તે માટે યુનિવર્સિટીનાં ઘટતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૪૫. આચાર્ય એન. જે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સામાન્ય રીતે કૉલેજને ચાલુ જોડાણ આપવાની શરતોમાં લાઈબ્રેરીનાં પુસ્તકો અને સામયિકો અંગે મુખ્ય વિષય દીઠ રૂ. ૨,૦૦૦, અને ગૌણ વિષય દીઠ રૂ. ૧,૦૦૦, વર્ષે ખર્ચવાની ફરજ પાડવામાં આવે છે.

આ અંગે સેનેટની આ સભા ઠરાવે છે કે વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈને નીચે મુજબનો પ્રતિવર્ષ પુસ્તકો તથા સામયિકો અંગે ખર્ચ કરવાની કૉલેજને ફરજ પાડવી :

કૉલેજમાં વિદ્યાર્થી-ઓની સંખ્યા	મુખ્ય વિષય દીઠ પુસ્તકો અને સામયિકોનો વાર્ષિક ખર્ચ	ગૌણ વિષય દીઠ પુસ્તકો અને સામયિકોનો વાર્ષિક ખર્ચ
૨૫૦ સુધી	રૂ. ૧,૦૦૦	રૂ. ૫૦૦
૨૫૧થી ૫૦૦	રૂ. ૧,૫૦૦	રૂ. ૭૫૦
૫૦૧થી ૧,૦૦૦	રૂ. ૨,૦૦૦	રૂ. ૧,૦૦૦
૧,૦૦૧થી ઉપર	રૂ. ૨,૫૦૦	રૂ. ૧,૨૫૦"

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવના વિચાર સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જાણાવવો."

શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીઓ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"૧. ઠરાવના બીજા પેરેગ્રાફમાં પ્રથમ લાઈનમાં 'આ સભા' પછી 'ઠરાવે છે' તે શબ્દો છે તેને બદલે 'લાગનાંવળગનાં સત્તામંડળોને' શબ્દો મૂકવા."

"૨. દર્શાવેલ કોઠામાં બીજા અને ત્રીજા કૉલમમાં બે અને ત્રણ હેડિંગ્ઝ (મથાળાં) રદ કરી હેડિંગ એક જ મૂકવું કે—"પુસ્તકો અને સામયિકોનો વાર્ષિક ખર્ચ"

કોઠામાં સૂચવેલ રૂ.ના આંકડાઓ રદ કરી ઉપર સૂચવેલ સુધારેલ મથાળા હેઠળ

		સુધારો
૨૫૦ સુધી	સામે	રૂ. ૩,૦૦૦
૨૫૧થી ૫૦૦	સામે	રૂ. ૪,૦૦૦
૫૦૧થી ૧૦૦૦	સામે	રૂ. ૫,૦૦૦
૧,૦૦૦થી ઉપર	સામે	રૂ. ૬,૦૦૦

આંકડાઓ મૂકવા અને તે પ્રમાણે ઠરાવ વંચાય તેમ સુધારો મૂકું છું."

૧૪૬. પ્રા બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એસ.વાય. સુધી બાહ્ય પ્રાશ્નિકો—પરીક્ષકો નીમવાની પ્રથા બંધ કરવા અને ટી. વાય. તથા અનુસ્નાતક કક્ષાઓ વર્તમાન સ્થિતિ ચાલુ રાખવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ડૉ. રમણલાલ જોશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એસ.વાય. સુધી...વિનંતી કરે છે." પ્રસ્તુત પ્રસ્તાવની બીજી લીટીમાં "સ્થિતિ" શબ્દને બદલે "પ્રથા" શબ્દ મૂકો. અને છેલ્લે 'વિનંતી કરે છે' ને બદલે 'આદેશ આપે છે' એ શબ્દો મૂકો."

૧૪૭. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પ્રત્યેક સ્તરની પરીક્ષામાં એક્સ્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાને બદલે ઇન્ટરનલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાની પ્રથાનો સ્વીકાર કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટની સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પ્રત્યેક સ્તરની...વિનંતી કરે છે." છેલ્લી લીટીમાં "સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે" ને બદલે "સંબંધકર્તા સત્તામંડળોએ ઘટતાં પગલાં લેવાં" એમ મૂકો."

૧૪૮. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે, પ્રત્યેક પરીક્ષા પછી એક માસના સમયગાળા દરમ્યાન, ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તા. ૧૯, ૨૦, ૨૧મી માર્ચના રોજ મળનારી સેનેટના એજન્ડાની આઈટેમ નં. ૧૪૮ના ઠરાવમાં 'એક' શબ્દ માસ અગાઉ છે તેને બદલે 'છ' મૂકવા."

૧૪૯. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પરીક્ષકોની નિમણૂક અંગેની કાર્ડ પદ્ધતિનો અમલ કરવામાં ઘણો વિલંબ થયો છે. તેનો અમલ આગામી ઑક્ટોબર પરીક્ષાથી અચૂક રીતે કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ડૉ. રમણલાલ જોશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

આ પ્રસ્તાવ નીચે મુજબ સુધારવો :

" પરીક્ષકોની નિમણૂક અંગેની કાર્ડ પદ્ધતિનો અમલ કરવામાં ઘણો વિલંબ થયો હોઈ આગામી ઑક્ટોબર પરીક્ષાથી એ અચૂક અમલમાં આવે એ માટે ઘટતાં પગલાં લેવા સંબંધકર્તા સત્તા-મંડળોએ તાત્કાલિક કારવાઈ કરવી."

૧૫૦. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પરીક્ષાઓનાં વિવિધ પાસાંઓ પર ચર્ચાવિચારણા કરીને ઘટિત સુધારા કરવાનો ખૂબ અવકાશ હોવાથી આગામી ત્રણ માસમાં અનુકૂળ સમયે એ અંગે એક સેમિનાર યોજવા અને ઘટિત સુધારા કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૫૧. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમની પુનર્વિચારણા કરવા અને જનરલ એજ્યુકેશનના વિષયની પરીક્ષા યુનિવર્સિટીએ લેવા તથા કક્ષા અને ક્રમ નિશ્ચિત કરવામાં તેના ગુણ ધ્યાનમાં લેવા અંગે ઘટિત કરવા માટે સંબંધ-કર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૫૨. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટીએ જે ટ્યૂશનબંધી કરી છે તે દૂર કરવા, જે વિદ્યાર્થીઓ વર્ગોમાં યોગ્ય હાજરી આપવા છતાં નબળા રહેતા હોય તેમના માટે ખાસ વર્ગો ફી વિના કૉલેજોમાં ચલાવવા અને અધ્યાપકને વધુમાં વધુ બે ટ્યૂશન કરવાની છૂટ આપવા માટે સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૧૩. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રત્યેક કૉલેજની ગવર્નિંગ બૉડીના સભ્યો ઓછામાં ઓછા સ્નાતક હોય એ ઇષ્ટ છે, અને આચાર્ય તથા એક અધ્યાપકને ગવર્નિંગ બૉડીમાં અન્ય સભ્યોની જેમ જ સભ્યપદ અપાય તે માટે યોગ્ય કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી કરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળ (Governing body) રચવાની બાબતમાં ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ અંગે નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૧૪. પ્રા. બી. એસ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" કૉલેજોના વર્ગોમાં નોટ્સ લખાવવાની પ્રવૃત્તિ શૈક્ષણિક દૃષ્ટિએ અનુચિત હોવાથી તે અંગે ઘટિત કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી કરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલ છે તેવી વિગતો અંગે કૉલેજોના અધ્યાપકોને સૂચના આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૧૫. શ્રી. ખોડાભાઈ એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજોના પ્રાધ્યાપકો, કર્મચારીઓ અને આચાર્યોને પોતાના બેઝિક પગારના દશ ટકા ઘરભાડા ભથ્થું મળવું જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં પણ ઓછામાં ઓછું બેઝિકના આઠ ટકા ઘરભાડું મળવું જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી કરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે યુનિવર્સિટીએ ઘડેલાં ઘરભાડા ભથ્થા અંગેનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૧૬. શ્રી. ખોડાભાઈ એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" એન.સી.ઈ.આર.ટી. દ્વારા શિક્ષકો આખાયે દેશમાં શિક્ષણક્ષેત્રે પોતાની તાલીમ અને પ્રતિભાનો વિનિયોગ કરે તે માટે શિક્ષકોની સ્થિતિ અને અનુકૂળતાઓ મુજબ ભોપાળ, અજમેર, મૈસુર અને ભૂવનેશ્વરમાં રિજિયોનલ કૉલેજો સ્થાપીને શિક્ષકોને ટ્રેન્ડ કરવા સમર-કમ-કોરસ્પોન્ડન્સ કોર્સ દ્વારા ટ્રેનિંગની યોજના કરવામાં આવી છે. આ યોજનામાં નીચેની મુખ્ય બાબતો છે :

(૧) આ યોજના દ્વારા શિક્ષકોને બે વર્ષના ઉનાળાના વેકેશન દરમ્યાન કુલ ચાર મહિના ઉપરની ઝોનલ કૉલેજમાં જઈને સૈદ્ધાન્તિક શિક્ષણ (થિયરી) માટે જવાનું હોય છે.

(૨) બાકીના દસ મહિના દરમિયાન તેને પ્રાયોગિક કાર્ય કરવાનું રહે છે. પ્રાયોગિક કાર્યના નિરીક્ષણ અર્થે સ્થાનિક નિરીક્ષકોની નિમણૂક રિજિયોનલ કૉલેજના સત્તાવાળા દ્વારા કરવામાં આવે છે. કયારેક

આવા નિરીક્ષકો સ્થાનિક ટ્રેનિંગ કૉલેજના અધ્યાપકો હોય છે. તો કયારેક જ્યાં આવી સગવડ પ્રાપ્ય ન હોય ત્યાં, શાળાના ટ્રેઇન્ડ અને અનુભવી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે.

આ પ્રાયોગિક કાર્યમાં તાલીમાર્થી શિક્ષકને કૉલેજ તરફથી ટપાલ દ્વારા મોકલવામાં આવતા આઠ ટર્મ પેપર લખવાના હોય છે. વળી કુલ ૬૭ એસાઈનમેન્ટ અને બે વિષયના થઈને ૧૦ પાઠ આપવાના રહે છે અને બીજા ૨૦ પાઠોનું આયોજન કરવાનું રહે છે.

(૩) બી.એડ.ની આ ટ્રેનિંગમાં પ્રવેશ માટે નીચે મુજબ લાયકાત આવશ્યક છે :

(અ) સ્નાતક શિક્ષકને પાંચ વર્ષનો શિક્ષણકાર્યનો અનુભવ

(બ) અનુસ્નાતક શિક્ષકને ત્રણ વર્ષનો શિક્ષણકાર્યનો અનુભવ.

(૪) બી.એડ.ની આ ટ્રેનિંગમાં નીચે મુજબના વિષયો છે :

૧. પ્રિન્સિપલ્સ ઑફ એજ્યુકેશન

૨. ડેવલપમેન્ટ એન્ડ પ્રોબ્લેમ્સ ઑફ ઇન્ડિયન એજ્યુકેશન

૩. એજ્યુકેશનલ સાયકોલોજી

૪. વર્કશોપ ઇન ટીચિંગ ગાઇડન્સ, કરિકયુલમ, ઇવેલ્યુએશન, સ્કૂલ ઑર્ગેનાઇઝેશન, હેલ્થ એન્ડ હ્યુમન રિલેશન.

ઉપર્યુકત વિષયો ફરજિયાત છે અને બાકીના બે વિષયો તાલીમાર્થીને પસંદ કરવાના રહે છે.

(૫) (ક) સૈદ્ધાન્તિક શિક્ષણ (થિયરી)ના ૩૦૦ માર્ક

(ખ) પ્રાયોગિક શિક્ષણ (પ્રેકિટકલ)ના ૩૦૦ માર્ક, ૨૦૦ માર્ક બે મેથડના વિષયના પાઠના અને ૧૦૦ માર્ક ૬૭ એસાઈનમેન્ટના.

(ગ) મેથડના વિષયના ૨૦૦ માર્ક

(ઘ) વર્કશોપ ઇન ટીચિંગનું પેપર આંતરિક મૂલ્યાંકનનું છે, તેના ૧૦૦ માર્ક હોય છે.

(૬) રિજિયોનલ કૉલેજ, ભોપાલમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને કેન્દ્ર શાસિત પ્રદેશ (ગોવા)ના શિક્ષકોને પ્રવેશ માટે યોગ્ય ગણ્યા છે.

(૭) ચાર માસની કૉલેજની તાલીમ દરમિયાન કૉલેજના અધ્યાપકો ઉપરાંત ભારતભરમાંથી તદ્‌વિષયક વિદ્વાન અને અનુભવી અધ્યાપકોને આમંત્રીને તાલીમાર્થીઓના જ્ઞાનને વધુ સમૃદ્ધ બનાવવામાં આવે છે. મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને બંગાળ અને પંજાબમાંથી અધ્યાપકોને નિમંત્રવામાં આવે છે. ગુજરાતમાંથી પણ આવા આમંત્રિત અધ્યાપકોમાં—

શ્રી. સી. કે. અકુવાલા (પ્રિન્સિપાલ, ખંભાત કૉલેજ)

ડૉ. મધુબહેન (પ્રાધ્યાપક, ખંભાત કૉલેજ)

શ્રી. એમ. ટી. પટેલ (અધ્યાપક, વલ્લભ વિદ્યાનગર)

ડૉ. બી. પી. લુલ્લા (પ્રાધ્યાપક, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી.)

(૮) બી.એડ.ની તાલીમ દરમ્યાન અનેક વિદ્વાનોનાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો, પરિસંવાદો અને પ્રોજેક્ટ્સનું પણ આયોજન કરવામાં આવે છે અને આ વ્યાખ્યાતા તરીકે ગુજરાતમાંથી પણ વિદ્વાન પ્રાધ્યાપકો આવે છે અને તેમના જ્ઞાન-અનુભવનો લાભ અર્પે છે.

(૯) લગભગ પાંચ વર્ષથી ચાલતા આ તાલીમ કાર્યક્રમમાં માત્ર ગુજરાતમાંથી જ લગભગ પાંચસોથી વધુ શિક્ષકોએ લાભ લીધો છે અને હજ પણ લઈ રહ્યા છે.

(૧૦) બી.એડ.ની આ તાલીમ ગુજરાત યુનિવર્સિટીના બી.એડ.ના અભ્યાસક્રમ અને તાલીમની સમકક્ષ છે. વસ્તુવિષયની દૃષ્ટિએ જોતાં તે કયાંયે ઊણપવાળી નથી.

(૧૧) ગુજરાત સરકારે પણ પગાર અને ગ્રેડની બાબતમાં બી.એડ.ની આ ડિગ્રીને માન્ય રાખી છે.

(૧૨) આ ડિગ્રીધારી શિક્ષકોને એમ.એડ.ના અભ્યાસ માટે ગુજરાતમાં જ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રવેશપાત્ર ગણવામાં આવે છે.

જ્યારે શિક્ષણક્ષેત્રે વધુ તેજસ્વી, અભ્યાસપરાયણ, દૃષ્ટિવંત અને વિદ્વાન એવા શિક્ષકોની જરૂરિયાત છે ત્યારે શિક્ષકોને ઉચ્ચ અભ્યાસ અર્થે પૂરતી તક અને તમામ સવલતો પૂરી પાડવી એ પવિત્ર ફરજ બની રહે છે.

અમારી માગણીઓ નીચે મુજબ છે :

૧. વહેલી તકે એન.સી.ઈ.આર.ટી.ની બી.એડ. ડિગ્રીને માન્ય કરીને આવા ટ્રેન્ડ શિક્ષકોને શિક્ષણના અનુસ્નાતકની ડિગ્રી માટે તક આપો.

૨. આવી કોરસ્પોન્ડન્સ કોર્સની યોજના ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ તાકીદે શરૂ કરો. "

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જરૂરી સ્પષ્ટતાના અભાવે તે અંગે અભિપ્રાય આપવાનું શક્ય નથી એમ સેનેટને જણાવવું. "

૧૫૭. પ્રા. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પૂરા સમયના તેમ જ ખંડ સમયના અધ્યાપકોને યુનિવર્સિટીના અધ્યાપકો તથા કર્મચારીઓને મળે છે તે ધોરણે ઘરભાડા ભથ્થું તથા સિટી કોમ્પેન્સેટરી એલાવન્સ મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવો આ સેનેટની સભાનો અભિપ્રાય છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે યુનિવર્સિટીએ ઘડેલાં ઘરભાડા ભથ્થા અંગેનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૫૮. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીઓ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સંલગ્ન કૉલેજોમાં કામ કરતા આચાર્યો અને અધ્યાપકોને નોકરીમાંથી પૂરતાં અને વાજબી કારણો સિવાય છૂટા જ ન કરી શકાય, અને જો છૂટા કરવામાં આવે તો "તપાસપંચ" (જેમાં છૂટા કરેલા અધ્યાપકોનો

એક પ્રતિનિધિ, કૉલેજ મૅનેજમેન્ટનો એક પ્રતિનિધિ અને યુનિવર્સિટીનો એક પ્રતિનિધિનું બનેલું હોય) દ્વારા પૂરતી તપાસ થાય તેમ જ તપાસપંચનો નિર્ણય બન્ને પક્ષોને બંધનકર્તા બને તેવી જોગવાઈ અધ્યાપકો અને આચાર્યો માટેની નોકરીની શરતોમાં તાકીદે કરી લેવામાં આવે તેવો સેનેટની આ સભાનો અભિપ્રાય છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોને છૂટા કરવાની બાબતમાં નોટિસ, વળતર ઇત્યાદિ અંગે ઑર્ડિ. ૧૨૦—ડી મંજૂર કરેલ છે તેમ સેનેટને જણાવવું."

આચાર્ય બી. એમ. પીરઝાદાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

" કામ નંબર ૧૫૮માં વધારાના પેરેગ્રાફ તરીકે નીચેનો પેરેગ્રાફ ઉમેરવો :

" તાજેતરમાં સિન્ડિકેટે ઘડેલા ઑર્ડિનન્સ ૧૨૦—ડી (૧)માં અધ્યાપકો (આચાર્ય સહિત)ને બરતરફ કરવાની બાબતમાં જે વિધિ સૂચવી છે તેને આ સભા આવકારે છે, પણ માત્ર તેટલી જ જોગવાઈ પૂરતી નથી તેમ પણ આ સભા માને છે. મજકૂર ઑર્ડિનન્સમાં બરતરફી માટે જે વિધિ અપનાવવાનું સૂચવવામાં આવ્યું છે તેવી જ વિધિ છૂટા કરવાની બાબતમાં પણ કૉલેજના સત્તાવાળાઓ અપનાવે તે હેતુ સિદ્ધ કરવા ઑ. ૧૨૦—ડી (૧)માં અનુરૂપ ફેરફાર કરવા સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

૧૫૯. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પરીક્ષકોની નિમણૂકોમાં અન્યાયો અને અનિયમિતતાઓ નિવારવા માટે વિષયમાં શૈક્ષણિક લાયકાત અને વિષયમાં શૈક્ષણિક અનુભવને કેન્દ્રમાં રાખીને વસ્તુલક્ષી ધોરણો નક્કી કરવાં અને આગામી પરીક્ષાથી તેનો અમલ થાય તે રીતે નિયમોમાં ફેરફાર કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને જણાવવું."

૧૬૦. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પરીક્ષણકાર્યનાં ધોરણો જળવાય તે માટે તેમ જ પરીક્ષક તરીકે નિમાવાને પાત્ર હોય તેવા અનુભવી અધ્યાપકો પરીક્ષકો તરીકે સેવા આપવા માટે પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ હોય ત્યારે જે તે વિષયની પરીક્ષામાં એક પરીક્ષકને ૩૦૦થી વધુ ઉત્તરવહીઓ તપાસવા માટે સોંપવામાં ન આવે તેવી નિયમોમાં જોગવાઈ કરવાનો સેનેટની આ સભાનો અભિપ્રાય છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોને ઉત્તરવહીઓ ઓછી આપવાની દિશામાં સિન્ડિકેટનું વલણ છે; પણ તે અંગે સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબની સંખ્યા નિયત કરવાની તરફેણમાં આ સભાગૃહ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૬૧. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

" પરીક્ષકો/પ્રાશ્નિકોની નિમણુકોને યુનિવર્સિટી "ખાનગી બાબત" ગણે છે; તેથી તે અંગેના અન્યાયો અને અનિયમિતતાઓ વિષે લાગતાવળગતા અધ્યાપકો અને આચાર્યો યુનિવર્સિટીને ફરિયાદ કરી શકતા નથી. અને કરે છે તો " ખાનગી બાબત "ના નિયમ હેઠળ તેમની ફરિયાદો પર કાર્યવાહી થતી નથી તેથી પરીક્ષાનું પરિણામ જાહેર થયા પછી પરીક્ષકો/પ્રાશ્નિકોનાં નામોની યાદી તમામ અધ્યાપકો અને આચાર્યોની જાણ માટે પ્રગટ કરવામાં આવે તેમ જ તે અંગેની ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવે તેવો સેનેટની આ સભાનો અભિપ્રાય છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો—પરીક્ષકોની નિમણુકો અંગે કાર્ડ પદ્ધતિ દાખલ કર્યા પછી તે અંગે અનુભવ જોઈને સદરહુ પ્રસ્તાવ પર વિચારણા કરવી યોગ્ય થશે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૧૬૨. પ્રા. કે. એસ. શાસ્ત્રી અને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે સંલગ્ન કોલેજોના આચાર્યો અને અધ્યાપકો માટે પ્રોવિડંટ ફંડના નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈઓ કરવામાં આવે :

(૧) આચાર્ય કે અધ્યાપક એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં જાય ત્યારે તેમનું પ્રોવિડંટ ફંડનું ખાતું પણ તેમની સાથે જે તે સંસ્થામાં ટ્રાન્સફર થાય.

(૨) કોલેજોના પ્રોવિડંટ ફંડના ટ્રસ્ટી મંડળમાં આચાર્ય ઉપરાંત અધ્યાપકોએ પસંદ કરેલા બે અધ્યાપક-પ્રતિનિધિઓ અને એક બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે.

(૩) કોલેજનું પ્રોવિડંટ ફંડનું ખાતું લાગતાવળગતા સરકારી ખાતામાં માન્ય કરાવી લેવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે કોલેજોના આચાર્યો અને અધ્યાપકો માટે પ્રોવિડન્ટ ફંડનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૬૩. પ્રા. કે. એસ. શાસ્ત્રી અને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને વિનંતી કરે છે કે (૧) સંલગ્ન કોલેજોના પૂરા સમયના અધ્યાપકોને લાગુ પડતી નોકરીની શરતો ખંડ સમયના અધ્યાપકોને પણ જરૂરી ફેરફારો સાથે લાગુ પાડવામાં આવે અને (૨) પૂરા સમયના અધ્યાપકોને મળતાં વેતનો, ભથ્થાંઓ અને ઈજાફાઓ બરાબર અડોઅડો મળે તેવી જોગવાઈ કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજોના ખંડ સમયના શિક્ષકોના વેતન અંગેનાં ધારાધોરણોમાં સિન્ડિકેટે તાજેતરમાં જે સુધારા કર્યા છે તે પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

ડૉ. રમણલાલ જોશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

" આ પ્રસ્તાવમાંથી ' જરૂરી ફેરફારો સાથે ' એ શબ્દો કાઢી નાખો. ' અડધોઅડધ ' શબ્દને બદલે ' અડધોઅડધ ' શબ્દ મૂકો. ' ઇજાફાઓ ' શબ્દ પછી ઉમેરો : ' બંડ સમયના તમામ અધ્યાપકોને'. ' તેવી ' શબ્દ પછી ઉમેરો : ' સત્વરે '."

૧૬૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬૫. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ધારાશાસ્ત્ર વિદ્યાશાખામાં યોગ્ય સંશોધનને ઉત્તેજન મળે તે હેતુથી યુનિવર્સિટી તરફથી સ્કૂલ ઑફ લૉ તાકીદે શરૂ કરવા યુનિવર્સિટીના યોગ્ય સત્તામંડળને જરૂરી પગલાં લેવા સેનેટની આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનામાં વિકાસકાર્યોમાં યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૉ શરૂ કરવા માટે સિન્ડિકેટે આ અગાઉ વિચારેલું છે એમ સેનેટને જાણ કરવી."

૧૬૬. શ્રી. હીરૂભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટી સેનેટના સભાસદો પૈકી કેટલાકને તેમની પસંદગીના વિષયોની અભ્યાસસમિતિ નહીં આપી તેનાથી ઓછી લાયકાત અને / અગર અનુભવવાળા સભાસદોને તેમની પસંદગીના વિષયની અભ્યાસ-સમિતિ ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટે એનાયત કરી પક્ષપાતી નિર્ણય લીધો છે તે અન્યાયી પગલું છે.

તેથી ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા આવા સેનેટના સભાસદોને તેમની પસંદગીના વિષયોની અભ્યાસસમિતિઓ નવેસરથી એનાયત કરવા ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૬૭. શ્રી. ભોળાભાઈ ચૌ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૨૦ની પેટાકલમ ૧૧માં વાપરેલા " સ્ટાફ " શબ્દનું અર્થઘટન અત્યાર સુધી યુનિવર્સિટી અને કૉલેજ સત્તામંડળોએ સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક કર્મચારીઓ માટે છે તેવું અર્થઘટન કર્યું છે અને તેને લઈ સંલગ્ન કૉલેજોના હજારો બિનશૈક્ષણિક કર્મચારીઓને જે શોષવું પડયું છે તે બદલ આ સભા દુ:ખ વ્યકત કરે છે અને આવા અર્થઘટનને લઈ બિનશૈક્ષણિક કર્મચારીઓને જે શોષવું પડયું છે તેનું વળતર આ કર્મચારીઓને અપાવવા કૉલેજ સંચાલકમંડળોને ભલામણ કરવા આ સભા યુનિવર્સિટી સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૬૮. આચાર્ય ભો. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"(અ) ગુજરાત યુનિ. કાયદાના સુધારા દ્વારા સંલગ્ન કૉલેજોની ફી અંગે નિયમન કરવાની જે સત્તા પ્રાપ્ત થઈ છે, તેને આ સભા આવકારે છે અને યુનિ. પાસેથી એવી અપેક્ષા રાખે છે કે વિદ્યાર્થીઓને અપાતી શૈક્ષણિક અને ઇતર સગવડોના પ્રમાણમાં જ વિદ્યાર્થીઓ પાસેથી ફી ચાર્જ કરવામાં આવે તેવો પ્રબંધ કરે.

(બ) જો વિવિધ (નાની અને મોટી) કૉલેજોમાં ફીનું ધોરણ એક જ રાખવું પડે એમ હોય, તો વિશાળ સંખ્યા ધરાવતી કૉલેજો, ફીની આવકમાંથી જે પુરાંત જન્માવે, તેનો ઉપયોગ, વિદ્યાર્થીઓને વિશેષ સવલતો આપવામાં કરે અથવા શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફને વધુ સારી વર્કિંગ કન્ડિશન્સ પૂરી પાડવામાં જ કરે.

(ક) આવી પુરાંતો ઇયર-માર્ક્ડ ફન્ડ્ઝ તરીકે જ રાખવામાં આવે અને તેનો ઉપયોગ કૉલેજના વિકાસ સિવાયના હેતુ માટે ન કરવામાં આવે તેવો પ્રબંધ કરવામાં આવે.

ઉપરનાં સૂચનો અંગે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું."

૧૬૯. આચાર્ય ભો. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પ્રવર્તમાન પરીક્ષાપદ્ધતિ અને તેના વ્યવહારોમાં વિવિધ વિષયોમાં અપાતા વર્ગો અને ગુણ સમાન કક્ષા અને એકરૂપતા વ્યક્ત કરતા હોતા નથી ને એક મોટી ક્ષતિ છે.

જુદા જુદા વિષયોમાં પરીક્ષા પ્રાપ્ત ગુણ અને વર્ગ જ કોઈ નોકરી, ઉચ્ચ અભ્યાસ માટેની ક્ષમતા અને શૈક્ષણિક લાયકાતના આધારસ્તંભ લેખાતા હોય તો આવી એકરૂપતા લાવવી આવશ્યક છે. આ દિશામાં યોગ્ય વિચારણા કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં ચોક્કસ સૂચનોના અભાવે અભિપ્રાય આપવાનું શક્ય નથી એમ સેનેટને જણાવવું."

૧૭૦. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" કેટલીક કૉલેજો જિમખાના અને ઇતર પ્રવૃત્તિ ફી ઉઘરાવે છે અને તેમાંથી પુરાંત ઉપસ્થિત કરે છે. હવે જ્યારે યુનિવર્સિટીને ફી અંગે નિયમન કરવાની સત્તા પ્રાપ્ત થઈ છે તો તે સંદર્ભમાં આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને એવું સૂચન કરે છે કે કૉલેજો આવી ફીમાંથી સામાન્ય રીતે પુરાંત ઉપસ્થિત ન થાય તે રીતે ફીનું આયોજન કરે અને જો કદાચ કોઈ કારણસર પુરાંત ઉપસ્થિત થાય તો તે ઇયર-માર્ક્ડ રહે અને તે પછીના વર્ષમાં જે હેતુસર તે ફી એકત્રિત થઈ હોય તે માટે જ ખર્ચાય તેવું નિયમન કરવા વિચારણા કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૧૭૧. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"(અ) વ્યાખ્યાતાઓ અને પ્રાધ્યાપકો પાસેથી ફૂટીન લેક્ચર્સની અવેજીમાં અથવા તો એના પૂરક તરીકે વિવિધ વિષયના ઉચ્ચ કક્ષાના પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો ટેપ-રેકૉર્ડ કરાવી કૉલેજોને ઉપયોગમાં લેવાની યોજના વિચારી તેને સાકાર કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને આ સભા વિનંતી કરે છે.

(બ) આવી કોઈ યોજનાને ઉત્તેજન આપવાનું યુનિવર્સિટીને યોગ્ય લાગે અને છતાં તેને ફરજિયાત બનાવવાનું ઉચિત ન લાગે તો કૉલેજો તેનો ઐચ્છિક ધોરણે અમલ કરી શકે તેવી જોગવાઈની યોગ્યતા વિચારવા અધિકૃત મંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

૧૭૨. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રવર્તમાન શૈક્ષણિક વ્યવસ્થામાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની કૉલેજોમાં વિદ્યાર્થીઓ વાચન-લેખન કાર્ય ફરજિયાત કરે તેવી કોઈ જોગવાઈ નથી. આ બાબતમાં નબળું મોટિવેશન હોવાથી વિદ્યાર્થીઓ ઇષ્ટ પ્રકારનું અને પર્યાપ્ત કરી શકાય તેવું વાચન-લેખન ટાળે છે અને પોતાની લેખનવિવરણશક્તિ વિકસાવતા નથી.

આ પરિસ્થિતિ ટાળવા પ્રવર્તમાન સંજોગોમાં એ આવશ્યક લાગે છે કે માત્ર વ્યાખ્યાનો ભરવાને બદલે વિદ્યાર્થીઓ અમુક સ્પેસિફાઈડ વાચનકાર્ય પણ કરે અને સાથે એસાઈનમેન્ટના સ્વરૂપમાં તેની પાસેથી લેખનકાર્ય પણ લેવામાં આવે. આવી યોજના ફરજિયાત બનાવવી યોગ્ય ન લાગતી હોય તો કૉલેજો ઐચ્છિક ધોરણે તે અપનાવે તેવી જોગવાઈ કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો કોઈ યોજના ઘડી કાઢે તેવી સેનેટની આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઠરાવ કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૧૭૩. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" આપણી પરીક્ષાઓમાં પરીક્ષાર્થીઓનાં મૂલ્યાંકનના પરિણામે વિદ્યાર્થીઓને ગુણ આપવાને બદલે માત્ર એ, બી, સી, ડી, ઈ... વગેરે જ આપવાનાં સૂચન પર વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલ તેમ જ અન્ય અધિકૃત મંડળોને આ સભા વિનંતી કરે છે. (આવી વ્યવસ્થા અમલી બનતાં ચોકસાઈનો આભાસ ઊભો કરતી ગુણ આપવાની મનસ્વી અને અવૈજ્ઞાનિક પદ્ધતિની મર્યાદામાંથી આપણે મુક્તિ મેળવી શકીશું તેમ જ પરીક્ષકોનું કાર્ય પણ પ્રમાણમાં સહેલું બનશે.)"

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાપદ્ધતિ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે એક સમિતિ નીમેલી છે એમ સેનેટને જાણ કરવી."

નં. સેનેટ / ૦૨૬૫૪ / ૧૯૭૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૯.
મે ૫, ૧૯૭૧.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ '૧'

આચાર્યશ્રી બી. આર. પટેલના પ્રશ્ન ૬ અંગે કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી

ક્રમાંક	કૉલેજનું નામ	પદ	વ્યકિતનું નામ	ત્રુટિ	ત્રુટિ માફ કરવાનાં કારણો
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	વ્યાયામ શિક્ષક	શ્રી. જસુભાઇ એમ. પંડ્યા	સ્નાતક પદવી ધરાવતા ન હતા	પ્રત્યેક કેસમાં ગુણદોષને આધારે સિન્ડિકેટ નિર્ણય લે છે.
૨.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	એજ્યુકેશનના વ્યાખ્યાતા	(૧) શ્રી. એસ. સી. પરીખ	બી. એસસી. ની પદવી બીજા વર્ગમાં પસાર કરેલી નથી.	,,
			(૨) શ્રી. સી. બી. વાળંદ	અનુભવ બે વર્ષ ઓછો છે.	,,
૩.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા	એજ્યુકેશનના વ્યાખ્યાતા	શ્રી. આર. એમ. પટેલ	એક વર્ષનો અનુભવ ઓછો છે.	,,
૪.	કૉમર્સ કૉલેજ, પેટલાદ	અંગ્રેજીના વ્યાખ્યાતા	શ્રી. આર. એચ. પટેલ	એક વર્ષનો અનુભવ ઓછો છે.	,,
૫.	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, કૉમર્સ કૉલેજ, ભૂજ	ગ્રંથપાલ	શ્રી. એમ. વી. પરીખ	લાઇબ્રેરી સાયન્સની ડિપ્લોમા પદવી ધરાવતા નથી	,,
૬.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	ગ્રંથપાલ	શ્રી. જી. બી. અમીન	,,	,,
૭.	એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા	(૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક	(૧) શ્રી. બી. વી. શાહ	એક વર્ષનો અનુભવ ઓછો છે.	,,
		(૨) ગ્રંથપાલ	(૨) શ્રી. બી. બી. ગજજર	લાઇબ્રેરી સાયન્સનો ડિપ્લોમા કે પદવી ધરાવતા નથી	,,
૮.	સાયન્સ કૉલેજ, કડી	(૧) ગ્રંથપાલ	શ્રી. એમ. એમ. પટેલ	,,	,,
૯.	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, લૉ કૉલેજ, ભૂજ	આચાર્ય	શ્રી. ડી. એમ. ભટ્ટ	અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા પાત્રતા ધરાવતા નથી.	,,
૧૦.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક	શ્રી. જે. જી. પટેલ	બી. કૉમ.માં દ્વિતીય વર્ગને બદલે પાસ વર્ગ છે.	,,

પરિશિષ્ટ '૨'

આચાર્ય બી. આર. પટેલના પ્રશ્ન ૭ અંગે કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી

ક્રમાંક	કૉલેજનું નામ	જેનું વેતન બાકી છે તે વ્યક્તિનું નામ	વ્યક્તિની છૂટા થયાની તારીખ	વેતન બાકી હોવાનાં કારણો	યુનિવર્સિટીએ તે અંગે લીધેલી તકેદારી
૧.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	શ્રી. એમ. એન. શાહ	૧૫-૬-'૭૦	ગ્રંથાલયનાં પુસ્તકો બાકી હોવાથી	—
૨.	સાયન્સ કૉલેજ, કડી	સર્વશ્રી (૧) કે. એલ. પટેલ (૨) એચ. સી. પટેલ (૩) એ. પી. પટેલ (૪) કે. એ. પટેલ (૫) એ. આર. પરીખ (૬) એસ. એમ. લાલીવાલા (૭) એ. એમ. ટાટરિયા (૮) ડી. આર. પટેલ (૯) જે. જી. પટેલ (૧૦) એ. એસ. પટેલ (૧૧) એસ. એમ. શાહ (૧૨) એલ. એફ. ચૌહાણ	૧૯૬૮ માર્ચ પહેલાં છૂટા થયેલ છે.	સંસ્થાની આર્થિક સંકડામણ (નોંધ.—હપતેથી ચુકવણી ચાલુ છે તથા મોટા ભાગની રકમ ચૂકવાઈ ગઈ છે એમ આચાર્યશ્રી જણાવે છે.)	—
૩.	આર્ટ્સ કૉલેજ, સાંબોડા	શ્રી. આર. ડી. પટેલ	૩૧-૩-૭૦	(૧) આચાર્યશ્રી જણાવે છે કે વેતન ચૂકવાયું છે.	વેતન ચૂકવવા અંગે જણાવ્યું છે.
				(૨) શ્રી. પટેલ જણાવે છે કે વેતન ચૂકવાયું નથી.	
૪.	ભવન્સ કૉલેજ, ડાકોર	શ્રી. અનીલ જાની	૧૫-૩-૭૦	આ અંગે કોઈ કારણ દર્શાવેલ નથી.	વેતન ચૂકવવા જણાવ્યું છે.

સેનેટ (વાર્ષિક સભા) : તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧

૫. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એન. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	શ્રી. જે. જી. ટાટુ	૩૦-૯-૭૦	આ અંગે કોઈ જવાબ આવેલ નથી.	આચાર્યનું વકતવ્ય મંગાવ્યું છે.
૬. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	(૧) શ્રી. જી. આર. પટવારી	૧૧-૧૦-૬૯	સરકાર તરફથી નિર્ણય આવ્યેથી ચૂકવાશે, એમ જણાવ્યું છે.	ચૂકવવા માટે વારંવાર જણાવ્યું છે.
	(૨) શ્રી. કે. ડી. પટેલ	૩૧-૩-૬૭	,,	સિન્ડિકેટે કરેલા ઠરાવ અન્વયે ચુકવણી કરવા જણાવ્યું છે.

પરિશિષ્ટ '૩'

આચાર્ય બી. આર. પટેલના પ્રશ્ન ૮ અંગે કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી

ક્રમાંક	કૉલેજનું નામ	જેનું પ્રૉવિડન્ટ ફંડ બાકી છે તે વ્યકિતઓ	નીકળતી રકમ	હજુ સુધી નહીં ચૂકવાયાનું કારણ	કયારે ચૂકવાશે ?	યુનિવર્સિટીએ એ અંગે કરેલી કાર્યવાહી
૧.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	પ્રા. એમ. જે. પાઠકજી	રૂ. ૫,૪૩૨–૪૩	કન્ફર્મેશન નહિ આવવાથી	કન્ફરમેશન આવ્યેથી	—
૨.	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રીમતી અમીનાબહેન માસ્ટર	—	પરદેશ હોવાથી	—	—
૩.	એન. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી અને શ્રીમતી પી. કે. કોટા-વાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	શ્રી કે. આર. જોષી	રૂ. ૪૪૭·૮૨ +૨૨૩·૯૧ સંસ્થાનો ફેરફાળો	ચાલુ વર્ષના હિસાબ ઑડિટ ન થવાથી	એપ્રિલ '૭૧ સુધીમાં	—
૪.	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	૧. શ્રી. એમ. આર. પટેલ રૂ. ૯૯૩ ૨. શ્રી. આર. એમ. મિશ્રા રૂ. ૫૭૬·૯૦ ૩. શ્રી. એચ. એમ. દેસાઈ રૂ. ૧૭૬·૦૫ ૪. શ્રી. જી. એલ. ઉપાધ્યાય રૂ. ૧,૬૪૦·૧૫		નાણાકીય મુશ્કેલીના કારણે નોટિસ પે સંસ્થાને આપ્યો નથી તેની સાથે એડજસ્ટમેન્ટ કરવાનું જણાવ્યું હોવાથી	૩૧–૩–'૭૧ સુધીમાં	—

(વધુ પ્રશ્નો) : તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧

૫. સાયન્સ કૉલેજ, કડી	શ્રી. એમ. એમ. પટેલ	રૂ. ૬૩૮-૮૪	કોઇ કારણ નથી	૩૧-૩-૭૧ પહેલાં	—
૬. ક્લોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ક્લોલ	૧. શ્રી. આર. જી. ભટ્ટ ૨. શ્રી. સી. વી. પટેલ	— —	માગણી કરી નથી ,,	અરજી આવ્યેથી ,,	— —
૭. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. જશવંત ઠાકર	—	'કૉલેજના ટ્રસ્ટની કમિટીની બેઠક મળશે એટલે ચૂકવાશે' એમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.	—	ચૂકવવા માટે વારંવાર જણાવ્યું છે.
૮. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રી. એમ. એમ. શાહ	—	'માગણી કરી નથી' એમ આચાર્ય જણાવે છે.	—	૧. કૉલેજના તે સમયના નિયમોની નકલ મંગાવી છે. ૨. શ્રી. એસ. એમ. શાહને કૉલેજને લખવા સૂચવ્યું છે.

પરિશિષ્ટ '૪'

આચાર્ય બી. આર. પટેલના પ્રશ્ન ૧૦ અંગેની માહિતી

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળ

ટે. નં. દ્વારા : ૭૮૯૧૦

૪૯, પ્રોફેસર કૉલોની,
નવરંગપુરા, અમદાવાદ-૯,
તા. ૧૩-૪-૧૯૭૦.

આવેદનપત્ર

પ્રતિ

માનનીયશ્રી શ્રીમન્નારાયણજી,
રાજ્યપાલશ્રી અને કુલાધિપતિશ્રી
(દ. ગુજરાત, ગુજરાત, સૌરાષ્ટ્ર અને સરદાર પટેલ યુનિવર્સિટી),
રાજભવન, શાહીબાગ, અમદાવાદ-૪.

માનનીયશ્રી,

આપના સચિવશ્રી તરફથી મહામંડળને પાઠવવામાં આવેલ પત્રાંક જી. એસ. ૧૦--૧૬૩૦--૭૦, તા. ૯--૪--૧૯૭૦ બદલ મહામંડળ આપનું આભારી છે.

અમારા કેટલાક અગત્યના સવાલો આપની સમક્ષ રજૂ કરવા આપની મુલાકાત માગેલી જે આપશ્રીના સચિવશ્રીએ આજે આપી છે તે બદલ મહામંડળ વતી અમો આપના આભારી છીએ.

૧૧.	સેકન્ડરી રિચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૧૨.	શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ મોડાસા
૧૩.	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા
૧૪.	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૫.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૧૬.	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૧૭.	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૧૯.	આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદ
૨૦.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	કૉલેજનું નામ
૨૧.	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨.	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ
૨૩.	એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૨૪.	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ
૨૫.	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૨૬.	લૉ કૉલેજ, ભૂજ
૨૭.	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર
૨૮.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
૨૯.	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી
૩૦.	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૩૧.	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત

ઉત્તર : (ઘ) સદરહુ માહિતી માટે આચાર્યશ્રી બી. આર. પટેલના પ્રશ્ન ક્રમાંક ૭નો ઉત્તર જોવા વિનંતી છે.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રોફેસરોના પૈસા બીજે ઠેકાણે વપરાય છે ને સારું નથી. યુનિવર્સિટીના નિયમોનું પાલન થવું જોઈએ અને જેઓ તેનું પાલન નથી કરતા તેઓ criminal offence કરે છે તે તરફ ધ્યાન દોરું છું.

કુલપતિશ્રીનો ઉત્તર : તેવા કેસોમાં યુનિવર્સિટીના નિયમોનું પાલન થતું નથી એમ જરૂર કહીએ છીએ. તથા આપણે તે બાબત pursue પણ કરીએ છીએ.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રોવિડન્ટ ફંડ recognised હોવું જોઈએ અને એલ.આઈ.સી. આ અંગેની તપાસ કરતી નથી તે જોવું જોઈએ. જ્યારે જ્યારે એલ.આઈ.સી. જતી હશે ત્યારે ત્યારે સિન્ડિકેટ પાસે આ બાબત આવી શે, નો કેમ કશું થતું નથી ?

કુલપતિશ્રીનો ઉત્તર : તપાસસમિતિના રિપોર્ટમાં જ્યારે ધ્યાન દોરવામાં આવે છે ત્યારે તે બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અહીંયાં જે માહિતી આપવામાં આવી છે તેમાં એક કૉલેજે (એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સ) પ્રોવિડન્ટ ફંડના નવા નિયમો જૂન ૧૯૬૯થી અમલમાં મૂક્યા ત્યારથી તેનો બિલકુલ અમલ કર્યો નથી. આ માહિતીના આધારે કહી શકીએ કે ટ્રસ્ટની મીટિંગ મળતી નહીં હોય કે કૉલેજ આપવા માંગતી નહીં હોય. બે વર્ષથી આ અંગે કાર્યવાહી ચાલે છે.

કુલપતિશ્રીનો ઉત્તર : મીટિંગ અંગે શું કહી શકીએ ? એના ટ્રસ્ટની મીટિંગનો અહેવાલ નથી. જે જવાબ આવેલો છે તે આપેલો છે. તેમ છતાં we will pursue the matter.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

જે સંસ્થાઓએ ના પાડી છે તેમાંથી કેટલી સંસ્થાઓએ ના પાડવાનાં કારણો આપ્યાં છે ? અને કેટલી સંસ્થાઓએ જણાવ્યું છે કે આ બાબત વિચારણા હેઠળ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી આવેલી છે તે જવાબરૂપે આપેલી છે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કેટલી કૉલેજોએ pursue કરે છે તેમ જણાયું છે અને pursue કરવાની કઈ કઈ પ્રક્રિયા છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી કાર્યાલય પાસે હશે તે મુજબ પગલાં લેવામાં આવશે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેની માહિતી માંગી :

આપણી યુનિવર્સિટી પાસે કઈ કઈ પ્રક્રિયા છે, તેની માહિતી જોઈએ છે.

કુલપતિશ્રીનો ઉત્તર : આચાર્યશ્રી તરીકે આપને તે સુવિદિત છે.

આચાર્ય સી. સી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કાર્યવાહી ચાલે છે તેનું limitation શું ? જે કૉલેજ ન કરે તેનું જોડાણ રદ કરી શકીએ ખરા ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ કાર્યવાહીમાં જોડાણ રદ કરવાનો સમાવેશ પણ થઈ શકે.

[૫] **પ્રા. બબાભાઈ પટેલે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) યુનિવર્સિટી દ્વારા પ્રગટ થતું સામયિક "વિદ્યા" અનિયમિત રીતે પ્રગટ થાય છે તે વાત સાચી છે ?

ઉત્તર ૧ : (ક) હા, જી.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિદ્યા શરૂઆતથી જ અનિયમિત છે. જાન્યુઆરીનો અંક ઑગસ્ટમાં અને ઑગસ્ટનો અંક બીજા વર્ષે બહાર પડે છે. તો નિયમિત કરવા માટે કોઈ પ્રયાસ થાય છે ખરો ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી. હવે છેલ્લી વ્યવસ્થા પ્રમાણે વિદ્યાના બે ભાગ પાડવામાં આવ્યા છે : (૧) Humanities, અને (૨) Sience. આશા રાખીએ છીએ કે હવેથી વખતસર પ્રગટ કરવાના પ્રયત્ન થશે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટી પ્રેસમાં ભારણ વધારે છે માટે વિલંબ થાય છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પ્રેસનું કારણ નથી. લેખો વખતસર ન મળવાનું કારણ છે.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ વિદ્યા ૧૯૫૪ કે ૧૯૫૫થી ચાલે છે. આજે ૧૬ વર્ષ થયાં છે. માહિતી આપશો કે આટલી આટલી વ્યવસ્થા કરી છે જેથી સભ્યશ્રીઓ સૂચન કરી શકે ?

કુલપતિશ્રીનો ઉત્તર : બીજી સભા મળે ત્યાં સુધીમાં જે કાંઈ સૂચનો હોય તે કરશો.

પ્રશ્ન ૧ : (ખ) જો હા, તો કેટલા સમયથી અનિયમિત રીતે પ્રગટ થાય છે ?

ઉત્તર ૧ : (ખ) શરૂઆતથી.

પ્રશ્ન ૧ : (ગ) તેને નિયમિત કરવાની દિશામાં પ્રયાસો કરી શકાય ખરા ?

ઉત્તર ૧ : (ગ) હા, જી.

પ્રશ્ન ૨ : (ક) જનરલ એજ્યુકેશનના શિક્ષણનો કાર્યભાર શિક્ષકના શિક્ષણકાર્યભારમાં ગણવામાં આવે છે ખરો?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) જનરલ એજ્યુકેશનના કાર્યભાર અંગેની માહિતી યુનિવર્સિટી મંગાવે છે ખરી?

ઉત્તર ૨ : (ખ) ઓ. ૯૬ મુજબ કૉલેજોએ વિષયવાર કાર્યભાર અને શિક્ષકગણ અંગે માહિતી મોકલવાની હોય છે.

પ્રશ્ન ૨ : (ગ) જો મંગાવવામાં આવતી હોય તો સંલગ્ન કૉલેજોમાંથી કઈ કૉલેજોમાં જનરલ એજ્યુકેશનનો કાર્યભાર શિક્ષકો માટે નક્કી થયેલ કાર્યભાર ઉપરાંત આપવામાં આવે છે?

ઉત્તર ૨ : (ગ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ નીચેની કૉલેજોમાં જનરલ એજ્યુકેશનનો કાર્યભાર શિક્ષકો માટે નક્કી થયેલ કાર્યભાર ઉપરાંત આપવામાં આવે છે:

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
(૨)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
(૩)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
(૪)	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
(૫)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
(૬)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર
(૭)	શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
(૮)	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
(૯)	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૦)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ
(૧૧)	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી.

પ્રશ્ન ૩ : જે કૉલેજોએ હજુ સુધી યુ. જી. સી. પગારધોરણો મુજબ પગારો ન ચૂકવ્યા હોય તેમનાં નામ આપવા વિનંતી.

ઉત્તર ૩ : યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ યુ. જી. સી. પગારધોરણો ન ચૂકવ્યાં હોય તેવી કોઈ કૉલેજ જાણમાં નથી.

પ્રશ્ન ૪ : પગાર-તફાવત અંગેના એરિયર્સમાંથી કઈ કૉલેજે કેટલી ચુકવણી કરી તે અંગેની વિગત આપવા વિનંતી.

ઉત્તર ૪ : યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ નીચેની કૉલેજોએ પગાર-તફાવત અંગેના એરિયર્સમાંથી ચુકવણી કરી છે:

ક્રમાંક	કૉલેજનું નામ	ચુકવણીની રકમ
(૧)	શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	—
(૨)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	—

શ્રી. બબાભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આટલી બધી કૉલેજોમાંથી ફક્ત બે જ કૉલેજોએ arrears ચૂક્વ્યું છે તે બરાબર લાગતું નથી. આનો અર્થ એ જ કે યુનિવર્સિટી માહિતી મેળવી શકતી નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : જે માહિતી આવી છે તે અત્રે મૂકી છે. આપણે તે માટે આચાર્યશ્રીઓને પૂછીએ કે કેમ માહિતી મોકલતા નથી ?

પ્રશ્ન ૫ : યુનિવર્સિટીએ પરિપત્રિત કરેલ મોંઘવારી ભથ્થાં જે કૉલેજોએ ન ચૂક્વ્યાં હોય તેમનાં નામ આપવા વિનંતી.

ઉત્તર ૫ : યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી મુજબ યુનિવર્સિટીએ પરિપત્રિત કરેલ દરે મોંઘવારી ભથ્થાં કોઈ કૉલેજે ન ચૂક્વ્યાનું જણાયું નથી.

પ્રશ્ન ૬ : કૉલેજોમાંથી છૂટા થયેલા અધ્યાપકો તથા આચાર્યોને હજુ સુધી વેતન ન ચૂક્વ્યાં હોય તેવી કૉલેજોની માહિતી નીચે મુજબના કોઠામાં આપવા વિનંતી :

ક્રમ	કૉલેજનું નામ	જેમનાં વેતન બાકી છે તેમનાં નામ	વ્યકિતની છૂટા થયા તારીખ	વેતન બાકી હોવાનાં કારણો	યુનિવર્સિટીએ તે અંગે લીધેલી તકેદારી.

ઉત્તર ૬ : સદરહુ માહિતી માટે આચાર્યશ્રી બી. આર. પટેલના પ્રશ્ન ક્રમાંક ૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : અધ્યાપક-આચાર્યને કૉલેજમાંથી છૂટા થયા પછી નિયત સમયમાં યુનિવર્સિટી ધારાધોરણ મુજબ પરત કરવાની પ્રોવિડંટ ફંડની રકમ ન ચૂક્વાઈ હોય તેવી કૉલેજોની યાદી અને અન્ય વિગતો નીચેના કોઠા મુજબ આપવા વિનંતી :

ક્રમાંક	કૉલેજનું નામ	પ્રૉ. ફંડ બાકી હોય તેવી વ્યકિતનું નામ	નીકળતી રકમ	હજી સુધી એ રકમ ન ચૂક્વાયાનું કારણ ?	કયારે ચૂક્વાશે ? યુનિવર્સિટીએ એ અંગે કરેલી કાર્યવાહી

ઉત્તર ૭ : સદરહુ માહિતી માટે આચાર્યશ્રી બી. આર. પટેલના પ્રશ્ન ક્રમાંક ૭નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ છપાયા પછી વધુ માહિતી આવી છે ? સાતમા પ્રશ્નમાં જે માહિતી આપવામાં આવી છે તે અધૂરી લાગે છે.

પ્રશ્ન ૮ : (ક) તાજેતરમાં એમ.એ. અર્થશાસ્ત્રમાં કવૉન્ટિટેટિવ મૅથડ્સનો ફરજિયાત વિષય દાખલ કરવામાં આવ્યો છે તે અંગે વિદ્યાર્થીઓની કોઈ ફરિયાદ આવી છે ?

ઉત્તર ૮ : (ક) હા, જી.

પ્રશ્ન ૮ : (ખ) શી ફરિયાદ છે ?

ઉત્તર ૮ : (ખ) વિદ્યાર્થીઓએ ફરિયાદમાં જણાવ્યું છે કે "આ વિષય આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે કોઈ પણ પ્રકારની પશ્ચાદ્‌ભૂમિકા ન હોવાને કારણે ખૂબ જ ગંભીર કઠિન સમસ્યા ઊભી કરે છે."

પ્રશ્ન ૮ : (ગ) તે વિષય શીખવતા અધ્યાપકો તે ફરિયાદ અંગે શું કહે છે?

ઉત્તર ૮ : (ગ) સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના રીડરે તેમના વિભાગના સહઅધ્યાપકો સાથે ચર્ચા-વિચારણા બાદ નીચે મુજબ અભિપ્રાય દર્શાવ્યો છે :

"The difficulty expressed by students to some extent may be genuine in so far as it is concerned regarding the understanding of Mathematics. But there can be no denying the fact that to the present-day students of Economics, knowledge of Quantitative methods in essential for study. Looking to the vast opportunities opened by the knowledge of these methods to the students in the area of further research in the subject or for helping in research in business organisations, or in employment market in general, it is desirable that every student of Economics has the knowledge of these methods. This is not correct, as the application states that in Bombay University the knowledge of these methods is not compulsory. However, considering the difficulty experienced by students following measures may be suggested :

1. In the beginning of the syllabus portions relating to Elementary Algebra and Analytical Geometry (which are even now taught to provide some background to them) may be added in writing so that in the examination paper they have some very easy problems too and the fear of large failure may not exist.

2. The present practice of having only one period as tutorial in a paper during one or two weeks may be abondoned in this paper and the big class may be divided in smaller groups of 20 to 25 students for the tutorial so that difficulties of individual students may be resolved there. In a paper like this, it is very much necessary."

પ્રશ્ન ૯ : (ક) આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કોલેજે ઓછામાં ઓછા એક પાર્ટ-ટાઇમ હિંદીના અધ્યાપક રાખવા ફરજિયાત છે તે વાત સાચી?

ઉત્તર ૯ : (ક) હા, જી.

પ્રશ્ન ૯ : (ખ) અને (ગ) : એવી કોલેજો છે જે આ નિયમનું પાલન ન કરતી હોય? કઈ?

ઉત્તર ૯ (ખ) અને (ગ) : યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ વિનયન અને વાણિજ્યની કોલેજો માટે ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના હિન્દીના અધ્યાપકની નિમણૂક કરવાનું ફરજિયાત છે, તે નિયમનું પાલન નીચેની કોલેજમાં થયું જણાયું નથી :

દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વીરમગામ.

પ્રશ્ન ૧૦ : (ક) યુનિવર્સિટીને એવી કોઈ જાણ છે ખરી કે ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી કૉલેજોના અધ્યાપકોને કેટલાક સમયથી પગારો ન ચૂકવાયા હોય?

ઉત્તર ૧૦ : (ક) હા, જી.

પ્રશ્ન ૧૦ : (ખ) જો હા, તો એ અંગે યુનિવર્સિટીએ અધ્યાપકોને ન્યાય અપાવવા શા પ્રયાસો કર્યા?

ઉત્તર ૧૦ : (ખ) તાકીદે ચુકવણી કરવા જે તે કૉલેજોને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧૧ : (ક) યુનિવર્સિટી પર એવી કોઈ નામી--અનામી ફરિયાદો આવી છે જેમાં અધ્યાપકોને ખાનગી કૉલેજોએ પગારો ન ચૂકવ્યા હોય?

ઉત્તર ૧૧ : (ક) હા, જી.

શ્રી. આર. બી. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
આ ફરિયાદ કોના તરફથી મળી છે? પ્રોફેસર કે આચાર્યશ્રી તરફથી?
કુલપતિશ્રીએ જણાવ્યું કે sources જુદા જુદા હોઈ શકે. પત્રો દ્વારા પણ માહિતી આવેલી છે.

પ્રશ્ન ૧૧ : (ખ) તે વિગતો આપવા અને તે અંગે યુનિવર્સિટીએ શું કર્યું તે જણાવવા વિનંતી.

ઉત્તર ૧૧ : (ખ) નીચેની સંલગ્ન કૉલેજોએ તેમના અધ્યાપકોને પગારો ન ચૂકવ્યા અંગેની ફરિયાદો મળી છે :

ક્રમાંક	કૉલેજનું નામ	યુનિવર્સિટીએ કરેલ કાર્યવાહી
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ--૪	શ્રી. કે. એસ. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૩(ખ)નો પ્રત્યુત્તર જોવા વિનંતી છે.
૨.	ગોધરા સાર્વજનિક કેળવણી મંડળ તથા ખંભાત તાલુકા કેળવણી મંડળ સંચાલિત કૉલેજો	નીચેની નોંધમાં પ્રત્યેક કૉલેજનાં નામ સામે યથાતથ પરિસ્થિતિ દર્શાવેલ છે

[નોંધ.— (અ) ગોધરા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત કૉલેજોનાં નામ :

	૧. સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ	કૉલેજે તેના તા. ૧૫--૯--૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે: "The payments to the members of the staff have been made regularly in the past and hence there is no arrear in this matter."
	૨. સાર્વજનિક કૉમર્સ કૉલેજ	કૉલેજે તેના તા. ૧૫—૯—૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે : ".....the monthly salaries have been made regularly to the members of the staff. There are no arrear payments."

	૩. સાર્વજનિક લૉ કૉલેજ	બાકી પગારની સત્વરે ચુકવણી કરવા જણાવ્યું છે.
(બ)	ખંભાત તાલુકા કેળવણી મંડળ સંચાલિત કૉલેજો :	
	૧. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	કૉલેજે ઑગસ્ટ ૧૯૭૧ સુધીનો પગાર ચૂકવ્યાની જાણ કરી છે.
	૨. શ્રી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	,, ,, ,,
	૩. શ્રી. બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત	કૉલેજે જુલાઈ ૧૯૭૧ સુધીનો પગાર ચૂકવ્યાની જાણ કરી છે. ઑગસ્ટ ૧૯૭૧ના પગારની સત્વરે ચુકવણી કરવા કૉલેજને જણાવ્યું છે.
	૪. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	,, ,, ,,
	૫. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત	કૉલેજે ઑગસ્ટ ૧૯૭૧ સુધીનો પગાર ચૂકવ્યાની જાણ કરી છે.
(ક)	૧. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ કૉલેજ એન્ડ પટેલ એ. એન. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ	આ અંગે કૉલેજ પાસેથી માહિતી મંગાવી છે. હજુ સુધી માહિતી મળી નથી.
	૨. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	,, ,, ,,

પ્રશ્ન ૧૨ : યુનિવર્સિટી દ્વારા ચાલતા સાંજના તથા બપોરના અનુસ્નાતક વર્ગોમાં અને બહારનાં અનુસ્નાતક કેન્દ્રોના વર્ગોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયા, કેટલા પરીક્ષામાં બેઠા, કેટલા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ગમાં આવ્યા તે સાંજનાં, બપોરનાં અને બહારનાં કેન્દ્રોના વર્ગ દીઠ જણાવવા વિનંતી.

ઉત્તર ૧૨ : સદર માહિતી માટે **પરિશિષ્ટ "ધ"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : (ક) યુનિવર્સિટીનાં અને બહારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં અધ્યાપન માટે કૉલેજોના અધ્યાપકોને કયા ધોરણે નિમંત્રણ આપવામાં આવે છે?

ઉત્તર ૧૩ : (ક) વર્ષની શરૂઆતમાં પ્રત્યેક વિષયમાં બધાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવવામાં આવે છે, અને તેમાં માન્યતા ધરાવતા જે તે વિષયના શિક્ષકોની ફાળવણી કરવામાં આવે તે મુજબ અધ્યયન માટે નિમંત્રણ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૩ : (ખ) એ અંગે અધ્યાપકોની કોઈ ફરિયાદ મળી છે?

ઉત્તર ૧૩ : (ખ) હા, જી.

પ્રશ્ન ૧૩ : (ગ) આ અંગે પરીક્ષાની જેમ ક્રાઉંપદ્ધતિનો અમલ કરવા અંગે કોઈ મુશ્કેલી છે?

ઉત્તર ૧૩ : (ગ) એ પદ્ધતિની વીગતો તપાસ્યા વિના તેની મુશ્કેલીનો ખ્યાલ આવી શકે તેમ નથી.

પ્રશ્ન ૧૪ : જૂન ૧૯૭૦થી અત્યાર સુધીમાં વિવિધ સમિતિઓની બેઠકમાં હાજર રહેવા માટે જેમણે રૂ. ૨૦૦-૦૦થી વધારે ભથ્થાં મેળવ્યાં હોય તેમનાં નામ અને ભથ્થાંની રકમ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૪ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "ચ"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : જૂન ૧૯૭૧થી અત્યાર સુધીમાં સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને અભ્યાસક્રમ સમિતિઓની બેઠકોમાં હાજરી આપનાર અને કોઈ પણ જાતનાં ભથ્થાં માટે ક્લેઈમ ન કરનાર વ્યક્તિઓનાં નામ અને જતી કરેલી ભથ્થાની રકમ જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૫ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "છ"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬ : (ક) યુનિવર્સિટીના અધ્યાપકોમાંથી એવા કોઈ અધ્યાપકો છે જેઓ પોતાનું કે પોતાની પત્નીના નામનું મકાન હોવા છતાં યુનિવર્સિટીના મકાનમાં રહેતા હોય? (ખ) તેમનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૬ : (ક) અને (ખ) નીચેના અધ્યાપકોનું પોતાનું કે પોતાની પત્નીના નામનું મકાન અમદાવાદમાં છે અને તેઓ યુનિવર્સિટીના મકાનમાં રહે છે :

ક્રમાંક	નામ	હોદ્દો
(૧)	ડૉ. સી. કે. શાહ	રીડર
(૨)	ડૉ. વી. એમ. ત્રિવેદી	લેક્ચરર
(૩)	પ્રો. ડી. એન. પાઠક	પ્રોફેસર

પ્રશ્ન ૧૭ : (ક) સેનેટના અને વિવિધ અભ્યાસસમિતિઓના સભ્યોને ભથ્થું આપતી વખતે યુનિવર્સિટી તેમની પાસેથી રેલવે ટિકિટની પહોંચ માંગે છે ખરી?

(ખ) જો ના, તો આ પ્રથા દાખલ કરવા જેવી લાગે છે?

ઉત્તર ૧૭ : (ક) ના.

(ખ) એ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૧૮ : (ક) સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને અભ્યાસ-ક્રમ સમિતિઓની બેઠકો છેલ્લાં ત્રણ વર્ષોમાં કેટલી વાર નૉન-કૉરમ થઈ?

ઉત્તર ૧૮ : (ક) સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	મંડળનું નામ	સભા કેટલી વાર નૉન-કૉરમ થઈ?
(૧)	સેનેટ	એક પણ વખત નહિ
(૨)	સિન્ડિકેટ	એક પણ વખત નહિ
(૩)	એકેડેમિક કાઉન્સિલ	એક પણ વખત નહિ
(૪)	બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ	કૉરમ અંગેની જોગવાઈ તા. ૨૮-૫-૧૯૭૧થી અમલમાં આવેલ હોઈ તે અગાઉ નૉન-કૉરમ અંગે પ્રશ્ન રહેતો નથી.
(૫)	અભ્યાસસમિતિઓ	૧૯૬૮માં બે વાર ૧૯૬૯માં ત્રણ વાર ૧૯૭૦માં પાંચ વાર

પ્રશ્ન ૧૮ : (ખ) એ માટે ભાડાભથ્થાંની ચુકવણી જો બેઠકના અંતે કરવામાં આવે તો ફૉરમ જળવવામાં અનુકૂળતા થાય ખરી?

ઉત્તર ૧૮ : (ખ) એ અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્ન ૧૮ : (ગ) જો હા, તો તે પ્રથા દાખલ કરવા વિચારણા છે?

ઉત્તર ૧૮ : (ગ) ઉપર પ્રશ્ન ૧૮(ખ)નો જવાબ જોતાં આ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૯ : (ક) યુનિવર્સિટીના પ્રોફેસરો તથા રીડરોની નિમણૂકોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં નિષ્ણાત સમિતિઓના અભિપ્રાયથી વિરુદ્ધ નિર્ણય કેટલી વાર લીધા?

(ખ) છેલ્લાં ત્રણ વર્ષમાં નિષ્ણાતોની સમિતિઓએ કરેલા પસંદગીક્રમો અને સિન્ડિકેટના પસંદગીક્રમો પ્રોફેસરો તથા રીડરોનાં નામ સહિત જણાવવા વિનંતી.

(ગ) ભિન્ન નિર્ણયો લેવાની પાછળનાં કારણો કેસ વાર જણાવવા વિનંતી.

ઉત્તર ૧૯ : (ક) ઑ. ૬૬ પ્રમાણે નિષ્ણાત સમિતિની ભલામણ વિના કોઈ પણ પ્રોફેસર કે રીડરની ભલામણ કરી શકાતી નથી.

(ખ) છેલ્લાં ત્રણ વર્ષોમાં નિષ્ણાતોની સમિતિઓએ કરેલા પસંદગીક્રમો અને સિન્ડિકેટના પસંદગીક્રમો પ્રમાણે પ્રોફેસરો તથા રીડરોનાં નામ અંગેની માહિતી અંગે આ સાથે પરિશિષ્ટ "જ" સામેલ છે.

(ગ) સિન્ડિકેટના ઠરાવમાં આવાં કોઈ કારણોનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

નિષ્ણાત સમિતિના અભિપ્રાય વિરુદ્ધ નિર્ણયો કેટલી વાર લીધા?

કુલપતિશ્રીનો ઉત્તર: આપણા નિયમો મુજબ આ બાબતમાં નિષ્ણાતોની સમિતિના અભિપ્રાયની વિરુદ્ધ જઈને નિમણૂક કરી શકાય નહિ.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

૧૯મા પાના પર સવાલ નં. ૧૯ (ક)નો જવાબ પાના ૫૮ ઉપર જે માહિતી આપવામાં આવી છે તેમાં બાબત નં. ૨૨માં એક જગ્યા માટે અને બીજી જગ્યા માટે તેમ અલગ અલગ જગ્યાઓ માટે નિમણૂકો થાય છે?

કુલપતિશ્રીનો ઉત્તર: When there are two or more Professors in a Department, only one would be the Head of the Department.

આચાર્ય વિનોદભાઈ અધ્વર્યુએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

અભિપ્રાયથી વિરુદ્ધ પસંદગી આવે કે ક્રમ પણ આવે?

કુલપતિશ્રીનો ઉત્તર: જવાબમાં જે ક્રમ દર્શાવ્યો છે તે માહિતી રૂપે બરાબર છે.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

કોઈ પ્રોફેસર નિમણૂક ન સ્વીકારે કે join ન થાય ત્યાં સુધી બીજાને appointment memo ન આપવો તે સ્ટેચ્યૂટ વિરુદ્ધ નથી?

કુલપતિશ્રીનો ઉત્તર: ના, જી.

આ તબક્કે કુલસચિવશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે પાના ૫૮ ઉપર ક્રમાંક ૬માં 'પ્રોફેસર ઑફ સાયકોલોજીને બદલે 'પ્રોફેસર ઑફ સોશિયોલોજી' એમ વાંચવા વિનંતી છે.

શ્રી. આર. કે. અમીને નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નિષ્ણાત સમિતિએ મિનિટ્સમાં સહી કરેલી?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, જી.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

નિષ્ણાત સમિતિના recommendationsમાં ફેરફાર કરવામાં આવે તો તેમાં સિન્ડિકેટ કારણો આપે કે ના આપે તો સેનેટ સિન્ડિકેટને પૂછી શકે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આપને તે અંગેની સમજણ છે.

પ્રશ્ન ૨૦ : (ક) ૧૯૭૦ના શૈક્ષણિક વર્ષના આરંભે પ્રત્યેક કૉલેજે જુદા જુદા વિષયોમાં કેટકેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો?

ઉત્તર ૨૦ : (ક) આ પ્રશ્ન દ્વારા શી માહિતી માગવામાં આવી છે તે સ્પષ્ટ થતું નથી.

પ્રશ્ન ૨૦ : (ખ) પ્રત્યેક કૉલેજે ૧૯૭૧ની માર્ચ--એપ્રિલની યુનિવર્સિટી પરીક્ષા વખતે વિષયવાર કેટકેટલા વિદ્યાર્થીઓનાં ફૉર્મ મોકલ્યાં હતાં?

ઉત્તર ૨૦ : (ખ) કુલ કૉલેજોની સંખ્યા તથા કુલ પરીક્ષાઓની સંખ્યા તથા કુલ વિષયોની સંખ્યા ઘણી જ વિસ્તૃત હોઈ આ માહિતી આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો. તેમ છતાંય કોઈ એક ચોક્કસ વિષય કે પરીક્ષા કે કૉલેજ વિષેની માહિતી માંગવામાં આવશે તો તે આપવાનું બની શકશે.

પ્રશ્ન ૨૦ : (ગ) દરેક કૉલેજે મોકલેલી વિષયવાર પિરિયડોની જરૂરિયાત અને એ જરૂરિયાતના સંદર્ભમાં યુનિવર્સિટી નિયમ મુજબ જરૂરી શિક્ષકોની સવલત અંગે મોકલેલી માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૨૦ : (ગ) આ અંગે ઑડિ. ૮૬ હેઠળ જે માહિતી મંગાવવામાં આવે છે તે ઉપલબ્ધ કરી શકાશે.

[૬] શ્રી. કે. એસ. શાસ્ત્રીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : કૉલેજમાં જે વિષયમાં એક કરતાં વધુ ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી હોય તેવી કૉલેજોનાં નામ, તે વિષયમાં કુલ કાર્યભાર, તે વિષયમાં પ્રાધ્યાપક, વ્યાખ્યાતા, ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટરોની સંખ્યા અને એ પ્રકારની નિમણૂક કર્યા બાબતનું કારણ, એ વિશે માહિતી આપશો?

ઉત્તર ૧ : વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની નીચેની કૉલેજોમાંથી કાર્યાલયને ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે જે તે વિષયમાં એક કરતાં વધુ ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી છે તેની માહિતી નીચે પ્રમાણે છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	તે વિષયમાં કુલ કાર્યભાર			તે વિષયમાં			નિમણૂક કર્યાનું
			વ્યા.	ટ્યુ.	પ્રાયોગિક	પ્રાધ્યાપક/વ્યાખ્યાતા/ટ્યૂ.-ડેમો.ની સંખ્યા			કારણ
૧.	ભકતવલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	અંગ્રેજી	૫૮	૨૩	—	3 ખંડ સમયના	+૨	—	—	—

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	તે વિષયમાં કુલ કાર્યભાર		તે વિષયમાં			નિમણૂક કર્યાનું કારણ
			વ્યા.	ટયુ.	પ્રાધ્યાપક/વ્યાખ્યાતા/ટયૂ.-ડેમો.ની સંખ્યા			
૨.	મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ./ કૉમર્સ	૧૦	—	—	૧	૨+૧ ખંડ સમયના	—	—	—
૩.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એકાઉન્ટ્સ	૭૪	૬૯	—	૨+૨ ખંડ સમયના	૧+૨ ખંડ સમયના	+૨ ખંડ સમયના	—	—
૪.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એકાઉન્ટન્સી	૬૩	૫૮	—	૨+૨ ખંડ સમયના	૪+૨ ખંડ સમયના	+૨ ખંડ સમયના	—	—

પ્રશ્ન ૨ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો કૉલેજોમાં અમલી બન્યાં અંગે નીચે પ્રમાણે માહિતી આપશો :

(ક) તા. ૧-૪-૧૯૬૬થી તા. ૧-૪-૧૯૭૦ની એરિયર્સની ૭૫ ટકા રકમ સરકારમાંથી કૉલેજોમાં આવી હોવા છતાં અધ્યાપકોને ચૂકવાઈ ન હોય તે કૉલેજોનાં નામ આપો.

(ખ) તા. ૧-૪-૧૯૬૬થી તા. ૧-૪-૧૯૭૦ના ગાળા દરમિયાનની એરિયર્સની ૭૫ ટકા રકમ કૉલેજને સરકાર તરફથી મળી હોય છતાં શિક્ષક કૉલેજ છોડીને અન્યત્ર જવાથી તેવા શિક્ષકને તે રકમ ન ચૂકવાઈ હોય તેવી કૉલેજોનાં નામ તથા તે શિક્ષકોનાં નામ આપશો.

ઉત્તર ૨ : (ક) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ તા. ૧-૪-૧૯૬૬થી તા. ૧-૪-૧૯૭૦ની એરિયર્સની ૭૫ ટકા રકમ સરકારમાંથી કૉલેજમાં આવી હોય છતાં અધ્યાપકોને ચૂકવાઈ ન હોય તેવી કોઈ કૉલેજ જાણાઈ નથી.

(ખ) યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ માહિતી પ્રમાણે તા. ૧-૪-૧૯૬૬થી તા. ૧-૪-૧૯૭૦-ના ગાળા દરમિયાનની એરિયર્સની ૭૫ ટકા રકમ કૉલેજોને સરકાર તરફથી મળી હોય છતાં શિક્ષક કૉલેજ છોડીને અન્યત્ર જવાથી તેવા શિક્ષકને તે રકમ ન ચૂકવાઈ હોય તે અંગેની માહિતી નીચે દર્શાવી છે :

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા (સ્પષ્ટતા થવાની બાકી હોવાથી બધાંને ચૂકવી શકાઈ નથી.)

પ્રશ્ન ૩ : (ક) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગરના અધ્યાપકોને પગારો ચૂકવવામાં આવતા નથી તે અંગે યુનિવર્સિટીને કોઈ જાણ છે?

ઉત્તર ૩ : (ક) હા, જી.

પ્રશ્ન ૩ : (ખ) આ બાબતમાં યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી કરી છે?
અને
(ગ) આગળ કોઈ કાર્યવાહી કરવા વિચારે છે?

ઉત્તર ૩ : (ખ) અને (ગ) : સદરહુ બાબત સિન્ડિકેટની તા. ૭/૮--૮--૧૯૭૧ અને તા. ૪/૫--૯--૭૧'ની સભાઓને રિપોર્ટ કરવામાં આવેલો અને તે અંગે સિન્ડિકેટે તેની તા. ૪/૫--૯--૧૯૭૧ની સભામાં સદરહુ ફરિયાદ અંગે તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ બનતી ત્વરાએ રજૂ કરવા માટે એક સ્થાનિક તપાસસમિતિ નીમી છે.

પ્રશ્ન ૪ : તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮--૩--૧૯૭૧ની સેનેટની સભાની કાર્યવાહીમાં જે અધ્યાપકોને વળતર, વેતન, પી. એફ. વગેરે લેણી રકમ કૉલેજોએ ન ચૂકવી હોય તેની લંબાણપૂર્વક ચર્ચા થઈ હતી, અને તેમાં જે કૉલેજોના જોડાણની યુનિવર્સિટી સરકારને ભલામણ કરે તે પહેલાં તે રકમ ચૂકવાઈ જાય તે જોવાની કાર્યવાહી થઈ હતી તો અત્યાર સુધીમાં—

(ક) કયા કયા અધ્યાપકોને તે લેણી રકમ ચૂકવાઈ નથી તેમનાં નામ અને તેમની સંસ્થાનાં નામ આપશો, અને

(ખ) યુનિવર્સિટીએ તે અંગે કરેલી કાર્યવાહી જણાવશો.

ઉત્તર ૪ : સદરહુ માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંસ્થાનું નામ	યુનિ.એ કરેલ કાર્યવાહી
૧.	આચાર્ય ટી. એન. મહેતા	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	કૉલેજે સદરહુ જોડાણઅરજી પાછી ખેંચી લીવાથી જોડાણના સંદર્ભમાં આ અંગે કાર્યવાહી કરવાની રહી નહીં. તેમ છતાં કૉલેજને આ છૂટા થયેલા આચાર્યોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જે રકમ ચૂકવવાની થાય છે તે ચૂકવીને જાણ કરવા જણાવ્યું છે.
૨.	આચાર્ય સી. સી. શાહ	,,	

પ્રશ્ન ૫ : (ક) ડિગ્રી કક્ષાએ શીખવાતા વૈકલ્પિક વિષયોમાં એકથી વધુ વર્ગ થાય તેટલી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી કૉલેજોમાં તે મુજબ અધ્યાપકો રોકવામાં આવે છે કે કેમ?

(ખ) આ નિયમનું પાલન ન થયું હોય તેવી કોઈ સંસ્થાઓ વિષે યુનિવર્સિટીને જાણ છે?

(ગ) આ બાબતમાં યુનિવર્સિટીએ કોઈ પગલાં લીધાં છે?

ઉત્તર ૫ : (ક) જી, હા.

(ખ) જી, ના.

(ગ) પ્રશ્ન ૫(ખ)નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૬ : (ક) યુનિવર્સિટી ધારાધોરણ મુજબ વિદ્યાર્થીઓને અપાતી સગવડો જેમ કે ૧૦ ટકા વિદ્યાર્થીઓ માટે પૂરતું વાચનાલય, કૉમન રૂમ વગેરે કેટલીક કૉલેજો આપતી નથી તેવી કોઈ ફરિયાદ યુનિવર્સિટીને મળી છે?

ઉત્તર ૬ : (ક) હા, જી.

આચાર્ય ગિરીશભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ફરિયાદ મળી હોય તો એચ.આઈ.સી.ના રિપોર્ટમાં આવું assert કરવામાં આવેલું છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એચ.આઈ.સી. ઉપર પણ આધાર રાખીએ છીએ. છતાં આવા જો કાંઈ lacuna હશે તે પૂરા કરાશે.

પ્રશ્ન ૬ : (ખ) તે સિવાય પણ યુનિવર્સિટીને આવી સગવડોના અભાવ વિષે કોઈ માહિતી છે?

ઉત્તર ૬ : (ખ) ના, જી.

પ્રશ્ન ૬ : (ગ) આ બાબતની તપાસ માટે યુનિવર્સિટીનું કોઈ તંત્ર છે?

ઉત્તર ૬ : (ગ) હા, જી.

પ્રશ્ન ૬ : (ઘ) યુનિવર્સિટી આ અંગે વખતોવખત તપાસ કરવા કોઈ કાયમી તંત્ર ઊભું કરવા વિચારે છે?

ઉત્તર ૬ : (ઘ) કૉલેજોના જોડાણ અંગેનું વહીવટીતંત્ર ગોઠવવા વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણો વિચારણા હેઠળ છે.

[૭] પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે).

એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં પ્રૉવિડંટ ફંડના નિયમોના અમલ માટે નીચે પ્રમાણે માહિતી આપવા વિનંતી છે: .

પ્રશ્ન ૧ : (ક) એચ. એલ. કૉમર્સ કૉલેજમાં સેવા આપી ચૂકેલા શિક્ષક શ્રી. એન. એચ. પટેલે પ્રૉવિડંટ ફંડ અંગે યુનિવર્સિટીને ફરિયાદ કરી તે અંગે અત્યાર સુધીમાં યુનિવર્સિટીએ શું કાર્યવાહી કરી?

ઉત્તર ૧ : (ક) શ્રી. એન. એચ. પટેલને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પ્રૉવિડંટ ફંડની ચુકવણી કરવા કૉલેજને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૧ : (ખ) (૧) શ્રી. પટેલને યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પી.એફ.ની સંપૂર્ણ રકમ ચૂકવાઈ છે કે કેમ?

ઉત્તર ૧ : (ખ) (૧) ના, જી.

પ્રશ્ન ૧ : (ખ) (૨) ચૂકવાઈ હોય તો ક્યારે ચૂકવાઈ?

ઉત્તર ૧ : (ખ) (૨) પ્રશ્ન ૧ (ખ) (૧)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧ : (ગ) જો ન ચૂકવાઈ હોય તો સંસ્થાનો ન ચૂકવવા બાબતોનો જવાબ શું છે?

ઉત્તર ૧ : (ગ) સંસ્થાએ નીચે મુજબ જણાવ્યું છે :

"પ્રૉવિડંટ ફંડના યુનિવર્સિટીના નિયમો કૉલેજે અમલમાં મૂક્યા નથી. અમલી બનાવવાની કાર્યવાહી ચાલુ છે."

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આપને સંસ્થાનો જવાબ ક્યારે મળ્યો?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે શ્રી. એન. એચ. પટેલે પ્રૉવિડન્ટ ફંડ અંગે યુનિવર્સિટીને તા. ૧૪--૧૨--૧૯૭૦ના રોજ જાણ કરેલી છે.

પ્રશ્ન ૨ : (ક) (૧) યુ. જી. સી. પગારધોરણો અમલી બનતાં અમદાવાદ સાયન્સ કૉલેજના અધ્યાપકો શ્રી. એ. સી. શાહ, શ્રી. એચ. કે. દવે, શ્રી. એમ. પી. ઘડિયાળી, શ્રી. સી. પી. કૉન્ટ્રાક્ટર, શ્રી. કે. જી. પંચાલ, શ્રી. એન. એન. મોદી, શ્રી. આવે ક્રિશ્ચિયન અને શ્રી. કે. બી. સોનીને સરકારમાંથી આવેલી તેમની ૭૫ ટકા એરિયર્સની રકમ ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૨ : (ક) (૧) આ અંગે કૉલેજને પુછાવ્યું છે, જવાબ નથી.

પ્રશ્ન ૨ : (ક) (૨) જો ચૂકવાઈ હોય તો કયારે ચૂકવાઈ?

ઉત્તર ૨ : (ક) (૨) પ્રશ્ન ૨ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) (૩) અને ન ચૂકવાઈ હોય તો કયાં કારણોસર ચૂકવાઈ નથી?

ઉત્તર ૨ : (ક) (૩) પ્રશ્ન ૨ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

સિન્ડિકેટે આ અંગે આગળ વિચારણા કરી છે? સિન્ડિકેટના કહેવા છતાં પણ કૉલેજ જવાબ આપતી નથી?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે આ એજન્ડા છપાયા પછી જવાબ મળ્યો છે. તે પછી તે જવાબ સભાને વાંચી સંભળાવવામાં આવ્યો.

પ્રશ્ન ૩ : (ક) ભાદરણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન સેવા આપી ચૂકેલા વિજ્ઞક શ્રી. કે. ડી. પટેલ અંગે નીચે પ્રમાણે માહિતી આપવા વિનંતી છે :

શ્રી. કે. ડી. પટેલને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન કાર્યભારમાં કેટલાં લેક્ચર અને કેટલા ટયુટોરિયલ પિરિયડ આપવામાં આવ્યાં હતાં?

ઉત્તર ૩ : (ક) શ્રી. કે. ડી. પટેલને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન ૧૧ વ્યાખ્યાનોનું કામ આપવામાં આવ્યું હતું.

પ્રો. અંબુભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ સિવાયની વિગતો કૉલેજ પાસેથી માંગી છે?

કુલસચિવશ્રીએ જણાવ્યું કે સંપૂર્ણ માહિતી આવી ગઈ હોય એમ કાર્યાલયને જણાયું નથી અને તેથી વધુ તપાસ કરવી જરૂરી છે.

પ્રશ્ન ૩ : (ખ) કૉલેજે શ્રી. કે. ડી. પટેલની વ્યાખ્યાતા તરીકે માન્યતા મેળવવા યુનિવર્સિટીને કયારે પત્ર લખ્યો?

ઉત્તર ૩ : (ખ) તા. ૧૨-૮-૧૯૭૦ના રોજ કૉલેજે યુનિવર્સિટી કાર્યાલયને લખાણ કર્યું હતું.

પ્રશ્ન ૩ : (ગ) યુનિવર્સિટીએ શ્રી. પટેલને વ્યાખ્યાતા તરીકે માન્યતા આપી હોય તે પત્રનો નંબર અને તારીખ આપશો?

ઉત્તર ૩ : (ગ) તા. ૧૮-૧-૧૯૭૧નો પત્રાંક સિ. અધ્યા. ૩૯૨૬૬.

પ્રશ્ન ૩ : (ધ) સંસ્થાએ વર્ષ દરમિયાન શ્રી. કે. ડી. પટેલને દરેક મહિનામાં કેટલો પગાર ચૂકવ્યો તેની વિગત આપશો ?

ઉત્તર ૩ : (ધ) કૉલેજ પાસેથી ઉપલબ્ધ થયેલ માહિતી પ્રમાણે પ્રત્યેક માસે શ્રી. કે. ડી. પટેલને ચૂકવેલા પગારની માહિતી નીચે પ્રમાણે છે :

માસ	પગાર	મોંઘવારી ભથ્થું	ઘરભાડા ભથ્થું	કુલ
		રૂ. પૈસા	રૂ. પૈસા	રૂ. પૈસા
જૂન ૧૯૭૦ (૧૫થી ૩૦)	૯૬--૦૦	૯૭--૦૭	૫--૩૩	૧૯૮--૪૦
જુલાઈ ૧૯૭૦	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
ઑગસ્ટ ૧૯૭૦	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
સપ્ટેંબર ૧૯૭૦	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
ઑક્ટોબર ૧૯૭૦	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
નવેંબર ૧૯૭૦	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
ડિસેંબર ૧૯૭૦	૩૦૦--૦૦	૨૦૭--૦૦	૧૫--૦૦	૫૨૨--૦૦
જાન્યુઆરી ૧૯૭૧	૩૦૦--૦૦	૨૦૭--૦૦	૧૫--૦૦	૫૨૨--૦૦
ફેબ્રુઆરી ૧૯૭૧	૩૦૦--૦૦	૨૦૭--૦૦	૧૫--૦૦	૫૨૨--૦૦
માર્ચ ૧૯૭૧	૨૫૦--૦૦	૧૮૨--૦૦	૧૨--૫૦	૪૪૪--૫૦
	૨,૪૯૬--૦૦	૧,૮૧૦--૦૭	૧૨૫--૩૩	૪,૪૩૧--૪૦

પ્રશ્ન ૩ : (ચ) સંસ્થાએ તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ શ્રી. કે. ડી. પટેલ માટે નીચે પ્રમાણે સર્ટિફિકેટ આપ્યું છે તે હકીકત સાચી છે ? :

Arts & Science College, Bhadran

Dt. 20-2-71.

Certificate

This is to certify that Shri K. D. Patel serving in the Arts & Science College, Bhadran as a Lecturer in Economics and his salary is Rs. 300/-Basic+207/-D.A.+Rs. 15/-H. R. A. Total 522/- per month.

(Sd.) I. M. Patel,
Principal.

ઉત્તર ૩ : (ચ) આવા સર્ટિફિકેટની એક નકલ શ્રી. કે. ડી. પટેલે યુનિવર્સિટી કાર્યાલયને મોકલી છે.

પ્રશ્ન ૩ : (છ) એ પછી તા. ૭-૫-૧૯૭૧ના રોજ સંસ્થાએ શ્રી. કે. ડી. પટેલને નીચે પ્રમાણે ઑર્ડર પાઠવ્યો છે તે હકીકત સાચી છે?

Arts & Science College, Bhadran

Ref. No. 576/71. Dt. 7th May, 1971.

To

Shri K. D. Patel,
Tutor in Economics,
Arts & Science College,
Bhadran.

With reference to your appointment order dt. 15-6-'70 at the Arts & Science College, Bhadran as a Tutor in Economics, I have to inform you that your appointment as a Tutor in Economics is extended on probation for a further period of one year from 15th June 1971 to 14th June, 1972.

(Sd.) S. A. Patel
President,
Pragati Mandal, Bhadran.

ઉત્તર ૩ : (છ) આવા પત્રની એક નકલ શ્રી. કે. ડી. પટેલે યુનિવર્સિટી કાર્યાલયને મોકલી છે.

પ્રશ્ન ૩ : (જ) આમ શ્રી. કે. ડી. પટેલને યુનિવર્સિટી તેમ જ સંસ્થા એક તરફ વ્યાખ્યાતા તરીકે માન્ય કરે છે અને બીજી તરફ સંસ્થા શ્રી. પટેલને ટ્યૂટર તરીકે સેવા આપી છે એમ ગણીને તેમનો પ્રોબેશન સમય વધારવાનો ઑર્ડર આપે છે. આ વિરોધી હકીકત યુનિવર્સિટીના ધ્યાન પર કયારે લાવવામાં આવી?

ઉત્તર ૩ : (જ) શ્રી. કે. ડી. પટેલે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના આચાર્યને લખેલા તા. ૧૬-૬-૧૯૭૧ના પત્રની નકલ યુનિવર્સિટી કાર્યાલયને મળી ત્યારે.

એક સભ્યશ્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

શ્રી. કે. ડી. પટેલ નોકરી છોડી ચાલી ગયા છે તેવી ફરિયાદ આચાર્યશ્રીએ કરી છે ખરી?
સદરહુ કૉલેજના આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલે માહિતી આપતાં જણાવ્યું કે તેમણે ફરિયાદ કરી છે.
એક સભ્યશ્રીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો:

કોઈ પણ સંસ્થામાંથી છૂટા થવું હોય તો રાજીનામું આપવું જોઈએ કે નહિ?
કુલપતિશ્રીનો ઉત્તર: નિયમ પ્રમાણે આપવું જોઈએ.

પ્રશ્ન ૩ : (ઝ) યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં આ અંગે શી કાર્યવાહી કરી?

ઉત્તર ૩ : (ઝ) આ બાબત અંગે તપાસ ચાલુ છે.

પ્રશ્ન ૪ : દહેગામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાંથી છૂટા કરવામાં આવેલા અધ્યાપક શ્રી. મહેંદ્ર એન. મહેતા વિષે નીચેની માહિતી આપવા વિનંતી :

(ક) પ્રા. મહેતા આ સંસ્થામાં કયારે જોડાયા અને તેમને કયારથી છૂટા કરવામાં આવ્યા ?

ઉત્તર ૪ : (ક) શ્રી. એમ. એન. મહેતા તા. ૧૫-૬-૧૯૬૮થી શ્રી. એમ. વી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવરત્નવાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામમાં ગુજરાતીના ટયૂટર તરીકે (પ્રોબેશન પર) જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૬૯થી તેમને ખંડ સમયના ટયૂટર તરીકે કેરળ એક વર્ષ માટે ચાલુ રાખવાનું જણાવવામાં આવ્યું હતું.

પ્રશ્ન ૪ : (ખ) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શ્રી. મહેતાને છૂટા કરવાની કાર્યવાહી થઈ છે કે કેમ ?

ઉત્તર ૪ : (ખ) ના, જી.

પ્રશ્ન ૪ : (ગ) આ બાબતમાં યુનિવર્સિટી પાસે કોઈ ફરિયાદ આવી છે ખરી ?

ઉત્તર ૪ : (ગ) હા, જી.

પ્રશ્ન ૪ : (ઘ) યુનિવર્સિટીએ તે અંગે કરેલી કાર્યવાહીની માહિતી આપશો ?

ઉત્તર ૪ : (ઘ) આ અંગે કૉલેજ પાસેથી યથાતથ માહિતી મંગાવવામાં આવેલી અને આ બાબત સિન્ડિકેટની વિચારણા માટે મૂકવામાં આવી છે.

પ્રશ્ન ૪ : (ચ) ઑર્ડિનન્સનો ભંગ થાય ત્યારે યુનિવર્સિટી કોઈ ગંભીર પગલાં લેવાનું વિચારે છે કે કેમ ?

ઉત્તર ૪ : (ચ) ઉપર પ્રશ્ન ૪ (ઘ)ના જવાબમાં જણાવ્યા પ્રમાણે આ બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

પ્રશ્ન ૫ : (ક) (૧) માર્ચ ૧૯૭૧ની સેનેટ સભાની કાર્યવાહી માટે કૉલેજો પાસેથી કેટલીક જરૂરી માહિતી સેનેટ-સભ્યોએ પ્રશ્નોત્તરીરૂપે યુનિવર્સિટી દ્વારા માગી હતી તે માહિતી કઈ કઈ કૉલેજોએ સમયસર પૂરી પાડી ન હતી—તે કૉલેજોનાં નામ આપો.

ઉત્તર ૫ : (ક) (૧) સદરહુ કૉલેજોનાં નામ નીચે જણાવેલ છે :

૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬. એમ. એન. કૉલેજ, વીસનગર
૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૮. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૯. શેઠ પી. ટી. આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા
૧૦. લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા

૧૧. સરસપુર આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨. બી. ડી. આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૪. મ્યુનિસિપલ આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, મહેસાણા
૧૫. શ્રી. ગોસ્વામી એમ. એચ. એલ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
૧૬. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર
૧૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ
૧૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૯. વિવેકાનંદ કૉલેજ ફૉર એજ્યુકેશન, અમદાવાદ
૨૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
૨૧. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૨. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૨૩. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ
૨૪. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૫. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૬. આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ
૨૭. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૮. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૧. સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૩૨. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૩૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૩૪. એલ. ડી. ઑન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
૩૫. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૩૬. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૭. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ
૩૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૫ : (ક) (૨) યુનિવર્સિટીએ તેની કૉલેજો સામે શાં પગલાં લીધાં તેની માહિતી આપો.

ઉત્તર ૫ : (ક) (૨) આ બાબત સિન્ડિકેટને રિપોર્ટ કરવામાં આવ્યો હતો, અને તે પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮/૨૫--૪--૧૯૭૧ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી મંગાવવામાં આવેલ માહિતી વેળાસર પૂરી પાડવામાં આવી નથી તેની ગંભીર નોંધ લેવી અને તે કૉલેજોને ભવિષ્યમાં આવું થવા ન પામે તે માટે તકેદારી રાખવા જણાવવું."

પ્રશ્ન ૬ : સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજમાં ૧૯૬૪થી ૧૯૭૦ સુધી સેવા આપી ચૂકેલા શ્રી. એમ. જે. પાઠકજી વિષે નીચેની માહિતી આપશો :

(ક) પ્રો. એમ. જે. પાઠકજી સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં તા. ૧-૪-૧૯૬૬ના રોજ કઈ પોસ્ટ પર હતા? (પ્રોફેસર કે વ્યાખ્યાતા?)

ઉત્તર ૬ : (ક) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની.

પ્રશ્ન ૬ : (ખ) યુ. જી. સી. પગારધોરણોમાં તા. ૧-૪-૧૯૬૬થી તેઓને કયા પગારધોરણમાં મૂકવામાં આવ્યા છે?

ઉત્તર ૬ : (ખ) રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના પગારધોરણમાં.

પ્રશ્ન ૬ : (ગ) તેઓ તા. ૧-૪-૧૯૬૬ના રોજ કૉલેજમાં પ્રોફેસરની પોસ્ટ પર હોવા છતાં તેમણે શા માટે જુનિયર સ્કેલમાં મૂકવામાં આવ્યા?

ઉત્તર ૬ : (ગ) કૉલેજે તેના તા. ૯-૯-૧૯૭૧ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું છે :

"તા. ૧-૪-૧૯૬૬ના રોજ આ કૉલેજમાં પ્રાધ્યાપકો અને વ્યાખ્યાતાઓની કુલ સંખ્યા ૧૭ હતી એટલે તા. ૯-૩-૧૯૭૦ના જી. આર. પ્રમાણે સિનિયર સ્કેલ ચાર પ્રાધ્યાપકોને મળી શકે તેથી સંસ્થાએ એમ નક્કી કર્યું કે સરકારી જી. આર. અનુસાર ચાર પ્રાધ્યાપકોને (સિનિયોરિટીના ક્રમ પ્રમાણે) સિનિયર સ્કેલ આપવો. શ્રી. એમ. જે. પાઠકજી સિનિયોરિટી પ્રમાણે પહેલા ચાર પ્રાધ્યાપકોમાં આવતા ન હતા, તેથી તેમનો સિનિયર સ્કેલ મંજૂર ન થયો અને તેથી તેમને સિનિયર સ્કેલ સંસ્થાએ આપ્યો નહિ."

પ્રશ્ન ૬ : (ઘ) યુનિવર્સિટીના ઠરાવ પ્રમાણે તા. ૧-૪-૧૯૬૬ના રોજ કૉલેજમાં જે શિક્ષકો પ્રોફેસરની પોસ્ટ પર હોય તે બધાને રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂકવાનું યુનિવર્સિટીએ ઠરાવ્યું હોવા છતાં આ કૉલેજે શ્રી. પાઠકજીને રૂ. ૩૦૦-૨૫-૬૦૦ના પગાર-ધોરણમાં મૂકીને તેમનું એરિયર્સ ચૂક્યું છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૬ : (ઘ) શ્રી. પાઠકજીએ તેવી ફરિયાદ કરી છે.

પ્રશ્ન ૬ : (ચ) (૧) યુનિવર્સિટીને આ બાબતમાં પ્રો. પાઠકજી તરફથી કોઈ ફરિયાદ મળી છે?

ઉત્તર ૬ : (ચ) (૧) હા, જી.

પ્રશ્ન ૬ : (ચ) (૨) અને જો મળી હોય તો યુનિવર્સિટીએ તે અંગે શાં પગલાં લીધાં?

ઉત્તર ૬ : (ચ) (૨) શ્રી. એમ. જે. પાઠકજીને પ્રાધ્યાપકના સુધારેલા પગારધોરણમાં મૂકવા માટે કૉલેજને જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૭ : વડનગર કૉલેજમાંથી છૂટા કરાયેલા અધ્યાપકોનો પગાર ન ચૂકવાયા બાબતમાં નીચેના પ્રશ્નો પ્રમાણે માહિતી આપશો :

(ક) (૧) ૧૯૭૦--૭૧ના વર્ષમાં સેવા આપી ચૂકેલાં પ્રા. જ્યોત્સ્નાબહેન ગાંધીને બે માસનો પગાર ચૂકવાયો નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૭ : (ક) (૧) આ અંગે કૉલેજને પુછાવ્યું છે, જવાબ નથી.

પ્રશ્ન ૭ : (ક) (૨) જો સાચી હોય તો કેમ નથી ચૂકવાયો તે બાબતમાં માહિતી આપશો?

ઉત્તર ૭ : (ક) (૨) પ્રશ્ન ૭ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ખ) (૧) આ ઉપરાંત ૧૯૭૦--૭૧ના વર્ષમાં બીજા કયા કયા અધ્યાપકોને છૂટા કરવામાં આવ્યા તેમનાં નામ આપો.

ઉત્તર ૭ : (ખ) (૧) પ્રશ્ન ૭ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : (ખ) (૨) અને તેઓને વર્ષ દરમિયાન પૂરો પગાર ચૂકવાયો છે કે કેમ તેની માહિતી આપશો?

ઉત્તર ૭ : (ખ) (૨) પ્રશ્ન ૭ (ક) (૧)નો ઉત્તર જોવા વિનંતી છે.

[૮] શ્રી. કે. એચ. મોદીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં સેવા આપી ચૂકેલા શ્રી. એન. ટી. દોશીની બાબતમાં નીચે પ્રમાણે માહિતી આપશો :

(ક) શ્રી. એન. ટી. દોશી ૧૯૭૦--૭૧ના વર્ષમાં સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે સેવા આપ્યા પછી તા. ૧૪--૬--૧૯૭૧થી છૂટા થયા છે, પરંતુ સંસ્થાએ તેમને તા. ૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૧ના સમયગાળાનો પગાર ચૂકવ્યો નથી તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૧ : (ખ) શ્રી. દોશીને તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૩૧--૧૨--૧૯૭૦ના સમયગાળા દરમ્યાન જૂના પગારધોરણ પ્રમાણે પગાર ચૂકવાયો છે તે હકીકત સાચી છે?

પ્રશ્ન ૧ : (ગ) નવાં યુ. જી. સી. પગારધોરણો પ્રમાણે શ્રી. દોશીને તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૩૧--૧૨--૧૯૭૦ના પગારની એરિયર્સ ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે?

ઉત્તર ૧ : (ક), (ખ) અને (ગ)

કૉલેજે તેના તા. ૧૭—૯--૧૯૭૧ના પત્રથી નીચે મુજબ જણાવ્યું છે :

"અમે શ્રી. એન. ટી. દોશીને તેમના પગાર અંગેની બાકી રહેલી રકમ સંપૂર્ણપણે ચૂકવી દીધેલ છે તેની નોંધ લેશો. તેઓને યુ. જી. સી. સ્કેલની બાકી રહેલી રકમ પણ ચૂકતી દેવામાં આવેલ છે."

પ્રશ્ન ૧ : (ઘ) (૧) એપ્રિલ પછીની એરિયર્સ માટે સરકારની ગ્રાન્ટનો રાહ જોવાની નથી, છતાં આ રકમ શ્રી. દોશીને ચૂકવાઈ નથી તે અંગે યુનિવર્સિટીને કોઈ ફરિયાદ મળી છે ખરી?

ઉત્તર ૧ : (ઘ) (૧) હા, જી.

પ્રશ્ન ૧ : (ધ) (૨) જો મળી હોય તો યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં તે અંગેની શી કાર્યવાહી કરી?

ઉત્તર ૧ : (ધ) (૨) : (ક), (ખ) અને (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : તોલાની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરમાં સેવા આપી ચૂકેલા અધ્યાપક શ્રી. રામકૃષ્ણ શાસ્ત્રી વિષે નીચે પ્રમાણેની માહિતી આપશો :

(ક) તા. ૧૫--૬--૧૯૬૫થી શ્રી. શાસ્ત્રીને આ કૉલેજમાં કઈ પોસ્ટ પર અને કયા પગાર-ધોરણમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા?

ઉત્તર ૨ : (ક) તેઓને રૂ. ૩૫૦--૧૫--૫૦૦--૨૦--૭૦૦ના પગારધોરણમાં હિંદીના પ્રાધ્યાપક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૨ : (ખ) ૧૯૬૫--૬૬, ૧૯૬૬--૬૭ અને ૧૯૬૭--૬૮નાં વર્ષોમાં શ્રી. શાસ્ત્રીને રૂ. ૪૫૦ ફિક્સ પે ચૂકવાયો છે એ હકીકત સાચી છે?

ઉત્તર ૨ : (ખ) ના, જી.

પ્રશ્ન ૨ : (ગ) (૧) પ્રા. શાસ્ત્રીને યુનિવર્સિટીનાં પગારધોરણો મુજબ પગાર તથા અન્ય ભથ્થાં ન ચૂકવાયાં અંગે શ્રી. શાસ્ત્રીએ ફરિયાદ યુનિવર્સિટીને કરી છે કે કેમ?

ઉત્તર ૧ : (ગ) (૧) હા, જી.

પ્રશ્ન ૨ : (ગ) (૨) અને યુનિવર્સિટીએ તે અંગે શું કાર્યવાહી કરી?

ઉત્તર ૨ : (ગ) (૨) સદરહુ કૉલેજને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૬--૭--૧૯૭૧ના પત્રાંક સિ./૧૧/૦૭૯૮૭થી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવા પાત્ર સર્વ લેણી રકમ ચૂકવી દેવા જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૧--૯--૧૯૭૧ના પત્રાંક સિ. ૧૧/૦૧૩૩૬૩થી ચાલુ માસના અંત સુધીમાં આ ચુકવણી કરી દેવા પુનઃ જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૩ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજમાં સેવા આપી ચૂકેલા અધ્યાપક શ્રી. એમ. એચ. જોશી વિષે નીચે પ્રમાણે માહિતી પૂરી પાડવા વિનંતી :

(ક) પ્રો. એમ. એચ. જોશી કૉલેજમાંથી કયારે છૂટા થયા?

ઉત્તર ૩ : (ક) જૂન ૧૯૬૯થી.

પ્રશ્ન ૩ : (ખ) છૂટા થયા ત્યારે શ્રી. જોશીનો કુલ પગાર અને પગારધોરણ શાં હતાં :

ઉત્તર ૩ : (ખ) શ્રી. એમ. એચ. જોશીના જણાવ્યા પ્રમાણે તે છૂટા થયા ત્યારે તેમનું કુલ વેતન રૂ. ૪૮૦ થતું હતું, અને પગારધોરણ રૂ. ૨૫૦--૧૦--૪૦૦--૧૫--૪૬૫ હતું.

પ્રશ્ન ૩ : (ગ) છૂટા થયા પછી તેમને યુ.જી.સી.ના નવા પગારધોરણ પ્રમાણે એરિયર્સ ચૂકવાયું છે ખરું?

ઉત્તર ૩ : (ગ) ના, જી.

પ્રશ્ન ૩ : (ધ) (૧) યુનિવર્સિટીના નિયમ પ્રમાણે છૂટા થતાં તેમને વળતરની રકમ ચૂકવાઈ છે ખરી ?

ઉત્તર ૩ : (ધ) (૧) છૂટા થતી વખતે તેમને વળતરની રકમ ચૂકવાઈ નહોતી; પણ તા. ૧-૯-૧૯૭૧ના પત્રાંક ૭૩૬થી આચાર્યશ્રીએ તે ચૂકવ્યાની જાણ યુનિવર્સિટીને કરી છે.

પ્રશ્ન ૩ : (ધ) (૨) જો ચૂકવાઈ હોય તો કેટલી ?

ઉત્તર ૩ : (ધ) (૨) રૂ. ૧,૪૪૦.

પ્રશ્ન ૩ : (ચ) વળતરની રકમ તેમને જૂના પગારધોરણ પ્રમાણે ચૂકવાઈ છે કે નવા યુ.જી.સી. પગારધોરણ પ્રમાણે તે માહિતી આપશો.

ઉત્તર ૩ : (ચ) જૂના પગારધોરણ પ્રમાણે.

પ્રશ્ન ૪ : ૬ઠ્ઠી માર્ચ ૧૯૭૧ના ઑર્ડિ. ૧૨૦-ડી મુજબ કાર્યવાહી થઈ છે કે કેમ તે અંગે નીચે પ્રમાણે માહિતી આપશો :

(ક) (૧) નીચેના અધ્યાપકોની આ ઑર્ડિનન્સ મુજબ વળતર ચૂકવવા અંગે યુનિવર્સિટીમાં ફરિયાદ આવી છે ખરી?

(૧) પ્રા. રમેશચંદ્ર મહેતા, સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૨) પ્રા. પી. એસ. પટેલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
(૩) પ્રા. એસ. એમ. પટેલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
(૪) પ્રા. એન. એફ. સોની, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
(૫) પ્રા. પી. એન. ભાવ્રોડિયા " "
(૬) પ્રા. જીવનભાઈ પી. પટેલ " "
(૭) પ્રા. સીતારામ એમ. પટેલ " "
(૮) પ્રા. એન. એચ. શાહ " "
(૯) પ્રા. જી. જે. પટેલ " "

પ્રશ્ન ૪ : (ક) (૨) અને આવી હોય તો કયારે આવી?

ઉત્તર ૪ : (ક) (૧) અને (૨) : નીચે જણાવેલ શિક્ષકો તરફથી ઑ. ૧૨૦-ડી અનુસાર, વળતર ચૂકવવા અંગે તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની તારીખે ફરિયાદ આવી છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	તારીખ
(૧)	શ્રી. આર. સી. મહેતા	૩૧-૭-૧૯૭૧
(૨)	શ્રી. પી. એસ. પટેલ	૨૪-૭-૧૯૭૧
(૩)	શ્રી. એસ. એમ. પટેલ	૨૪-૩-૧૯૭૧
(૪)	શ્રી. એન. એફ. સોની	૨૪-૩-૧૯૭૧
(૫)	શ્રી. પી. એન. ભાવ્રોડિયા	૨૪-૩-૧૯૭૧
(૬)	શ્રી. જે. પી. પટેલ	૨૪-૩-૧૯૭૧
(૭)	શ્રી. સીતારામ એન. પટેલ	૨૪-૩-૧૯૭૧
(૮)	શ્રી. એન. એચ. શાહ	૨૪-૩-૧૯૭૧
(૯)	શ્રી. જી. જે. પટેલ	૨૪-૩-૧૯૭૧

પ્રશ્ન ૪ : (ખ) (૧) : આ ઑર્ડિનન્સ મુજબ અધ્યાપકને છૂટા કરવાની નોટિસ સાથે જ વળતર ચૂકવવાનું હોય છે તો ઉપરના અધ્યાપકોને તે મુજબ વળતર ચૂકવાયું છે કે કેમ?

ઉત્તર ૪ : (ખ) (૧): આ ઑર્ડિનન્સમાં અધ્યાપકને છૂટા કરવાની નોટિસની સાથે જ વળતર આપવાનું જણાવેલું નથી તે સ્પષ્ટતા સાથે જણાવવાનું કે ઉપરના અધ્યાપકોને વળતર ચૂકવાયું નથી.

વધુમાં ઉમેરવાનું કે સર્વશ્રી એસ. એમ. પટેલ, પી. એન. ભાવેડિયા અને જી. જે. પટેલને પાછા નોકરીમાં લેવાના હોઈ તેઓને વળતર ચૂકવવાનું રહેતું નથી.

પ્રશ્ન ૪ : (ખ) (૨) ન ચૂકવાયું હોય તો યુનિવર્સિટીએ તે અંગે શી કાર્યવાહી કરી?

ઉત્તર ૪ : (ખ) (૨) શ્રી. આર. સી. મહેતા અને શ્રી. પી. એસ. પટેલને વળતરની ચુકવણી અંગે ઑર્ડિનન્સના સંદર્ભમાં સંગ્રંથકર્તા કૉલેજનું વકતવ્ય માગ્યું છે. સર્વશ્રી એસ. એમ. પટેલ, એન. એફ. સોની, પી. એન. ભાવેડિયા, જીવનભાઈ પી. પટેલ, સીતારામ એન. પટેલ અને એન. એચ. શાહને યુનિવર્સિટીના ઑ. ૧૨૦--ડી પ્રમાણે વળતર ચૂકવવા અંગે કૉલેજે તેના તારીખ ૧૦--૯--૧૯૭૧ના પત્રાંક પી. એલ. ૯૪૮થી જણાવ્યું છે કે સર્વશ્રી એસ. એમ. પટેલ, પી. એન. ભાવેડિયા અને જી. જે. પટેલને નોકરીમાં ચાલુ રાખ્યા છે અને સર્વશ્રી એન. એફ. સોની, જીવનભાઈ પી. પટેલ, સીતારામ એન. પટેલ અને એન. એમ. શાહને વળતર સગવડ થતાં સત્વરે ચૂકવી આપવામાં આવશે.

[૯] પ્રા. એમ. એચ. પંડ્યાએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન : ઑક્ટોબર ૧૯૬૮ પછી થયેલી સિન્ડિકેટની સભામાં સભ્યોની હાજરી બાબત નીચેની માહિતી આપવા વિનંતી :

સિન્ડિકેટની કુલ સભાઓની સંખ્યા--દિવસોમાં	સભ્યોનાં નામ	સંખ્યાવાર કુલ હાજરી--દિવસોમાં

ઉત્તર :

સિન્ડિકેટની કુલ સભાઓની સંખ્યા (દિવસોમાં)	**સભ્યોનાં નામ**	**સભ્યવાર કુલ હાજરી (દિવસોમાં)**	**આ ગાળા દરમ્યાન સિન્ડિકેટની સભાઓની મુદત**
૭૩ દિવસો	૧. પ્રો. ઉમાશંકર જે. જોશી (કુલપતિશ્રી)	૭૧	સતત
	૨. વિશ્વાનુનિયામકશ્રી	૩૫	સતત
	૩. પ્રો. કે. જે. ભટ્ટ	૩	૯--૧૧--૧૯૬૮થી ૭--૧૨--૧૯૬૮
	૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	૫૨	સતત

સિન્ડિકેટની કુલ સભાઓની સંખ્યા (દિવસોમાં)	સભ્યોનાં નામ	સભ્યવાર કુલ હાજરી (દિવસોમાં)	આ ગાળા દરમ્યાન સિન્ડિકેટની સભાઓની મુદત
	૫. શ્રી. આર. જી. શાસ્ત્રી	૬૫	સતત
	૬. શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી	૧૬	૯-૧૧-૧૯૬૮થી ૧૧-૭-૧૯૭૦
	૭. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	૨	૩૦-૧૧-૧૯૬૮થી ૭-૧૨-૧૯૬૮
	૮. પ્રૉ. જયંત બી. હરિભક્તિ	૫૭	સતત
	૯. સ્વ. શ્રી. ઠાકોરભાઈ દેસાઈ	૨૩	૧૭-૪-૧૯૭૧ સુધી
	૧૦. શ્રી. બટુભાઈ લ. દેસાઈ	૩૨	૧૨-૪-૧૯૬૯થી આજદિન સુધી
	૧૧. સ્વ. ડૉ. એ. એમ. ત્રિવેદી	૫૫	૭/૮-૮-૧૯૭૧ સુધી
	૧૨. શ્રી. એમ. પી. પંડ્યા	૫૮	૧૫-૮-૧૯૭૧ સુધી
	૧૩. આચાર્ય સી. એલ. શાસ્ત્રી	૨	૩૦-૧૧-૧૯૬૮થી ૭-૧૨-૧૯૬૮
	૧૪. આચાર્ય એમ. સી. દેસાઈ	૩	૯-૧૧-૧૯૬૮થી ૭-૧૨-૧૯૬૮
	૧૫. આચાર્ય ય. ગુ. નાયક	૩	૯-૧૧-૧૯૬૮થી ૭-૧૨-૧૯૬૮
	૧૬. આચાર્ય વી. આર. રણદીવે	૪૭	સતત
	૧૭. સ્વ. શ્રી. મગનભાઈ પો. દેસાઈ	૩	૧૪-૧૨-૧૯૬૮ થી ૫-૧-૧૯૬૯
	૧૮. શ્રી. રસિકલાલ બી. શાહ	૫૪	સતત
	૧૯. શ્રી. ઈન્દ્રવદન એ. મોદી	૬૪	સતત
	૨૦. ડૉ. જે. જે. ચિનોય	૪૯	સતત
	૨૧. આચાર્યા ઊર્મિલાબહેન પટેલ	૫૩	સતત
	૨૨. આચાર્ય કે. એન. શાહ	૫૦	સતત
	૨૩. આચાર્ય એમ. સી. શાહ	૬૩	સતત
	૨૪. આચાર્ય દર્શનસિંગ શીખ	૨૦	૧-૨-૧૯૬૯ થી ૧-૧૧-૧૯૬૯
	૨૫. શ્રી. કે. એમ. તલાટી	૮	૧૧-૪-૧૯૭૦ થી ૪-૧૦-૧૯૭૦
	૨૬. આચાર્ય એમ. એસ. પંડિત	૧૮	૧૬-૧-૧૯૭૧થી આજદિન સુધી
	૨૭. શ્રી. સત્યેન્દ્ર કે. ઝવેરી	૯	૧૭-૪-૧૯૭૧થી આજદિન સુધી

[૧૮] **ડૉ. નવીન ટી. દેસાઈ**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેના ઉત્તર આપવામાં આવેલ છે.)

પ્રશ્ન ૧ : ડેન્ટલ સર્જરીમાં અનુસ્નાતક વર્ગો (એન.ડી.એસ.) કયારે અને કયા કયા વિષયોમાં શરૂ કરવામાં આવેલા ?

ઉત્તર ૧ : એમ.ડી.એસ. (ડેન્ટલ સર્જરી)માં નીચેના વિષયોના વર્ગો (કેન્દ્રો) જૂન ૧૯૬૭થી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલી :

૧. પ્રોસ્થેટિક ડેન્ટિસ્ટ્રી

૨. પેરિયોડોન્શિયા

૩. ઓરલ સર્જરી અને મેક્સિલો-ફેસિયલ પ્લાસ્ટિક સર્જરી
૪. ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રી
૫. ઑર્થોડોન્શિયા
૬. ઓરલ પેથોલોજી એન્ડ બેકટીરિયોલોજી
૭. ઓરલ ડાયાગ્નોસિસ એન્ડ ડેન્ટલ રેડિયોલોજી
૮. પેડોડોન્શિયા એન્ડ પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી.

પ્રશ્ન ૨ : (ક) તેમાંના ઓરલ પેથોલોજી, ઓરલ ડાયાગ્નોસિસ તથા પેરિયોડોન્શિયાના વિષયોમાં અનુસ્નાતક વર્ગો કયારથી બંધ છે?

ઉત્તર ૨ : (ક) (૧) ઓરલ પેથોલોજી, (૨) ઓરલ ડાયાગ્નોસિસ. તથા (૩) પેરિયોડોન્શિયાના વિષયોના અનુસ્નાતક વર્ગો (કેન્ટ્રો) બંધ નથી.

ડૉ. નવીન ટી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિષયો લખ્યા છે તે બંધ થયા નથી, તો સેન્ટર તરફથી જાહેરાત કેમ કરવામાં આવી નથી?

કુલપતિશ્રીનો ઉત્તર : આ સવાલ નથી. ચોખ્ખો પ્રશ્ન પૂછો.

પ્રશ્ન ૨ : (ખ) અને શા કારણથી?

ઉત્તર ૨ : (ખ) ઉપર (ક)ના ઉત્તરના સંદર્ભમાં આનો ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્ન ૩ : (ક) બંધ પડેલા અનુસ્નાતક વર્ગો ફરી શરૂ કરવામાં શી મુશ્કેલી છે?

ઉત્તર ૩ : (ક) ઉપર પ્રશ્ન ૨ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩ : (ખ) રાજય સરકારની મંજૂરી આવા વર્ગો શરૂ કરતાં પહેલાં આવશ્યક હોય છે?

ઉત્તર ૩ : (ખ) ના, જી. આવા વર્ગો શરૂ કરવા માટે પરવાનગી આપતાં પહેલાં યુનિવર્સિટીને રાજય સરકારની મંજૂરી લેવી આવશ્યક નથી.

પ્રશ્ન ૪ : (ક) (૧) અજમાયશી ધોરણે શરૂ કરાયેલા વર્ગો ફરીથી તે જ ધોરણે શરૂ કરવામાં કોઈ બાધ છે? જો કોઈ બાધ હોય તો તે દૂર કરવા તથા વર્ગો પુનઃસ્થાપિત કરવા યુનિવર્સિટી તાત્કાલિક પગલાં ભરશે, જેથી સુશિક્ષિત અને અનુભવી શિક્ષકોની તાણ ભારતભરમાં ડેન્ટલ સર્જરીમાં પૂરવા યથાશકિત ફાળો આપણે આપી શકીએ.

ઉત્તર ૪ : (ક) (૧) કોઈ વર્ગો અજમાયશી ધોરણે શરૂ કરવામાં આવેલા હોય એવું બન્યું નથી. પરંતુ સ્પષ્ટતા માટે ઉમેરવું જોઈએ કે એમ.ડી.એસ.માં પેથોલોજી એન્ડ બેકટીરિયોલોજીનું અનુસ્નાતક કેન્દ્ર તા. ૧૧--૪--૧૯૭૦થી એક વર્ષ માટે તદર્થ (એડહૉક) ધોરણે કેન્દ્ર શરૂ કરવા માટે બી. જે. મેડિકલ કૉલેજને પરવાનગી આપવામાં આવી હતી. આ માટેની પરવાનગી ફરીથી માગવામાં આવશે તો તે માગણી પર તેના ગુણદોષને આધારે વિચારણા કરવામાં આવશે.

પ્રશ્ન ૫ : (ક) ટપાલ દ્વારા ચૂંટણીમાં મતદારોને સમયસર મતપત્રકો મળે તે માટે એકબે દિવસ વહેલાં મતપત્રકો મોકલવાં ઈચ્છનીય છે. પરંતુ હાલમાં ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા પર સેનેટના પ્રતિનિધિની થયેલી ટપાલ દ્વારા ચૂંટણીમાં મતપત્રકો જાહેર થયેલી તારીખ કરતાં ૧૦ દિવસ જેટલાં વહેલાં કયા સંજોગોમાં મોકલવામાં આવ્યાં?

ઉત્તર ૫ : (ક) ઉમેદવારીપત્રોની ચકાસણી તા. ૨૬-૫-૧૯૭૧ના રોજ થઈ જતાં મતદારોને મતપત્રકો તા. ૨-૬-૧૯૭૧ના રોજ મોકલવામાં આવ્યાં હતાં.

પ્રશ્ન ૫ : (ખ) આટલાં બધાં વહેલાં પડેલાં કોઈ ચૂંટણીમાં મતપત્રકો મોકલાયાં હોય તેવા કોઈ દાખલા છે?

ઉત્તર ૫ : (ખ) ના, જી.

[૧૧] આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવ્યો છે.)

પ્રશ્ન ૧ : (ક) ભાવનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં કેટલાક પ્રાધ્યાપકોને પગારના માત્ર ૬૦ ટકા અપાતા હોઈ યૂનિવર્સિટી પાસે આવી છે તેવી ફરિયાદ યુનિવર્સિટી પાસે આવી છે?

ઉત્તર ૧ : (ક) પ્રો. કે. એસ. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૩ (ક)નો ઉત્તર જોવા વિનંતી છે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

આ વખતે સિન્ડિકેટે જે સમિતિ નીમી છે તેણે મુદત બાંધી છે કે કેમ કે આટલી તારીખ પહેલાં જવાબ મળવો જોઈએ?

કુલપતિશ્રીનો ઉત્તર : આજે જવાના હતા પણ જઈ શકયા નથી.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

ગ્રાન્ટ મળી છે તેનું શું થાય છે?

કુલપતિશ્રીનો ઉત્તર : જણાવ્યા પ્રમાણે મોટા ભાગની રકમ પગારમાં ચૂકવાઈ ગઈ છે.

શ્રી. પી. જી. માવલંકરે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

અધ્યાપકોને છ-છ મહિના સુધી પગાર ચૂકવાયો નથી તો યુનિવર્સિટી કયાં નિશ્ચિત પગલાં લેવા ધારે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રશ્ન hypothetic છે.

પ્રશ્ન ૧ : (ખ) આવી ફરિયાદની બાબતમાં યુનિવર્સિટીએ કયાં પગલાં લીધાં છે?

ઉત્તર ૧ : (ખ) પ્રો. કે. એસ. શાસ્ત્રીના પ્રશ્ન ક્રમાંક ૩ (ખ) અને (ગ)નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨ : (ક) સંલગ્ન કૉલેજોમાં જે પ્રોવિડંટ ફંડની યોજના અમલમાં છે તેમાં સ્ટાફનો ફાળો તેમ જ સંસ્થાનો ફાળો (પ્રોવિડંટ ફંડના સભ્યો જેમાં ઓછામાં ઓછા ૫૦ ટકા હોય તેવાં) ટ્રસ્ટોને સોંપવાનું ફરજિયાત છે તે વાત સાચી છે?

ઉત્તર ૨ : (ક) હા, જી.

પ્રશ્ન ૨ : (ખ) કઈ કઈ કૉલેજોએ, પ્રૉવિડંટ ફંડની રકમ, ૧૫મી જૂન ૧૯૭૧ સુધી આ રીતે રચાયેલાં ટ્રસ્ટોને સોંપી નથી?

(ગ) યુનિવર્સિટીએ આવી કૉલેજોની સામે કયાં પગલાં લીધાં છે?

ઉત્તર ૨ : (ખ) અને (ગ) : યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી મુજબ જૂન ૧૯૭૧ સુધી, પ્રૉવિડંટ ફંડના નિયમ અનુસાર રચાયેલ ટ્રસ્ટોને પ્રૉવિડંટ ફંડની રકમ સોંપી નથી તે અંગેની માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	યુનિવર્સિટીએ લીધેલાં પગલાં
(૧)	એચ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(સંબંધકર્તા નિયમનું પરિપાલન કરવા માટે કૉલેજને જણાવવામાં આવ્યું છે.)
(૨)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
(૩)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	,,
(૪)	શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	,,
(૫)	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	,,
(૬)	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	,,
(૭)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	,,
(૮)	કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા	,,
(૯)	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	,,
(૧૦)	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ (નોંધ.—બૅંકમાં દરેકનો જૂદો એકાઉન્ટ છે અને સંચાલન ટ્રસ્ટીઓ કરે છે એમ જણાવે છે.)	,,
(૧૧)	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	,,
(૧૨)	આર. કે. સાયન્સ કૉલેજ, પેટલાદ	,,
(૧૩)	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	,,
(૧૪)	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,
(૧૫)	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	,,
(૧૬)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ	,,
(૧૭)	નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ	,,
(૧૮)	નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	,,
(૧૯)	પીપલ્સ લૉ કૉલેજ, ભૂજ	,,
(૨૦)	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	,,
(૨૧)	સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	,,
(૨૨)	શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત.	,,

પ્રશ્ન ૩ : (ક) દસ હજાર ચોરસ વારના રમતગમતના મેદાનની જોગવાઈ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજો માટે ફરજિયાત છે તે સાચું છે?

ઉત્તર ૩ : (ક) સ્થાનિક તપાસસમિતિને અપાતી સૂચનાઓમાં રમતગમતના મેદાન માટે નીચેની સૂચનાનો સમાવેશ થાય છે :

પ્રત્યેક કૉલેજને માટે (હાલની ચાલુ કૉલેજો તેમ જ ભાવી જોગવાઈ માટે માગણી કરતી કૉલેજોને માટે) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવી આવશ્યક ગણાશે તથા તે ઉપરાંત કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે.

(નોંધ.—સદરહુ સૂચનાને કારણે એક જ મકાનમાં એકથી વધુ કૉલેજો કામ કરતી હોય તેવા કેસોમાં ઉપર જણાવ્યા મુજબની ખુલ્લી જગ્યા અનુકૂળ સમયે જુદા જુદા વખતે વાપરી શકાય તેમ હોય તો તે કૉલેજોએ તે જગ્યા અલગ અલગ રાખવી આવશ્યક ગણાશે નહિ.)

પ્રશ્ન ૩ : (ખ) આ વિદ્યાશાખાઓની જે જે કૉલેજો માટે આવા મેદાનની જોગવાઈ ફરજિયાત છે, તેમાંથી કઈ કઈ કૉલેજોએ ૧૯૭૦--૭૧ના વર્ષ સુધી આવી વ્યવસ્થા કરી નથી?

(ગ) યુનિવર્સિટીએ આવી કૉલેજો સામે કયાં પગલાં લીધાં છે?

ઉત્તર ૩ : (ખ) અને (ગ) : યુનિ. કાર્યાલયને ઉપલબ્ધ માહિતી પ્રમાણે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવાની જોગવાઈ અંગેની શરતનું કોઈ કૉલેજે ૧૯૭૦--૭૧ના વર્ષ સુધી ઉલ્લંઘન કર્યાનું જણાયું નથી.

પ્રશ્ન ૪ : (ક) ટીચર્સ હૉસ્ટેલ બાંધવા માટે યુ.જી.સી.ની ગ્રાન્ટ ૮૦ ટકા મળવાની યોજના અમલમાં કયારથી આવી?

ઉત્તર ૪ : (ક) ટીચર્સ હૉસ્ટેલ બાંધવા માટે યુ.જી.સી.ની ૮૦ ટકાની ગ્રાન્ટની યોજના યુ.ગ્રા.ક.ના તા. ૩૦ જાન્યુઆરી ૧૯૭૧ના પત્રાંક એફ–૪--૮/૭૦(સી.આઈ.)થી જાણ થયેલ છે.

[નોંધ.—યુ.જી.સી.એ તેના તા. ૯--૬--૧૯૭૧ના પત્રાંક એફ--૪--૮--૧૯૭૦(સી. આઈ.)થી જે કૉલેજો ઓછામાં ઓછાં ૧૦ વર્ષથી ચાલતી હોય અને સામાન્ય રીતે શિક્ષકોની સંખ્યા ઓછામાં ઓછી ચાલીસ(૪૦)ની હોય તેવી કૉલેજોને જ યુ.જી.સી.ની ૮૦ ટકા ગ્રાન્ટનો લાભ મળશે એવો સુધારો સૂચવવામાં આવ્યો.]

પ્રશ્ન ૪ : (ખ) આ યોજનાનો લાભ લેવા માટે આપણી કેટલી સંલગ્ન કૉલેજો પાત્રતા ધરાવે છે?

ઉત્તર ૪ : (ખ) શૈક્ષણિક વર્ષ ૧૯૭૦--૭૧ની માહિતીના આધારે આપણી ૧૫ (પંદર) કૉલેજો પાત્રતા ધરાવે છે.

પ્રશ્ન ૪ : (ગ) કુલ કૉલેજોના તે કેટલા ટકા છે?

ઉત્તર ૪ : (ગ) શૈક્ષણિક વર્ષ ૧૯૭૦--૭૧ની માહિતીના આધારે કુલ ૧૨૩ કૉલેજોના તે ૧૨.૨ ટકા થાય.

પ્રશ્ન ૪ : (ધ) આ ગ્રાન્ટ મેળવવા માટે પાત્ર કૉલેજોમાંથી કઈ કઈ કૉલેજોએ ટીચર્સ હૉસ્ટેલ બાંધવાની યોજના યુનિવર્સિટી મારફત મોકલી છે?

ઉત્તર ૪ : (ધ) જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

(નોંધ.—ટીચર્સ હૉસ્ટેલ અંગેની યોજના હેઠળ ૧૯ કૉલેજોના પ્રસ્તાવો યુ.જી.સી.ને મોકલવામાં આવ્યા છે, પરંતુ તે કૉલેજો અંગે શિક્ષકોની સંખ્યા અને ઓછામાં ઓછાં દસ વર્ષના અસ્તિત્વની શરતોનું પાલન થતું નહિ હોવાથી યુ.જી.સી.ની એંસી ટકા ગ્રાન્ટને બદલે ખર્ચના બે-તૃતીયાંશ જેટલી ગ્રાન્ટ મેળવવાને પાત્રતા ધરાવે છે.)

પ્રશ્ન ૫ : (ક) ટી.વાય.બી.એ.ના અંગ્રેજીના ફરજિયાત પ્રશ્નપત્રમાં પાઠ્યપુસ્તક તરીકે સૂચવાતાં બે પાઠ્ય-પુસ્તકોમાંથી એક The Brave New Worldમાં ૫૦૦૦ કરતાં વધુ નવા અથવા ટેકનિકલ શબ્દો છે તેવી ફરિયાદ અથવા માહિતી યુનિવર્સિટીને મળી છે?

ઉત્તર ૫ : (ક) ઉપરનું પાઠ્યપુસ્તક અઘરું હોવા વિષે યુનિવર્સિટીને ફરિયાદ મળી છે.

પ્રશ્ન ૫ : (ખ) જો ઉપર્યુક્ત માહિતી બરાબર હોય તો આ પાઠ્યપુસ્તક ફરજિયાત અંગ્રેજીના વિદ્યાર્થીઓ માટે અઘરું બની જવાનો સંભવ નથી?

ઉત્તર ૫ : (ખ) ઉપરનું પાઠ્યપુસ્તક ફરજિયાત અંગ્રેજીના વિદ્યાર્થીઓ માટે અઘરું ગણાય કે કેમ તે અભિપ્રાયની બાબત છે.

પ્રશ્ન ૬ : (ક) યુનિવર્સિટીએ નક્કી કરેલા રમતગમતના વિવિધ વિભાગમાં કઈ કઈ રમતોની સ્પર્ધાઓ યોજાય છે?

ઉત્તર ૬ : (ક) યુનિવર્સિટીએ નક્કી કરેલ ત્રણ વિભાગ (અમદાવાદ, ઉત્તર વિભાગ, દક્ષિણ વિભાગ)માં નીચેની રમતોની સ્પર્ધાઓ યોજાય છે :

ભાઈઓ માટે

૧. ક્રિકેટ
૨. હૉકી
૩. ફૂટબૉલ
૪. વૉલીબૉલ
૫. કબડ્ડી
૬. ખોખો
૭. બાસ્કેટબૉલ
૮. સ્વિમિંગ
૯. કુસ્તી
૧૦. ચેસ
૧૧. શૂટિંગ
૧૨. બેડમિન્ટન
૧૩. ટેબલટેનિસ
૧૪. ટેનિસ
૧૫. એથલેટિક્સ

બહેનો માટે

૧. હૉકી
૨. વૉલીબૉલ
૩. ખોખો
૪. બાસ્કેટબૉલ
૫. બેડમિન્ટન
૬. સ્વિમિંગ
૭. ટેબલટેનિસ
૮. એથલેટિક્સ

પ્રશ્ન ૬ : (ખ) એવી કઈ કઈ કૉલેજો છે જેણે ૫૦ ટકા કરતાં તેમ જ ૩૩⅓ ટકા કરતાં ઓછી સ્પર્ધાઓમાં ૧૯૭૦--૭૧માં ભાગ લીધો હતો ?

ઉત્તર ૬ : (ખ) ૧૯૭૦--૭૧ના વર્ષમાં ૫૦ ટકા કરતાં તેમ જ ૩૩⅓ ટકા કરતાં ઓછી સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તેવી કૉલેજોની યાદી નીચે દર્શાવી છે :

૫૦ ટકા કરતાં ઓછી સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તેવી કૉલેજોની યાદી :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨.	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૪.	આર્ટ્સ--સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૫.	મ્યુનિસિપલ આર્ટ્સ--સાયન્સ કૉલેજ, કલોલ
૬.	તોલાણી આર્ટ્સ--સાયન્સ કૉલેજ, આદિપુર
૭.	સાબરમતી આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮.	સી. એન. આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, કડી
૯.	બી. વી. ડી. આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, મહુધા
૧૧.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, હિમતનગર
૧૨.	ભવન્સ આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩.	સર્વોદય આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, માણસા
૧૪.	સાયન્સ કૉલેજ, કડી
૧૫.	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૬.	આર. એ. ભવન્સ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૭.	એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૧૮.	ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, ગાંધીનગર
૧૯.	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ
૨૦.	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૧.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨.	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૩.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૪.	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૫.	બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૬.	કૉમર્સ કૉલેજ, ડભોઈ
૨૭.	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૮.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૯.	મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ

ક્રમાંક	કૉલેજનું નામ
૩૦.	ભવન્સ કૉલેજ, ડાકોર
૩૧.	વિવેકાનંદ કૉમર્સ--લૉ કૉલેજ, અમદાવાદ
૩૨.	નવગુજરાત કૉમર્સ--લૉ કૉલેજ, અમદાવાદ
૩૩.	એમ. એન. લૉ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૪.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૩૫.	પીપલ્સ એજ્યુકેશન--લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)
૩૬.	ડી. દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ
૩૭.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૩૮.	એલ. એમ. ફાર્મસી કૉલેજ, અમદાવાદ
૩૯.	એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાત.

૩૩⅓ ટકા કરતાં ઓછી સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તેવી કૉલેજોની યાદી

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૨.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોટલી
૪.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૫.	જી. એલ. એસ. ગર્લ્સ કૉલેજ, અમદાવાદ
૬.	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૭.	આર્ટ્સ--સાયન્સ કૉલેજ, ડભોઈ
૮.	લુણાવાડા આર્ટ્સ--સાયન્સ કૉલેજ, લુણાવાડા
૯.	પી. ટી. કૉલેજ, અમદાવાદ
૧૦.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, કરજણ
૧૧.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, ડીસા
૧૨.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, બોરસદ
૧૩.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, ખેડા
૧૪.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
૧૫.	વડનગર આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, વડનગર
૧૬.	ગિરધરનગર આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૭.	સરસપુર આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, ઈડર
૧૯.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૨૦.	એજ્યુકેશન કૉલેજ, મોડાસા
૨૧.	એજ્યુકેશન કૉલેજ, ખંભાત
૨૨.	એલ. કે. એમ. એજ્યુકેશન કૉલેજ, વીસનગર

ક્રમાંક	કૉલેજનું નામ
૨૩.	એજ્યુકેશન કૉલેજ, મુંદ્રા (કચ્છ)
૨૪.	એજ્યુકેશન કૉલેજ, પેટલાદ
૨૫.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૨૬.	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૨૭.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૨૮.	એજ્યુકેશન કૉલેજ, ખેડા
૨૯.	વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૩૦.	સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, ગોધરા
૩૧.	એજ્યુકેશન કૉલેજ, ડભોઈ
૩૨.	આર. બી. સાગર એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૩૩.	એજ્યુકેશન એન્ડ લૉ કૉલેજ, મહેસાણા
૩૪.	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
૩૫.	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૬.	પીપલ્સ એજ્યુકેશન કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ)
૩૭.	સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૩૮.	કૉમર્સ--લૉ કૉલેજ, વીસનગર
૩૯.	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૪૦.	ઊંઝા કેળવણી મંડળ લૉ કૉલેજ, ઊંઝા
૪૧.	સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૪૨.	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)
૪૩.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૪૪.	સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા
૪૫.	સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૪૬.	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
૪૭.	નર્સિંગ કૉલેજ, અમદાવાદ.

પ્રશ્ન ૬ : (ગ) આવી કૉલેજો રમતગમતની પ્રવૃત્તિના ક્ષેત્રે વિકાસ કરે તે માટે યુનિવર્સિટી કોઈ પગલાં અંગે વિચારે છે ખરી ?

ઉત્તર ૬ : (ગ) રમતગમતની પ્રવૃત્તિના ક્ષેત્રે વિકાસ માટે રમતોના કોચીઝની વ્યવસ્થા, રમતોના પ્રશિક્ષણ (કોચિંગ કૅમ્પ), શિબિરોનું આયોજન, જુદી જુદી રમતોની આંતર-કૉલેજ સ્પર્ધાઓ અને આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવો ઇત્યાદિ પગલાં હાલ લેવામાં આવે છે.

પ્રશ્ન ૭ : (ક) ૧૯૬૬--૬૭થી ૧૯૭૦--૭૧ સુધીના દર વર્ષે યુનિવર્સિટી લાઇબ્રેરીમાં ખરીદાયેલાં પુસ્તકોની સંખ્યા અને ખર્ચાયેલાં નાણાં અંગે માહિતી આપી શકાશે ?

ઉત્તર ૭ : (ક) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

વર્ષ	ખરીદાયેલાં પુસ્તકોની સંખ્યા	ખર્ચેલાં નાણાં
૧૯૬૬--૬૭	૫૮૪૪	રૂ. ૧,૩૧,૮૬૨--૯૨
૧૯૬૭--૬૮	૬૨૦૭	રૂ. ૧,૩૩,૧૭૯--૪૨
૧૯૬૮--૬૯	૬૮૭૯	રૂ. ૧,૭૯,૪૫૮--૬૭
૧૯૬૯--૭૦	૪૦૩૭	રૂ. ૧,૪૧,૦૬૯--૧૮
૧૯૭૦--૭૧	૭૩૨૫	રૂ. ૨,૨૦,૫૫૪--૪૪

પ્રશ્ન ૭ : (ખ) દર વર્ષે ખર્ચાયેલાં નાણાંમાંથી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખા દીઠ કેટલી રકમ ખર્ચાઈ હતી?

ઉત્તર ૭ : (ખ) સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

વર્ષ	હ્યુમેનિટીઝ	વિજ્ઞાન
૧૯૬૬--૬૭	રૂ. ૬૮,૦૭૧--૬૪	રૂ. ૬૪,૮૪૨--૭૨
૧૯૬૭--૬૮	રૂ. ૭૨,૭૩૭--૫૯	રૂ. ૬૧,૩૨૦--૪૯
૧૯૬૮--૬૯	રૂ. ૯૮,૭૩૨--૫૮	રૂ. ૮૨,૯૪૯--૫૨
૧૯૬૯--૭૦	રૂ. ૭૦,૫૯૮--૬૭	રૂ. ૭૦,૪૭૦--૫૧
૧૯૭૦--૭૧	રૂ. ૧,૧૨,૪૨૭--૨૯	રૂ. ૧,૦૭,૬૮૩--૫૫

(નોંધ.—વિનયન અને વાણિજ્યનાં પુસ્તકોનું ખર્ચ હ્યુમેનિટીઝનાં પુસ્તકોના મથાળા નીચે કરવામાં આવે છે.)

પ્રશ્ન ૭ : (ગ) લાઈબ્રેરીની ખરીદી માટે વિદ્યાશાખા દીઠ અથવા વિષય દીઠ રકમ ફાળવવામાં આવે છે ખરી?

ઉત્તર ૭ : (ગ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અમુક ચોક્કસ વિષયો માટે પુસ્તક ખરીદી માટે ગ્રાન્ટ મળે છે ત્યારે તે ગ્રાન્ટની રકમની ફાળવણી વિષય દીઠ કરવામાં આવે છે. અન્ય વિષયોમાં તે પ્રમાણે રકમની ફાળવણી કરવામાં આવતી નથી.

પ્રશ્ન ૭ : (ઘ) લાઈબ્રેરીનાં પુસ્તકોની ખરીદી માટે જુદી જુદી વિદ્યાશાખાના ડીનને પૂછવામાં આવે છે ખરું?

ઉત્તર ૭ : (ઘ) હા, જી.

પ્રશ્ન ૭ : (ચ) ગયા વર્ષે તેમ જ તેના આગલા વર્ષ ૧૯૬૯—૭૦ તેમ જ ૧૯૭૦—૭૧માં બધી જ વિદ્યાશાખાઓના ડીન સાહેબોએ જ ખરીદવાનાં પુસ્તકોની યાદીઓ મંજૂર કરી હતી?

ઉત્તર ૭ : (ચ) ના, જી.

પ્રશ્ન ૮ : (ક) એફ.વાય.બી.એસસી.નું એક પ્રશ્નપત્ર બે-ત્રણ વર્ષ પહેલાં ફૂટી ગયું હતું તેવી ફરિયાદ આવી હતી તે વાત સાચી છે?

(ખ) યુનિવર્સિટીએ આ બાબતમાં તપાસ કરી પગલાં સૂચવવા જે સમિતિ નીમી હતી તેના રિપોર્ટ અંગે માહિતી આપી શકાશે?

(ગ) આ બાબતમાં જે હકીકત છે તેની નિષ્પક્ષ તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં આવશે તેવી ખાતરી સેનેટને આપવામાં આવી હતી ખરી?

(ઘ) આ બાબતમાં યુનિવર્સિટીએ જે પગલાં લીધાં છે તેની માહિતી આપી શકાશે?

ઉત્તર ૮ : (ક) હા, જી.

(ખ) આ અંગે સિન્ડિકેટે નીમેલ સમિતિનાં સૂચનો પર તેની તા. ૫-૧-૧૯૬૯, ૯-૨-૧૯૬૯ અને ૩૧-૫-૧૯૬૯ની સભામાં વિચારણા કરીને જરૂરી પગલાં લીધાં હતાં.

(ગ) એવી ખાતરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નહોતો.

(ઘ) ઉપર (ખ)માં જણાવ્યા પ્રમાણેના સિન્ડિકેટના નિર્ણયો મુજબ પગલાં લેવામાં આવેલ છે.

પ્રશ્ન ૯ : (ક) પ્રી-આર્ટ્સના અભ્યાસક્રમમાં "નાગરિકશાસ્ત્ર અને ભારતનું રાજ્યબંધારણ" નામના પેપરના બદલે "આધુનિક ભારતના રાજ્યતંત્રનો પરિચય" નામનો નવો વિષય આ વર્ષથી દાખલ કરવામાં આવ્યો છે તે વાત સાચી છે?

ઉત્તર ૯ : (ક) હા, જી.

પ્રશ્ન ૯ : (ખ) આ ફેરફારની માહિતી તેમ જ "જગતના ઇતિહાસ"ના પેપરમાં થયેલા ફેરફારની માહિતી કૉલેજોને કયારે મોકલવામાં આવી હતી?

ઉત્તર ૯ : (ખ) આ ફેરફારની માહિતી તેમ જ "જગતના ઇતિહાસ"ના પેપરમાં થયેલ ફેરફારની માહિતી કૉલેજોને તા. ૧૦-૬-૧૯૭૧ના રોજ મોકલવામાં આવી હતી.

પ્રશ્ન ૯ : (ગ) (૧) આ માહિતી ૧૦ થી જૂન સુધી કૉલેજોને આપવામાં આવી ન હતી તે વાત સાચી છે?

ઉત્તર ૯ : (ગ) (૧) હા, જી.

પ્રશ્ન ૯ : (ગ) (૨) આટલો વિલંબ થવા માટે કયાં કારણો જવાબદાર હતાં?

ઉત્તર ૯ : (ગ) (૨) આ અભ્યાસક્રમ સિન્ડિકેટે મે ૧૯૭૧ની સભામાં મંજૂર થયો હતો.

પ્રશ્ન ૧૦ : (ક) પ્રી-આર્ટ્સ અને પ્રી-કૉમર્સમાં પ્રથમ દસ સ્થાન મેળવવા માટે વિદ્યાર્થીઓના આંતરિક ગુણમાં કેટલીક કૉલેજો વધુ પડતી ઉદારતા બતાવે છે તેવી માહિતી યુનિવર્સિટીને છે?

ઉત્તર ૧૦ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૦ : (ખ) આંતરિક ગુણ આપવાની બાબતમાં બતાવાતી વધુ પડતી ઉદારતા રોકવા માટે યુનિવર્સિટી કોઈ પગલાં લેવા વિચારે છે ખરી?

ઉત્તર ૧૦ : (ખ) ઉપરોકત ઉત્તર જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૧ : (ક) પુસ્તકો પાછળ જે આવર્તક ખર્ચ દર વર્ષે કૉલેજોએ કરવું જોઈએ તે બાબતમાં કેટલીક કૉલેજો ઉદાસીનતા બતાવે છે તેવી માહિતી યુનિવર્સિટીને સ્થાનિક તપાસસમિતિના રિપોર્ટ્સ દ્વારા મળી છે ખરી ?

ઉત્તર ૧૧ : (ક) પુસ્તકો પાછળ ઓછો આવર્તક ખર્ચ થયા અંગેના ઉલ્લેખો સ્થાનિક તપાસસમિતિઓના અહેવાલમાં જણાયા છે.

પ્રશ્ન ૧૧ : (ખ) આ બાબતમાં ઉદાસીનતા ન બતાવાય તે માટે કોઈ પગલાં લેવાનું યુનિવર્સિટી વિચારે છે ખરી ?

ઉત્તર ૧૧ : (ખ) જ્યાં જ્યાં આવા ઉલ્લેખો જણાયા છે ત્યાં ત્યાં જરૂરી શરત મૂકીને તે મુજબ પૂરો ખર્ચ કરવા માટે આગ્રહ રાખવામાં આવે છે.

પ્રશ્ન ૧૨ : (ક) કેટલીક કૉલેજોમાં વિષય દીઠ ગોઠવવામાં આવતાં વ્યાખ્યાનો દરમ્યાન વિદ્યાર્થીઓને Notes ઉતરાવવામાં આવે છે તેની યુનિવર્સિટીને માહિતી છે ?

ઉત્તર ૧૨ : (ક) ના, જી.

પ્રશ્ન ૧૨ : (ખ) તાસ દરમ્યાન Notes ઉતરાવવાની પ્રવૃત્તિને યુનિવર્સિટી વિષયના વ્યાખ્યાન તરીકે ગણે છે ખરી ?

ઉત્તર ૧૨ : (ખ) આ યુનિવર્સિટીમાં વ્યાખ્યાનની વ્યાખ્યા કરવામાં આવી નથી.

પ્રશ્ન ૧૨ : (ગ) વ્યાખ્યાનના તાસ દરમ્યાન કે ટ્યુટોરિયલ દરમ્યાન Notes ઉતરાવવાની ચાલતી અયોગ્ય પ્રથા બંધ કરવા માટે યુનિવર્સિટી કોઈ પગલાં લેવાનું વિચારે છે ખરી ?

ઉત્તર ૧૨ : (ગ) ઉપર પ્રશ્ન ક્રમાંક ૧૨ (ખ)નો જવાબ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : (ક) ૧૯૭૦ તેમ જ ૧૯૭૧ની વાર્ષિક પરીક્ષાઓમાં ક્યાં ક્યાં કેન્દ્રોમાં કઈ કઈ પરીક્ષામાં સામૂહિક ચોરી અથવા ગેરરીતિની ફરિયાદમાં તપાસ કરવામાં આવી હતી ?

(ખ) આવી તપાસનું શું પરિણામ આવ્યું હતું ?

(ગ) કઈ કઈ કૉલેજોમાં આવી ગેરરીતિઓ થઈ હતી ?

ઉત્તર ૧૩ : (ક) ૧૯૭૦ની વાર્ષિક પરીક્ષાઓમાં ડભોઈ કેન્દ્ર પર પ્રથમ બી.એસસી. પરીક્ષામાં અને પિલવાઈ તથા તરેાદ કેન્દ્ર પર થર્ડ બી.એ. પરીક્ષામાં એક પ્રશ્નપત્રમાં સામૂહિક ગેરરીતિ અજમાવવાની ફરિયાદ આવી હતી, તે અંગે તપાસ કરવામાં આવી હતી.

૧૯૭૧માં કોઈ કેન્દ્રમાં સામૂહિક ચોરી કે ગેરરીતિ થઈ હોય તેવી માહિતી કાર્યાલયને મળેલ નથી.

(ખ) તપાસમાં લાગતાવળગતા વિદ્યાર્થીઓને રૂબરૂમાં બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. તે પછી વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષા કરવામાં આવી હતી અને લાગતાવળગતા નિરીક્ષકને ત્રણ વર્ષ સુધી નીમવા નહીં અને સિનિયર સુપરવાઈઝરોને તાકીદ આપવી એવું ઠરાવવામાં આવ્યું હતું. ડભોઈ, પિલવાઈ અને તરેાદને યુનિવર્સિટી પરીક્ષાઓ માટે કેન્દ્ર આપવું નહીં તેમ પણ ઠરાવેલ હતું.

(ગ) પરીક્ષાના એક કેન્દ્ર પર એક કરતાં વધારે કૉલેજના વિદ્યાર્થીઓ બેસતા હોઈ કોઈ એક કૉલેજમાં ગેરરીતિ થયાનું કહી શકાય નહીં.

૨. નીચે જણાવેલી કૉલેજો તથા જોડાણ અંગે આવેલ અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. કુલસચિવે લીધેલાં પગલાં બાબત મજકૂર ધારાની પેટાકલમ (૫) મુજબ શ્રી. કુલસચિવે કરેલ રિપોર્ટ (જાણ સારુ):

ક્રમાંક	કૉલેજનું નામ	અભ્યાસક્રમો
(૧)	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... બી.એ.(સમો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.
(૨)	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... ૧. બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ; તથા ૨. બી.એ.(સમો.)માં ફારસી, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.
(૩)	નિરંજન આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... ૧. બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત; તથા ૨. બી.એ.(સમો.)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.
(૪)	આર્ટ્સ કૉલેજ, સંખેડા	... ૧. બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા ૨. બી.એ.(સમો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૫)	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... બી.એ.(સમો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૬)	જી. એચ. એમ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	... ૧. બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર; તથા ૨. બી.એ.(સમો.)માં અંગ્રેજી, હિન્દી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
			૩. બી.એ. (સંયો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા.૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૭)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ--કચ્છ	...	૧. બી.એ.(સંયો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૮)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ.
(૯)	યુ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી; તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજી, ઈતિહાસ અને મનોવિજ્ઞાન; તથા ૨. બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૦)	પ્રભુદાસ કક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને બી.એ. (સંયો.)માં હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન; તથા ૨. પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા ૩. બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ. ૪. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧૧)	નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટા-ઉદેપુર	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ગણિત; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, હિન્દી અને તત્ત્વજ્ઞાન; તથા ૨. બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૨)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	...	બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા.૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૩)	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર		૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા ૨. બી.એ.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૪)	રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત		૧. (અ) બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ, સમાજશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ. (બ) બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ. ૨. બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૧૫)	શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ અકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૧૬)	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર (ઉ.ગુ.)	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર; તથા ૨. બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૭)	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	(અ) ૧. બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા. ૨. પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા.૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ. (બ) ૧. પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩, સુધીનું ચાલુ જોડાણ, તથા ૨. બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૧૮)	શ્રી. કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, ફારસી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧ થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૧૯)	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને હિન્દી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨૦)	શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ અને એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ. ૨. પ્રથમ વર્ષ બી.એ.માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૧)	શ્રી. એન. એમ. મહેતા આર્ટ્સ અને એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ફ્રેંચ, હિન્દી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ અકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૨૨)	સદ્‌ગુરુ આનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૩)	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૨૪)	એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા	...	૧. બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ. ૨. બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૫)	મહુધા આર્ટ્સ એન્ડ એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, મહુધા	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
			શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
			૨. બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૬)	ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	...	૧. પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને પ્રથમ વર્ષ બી.કૉમ.-માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
			૨. પ્રથમ વર્ષ બી.એ.માં રાજ્યશાસ્ત્ર; બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (સમા.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૨૭)	સી. ઍન્ડ અૅસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	...	૧. પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત. હિન્દી, ઈતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
			૨. પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, તથા બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમા.)માં સંસ્કૃત, હિન્દી, તત્ત્વજ્ઞાન, અને ઈતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૨૮)	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	...	૧. બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ભૂગોળ અને ફારસી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
			૨. બી.એ. (સબો.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ.
(૨૯)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	...	૧. પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬-૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
			૨. બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૩૦)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૩૧)	શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ અજ્યુકેશન, મોડાસા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૩૨)	શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	...	બી.એડ. તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૩૩)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૩૪)	આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૩૫)	કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામચી	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૩૬)	શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૩૭)	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૩૮)	કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	...	બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૩૯)	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	...	બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ.
(૪૦)	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	...	બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી કાયમી જોડાણ.
(૪૧)	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	...	૧. બી.એસસી.(સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
			૨. બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.
(૪૨)	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	...	બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૪૩)	સાયન્સ કૉલેજ, કડી	...	પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ.
(૪૪)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	૧. બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
			૨. બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૪૫)	સરકારી સાયન્સ, કૉલેજ, ગાંધીનગર	...	બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૪૬)	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૪૭)	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૪૮)	કૉમર્સ કૉલેજ, ડભોઈ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૪૯)	એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ.
(૫૦)	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૫૧)	શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુ. કૉમર્સ કૉલેજ, કચ્છ	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે તા. ૧૫-૬-'૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૫૨)	ભગવાન જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૫૩)	પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ	...	પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૫૪)	શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	...	પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૫૫)	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	...	દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૫૬)	મોતીચાચ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૫૭)	શ્રી વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, અમદાવાદ	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૫૮)	શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર	...	બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ.
(૫૯)	ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ	...	તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૬૦)	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા	...	તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.
(૬૧)	શ્રી સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	...	પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ.

ક્રમાંક	કૉલેજનું નામ		અભ્યાસક્રમો
(૬૨)	સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ	...	ચતુર્થ વર્ષ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ.
(૬૩)	એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત	...	પ્રથમ વર્ષ બી.ફાર્મ. તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ.

સદરહુ અહેવાલની નોંધ લેવામાં આવી.

૩. **બી. ડી. કૉલેજ, અમદાવાદનું (૧) બી. ડી. કૉલેજ અને (૨) બી. ડી. સાયન્સ કૉલેજમાં વિભાગીકરણ કરીને બી. ડી. કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન અને ગણિત; તથા બી.એ.(સામા.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી માટે તા. ૧૫--૬--૧૯૬૫થી મળેલું કાયમી જોડાણ ચાલુ રાખવા તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનું તા. ૧૫--૬--૧૯૬૮થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) બી. ડી. સાયન્સ કૉલેજને પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું જોડાણ આપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ:**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. કૉલેજ, અમદાવાદનું (૧) બી. ડી. કૉલેજ, અને (૨) બી. ડી. સાયન્સ કૉલેજમાં વિભાગીકરણ કરીને બી. ડી. કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન અને ગણિત; તથા બી.એ.(ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી માટે તા. ૧૫--૬--૧૯૬૫થી મળેલું કાયમી જોડાણ ચાલુ રાખવા તથા બી.એ.-(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનું તા. ૧૫--૬--૧૯૬૮થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) બી. ડી. સાયન્સ કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફકત બહેનો માટે જ પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સર્વે નં. ૭૦૮વાળા મકાનમાં વિજ્ઞાનની કૉલેજ માટે બિડાણ "અ"માં દર્શાવ્યા મુજબ જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તથા તેમાંના ખંડોની છત નવી હોઈ જરૂરી સંખ્યામાં વીજળીના પંખા જોડવામાં આવે;

૨. આ કૉલેજમાં ટી.વાય.બી.એસસી. સુધીના વર્ગોમાં રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતના મુખ્ય વિષયો અને ભૌતિકવિજ્ઞાનના ગૌણ વિષયો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની લાયકાત

ધારાઓ જરૂરી ત્રિપક્ષપત્ર (આચાર્ય સહિત) નીમવામાં આવે, તથા નીચે જણાવેલ વધારાની નિમણૂકો પણ કરવામાં આવે :

(૧) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૩) વ્યાયામશિક્ષક
(૪) લાયબ્રેરિયન ધારાના ગ્રંથપાલ
(૫) ગણિતના વ્યાખ્યાતા
(૬) ત્રણ ક્લેરિકલ આસિસ્ટંટ (પ્રત્યેક વિભાગ માટે);

૩. ગ્રંથાલય માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રમતગમતનું મેદાન પૂરું પાડવામાં આવે;

૫. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે આચાર્ય માટે કૉલેજ નજીક ભાડાયુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. બી. ડી. કૉલેજનું નામ ફક્ત એક જ વર્ષ માટે રાખવામાં આવે;

૮. સૂચિત કૉલેજના સંચાલન અંગેની આર્થિક અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબની અન્ય તમામ જવાબદારીઓમાંથી શ્રી બાલાભાઈ દામોદરદાસ ટ્રસ્ટને મુક્ત કરીને તે જવાબદારીઓ "શિક્ષકસમાજ" તા. ૧૫-૬-૧૯૭૧થી ઉઠાવશે તેની બાંયધરી આપવામાં આવે;

૯. બીજા સત્ર માટે પ્રયોગશાળા અંગેની સુયોગ્ય વ્યવસ્થા કરીને તા. ૩૦મી સપ્ટેંબર, ૧૯૭૧ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા (૧) બી. ડી. કૉલેજ, તથા (૨) બી. ટી. સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈની ગેરહાજરીમાં પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચા બાદ તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪. સિન્ડિકેટે નવા ઘડેલા, સુધારેલા તથા રદ કરેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. એન્જ. એસ.—૫ થી ઑર્ડિ. એન્જ. એસ—૯, ઑર્ડિ. ૮૩--બી, ઑર્ડિ. ૧૨૦--ડી, ઑર્ડિ. ૧૨૦--ઈ, ઑર્ડિ. ૧૨૦--એફ, ઑર્ડિ. ૧૫૭, ઑર્ડિ. ૧૫૮ અને ઑર્ડિ. ૩૫૬.

(બ) સુધારેલા ઑર્ડિનન્સો

ફાર્મ. ઑર્ડિ. ૬, ઑર્ડિ. ૬૫--ઓ, ઑર્ડિ. ૬૫--પી, ઑર્ડિ. ૭૫ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૨૦--બી, ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૩૦, ઑર્ડિ. ૨૫૬ અને ઑર્ડિ. ૩૫૪.

(ક) રદ કરેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૩૦૦--સી અને ઑર્ડિ. ૩૦૦--જે.

(અ) ઑર્ડિ. એન્જ. એસ.—૫થી ઑર્ડિ. એન્જ. એસ.--૯ તથા ઑર્ડિ. ૮૩--બી મંજૂર કરવામાં આવ્યા.

તે પછી ઑર્ડિ. ૧૨૦--ડી પર ચર્ચાવિચારણા હાથ ધરતામાં આવતાં શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ટેકો આપ્યો.

રેકૂરન્સ બૅકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી ઑર્ડિ. ૧૨૦--ડી પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૨૦--ઈ, ઑર્ડિ. ૧૨૦--એફ, ઑર્ડિ. ૧૫૭, ઑર્ડિ. ૧૫૮ અને ઑર્ડિ. ૩૫૬ મંજૂર કરવામાં આવ્યા.

(બ) ઑર્ડિ. ૬ તથા ઑર્ડિ. ૬૫--ઓ મંજૂર કરવામાં આવ્યા.

તે પછી ઑર્ડિ. ૬૫--પી ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવ્યો.

તે પર અચાર્ય આર. એચ. ગાંધીએ નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી:

ઑર્ડિ. ૬૫--પીમાં હું નીચેનો સુધારો સૂચવું છું :

" Third para be read as : It shall be necessary for a post-graduate centre in any subject in any of the above faculties to have on its local staff at least (*i*) two recognised post-graduate teachers in the subjects or (*ii*) at least one recognised post-graduate teacher and two recognised Asst. to post-graduate teachers in the subject.

In the case of centres of languages post-graduate teachers or Asst. to post-graduate teachers for subordinate languages will be taken into consideration, for total number of post-graduate teachers."

આ જ નિયમ વિજ્ઞાન વિદ્યાશાખાને પણ લાગુ પાડવો, અને ઘટતો સુધારો (B)માં કરવો.

OR

" Third para be read as : It shall be necessary for post-graduate centre in any subject in any of the above faculties to have on its local staff at least

(*i*) two post-graduate teachers in the subject and one recognised Asst. to post-graduate teacher in the subject or group of subjects or (*ii*) one post-graduate teacher and three recognised Asst. to post-graduate teachers in the subject or group of subjects.

In the case of centres of principal languages post-graduate teachers or Asst. to post-graduate teachers for subordinate languages will be taken into consideration for total number of post-graduate teachers."

આ જ નિયમ વિજ્ઞાન વિદ્યાશાખાને પણ લાગુ પાડવો અને ઘટતો સુધારો (B)માં કરવો.

"Para (*G*) be read as : One-half or more of the total number of periods per paper shall be provided for by the college from amongst its own local staff duly recognised and not more than one-half of the total number of periods per subject.....etc.

Para (*H*) be read as : (*h*) No centre shall work for less than four days a week, including Sundays."

તે પછી આચાર્ય બેચરભાઈ ર. પટેલે પ્રસ્તાવ મૂક્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ પ્રો. કે. એચ. મોદીએ ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો. તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો. તેને અધ્યક્ષશ્રીએ મંજૂરી આપતાં તે પર મત લેવામાં આવ્યા, અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી રેફરન્સ બૉકના આચાર્ય બેચરભાઈ ર. પટેલના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૭૫ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૨૦-બી ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવતાં આચાર્ય બેચરભાઈ ર. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે.

તેને આચાર્ય બી. એચ. ઉપાધ્યાયે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ) મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૧૩૦ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૨૫૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવતાં શ્રી. એમ. જે. દવેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને શ્રી. એસ. બી. પંડ્યાએ ટેકો આપ્યો.

રેફરન્સ બૉકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી સુધારેલા ઑર્ડિ. ૨૫૬ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી ઑર્ડિ. ૩૫૯ મંજૂર કરવામાં આવ્યો.

(ક) રદ કરવામાં આવેલા ઑર્ડિ. ૩૦૦-સી અને ૩૦૦-જે ને રદ કર્યાનું મંજૂર કરવામાં આવ્યું.

(મંજૂર કરવામાં આવેલા, પુનર્વિચારણા માટે મોકલવામાં આવેલા તથા રદ કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં સિન્ડિકેટને રિફર-બૅક કરેલ ઑર્ડિ. ૬૫-એમ (૩)ના નીચેના પાઠમાં કોઈ ફેરફાર નહિ કરવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ :

O. 65-M (*iii*):

"The following shall be the minimum requirements for recognition as an Assistant to a post-graduate teacher for a Diploma course in the Faculties of Medicine and Dental Surgery :

A post-graduate degree or diploma in the subject concerned and having at least two years' teaching experience as a Registrar or an equivalent post in a teaching college or institution."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જયંત હરિભક્તિએ નોટિસ આપી હતી :

"ઑર્ડિ. ૬૫-એમ (૩)માં કોઈ ફેરફાર નહિ કરવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ ડૉ. જયંત હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી બુધવાર, તા. ૨૯-૯-૧૯૭૧ના રોજ સભાગૃહનું કામકાજ તે દિવસ પૂરતું બંધ રાખવામાં આવ્યું અને ગુરૂવાર, તા. ૩૦-૯-૧૯૭૧ના રોજ સભાગૃહ ફરી મળતાં સભાગૃહનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૬. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં સિન્ડિકેટને રિફર-બૅક કરેલ ઑર્ડિ. ૧૨૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ :

O. 120 :

"(*a*) All applications for affiliation (including applications for bifurcation of an existing college or amalgamation of existing colleges), extension of affiliation or renewal of affiliation of a college shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the First January of the year preceding the *academic* year from which affiliation is intended to take effect.

(*b*) Every application for affiliation shall be accompanied with a deposit as follows :

(1) Application for affiliation of a new college	... Rs. 1,000/-
(2) Application for bifurcation of an existing college *or* Amalgamation of existing colleges *or* addition of a new faculty	... Rs. 1,000/-
(3) Extension of affiliation *or* renewal of affiliation	... Rs. 200/-

The deposit will be returned after the application is finally dispcsed cff, provided that it shall be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted. No rqeuest for postponement of consideration of the application for affiliation, extension of affiliation or renewal of affiliation, as the case may be, shall be entertained.

(*c*) The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid date.

(*d*) Notwithstanding anything contained above—

(*a*) it shall be competent for the Syndicate to entertain an application for renewal of affiliation, provided it is received on or before 30th April of the year preceding the *academic* year from which affiliation is intended to take effect;

(*b*) it shall be competent for the Syndicate to entertain an application for fresh affiliation of a new college or extension of affiliation in respect of an additional faculty to an existing college, if and only if a similar application for fresh affiliation or extension of affiliation of an additional faculty, as the case may be, for the preceding year has been rejected, postponed or withdrawn, provided such an application is received on or before 30th April of the year preceding the *academic* year from which extension of affiliation is intended to take effect."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી.** શાહે નોટિસ આપી હતી :

"ઑર્ડિ. ૧૨૦ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય દર્શનસિંગ શીખે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય જે. સી. ત્રિવેદીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને આચાર્ય બી. સી. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. **આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ઑ. ૧૨૦--એ ૩ (૪) અને (૫) નીચે પ્રમાણે સુધારવામાં આવે તેવી સેનેટની આ સભા તરફથી સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે :

(*iv*) Lecturers and Professors who are recognised post-graduate teachers—18 periods of 45 (40+5) minutes each (40+5) minutes each (or 13.5 hours) of which lectures shall not exceed 15.

(*v*) Lecturers and Professors who are recongised as guides for Ph.D.—15 periods of 45 (40+5) minutes each (or 10.5 hours) of which lectures shall not exceed 12."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

(૧) આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૭માં (*iv*)માં બીજી લીટીમાં of 45 (40 + 5) minutes each પછીના (40 + 5) minutes each શબ્દો વધારાના છપાયા લોઈ કાઢી નાખવા."

(૨) આચાર્ય આર. એચ. ગાંધીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

O. 120-A 3 (*v*) be read as under : "15 periods of 45 (40+5) minutes each (or 10·50 hours) of which lectures shall not exceed 10, if the number of Ph.D students is four and more than four, shall not exceed 11, if the number of Ph.D students is three and shall not exceed 12 if the number of Ph.D students is two or less."

સદરહુ પ્રસ્તાવ કે સુધારો આચાર્ય બી. આર. પટેલે કે આચાર્ય આર. એચ. ગાંધીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહિ.

૮. સેનેટે તેની તા. ૧૬/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં સિન્ડિકેટને રિફર-બૉક કરેલ ઑર્ડિ. ૧૨૦-એ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે, આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ :

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે ઑર્ડિ. ૧૨૦-એ આ સાથે જોડયા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે."

(ઑર્ડિ. ૧૨૦-એ નો પાઠ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં ડૉ. જયંત હરિભક્તિએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. સી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. આચાર્ય ડી. એચ. વેચ્ચને નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Resolved to recommend to the Academic Council and the Syndicate to amend Ordinance 120-B so as to read as under, viz.,

(*i*) (*a*) A college shall have not more than 1200 students so long as not more than three special or optional subjects are taught up to the final year of the degree courses in that college.

(*b*) A college shall have more than 1200 students if more than three special or optional subjects are taught up to the final year of the degree courses in that college; and it shall be entitled to admit 150 more students for every additional number of special or optional subject over and above three special or optional subjects taught up to the final year of the degree courses.

(*ii*) There shall not be more than two Faculty units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed the maximum strength permissible under clause (*i*) above.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall not be of more than 115 students in the Faculties of Arts, Science and Commerce.

Provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of additional five students in each division subject to the maximum total of students as mentioned in (*i*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two Faculties there shall not be at pre-University level more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical college admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or a division thereof.

Note.— This shall come into force with effect from the academic year commencing from 15th June 1972 subject to the proviso that till the conclusion of the academic year ending on 15th March 1975, a college shall be entitled to admit such number of students as not exceeding the total number of students admitted in the previous academic year."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમને ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-બીમાં સિન્ડિકેટ હાલને તબક્કે ફેરફાર કરવાની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ડી. એચ. વેંકટને રજૂ કર્યો. તેને પ્રો. એસ. સી. વોરાએ ટેકો આપ્યો.

તે પર કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. આર. કે. અમીને સદરહુ પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછો મોકલવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો, તેને આચાર્ય ય. પ્રા. ગુકલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય એસ. એમ. નગામિયાએ ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો. તેને આચાર્ય દર્શનસિંગ શોખે ટેકો આપ્યો. તેને કુલપતિશ્રીની અનુમતિ મળતાં તે પર મત લેવામાં આવ્યા અને ચર્ચાબંધીનો સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. આર. કે. અમીને રજૂ કરેલ રેફરન્સ બૉર્ડના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. ડૉ. ય. ગુ. નાયકે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"The Senate recommends to the Academic Council and the Syndicate to take necessary steps to amend Statute 173 as under :

Statute 173, *Clause* (1) : Add the following words after Algebra-Geometry in the second line :

"or who has not passed Elementary Mathematics with at least 60% marks."

Clause (2) (*a*) (*ii*) *and Clause* 2 (*b*) (*ii*) : Add the following words after Algebra-Geometry :

"or Elementary Mathematics with a minimum of 60% marks."

The corrected resolution will read as under :

Second Para of Statute 173, Clause (1) :

Provided that a candidate who has not offered Algebra-Geometry or who has not passed Elementary Mathematics with at least 60% marks at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

Clause 2 (*a*) (*ii*) : "Algebra-Geometry or Elementary Mathematics with at least 60% marks; and

2 (*b*) (*ii*) : —do— "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ ડૉ. ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર આચાર્ય ઈશ્વરભાઈ પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનારી સેનેટની સભાની કામકાજની યાદીની બાબત નં. ૧૦ પર ડૉ. ય. ગુ. નાયકે રજૂ કરેલા સ્ટેચ્યૂટ ૧૭૩ને સુધારવાના પ્રસ્તાવને એવી રીતે સુધારવો કે સુધારેલો સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે પ્રમાણે વંચાય :

St. 173 :

"(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University Class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. 1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto.

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an Examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—
(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination—
(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) Classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—
(*i*) English (at higher or lower level)
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—
(*i*) English (at higher or lower level)
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1972-73 and subsequent year shall be governed by this Statute."

ઉપરનો સુધારો આચાર્ય આઈ. એમ. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. સી. પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે ટેકો આપનાર સભ્ય સુધારો મૂકી શકે ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે તેમ કરવામાં કશો બાધ નથી.

તે પછી આચાર્ય ઈશ્વરભાઈ પટેલે સભાગૃહની સંમતિથી પોતાનો ઉપરનો સુધારો પાછો ખેંચી લીધો.

આચાર્ય ઈશ્વરભાઈ પટેલે પોતાનો નીચેનો બીજો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"તારીખ ૨૯/૩૦—૯—૧૯૭૧ના રોજ મળનારી સેનેટની સભાની કામકાજની યાદીની બાબત નંબર ૧૦ પર ડૉ. ય. ગુ. નાયકે રજૂ કરેલા સ્ટેચ્યૂટ ૧૭૩ને સુધારવાના પ્રસ્તાવને નીચે પ્રમાણે સુધારવો :

'પ્રસ્તાવના Statute 173, Clause (*i*) વાળા પ્રેરેગ્રાફમાં છેલ્લા શબ્દો "or who has not passed Elementary Mathematics with at least 60% marks" રદ કરવા અને તેને બદલે "or Elementary Mathematics" શબ્દો મૂકવા.'

Clause (2) (*a*) (*ii*) and Clause (2) (*b*) (*ii*)ના પ્રેરેગ્રાફમાં છેલ્લા લખેલા શબ્દો : "with a minimum of 60% marks" રદ કરવા.

આમ સુધારેલો પ્રસ્તાવ નીચે પ્રમાણે વંચાશે :

Second para of Statute 173 Clause (*i*) : "Provided that a candidate who has not offered Algebra-Geometry or Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination. Clause 2 (*a*) (*ii*) "Algebra-Geometry or Elementary Mathematics" and Clause 2 (*b*) (*ii*) "Algebra-Geometry or Elementary Mathematics;" and"

ઉપરનો બીજો સુધારો આચાર્ય ઈશ્વરભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. એમ. નગામિયાએ ટેકો આપ્યો.

સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

ત્યાર બાદ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કરેલ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

૧૧. આચાર્ય આઈ. એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Statute 173 be amended so as to read as under :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto, if he had not passed in English at the S.S.C. Examination before he was

admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No.1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto.

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an Examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Art Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at Higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination—

(*i*) English (at higher or lower level)

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agriculture) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1972-73 and subsequent year shall be governed by this Statute."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય ઈશ્વરભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

૧૨. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સેનેટની આ સભા યુનિવર્સિટી પ્રવેશ અંગેનો સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવાની સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે :

St. 173 :

"(1) For admission to the Pre-University Class in the Faculties of Arts, Commerce and the First Year in the Diploma Classes in the Fine Arts a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects.

Provided that a candidate who has not offered Algebra-Geometry or Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science Class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(a) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed the examination with—

(*i*) Algebra-Geometry or Elementary Mathematics, and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agriculture) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*ii*) Physics-Chemistry or General Science shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*ii*) Physics-Chemistry or General Science as his subjects."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વંચુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૨માં બીજી લીટીમાં 'ભલામણ કરે છે' તે પછી ઉમેરવું : 'તેમ જ તે પ્રમાણે જૂન ૧૯૭૨થી પ્રવેશ આપવામાં આવે તેવી જોગવાઈ કરવા ભલામણ કરે છે.'"

ઉપરનો સુધારો આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય જશભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય ગિરીશભાઈ પટેલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ બાબત અંગેની ચર્ચાવિચારણા ઉપર બાબત નં. ૧૧માં થઈ ગયેલી છે, તે જોતાં આ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે તે પ્રસ્તાવ હવે કાનૂનસર ગણી શકાય નહિ.

૧૩. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવા ભલામણ કરે છે :

St. 173 :

"(1) For admission to the Pre-University Class in the Faculties of Arts, Commerce and the First Year in the Diploma Classes in the Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one or he must have secured 45 % marks in aggregate at the examination;

Provided that a candidate who has not offered Algebra-Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science Class and the First Year Diploma in Pharmacy a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher level or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science shall be one of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level) or he must have secured 45% marks in aggregate at the examination

(*ii*) Algebra-Geometry or Elementary Maths.

(*iii*) Physics-Chemistry or General Science—as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level) or he must have secured 45% marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry or General Science—shall be two of them;

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English at (higher or lower level) or he must have secured 45% marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"બાબત ૧૩માં બીજી લીટીમાં 'કરે છે' પછી ઉમેરવું: 'તેમ જ તે પ્રમાણે જૂન ૧૯૭૨થી પ્રવેશ આપવામાં આવે તેવી જોગવાઈ કરવા ભલામણ કરે છે.'"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૧૮. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ તથા લાગતાંવળગતાં અન્ય અધિકૃત મંડળો અને અધિકારીઓને ભલામણ કરે છે કે—

એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષયની પરીક્ષા આપવા છતાં તે વિષયમાં નિષ્ફળતા મળી હોય, પરંતુ એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં હોય તેવાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સંલગ્ન કૉલેજોના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાના પ્રથમ વર્ષ(પ્રી-યુનિ.)માં ૧૯૭૨ના જૂનથી શરૂ થતા

શૈક્ષણિક વર્ષથી પ્રવેશ આપી શકાય તેમ જોગવાઈ કરવી અને ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં કે પ્રી-યુનિ. વર્ગના પછીના કોઈ પણ અભ્યાસમાં તે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ત્યારે જ પ્રવેશ આપવો કે તે અગાઉ તે એસ.એસ.સી. પરીક્ષાની અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને પ્રી-યુનિ.ની પરીક્ષા પસાર કરી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તે પ્રવેશને પાત્ર હોય.

આ હેતુ માટે રૂલ. ૧૭૩માંથી 'of which English (at higher of lower level) shall be one' એ શબ્દો રદ કરવા અને અન્ય જરૂરી સુધારા જે તે સ્ટેચ્યૂટમાં કરવા યોગ્ય હોય તે કરવા."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. રાજેન્દ્રપ્રસાદ ગો. શાસ્ત્રીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૧૫. વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો - 'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' દાખલ કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં 'પત્રવ્યવહારથી અભ્યાસક્રમો' (Correspondence courses) દાખલ કરવા અને તેની શરૂઆત જૂન ૧૯૭૩થી પ્રી-યુનિવર્સિટી વિનયનમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમ જૂન ૧૯૭૩થી દાખલ કરીને, શરૂ કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીઝ' દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ઉપરના ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. વી. શાસ્ત્રીએ નોટિસ આપી હતી :

"વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો- 'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. વી. શાસ્ત્રીએ રજૂ કર્યો. તેને આચાર્ય ડૉ. એચ. વેલવને ટેકો આપ્યો.

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન તથા ડૉ. રમણલાલ જોશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઠરાવ જ્યાં પૂરો થાય છે ત્યાં છેલ્લે ઉમેરો :

"અને તે માટે પ્રોફેસર કક્ષાના નિયામક હેઠળ એક ઈલાયદું યુનિટ રચવામાં આવે."

સુધારેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

"વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે અને તે માટે પ્રોફેસર કક્ષાના નિયામક હેઠળ એક ઈલાયદું યુનિટ રચવામાં આવે."

ઉપરનો સુધારો પ્રો. કે. આર. ચન્દ્રશેખરને રજૂ કર્યો, તેને ડૉ. રમણલાલ જોશીએ ટેકો આપ્યો.

(૨) આચાર્ય બી. આર. પટેલે નીચેના સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૧માં સિન્ડિકેટ તરફથી આચાર્યશ્રી આર. વી. શાસ્ત્રીએ જે ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી છે તેમાંથી આરંભના 'વિનયન તથા' શબ્દ કાઢી નાંખવો. એટલે મૂળ ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

'વાણિજ્યની વિદ્યાશાખામાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમ—'કોરસપોન્ડન્સ કોર્સ' દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે.'"

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે "પ્રોફેસર કક્ષાના એટલે યુનિવર્સિટી કે કૉલેજના પ્રોફેસર કક્ષાના એ સ્પષ્ટ થતું નથી, તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર છે.

તે પછી શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવામાં આવે. તેને શ્રી. રાજેન્દ્રરાય ૫. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારો બાબત નં. ૧૬માં આવે તે યોગ્ય છે પણ આગળ આવે તે કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર છે.

તે પછી આચાર્ય બી. એમ. પીરજાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ સુધારામાં પ્રોફેસર કક્ષાની વ્યકિતનો ઉલ્લેખ છે તેના સંદર્ભમાં તે સુધારા અંગે એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી, તે જોતાં તે સુધારો કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ સુધારો કાનૂનસર નથી.

તે પછી આચાર્યશ્રી બી. એમ. પીરજાદાએ બીજો કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે મૂળ પ્રસ્તાવ અંગે વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી તેથી તે કાનૂનસર ગણાય ખરો ?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર છે.

તે પછી શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ રજૂ કરેલ રેફરન્સ બૅકના પ્રસ્તાવ પર ચર્ચા આગળ ચાલી અને કેટલીક ચર્ચાવિચારણા બાદ આચાર્ય દર્શનસિંગ શીખે ચર્ચાબંધીનો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને પ્રૉ. જે. બી. હરિભકિતએ ટેકો આપ્યો. તે પ્રસ્તાવ રજૂ કરવા માટે અધ્યક્ષશ્રીએ અનુમતિ આપી. ચર્ચાબંધીના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં ચર્ચાબંધીનો પ્રસ્તાવ વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ ગુપ્ત મતદાનની માગણી કરી.

તે પછી સભાગૃહની સંમતિથી તેમણે તે માગણી પાછી ખેંચી લીધી.

ત્યાર બાદ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના રેફરન્સ બૅકના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' માટે જગ્યાઓ સ્થાપવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસ-ક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' માટે નીચેની જગ્યાઓ સ્થાપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

વિષયો	જગ્યાઓ	
અંગ્રેજી	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
અર્થશાસ્ત્ર	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
તત્ત્વજ્ઞાન	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
આંકડાશાસ્ત્ર	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ગણિતશાસ્ત્ર	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
સંસ્કૃત	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ગુજરાતી	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
હિંદી	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
રાજ્યશાસ્ત્ર	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ભૂગોળ	... રીડર	૧
	વ્યાખ્યાતા	૧

સિન્ડિકેટની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીઝ' માટે જગ્યાઓ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. વી. શાસ્ત્રી**એ નોટિસ આપી હતી :

"વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો—'કોરસ્પોન્ડન્સ કોર્સીસ' માટે જગ્યાઓ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે."

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન તથા ડૉ. રમણલાલ જોશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઠરાવ નંબર ૧૬માં નીચેની જગ્યાઓ ઉમેરવામાં આવે :

નિયામક	...	૧ જગ્યા (પ્રોફેસર કક્ષાના)
ઇતિહાસ	...	૧ રીડર
		૧ વ્યાખ્યાતા
સમાજશાસ્ત્ર	...	૧ રીડર
		૧ વ્યાખ્યાતા"

(૨) આચાર્ય ડી. એચ. વેંગણકરે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કામકાજ ક્રમાંક ૧૬માં એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં "વિષયો" અને "જગ્યાઓના" કોઠામાં નીચે દર્શાવ્યા પ્રમાણે વિષયો અને જગ્યાઓ ઉમેરવામાં આવે :

"વાણિજ્ય	...	રીડર ૧
		વ્યાખ્યાતા ૧
એકાઉન્ટન્સી	...	રીડર ૧
		વ્યાખ્યાતા ૧"

(૩) આચાર્ય શ્રી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૧૬માં આચાર્યશ્રી આર. વી. શાસ્ત્રીના સિન્ડિકેટ તરફથી રજૂ થનાર પ્રસ્તાવમાંથી 'વિનયન તથા' શબ્દ રદ કરવા. મૂળ ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

'વાણિજ્યની વિદ્યાશાખામાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમ—'કોરસ્પોન્ડન્સ કોર્સ' માટે જગાઓ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે.'"

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. વી. શાસ્ત્રીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૧૭. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદને તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૬ સુધી પીએચ.ડી.માં સંસ્કૃત, પ્રાકૃત અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (જાણ સારુ).

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૧૮. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિકસ એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને તા ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪--૬-૧૯૭૨ સુધી પીએચ.ડી.માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે સિન્ડિકેટે આપેલી માન્યતા (બાબુ સારુ).

સદરહુ બાબતનો નોંધ લેવામાં આવી.

૧૯. આચાર્ય એસ. આર. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" Resolved to recommend the adoption of the following to the Syndicate and relevant authorities of the University :

1. The Gujarat University has already done appreciable work in the direction of social security by extending Provident Fund, Gratuity and group Insurance for the employees. There exists however a small lacuna of providing some relief to those employees who die in the employment. It is true, that under the existing schemes the dependents of the employees get a lump sum of money; but there is no provision to see them through the interim period in which they can organise their lives on new pattern.

2. It is therefore proposed that the University may institute an annuity scheme for limited period indicated as under :

Age at death	*Period for which Annuity be paid*
Less than 30	5 years
More than 30 but less than 45	4 years
More than 45	3 years

3. The amount of annuity proposed is as under :

Age at death	*Percentage payable*
Less than 30 years	70 %
More than 30 but less than 45	60 %
More than 45	50 %

4. There is some logic in these groupings. It is clear that when an employee dies at young age, his savings are very low, and his emoluments would be lower, having hardly any margin for savings. Hence his dependents ought to be given a larger share.

5. The purpose of annuity is to afford a protected existence for a limited period; hence the annuity should be based on total take-home pay-packet.

6. Pending the acceptance of the entire scheme, ad-hoc decisions should be taken in the following three cases :

   1. Prof. T. M. Mistry
   2. Prof. B. M. Jani
   3. Prof. Ashwin Trivedi

   and dependents of any member of non-teaching staff death has occurred in previous twelve months.

7. A similar scheme may also be evolved for the employees at recognised institutions and affiliated colleges."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ હાલને તબક્કે સ્વીકારવો ઉચિત નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું. "

આચાર્ય એસ. આર. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીની ગેરહાજરીમાં સદરહુ પ્રસ્તાવ પ્રો. અંબુભાઈ દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. પી. એસ. કલવચવાલાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તેને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવે. તેને શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈએ ટેકો આપ્યો.

રેફરન્સ મોકના સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. આચાર્ય એસ. આર. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" Resolved to recommend the adoption of the following to the Syndicate and relevant authorities of the University :

1. The Gujarat University has already done appreciable work in the direction of social security by extending Provident Fund, Gratuity and group insurance for the employees. There exists however a small lacuna of providing some relief to those employees who die in the employment. It is true, that under the existing schemes the deperdents of the employees get a lump sum of money but there is no provision to see them through the interim period in which they can organise their lives on a new pattern.

2. It is therefore proposed that the University may institute an annuity scheme for a limited period indicated as under :

Age at death	*Period for which Annuity be paid*
Less than 30	5 years
More than 30 but less than 45	4 years
More than 45	3 years

3. The amount of annuity proposed is as under:

Age at death	*Percentage payable*
Less than 30 years	70 %
More than 30 but less than 45	60 %
More than 45	50 %

4. There is some logic in these groupings. It is clear that when an employee dies at young age, his savings are very low, and his emoluments would be lower, having hardly any margin for savings. Hence his dependents ought to be given a larger share.

5. The purpose of annuity is to afford a protected existence for a limited period; hence the annuity should be based on total take-home pay-packet.

6. A similar scheme may also be evolved for the employees at recognised institutions and affiliated colleges."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ હાલને તબક્કે સ્વીકારવાનું બની શકે તેમ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટે કે આચાર્ય વી. જે. ત્રિવેદીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૨૧. **શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:**

"ઉચ્ચ શિક્ષણક્ષેત્રે 'બગાડ' અને 'બેકારી' દૂર કરવા માટે 'કૉલેજ-પ્રવેશ' પર ખૂબ વ્યવહારુ તેવાં કોઈ નિયમન મૂકવાં જોઈએ. આવાં નિયમનોમાં ૪૦ ટકાથી ઓછા ગુણ ધરાવતા એસ.એસ.સી. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને કોઈ પણ વિદ્યાક્ષેત્રે પ્રવેશ ન મળવો જોઈએ. પરંતુ આવા વિદ્યાર્થીઓ કેળવણીથી વંચિત ન રહે જાય માટે અને સફળ રીતે સ્વતંત્ર વ્યવસાય ખેડી શકે તેવા નિમ્ન કક્ષાના અભ્યાસક્રમો ઊભા કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને શ્રી. ઈન્દ્રવદન મોદીએ ટેકો આપ્યો.

તે પછી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ પ્રસ્તાવની ભાષા જોતાં તે પ્રસ્તાવમાં સુસંગતા જણાતી નથી તેથી તે કાનૂનસર ગણાય ખરો?

અધ્યક્ષશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે સદરહુ પ્રસ્તાવ કાનૂનસર નથી.

૨૨. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાનો નોટિસ આપી હતી :

"એસ.એસ.સી.માં અંગ્રેજી વિના ઉત્તીર્ણ થનારની સંખ્યા કુલ અંગ્રેજી સાથે ઉત્તીર્ણ થનારની સંખ્યા કરતાં ત્રણ ગણી વધુ હોય છે. આવા સફળ વિદ્યાર્થીઓને આપણી ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજીમાં સફળ ન હોવાને લીધે પ્રવેશ મળતો નથી. આજે આણંદ યુનિવર્સિટી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ અંગ્રેજી વિનાના એસ.એસ.સી. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું શરૂ કર્યું છે, ત્યારે આપણે ત્યાં પણ આવા અંગ્રેજી વિનાના જેમણે ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાશાખાઓમાં નહીં તો વિનયન અને વાણિજ્ય (કે ખેતીવાડી) જેવી વિદ્યાશાખાઓમાં પ્રવેશ આપવો જોઈએ, તેમ આ સેનેટના સભ્યોનો અભિપ્રાય છે, અને તે અંગે સંબંધિત સત્તામંડળોને આ અંગે યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૨૨માં છેલ્લેથી બીજી લીટીમાં 'વિદ્યાશાખાઓમાં' પછી 'જૂન ૧૯૭૨થી' શબ્દ ઉમેરવા."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ કે આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

૨૩. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે (૧) એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવો, અને (૨) કૉલેજમાં તે વિદ્યાર્થીને અંગ્રેજીના વિકલ્પમાં નિયત કરેલી (ફ્રેન્ચ, રશિયન, જર્મન જેવી) વિદેશી ભાષા લેવાની વ્યવસ્થા કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૨૩માં પ્રથમ પંક્તિમાં 'ભલામણ કરે છે કે' પછી 'જૂન ૧૯૭૨થી' શબ્દ ઉમેરવા."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

૨૪. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે એસ.એસ.સી. કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર પાસ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજની વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો, અને તેને માટે ખાસ અભ્યાસક્રમ દાખલ કરવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

આચાર્ય બી. આર. પટેલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"બાબત ૨૪માં પ્રથમ પંક્તિમાં 'ભલામણ કરે છે કે' પછી 'જૂન ૧૯૭૨થી' શબ્દ ઉમેરવા."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવા પાત્ર રહ્યું નહીં.

૨૫. શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અંગ્રેજી વગર એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ કૉલેજ-પ્રવેશ મેળવી શકતા નથી. આ પરિસ્થિતિ દુ:ખદ છે. આ માટે સેનેટની આ સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે આવા વિદ્યાર્થીઓને પણ કૉલેજ-પ્રવેશ આપવો; વળી તેમને માટે અંગ્રેજીના અપેક્ષિત ધોરણ માટેના ઘનિષ્ઠ અભ્યાસક્રમની યોજના અમલમાં મૂકવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૨૬. શ્રી. વી. એસ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"અંગ્રેજી વિના એસ.એ.સ.સી. પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો જોઈએ એમ સેનેટની આ સભા સર્વાનુમતે ઠરાવે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જાણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. વી. એસ. શાહે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૨૭. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીએ થોડાં વર્ષો માટે અનુસ્નાતક કક્ષાએ તૃતીય વર્ગ કમી કર્યો અને ૪૬ ટકા ગુણ મેળવનારને દ્વિતીય વર્ગ મળે તથા એથી ઓછા ગુણ મેળવનારને અસફળ ગણવાનું ધોરણ નક્કી કર્યું હતું. પરંતુ ચાલુ વર્ષથી ફરીથી તૃતીય વર્ગ અનુસ્નાતક કક્ષાએ શરૂ કરવામાં આવ્યો છે ત્યારે જે વિદ્યાર્થીઓએ ૩૬ ટકાથી ૪૫ ટકા સુધી ગુણ મેળવેલા છે, તેમને નિષ્ફળ ગણવા અને ફરીથી ૩૬ ટકા ગુણ મેળવી પાસ થવા જણાવવું બિનવ્યવહારુ છે. ૪૫ ટકા ગુણ મેળવનાર ૩૬ ટકાએ ઉત્તીર્ણ ગણાય આ યોગ્ય

નથી જ. આ સ્થિતિ નિવારવા આ સભાગૃહ સંબદ્ધ સત્તામંડળોને આવા ૩૬ ટકાથી ૪૫ ટકા સુધી ગુણ મેળવેલા વિદ્યાર્થીઓને વધુ નહીં તો તૃતીય શ્રેણીમાં ઉત્તીર્ણ જાહેર કરવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવાનું બની શકે તેમ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય સેનેટને જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવા-પાણું રહ્યું નહીં.

૨૮. શ્રી. વી. એસ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટીએ ચાલુ સાલથી એમ.એ.માં પાસ વર્ગ આપવો દાખલ કરી સ્તુત્ય પગલું ભર્યું છે. ૬૫થી ૭૦ની સાલ સુધી ૩૬ ટકાથી ૪૬ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે. સેનેટની આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે નવાં ધોરણો એ વિદ્યાર્થીઓને પણ લાગુ પાડી તેમને પાસ થયેલ જાહેર કરવા જોઈએ."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવાનું બની શકે તેમ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય સેનેટને જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. વી. એસ. શાહે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું વિચારવા-પાણું રહ્યું નહીં.

૨૯. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"માધ્યમિક શિક્ષકો તથા સ્નાતકોનાં યુનિવર્સિટી ચૂંટણી માટેનાં મતદારમંડળો ઘણાં વિશાળ છે. આવા મતદારોને દૂર દૂરનાં સ્થાનોથી મતદાનમથકે લઈ જવા પડે છે; પરિણામે આવી ચૂંટણી ખૂબ ખર્ચાળ બની રહે છે તો મતદારોને માટે જે સંસ્થામાં નોકરી કરતા હોય ત્યાં જ મતદાનની વ્યવસ્થા કરવા અગર પોસ્ટથી મતદાન કરવાની વ્યવસ્થા ઊભી કરવા સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ચૂંટણી અંગેના નિયમો સુધારવા અંગેની કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને જાણ કરવી."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

૩૦. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત રાજ્યમાંથી સંખ્યાબંધ શિક્ષકોને 'બી.એડ. વેકેશન કોર્સ' માટે ભોપાલ જવું પડે છે, કારણ કે શિક્ષકોને નોકરી છોડી વરસ દિવસ સુધી તાલીમી કૉલેજોમાં જવું પરવડતું નથી. વધુમાં આપણે

ત્યાં કૉલેજોમાં પ્રવેશ મેળવવો તે પણ એક વિકટ કાર્ય છે. તાલીમી શિક્ષકોનો હજી ખૂબ જ અભાવ છે. આવી સ્થિતિમાં આપણી યુનિવર્સિટીમાં પણ 'બી.એડ. વેકેશન કોર્સ' શરૂ કરવામાં આવે તેવો અભિપ્રાય આ સેનેટના સભ્યો ધરાવે છે અને લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે કે આ બાબતમાં યોગ્ય નિર્ણય કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મલ્હોત્રાની ગેરહાજરીમાં શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ રજૂ કર્યો. તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

તે પછી પ્રો. એસ. બી. વોરાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સેનેટની આ સભા શનિવાર, તા. ૮મી જાન્યુઆરી ૧૯૭૨ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યા પર મોકૂફ રાખવામાં આવે. તેને શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપરના ઠરાવ અન્વયે સેનેટની મોકૂફ રાખવામાં આવેલી સભા, શનિવાર, તા. ૮-૧-૧૯૭૨ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોષીના પ્રમુખપદે મળી હતી.

સભ્યોની હાજરી અંગેની માહિતી આ નોંધની શરૂઆતમાં બતાવવામાં આવી છે.

પ્રમુખશ્રીએ નીચેનો શોકદર્શક ઠરાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા, તેના એક સભ્ય અને સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય તથા ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ, તેની માન્ય સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના અને આણ્વશક્તિ પંચના અધ્યક્ષ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના અકાળ અને આઘાતજનક અવસાનથી ઘેરા શોકની લાગણી અનુભવે છે.

સદ્‌ગત ડૉ. વિક્રમ સારાભાઈએ આ યુનિવર્સિટીના તેમ જ તેની માન્ય અનુસ્નાતક સંશોધન સંસ્થાઓ—ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન—ઉપરાંત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ અને કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર જેવી સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. વધુમાં આણ્વશક્તિ, વૈશ્વિકકિરણ અને અવકાશ વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં ભારતે જે નોંધપાત્ર પ્રગતિ સાધી છે અને તેથી શિક્ષણ અને કૃષિવિદ્યા તથા રાષ્ટ્રીય સંરક્ષણનાં કાર્યોમાં આ દેશમાં જે શક્યતાઓ સર્જાઈ છે તેમાં સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈએ પોતાનું અતિ મહત્ત્વનું અને પાયાનું પ્રદાન કર્યું છે. તેમના અવસાનથી ગુજરાત યુનિવર્સિટીએ એક તેજસ્વી પ્રાધ્યાપક અને સંશોધક અને ભારતે એક સંનિષ્ઠ સુપુત્ર અને જગતે એક માનવતાવાદી વિજ્ઞાની ગુમાવ્યો છે. આવા એક વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે કરેલી વિવિધલક્ષી સેવાઓને સ્મરીને આ સભા સદ્‌ગત ડૉ. વિક્રમ સારાભાઈને

કૃતજ્ઞભાવે શ્રદ્ધાંજલિ સમર્પે છે, અને શ્રીમતી સરલાબહેન તેમ જ શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈ તેમ જ તેમનાં અન્ય કુટુંબીજનો ઉપર આવી પડેલી આ વિપત્તિમાં હૃદયપૂર્વકની સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

૩૧. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજમાં ચારેય વર્ષની પરીક્ષામાં ત્રીસ ગુણ આંતરિક મૂલ્યાંકન માટે રાખવાની પદ્ધતિ છેલ્લાં કેટલાંક વર્ષોથી અપનાવવામાં આવી છે. આ પદ્ધતિ અપનાવવા પાછળ વિદ્યાર્થીઓમાં દિનપ્રતિદિન આવતી જતી અશિસ્ત પર કાબૂ મેળવવાના, શિક્ષણ તરફ વધતી જતી વિદ્યાર્થીઓની ઉદાસીનતાને રોકવાના તથા શિક્ષકગણને વધુ ક્રિયાશીલ બનાવવાના જે શુભ આશયો રાખવામાં આવ્યા હતા તે સર્વાંશે સિદ્ધ નથી થયા તે હકીકત છે. તે સાથે જ એ હકીકત પણ સ્વીકારી લીધા વિના છૂટકો નથી કે આ નિયમના આધારે એવી રીતિનીતિઓ અપનાવવા લાગી છે કે જેણે નીતિમત્તાનાં ધોરણોને દુઃખ ઉપજાવે તેવી નીચી કક્ષાએ ઉતારી મૂકયાં છે. તે સાથે જ વિદ્યાર્થીઓ ઉપર અવાંચ્છનીય નિયંત્રણો અનાયાસે આવી જવા લાગ્યાં છે. એટલે આ સભાગૃહ સંબદ્ધ સત્તામંડળોને આ પદ્ધતિ દૂર કરવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. એલ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

ને પર મત લેવામાં આવતાં ને વધુમતે ઊડી ગયો.

૩૨. શ્રી. દીનાનાથ જે. મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"પોતાની વિદ્યાસંસ્થામાં વિદ્યાર્થીઓને આકર્ષવા માટે કેટલીક કૉલેજો તરફથી કેળવણીક્ષેત્રે શોભાસ્પદ નહીં તેવી જાહેરાતો કરવામાં આવે છે, જે ઘણી દુઃખ ઉપજાવનારી હકીકત છે.

આ બાબતમાં કૉલેજોની જાહેરાત માટે કોઈ 'આચારસંહિતા' ઘડાવી જોઈએ તેવો આ સભાગૃહ અભિપ્રાય ધરાવે છે અને સત્તાધીશ મંડળોને ભલામણ કરે છે કે આ અંગે યોગ્ય નિયમો બનાવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોની જાહેરાત માટે યુનિવર્સિટીએ ઘટતા નિયમો ઘડેલા છે એમ સેનેટને જાણ કરવી."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. દીનાનાથ જે. મહેતાએ રજૂ કર્યો, તેને શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે સભાગૃહની સંમતિથી શ્રી. દીનાનાથ જે. મહેતાએ સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી, તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૩૩. શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત રાજ્યના ફેકટરી એકટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે જે હંગામી કર્મચારીઓ ભારત સરકારના એકટ હેઠળ પ્રોવિડંટ ફંડનો લાભ મેળવવા પાત્ર થતા હોય તેમને યુનિવર્સિટી પ્રેસના કાયમી

કર્મચારીઓને મળતા કેજ્યુઅલ રજા, માંદગીની રજા, તહેવારોની રજા ઈત્યાદિ લાભો આપીને પ્રેસના કર્મચારીઓની બાબતમાં હાલ પ્રવર્તતાં બેવડાં ધોરણો નાબૂદ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એસ. કે. ઝવેરીએ રજૂ કર્યો, તેને આચાર્ય એન. બી. જોશીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. શ્રી. એસ. કે. ઝવેરીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત રાજ્યના ફેક્ટરી એક્ટ અન્વયે યુનિવર્સિટી પ્રેસના જે કર્મચારીઓની પ્રોવિડંટ ફંડની કપાત થતી હોય તેવા યુનિવર્સિટી પ્રેસના હંગામી કર્મચારીઓને જે તે જગ્યા પર પ્રોવિડંટ ફંડ કપાતની આરંભ તારીખથી યુનિવર્સિટી પ્રેસનાં ધારાધોરણ અનુસાર કાયમ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. એસ. કે. ઝવેરીએ રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૫. શ્રી. વી. એસ. શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એમ.એડ.ના વર્ગોમાં મોટે ભાગે શિક્ષકો જ દાખલ થાય છે, તેમની સુવિધા માટે વૅકેશનના વર્ગો શરૂ કરવા જોઈએ એમ આ સભા માને છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. વી. એસ. શાહે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૩૬. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણ અંગેની વ્યવસ્થા પર સમગ્ર રીતે પુનર્વિચારણા કરવાની જરૂર છે અને તેથી સદરહુ પ્રસ્તાવ હાલને તબક્કે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરીએ ચર્ચાબંધી(closure)નો પ્રસ્તાવ રજૂ કર્યો, તેને કુલપતિશ્રીએ રજૂ કરવા માટે અનુમતી આપી. સદરહુ પ્રસ્તાવને પ્રો. કે. એચ. મોદીએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય બી. આર. પટેલના મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૭. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પદવી પ્રાપ્ત કરતાં અમુક આવશ્યક સાહિત્ય વાંચીને સજ્જ થાય ને શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે આશયથી વિદ્યાર્થીઓ માટે વાચન-નોંધપોથી પ્રથમ દાખલ કરવી. વિવિધ સત્તામંડળો તરફથી પ્રત્યેક વર્ષના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત વાંચવાનાં પુસ્તકોની યાદી બનાવવામાં આવે અને વિદ્યાર્થી એ પ્રમાણે પુસ્તકો વાંચે તેમ જ પુસ્તકોની નોંધપોથી રાખે જે કૉલેજના ગ્રંથપાલ, વિષયના અધ્યક્ષ અને આચાર્ય માન્ય કરે તેવી નથા જેની વાચન-નોંધપોથી માન્ય ન થાય તે વિદ્યાર્થીને માટે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે આચાર્ય શ્રી. બી. આર. પટેલે સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૩૮. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ગુજરાતી વિષયમાં આઠ પ્રશ્નપત્રો સાથે (એન્ટાયર) એમ.એ. કરવાની વ્યવસ્થા કરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે આચાર્ય શ્રી. બી. આર. પટેલે સભાગૃહની સંમતિથી સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૩૯. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે આપણી યુનિવર્સિટીમાં પરીક્ષાકાર્ય માટે પૂરતા અધ્યાપકો હોવાથી સ્નાતક (તૃતીય વર્ષ) કે અન્ય પદવીની અંતિમ પરીક્ષા અને અનુસ્નાતક પરીક્ષાઓમાં જ અન્ય યુનિવર્સિટીના શિક્ષકોને પરીક્ષાકાર્ય માટે નિયુક્તિ આપવી ને તે સિવાયની પરીક્ષાઓ માટે માત્ર આપણી યુનિવર્સિટીના જ શિક્ષકોને નિયુક્તિ આપવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને પ્રો. બબાભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે બહુમતે ઊડી ગયો.

૪૦. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે વ્યાખ્યાતા તરીકે લાયક હોવા છતાં ટ્યૂટર તરીકે કામ કરતી વ્યકિતઓનો શૈક્ષણિક અનુભવ પ્રાધ્યાપક તરીકે બઢતી અને અનુસ્નાતક શિક્ષકપદની યોગ્યતા માટે ગણતરીમાં લેવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવા."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય ઈશ્વરભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૧. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે યુ.જી.સી.નાં નવાં પગારધોરણોમાં અનુસ્નાતક કૉલેજોના આચાર્યો માટે સૂચવાયેલું રૂ. ૮૦૦-૧૦ ૧,૨૦૦નું પગારધોરણ ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક કૉલેજની વ્યાખ્યા નક્કી કરી તેવી કૉલેજોના આચાર્યોને તે પગારધોરણ આપવામાં આવે, અને આ બાબતે યુનિવર્સિટીએ કરેલી કાર્યવાહીને રદ કરી નવેસરથી કાર્યવાહી શરૂ કરવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૪૨. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે જનરલ એજ્યુકેશનની વાર્ષિક પરીક્ષા યુનિવર્સિટીએ લેવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૪૩. આચાર્ય બી. આર. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે જનરલ એજ્યુકેશનનો અભ્યાસ બદલવો."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય બી. આર. પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપાત્ર રહ્યું નહીં.

૪૪. શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કેવળ બૌદ્ધિક વિકાસથી આજની યુવાશક્તિ ભોગપરાયણ સંસ્કૃતિનો ભોગ બની રહી છે. જીવનમાં શાશ્વત મૂલ્યો પ્રત્યે પ્રેમ અને આદર વધે એ માટે વિદ્યાસ્નાતકોએ વ્રતસ્નાતક પણ બનવું જોઈશે. આ માટે સેનેટની આ સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે આ માટે આવશ્યક એવા નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણની અભિરુચિ કેળવવા અને પોષવા માટેની યોજના તૈયાર કરાવવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવનો લેનુ યોજના કરતાં વાતાવરણ ઊભું કરવાથી વધુ સારી રીતે સિદ્ધ થઈ શકે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ રજૂ કર્યો, તેને આચાર્ય ચંદ્રગુપ્ત ભટ્ટે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ડૉ. જયંત હરિભક્તિએ પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ તરફથી હવે પછીની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવે. તેને શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ ટેકો આપ્યો.

ડૉ. જયંત હરિભક્તિના આ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો, તેથી શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીના મૂળ પ્રસ્તાવ પર કશું કરવાપણું રહ્યું નહીં.

૪૫. શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"વિદ્યાર્થી સાચા અર્થમાં વિદ્યાવ્યાસંગી બને એ માટે એ વ્યાખ્યાનોનો શ્રોતામાત્ર ન બનતા સ્વશિક્ષણના પાઠ મેળવે અને અમુક ચોક્કસ પ્રકારનું વાચનકાર્ય કરી તેની નોંધ તૈયાર કરે. આવા વાચનકાર્યના સ્વાધ્યાયને આંતરિક મૂલ્યાંકનની ગણતરીમાં લેવામાં આવે એ જરૂરી છે. આવી વ્યવસ્થા કરવા માટે સંબંધકર્તા સત્તામંડળોને સેનેટની આ સભા ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

૪૬. શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"વિનયન અને શિક્ષણના અનુસ્નાતક અભ્યાસક્રમો માધ્યમિક શિક્ષકોને સવિશેષ સુલભ બને એ માટે ટૂંકા ગાળાના (વૅકેશન સમય પૂરતા મર્યાદિત) અભ્યાસક્રમોની યોજના અમલમાં મૂકવા સેનેટની આ સભા સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ રજૂ કર્યો, તેને શ્રી. ખોડાભાઈ એમ. પટેલે ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે સભાગૃહની સંમતિથી શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ સદરહુ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહીં.

૪૭. આચાર્ય આર. એલ. સંઘવી તથા શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઉચ્ચ કક્ષાઓ નક્કી કરવા, ઇનામો આપવા તથા શિષ્યવૃત્તિઓ વગેરે ઉચ્ચ લાયકાતો નક્કી કરવા માટે યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં જુદી જુદી શિક્ષણ-સંસ્થાઓએ આપેલા આંતરિક ગુણાંકનને ધ્યાનમાં ન લેતાં માત્ર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રાપ્ત થયેલા ગુણાંકોને લક્ષમાં લેવા આ સભાગૃહ લાગતાંવળગતાં મંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. એલ. સંઘવી કે શ્રી. એસ. બી. વોરા કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહીં, તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

૪૮. આચાર્ય આર. એલ. સંઘવી તથા શ્રી. એસ. બી. વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આજની આ સભા સિન્ડિકેટને તથા સંબંધિત મંડળોને વિનંતી કરે છે કે યુનિવર્સિટીની વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની પરીક્ષાઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અલગ ઑનર્સ કોર્સની જોગવાઈ કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ આચાર્ય આર. એલ. સંઘવીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એમ. પીરજાદાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૯. શ્રી. બબલભાઈ મહેતાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે કોઠારી શિક્ષણપંચે વર્ક એક્સપીરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી છે એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમોમાં કયા કયા તબક્કે શા શા ફેરફારો કરવા ઘટે અગર તો કૉલેજના સમયની અંદર કે બહાર બીજા કયા કયા કાર્યક્રમો યોજવા ઘટે એ અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ કાર્યક્રમ તૈયાર કરવા માટેની એક કમિટી ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે.

એ કમિટીમાં જરૂર જણાય તો અન્ય કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસઅધિકારીઓ, સમાજસેવકો અને દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો પણ સમાવેશ થાય એ ઇષ્ટ છે. સદરહુ કમિટી પોતાનો હેવાલ નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટી કાર્યાલયમાં પહોંચાડે એ અપેક્ષિત છે જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. બબલભાઈ મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય રમણિકભાઈ શાલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૦. પ્રો. એન. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ડેન્ટલ સર્જરીમાં ઓરલ ડાયાગ્નોસિસ, ઓરલ પેથોલોજી તથા પેરિયોડોન્શિયા વિષયોમાં જે અનુસ્નાતક (એમ.ડી.એસ.) અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલા હતા પણ જે હાલ થોડા સમયથી બંધ છે તે બાબતમાં જે કોઈ મુશ્કેલી હોય તો તે નિવારી આવતા સત્રથી એટલે કે જૂન ૧૯૭૨થી ફરી શરૂ થાય એવી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી. તદુપરાંત પિડોરોન્શિયાના વિષયમાં પણ અનુસ્નાતક વર્ગો જૂન ૧૯૭૨થી શરૂ કરવા કામગીરી હાથ ધરવી."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલા વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ માટે જરૂરી શિક્ષકગણ અને અન્ય પ્રયોગશાળા તથા સાધનસામગ્રીની જરૂરી સુવિધાઓ કરવામાં આવે તો તે વિષયોના અનુસ્નાતક વર્ગો ચલાવવા માટે પરવાનગી આપવાની તરફેણમાં સિન્ડિકેટ છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રો. એન. ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ટી. એમ. પરીખે ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી. પુરુષોત્તમ માવલંકરે પ્રસ્તાવ રજૂ કર્યો કે સભાગૃહ તરફથી હવે પછીની બાબત વિચારણા માટે હાથ ધરવમાં આવે. આ પ્રસ્તાવને શ્રી. ઈન્દ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

શ્રી. પુરુષોત્તમ માવલંકરના આ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો, તથી પ્રો. દેસાઈના મૂળ પ્રસ્તાવ અંગે તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૫૧. પ્રો. એન. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ડેન્ટલ સર્જરીના યુવાન પદવીધરોમાં આકાર લેતી બેકારીને ઊગતી ડામવા તે બાબતમાં જરૂરી માહિતી મેળવે અને તાત્કાલિક જરૂરી યોગ્ય આનુષંગિક પગલાં સત્વરે ભરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટની જણાવવું."

સદરહુ પ્રસ્તાવ પ્રો. એન. ટી. દેસાઈએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૫૨. પ્રો. એન. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા યોગ્ય સત્તામંડળોને ભલામણ કરે છે કે યુવાન ડેન્ટલ સ્નાતકોમાં હતાશા તથા આત્મવિશ્વાસના અભાવની લાગણી દૂર કરવા વધુ રોજગારીલક્ષી કાર્યક્રમ વાસ્તવિક ધોરણે ઘડી કાઢે અને પૂર્વસ્નાતક (બી.ડી.એસ.) અભ્યાસક્રમમાં પ્રાયોગિક તાલીમમાં વિવિધ કામગીરી માટે ગુણાંક-પ્રથા (ક્રેડિટ રિકવાયરમેન્ટ સિસ્ટમ) દાખલ કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

સદરહુ પ્રસ્તાવ પ્રો. એન. ટી. દેસાઈએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવા-પણું રહ્યું નહિ.

૫૩. પ્રો. એન. ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ટપાલ દ્વારા ચૂંટણીની મુશ્કેલીઓ તથા દૂષણો ધ્યાનમાં રાખતાં આ રીતે ચૂંટણી તાત્કાલિક જરૂર પડે તો જ કરવી તથા બને ત્યાં સુધી સભાગૃહમાં બેલેટ પ્રથાથી કરવી એમ આ સેનેટની સભા યુનિવર્સિટી સત્તામંડળોને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ચૂંટણી અંગેના નિયમો સુધારવા અંગેની કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને જાણ કરવી."

સદરહુ પ્રસ્તાવ પ્રો. એન. ટી. દેસાઈએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૫૪. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે, અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

સદરહુ પ્રસ્તાવ પ્રો. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૫. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજોમાં ટ્યુટોરિયલ પ્રથા દાખલ કરી છે ત્યારથી આજદિન સુધીમાં ટ્યુટોરિયલ વર્ગમાં શું કરવું તે અંગે યુનિવર્સિટીએ કૉલેજોને કોઈ નક્કર માર્ગદર્શન આપ્યું નથી અને કદાચ તેને કારણે જ આ એક સુંદર પ્રયોગ નિષ્ફળ પુરવાર થવાની દિશામાં છે.

તો હજી પણ તેમાં મોડું થાય તે પહેલાં યુનિવર્સિટીની દરેક ફેકલ્ટી બેથી ત્રણ દિવસનો સેમિનાર યોજીને ટ્યુટોરિયલ કાર્યનું એક સામાન્ય માળખું ઘડી કાઢી વિષયના બોર્ડને મોકલી આપે, અને વિષયનું બોર્ડ તે સામાન્ય માળખાને લક્ષમાં રાખીને, છતાં પોતાના વિષયની જરૂરિયાતોને ઉમેરીને, દરેક વિષયનો ટ્યુટોરિયલ કાર્યનો એક આખરી નકશો તૈયાર કરે તે માટે યુનિવર્સિટી સક્રિય બને તેવી આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગ્રંથાલયશાસ્ત્રમાં લાયકાત ધરાવતા હોય તેવા ગ્રંથપાલ સંલગ્ન કૉલેજોમાં નિયુકત થાય એવા નિયમો ઘડીને તે નિયમો પળાવવાનો યુનિવર્સિટી એક તરફ આગ્રહ રાખે છે અને બીજી તરફ તેમનાં પગાર-ધોરણો સૂચવવા કે સુધારવા તરફ યુનિવર્સિટી ધારાને આગળ ધરીને દુર્લક્ષ સેવે છે તેની આ સભા સખેદ નોંધ લે છે. વળી યુ.જી.સી. સૂચિત નવાં પગારધોરણો અધ્યાપકો માટે સૂચવાયાં તેમાં કેન્દ્ર સરકારે ગ્રંથપાલો-ને પણ ૧--૪--૧૯૬૬થી નવાં પગારધોરણો આપવાની ભલામણ સ્વીકારી છે. પરંતુ ગુજરાત સરકારે તે વાજબી ભલામણને પણ ધ્યાનમાં લીધી નથી અને ગુજરાત યુનિવર્સિટીએ પણ તે અંગે કોઈ સક્રિય રજૂઆત કરી નથી તેની આ સભા નોંધ લે છે અને યુનિવર્સિટી આ બાબતમાં સક્રિય બની ગ્રંથપાલોનાં પગારધોરણો ગુજરાત સરકાર સ્વીકારે તે માટે નક્કર રજૂઆત કરે તેવી આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં કરવામાં આવેલાં વિધાનો સાથે સિન્ડિકેટ સંમત નથી, પરંતુ ગ્રંથપાલોનાં પગારધોરણો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો, તેને પ્રા. કે. એસ. શાસ્ત્રીએ ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત સરકારે તેના તા. ૯--૩--૧૯૭૦ના ઠરાવથી સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકોના ૨૫ ટકાને રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦ના પગારધોરણમાં મૂકવાનું ઠરાવેલું છે, અને અધ્યાપકોનાં નામ નક્કી કરીને સરકારે

તે નામો સૂચવવાનું કામ યુનિવર્સિટી પર છોડવું છે. પરંતુ આ ઠરાવ થયે લગભગ દોઢ વર્ષ થવા આવ્યું છતાં નક્કર નિર્ણયશક્તિના અભાવે તે કામ યુનિવર્સિટીએ હજી સુધી પાર પાડવું નથી, તેની આ સભા નોંધ લે છે.

કૉલેજોના અધ્યાપકોને આ પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી લાગુ પડે તે રીતે અમલી બનાવવાની કાર્યવાહી યુનિવર્સિટી હવે સત્વરે પૂરી કરી લે તેવી આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની પહેલી કંડિકામાં કરવામાં આવેલા વિધાન સાથે સિન્ડિકેટ સંમત નથી, પરંતુ પસંદ કરેલા અનુસ્નાતક શિક્ષકોને માટે રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નું પગારધોરણ અમલી બને તે માટેની કાર્યવાહી શક્ય તેટલી વહેલી પૂરી કરવા ઇચ્છે છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ રજૂ કર્યો તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૮. શ્રી. ખોડાભાઈ એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે જે માધ્યમિક શાળાના સ્નાતક શિક્ષકોએ માધ્યમિક શાળામાં ઓછામાં ઓછું પાંચ વર્ષ શિક્ષણકાર્ય કર્યું હોય તેમને ટર્મ ભર્યા સિવાય પણ અનુસ્નાતક (એમ.એ.)-ની પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ખોડાભાઈ એમ. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

૫૯. શ્રી. ખોડાભાઈ એમ. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓએ (એન.સી.આર.ટી.) ભોપાલની બી.એડ. પરીક્ષા પસાર કરી હોય તેમને ગુજરાત યુનિવર્સિટીની એમ.એડ. પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ શ્રી. ખોડાભાઈ એમ. પટેલે રજૂ કર્યો. તેને શ્રી. ભાનુપ્રસાદ પ્ર. ઉપાસનીએ ટેકો આપ્યો.

તે પછી પ્રો. કે. જી. દેસાઈએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે એન. સી. આર. ટી નામની કોઈ સંસ્થા અસ્તિત્વ ધરાવતી નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે પ્રસ્તાવમાં જણાવેલ ભોપાલની બી.એડ. પરીક્ષાની બાબતમાં એન.સી.આર.ટી.ના ઉલ્લેખના સંદર્ભમાં સંદિગ્ધતા રહેતી નથી અને તેથી પ્રો. કે. જી. દેસાઈએ ઉઠાવેલા કાનૂની મુદ્દાને સમર્થન આપી શકાય તેમ નથી.

તે પછી આચાર્ય બી. આર. પટેલે કાનૂની મુદ્દો રજૂ કર્યો કે સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબ એમ.એડ.ની પરીક્ષામાં બેસવાની છૂટ આપવાની સત્તા આ સભાગૃહની નથી તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે શ્રી. ખોડાભાઈ એમ. પટેલનો મૂળ પ્રસ્તાવ કાનૂન બહાર છે.

૬૦. પ્રા. કાંતિલાલ એચ. મોદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યાં છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બંને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રો. કાંતિલાલ એચ. મોદીએ રજૂ કર્યો, તેને શ્રી. ઇંદ્રવદન અં. મોદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૧. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજ-કક્ષાએ લેવાતી પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે રજૂ કર્યો તેને ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૨. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ આપતાં, યુનિવર્સિટી અંદ્રકો એનાયત કરતાં તથા પરીક્ષા-પરિણામોમાં ક્રમ નક્કી કરતાં માત્ર બાહ્ય (આંતરિક સિવાયના) પરીક્ષાના ગુણને જ લક્ષમાં લેવા અંગે ઘટિત કરવા આ સભા સંબંધકર્તા સત્તામંડળને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ. તેથી તે પર કશું કરવાપણું રહ્યું નહિ.

૬૩. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રત્યેક કૉલેજના ડિગ્રી કક્ષાના વિદ્યાર્થીઓના આંતરિક તથા યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણ અંગેની માહિતીઓ છાપીને પ્રતિવર્ષ પ્રગટ કરવા અંગે ઘટિત કરવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ પ્રો. એસ. બી. વોરાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ તરફથી હવે પછીની બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવે. તેને આચાર્ય એન. કે. દવેએ ટેકો આપ્યો.

પ્રો. વોરાના આ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો, તેથી પ્રા. બબાભાઈ પટેલના મૂળ પ્રસ્તાવ પરત્વે કશું કરવાપાણું રહ્યું નહિ.

૬૪. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી ૬ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રત્યેક સ્તરની પરીક્ષામાં એક્સ્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાને બદલે ઇન્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાની પ્રથા ૧૯૭૨ના માર્ચ-એપ્રિલની પરીક્ષાઓથી શરૂ કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપાણું રહ્યું નહિ.

૬૬. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" એસ. વાય. સુધી બાહ્ય પ્રાધ્યિનકો—પરીક્ષકો નીમવાની પ્રથા બંધ કરવા અને ટી. વાય. તથા અનુસ્નાતક કક્ષાએ વર્તમાન સ્થિતિ ચાલુ રાખવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર કશું કરવાપાણ રહ્યું નહિ.

૬૭. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" વર્તમાન ટયૂશન-બંધીના નિયમ અંગે પુનઃ વિચારવા અને અસરકારક રીતે ટયૂશન-પ્રવૃત્તિ નિયંત્રિત કરવા અંગે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે ખાનગી ટયૂશનની પદ્ધતિ બંધ કરવા જેવી છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું. "

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. નરહરિ પરીખે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં ને વધુમતે ઊડી ગયો.

૬૮. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" વિવિધ વિદ્યાશાખાઓના સ્પેશિયલ અને જનરલ અભ્યાસક્રમો ઘડીને તેને બનતી ત્વરાએ અમલમાં મૂકવા માટે સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો. "

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો, નહિ તેથી તે પર કશું કરવાપાણ રહ્યું નહિ.

૬૯. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

" આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો. "

સદરહુ પ્રસ્તાવ પ્રા. બબાભાઈ પટેલે રજૂ કર્યો, તેને પ્રા. અંબુભાઈ ટી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી પ્રમુખશ્રીનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે સભાગૃહમાં કામકાજ માટે જરૂરી ઓછામાં ઓછા ૧૦ સભ્યોની હાજરી નથી, તે અંગે ખાતરી કરવામાં આવી અને જરૂરી હાજરીને અભાવે સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકયું નહિ, તેથી બાકીની નીચે જણાવેલી બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ.

૭૦. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" સ્થાનિક તપાસસમિતિઓમાં નિમાતી વ્યકિતઓ અંગે, સમિતિઓના તપાસક્ષેત્રને સ્પષ્ટ કરવા અંગે તથા સમિતિઓના અહેવાલના સ્વરૂપ અંગે ચોક્કસ ધોરણો ઘડી કાઢવા માટે આ સભા સંબંધકર્તા સત્તામંડળને વિનંતી કરે છે. "

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

૭૧. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી ભવનોમાં અંગ્રેજી તથા ગુજરાતી એમ બંને માધ્યમ દ્વારા અધ્યાપનની સુવિધા માટે ઘટિત કરવા આજની સભા સંબંધકર્તા સત્તામંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૭૨. પ્રા. બબાભાઈ પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીઓના બંધારણની પુનર્રચના અંગે પ્રગટ થયેલ ડોંગરેકરી સમિતિના અહેવાલ વિષે યોગ્ય વિચારણા કરીને ત્વરાએ તેનો અમલ કરવા માટે આ સેનેટ-સભા યોગ્ય સત્તામંડળો દ્વારા ગુજરાત સરકારને વિનંતી કરે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની ભાવના સાથે સંમત છે એમ સેનેટને જણાવવું."

૭૩. શ્રી. મનુભાઈ ડી. પંચોલીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓનાં પગારધોરણો સુધારવા યુનિવર્સિટી સિન્ડિકેટે કૉલેજોને ભલામણ કરેલી હોવા છતાં, યુનિવર્સિટી ધારાની કાનૂની બાબતોનું ઓથું લઈને મોટા ભાગની કૉલેજોએ તે દિશામાં કોઈ પગલાં લીધાં નથી તેની આ સભા સખેદ નોંધ લે છે. યુનિવર્સિટી ધારાની આ પ્રમાણિક ભૂલનો લાભ લઈને કૉલેજો નીચલા વર્ગના કર્મચારીઓનું આ રીતે શોષણ કરે તે ઇષ્ટ ન ગણાય. હવે ડોંગરેકરી કમિશને પણ યુનિવર્સિટી ધારાની આ ભૂલ સુધારવા ભલામણ કરી છે ત્યારે મોંઘવારીમાં પિસાતા આ નીચલા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો પણ યુનિવર્સિટી કે સરકારનાં ધોરણો પ્રમાણે સુધારી લેવાની દિશામાં સર્વ કૉલેજો પ્રામાણિક પ્રયાસ કરે તેવી આ સભાની લાગણી કૉલેજોને પત્ર દ્વારા ફરીથી પરિપત્રિત કરે તેમ આ સભા યુનિવર્સિટીને અનુરોધ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણોની સુધારણા માટે આચાર્યોને ઘટતો પત્ર ફરીથી લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી."

૭૪. શ્રી. મનુભાઈ ડી. પંચોલીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે પ્રૉવિડન્ટ ફંડના નવા નિયમો જૂન ૧૯૬૯થી અમલી બનાવ્યા છતાં ઘણીખરી કૉલેજો તેનો પૂરેપૂરો અમલ કરતી નથી તેવી હકીકતો અવારનવાર બહાર આવે

છે. તો કૉલેજોમાં તપાસસમિતિઓ તપાસ માટે જાય ત્યારે તેમને તપાસ માટે અપાતી સૂચનાઓમાં નીચેની સૂચનાઓ સહિત રિપોર્ટ મેળવાય તેવી આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે :

(૧) પી. એફ. ફંડના નિયમો પ્રમાણે કૉલેજે પી. એફ. ફંડની વ્યવસ્થા માટે ટ્રસ્ટની રચના કરી છે કે કેમ ?

(૨) દરેક અધ્યાપકને પી. એફ.ના એકાઉન્ટ માટે પાસબુક પૂરી પાડવામાં આવી છે કે કેમ ?

(૩) કૉલેજમાંથી છૂટા થયેલા શિક્ષકોને નિયમ (૧૧) પ્રમાણે છૂટા થયાની તારીખથી ત્રણ માસમાં પી. એફ. ચૂકવી દેવાયું છે કે કેમ ?

ઉપરની સૂચનાઓ જે તે તપાસસમિતિને અપાતા સૂચનાપત્રમાં ઉમેરી લેવામાં આવે તેવી આ સભા ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૭૫. પ્રો. કે. એચ. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :

"પરીક્ષણ કાર્યનું ધોરણ જળવાય તે માટે—

(૧) પરીક્ષક તરીકે લાયકાત ધરાવતા શિક્ષકોની પૂરતી સંખ્યા પેનલ પર હોય ત્યારે વધુમાં વધુ ૩૦૦ ઉત્તરવહી તપાસવા માટે ફાળવાય તે રીતે પૂરતા પરીક્ષકોની નિમણૂક કરવામાં આવે, અને

(૨) એક પરીક્ષામાં પરીક્ષક—પ્રાશ્નિકને તથા અન્ય રીતે વધુમાં વધુ ૬૦૦ રૂપિયાની વેતનમર્યાદા સ્વીકારવામાં આવે તેવી જોગવાઈ નિયમોમાં કરી લેવામાં આવે તેવી આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૭૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આપણા દેશમાં પ્રવર્તતી નિરક્ષરતા નિવારવા વિદ્યાર્થીઓ મહત્ત્વની કામગીરી બજાવી શકે તે હેતુથી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં સ્નાતકની પદવી મેળવવા ઇચ્છતો વિદ્યાર્થી એસ.એસ.સી. પરીક્ષા પછી કૉલેજમાં પ્રવેશ મેળવે ત્યાર પછી વૅકેશનોમાં અગર તેને અનુકૂળ સમયે ૪૦થી ૫૦ નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરે તેવી કામગીરી ફરજિયાત બનાવવા અને તે અંગે થતા ખર્ચ વગેરેની યોજના ઘડી રાજ્ય સરકાર કે અન્ય રીતે તે જવાબદારી ઉપાડાય અને એન.એસ.એસ.ની યોજના જોડે પણ સાંકળાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ઍકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા લાગતીવળગતી અધિકૃત સત્તાઓને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૭૭. શ્રી. અભિનવ શુક્લે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સફળ સ્નાતકોને ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા તથા નોકરી પ્રાપ્ત કરવા માટે સાનુકૂળ સમયગાળો રહે તે હેતુને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટીની પ્રત્યેક વિદ્યાશાખાની

પદવીની પરીક્ષાનાં પરિણામો બને ત્યાં સુધી અન્ય નીચલી કક્ષાનાં પરિણામો કરતાં વહેલાં જાહેર થાય તેમ કાર્યવાહી આદરવા સેનેટની આ સભા સિન્ડિકેટ તેમ જ અન્ય લાગતાવળગતા અધિકૃત સત્તાધિકારીઓને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એ.ટી.કે.ટી.ની હાલની પદ્ધતિને કારણે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય એમ નથી, એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૭૮. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઉચ્ચ શિક્ષણના એક વિકલ્પ માધ્યમ તરીકે ટેપ રેકર્ડર અને ફિલ્મ ઇત્યાદિ ઑડિયો-વિઝ્યુઅલ સાધનો વિકાસ પામી રહ્યાં છે અને અસરકારક માધ્યમ તરીકે ઉપયોગી બની રહ્યાં છે.

આપણી યુનિવર્સિટી તેમ જ તેની જોડે સંલગ્ન થયેલી કૉલેજોમાં પણ આ સાધનોનો ઉપયોગ શરૂ થાય તેમ જ વિકાસ પામે તે માટે યોજના કરી ઉત્તેજન આપવાનો સમય પાકી ગયો છે એમ આ સભા માને છે અને આ દિશામાં સક્રિય પગલાં લેવા તેમ જ યુ.જી.સી. મારફત આવી યોજનાઓ માટે નાણાકીય સહાય મેળવવા પ્રયત્ન કરવા આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૭૯. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"(અ) શૈક્ષણિક સ્ટાફનાં રહેઠાણ માટે કૉલેજો 'ટીચર્સ હૉસ્ટેલ'ના બાંધકામ માટે પ્રેરાય તે આશયથી યુ.જી.સી.એ પોતાનો ફાળો ૬૬⅔ ટકાથી વધારી ૮૦ ટકા કર્યો છે તેને આ સભા આવકારે છે.

(બ) કૉલેજોને આ યોજનાનો તાત્કાલિક લાભ લેવા આગ્રહભરી વિનંતી કરે છે.

(ક) આ યોજના માત્ર મોટી કૉલેજો માટે યુ.જી.સી.એ મર્યાદિત કરી છે તેથી ગ્રામીણ કૉલેજો તેના લાભથી વંચિત રહી જાય છે. ગ્રામીણ કૉલેજો કદની દૃષ્ટિએ અમુક મર્યાદા અનુભવતી હોય છે તે વિશિષ્ટ સંદર્ભમાં આ યોજનાનો લાભ તેવી કૉલેજો સુધી વિસ્તારવામાં આવે તો વધુ ઉચિત બનશે તેમ આ સભા માને છે.

(ડ) નાની કૉલેજોને પણ યુ.જી.સી. આ હેતુ માટે ૮૦ ટકા ગ્રાન્ટ આપે તે માટે પ્રયત્નશીલ થવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને પ્રયત્નશીલ થવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૦. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કૉલેજોમાં વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનની એક પદ્ધતિ તરીકે હાલ વર્ષમાં ચાર કસોટીઓ (અથવા બે કસોટીઓ અને એક ત્રણ કલાકની પરીક્ષા) લેવાની યોજના અમલમાં છે.

આ યોજનાનો અમલ ચાલુ રહેતાં મોટા કદની કૉલેજોમાં પ્રાધ્યાપકોને વર્ષ દરમિયાન ૨૦૦૦ જેટલી ઉત્તરવહી તપાસવાની જવાબદારી અદા કરવી પડે છે.

પ્રાધ્યાપકોનો ઉત્તરવહીઓની મુલવણી કરવાનો બોજો કંઈક ઓછો થાય તે આશયથી આ કસોટીઓની સંખ્યા ઘટાડવાની દિશામાં સક્રિય રીતે વિચારવા અને યોજના ઘડી કાઢવા આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૧. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી સિન્ડિકેટે યુનિવર્સિટીની પરીક્ષા-સુધારણા સમિતિની ભલામણોના આધારે યુનિવર્સિટીના પ્રશ્નપત્રોમાં બધો જ અભ્યાસક્રમ આવરી લેવાય તે આશયથી માત્ર આંતરિક વિકલ્પવાળા પ્રશ્નપત્રો જ કાઢવાનો જે ઠરાવ કર્યો છે તેને આ સભા આવકારે છે અને તેનો અમલ આ જ વર્ષથી થાય તે માટે પગલાં લેવા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૨. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"વિનયન વિદ્યાશાખામાં સમાજવિદ્યાઓ અને સાહિત્યના અભ્યાસક્રમમાં જે અતિ વિશેષીકરણવાળો 'થ્રી-ઈયર-ડિગ્રી કોર્સ' અમલમાં છે તેનાથી over specialisation and borderlineના વિષયો અંગે અજ્ઞાનના ઉપસ્થિત થવાનો સંભવ ઉપસ્થિત થયો છે. જ્યારે વિનયનનો અભ્યાસ વ્યાપક વિદ્યાર્થી વર્ગ માટે હોય ત્યારે આ પ્રકારના high specialisationનું અભ્યાસ-માળખું અનુચિત બની જાય છે.

એથી આ દિશામાં પુનર્વિચારણાની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે તેમ આ સભા માને છે અને યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને આ બાબતમાં યોગ્ય સુધારાઓ કરવાની બાબતમાં વિચારણા કરવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૩. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સરકાર તરફથી કૉલેજોને મળતી આવર્તક ખર્ચ પેટેની ગ્રાન્ટમાં કૉલેજોની કામગીરી અને તેમના કાર્યની ક્ષમતાને લક્ષમાં લેવામાં આવતી નથી.

કૉલેજોની કામગીરી સુધારવાના આશયથી રાજ્ય સરકારની આવર્તક ગ્રાન્ટની યોજનામાં મેરિટ-ગ્રાન્ટનું તત્ત્વ સામેલ થાય તે અંગે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા રાજ્ય સરકારને આ સભા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું."

૮૪. આચાર્ય બી. એમ. પીરજાદાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં નવાં પગારધોરણો અમલમાં આવતાં, સરકાર આવર્તક ખર્ચની ગ્રાન્ટની યોજનામાં ફેરફાર કરી ગ્રાન્ટના ટકા વધારવા અંગે આ સભા રાજ્ય સરકારને સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા વિનંતી કરે છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો."

૮૫. આચાર્ય ગિરીશ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કેટલીક કૉલેજોમાં વ્યાખ્યાન અને ટ્યુટોરિયલના સમય દરમિયાન પિરિયડમાં પ્રાધ્યાપકો તરફથી વિદ્યાર્થીઓને માત્ર નોટો લખાવવામાં આવે છે તે ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશોની વિરુદ્ધમાં છે અને આ સેનેટ તેની ગંભીર નોંધ લે છે અને લાગતીવળગતી સંસ્થાઓને વિનંતી કરે છે કે આવી પ્રથા બંધ થાય એ માટે ઘટતાં પગલાં લે.

જો વિદ્યાર્થીઓને યોગ્ય પ્રકારની વાચનસામગ્રી (રીડિંગ મટિરિયલ) આપવી જ હોય તો તાસ દરમિયાન નોટ્સ લખાવવાને બદલે પહેલેથી સાઇકલોસ્ટાઈલ કરાયેલી વાચનસામગ્રી આપવી હિતાવહ છે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોનું શિક્ષણકાર્ય સત્ત્વશીલ બને તે ઇષ્ટ છે એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું."

૮૬. આચાર્ય ગિરીશ સી. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"(અ) યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓના પ્રશ્નપત્રોમાં ચીલાચાલુ પ્રાણાલિકાગત અને અપેક્ષિત પ્રશ્નો પૂછવાની પ્રથા, તાસ દરમિયાન નોટ્સ લખાવવાની તેમ જ ગાઈડોનો વ્યાપક ઉપયોગ કરવાની પ્રથા તરફ દોરી જાય છે.

(બ) તાસ દરમિયાન લખાવવાની નોટ્સના અનિષ્ટને બંધ કરવા અથવા ઓછું કરવા માટે પ્રશ્નપત્રોના સ્વરૂપને બદલવું આવશ્યક છે તેમ આ સભા માને છે.

(ક) યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને આ બાબતમાં સક્રિય થઈ પ્રાધ્યાપકોને પ્રશ્નપત્રો કાઢવા અંગે એવી સૂચના આપવા વિનંતી કરે છે કે જેથી પરીક્ષા માટે વિદ્યાર્થીઓને સમગ્ર અભ્યાસક્રમ વાંચવાની અને ગ્રહણ કરવાની ફરજ પડે."

સિન્ડિકેટનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા-પદ્ધતિની સુધારણા અંગેની કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને જાણ કરવી."

નં. સેનેટ/૪૫૧૮૨/૧૯૭૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ફેબ્રુઆરી ૧૧, ૧૯૭૨.
માઘ ૨૨, ૧૮૯૩ (શક)

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

શ્રી. એસ. કે. ઝવેરીના પ્રશ્ન ૬(ધ)નો ઉત્તર

ઓવરટાઇમપત્રક : માર્ચ--એપ્રિલ, ૧૯૭૧

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ કલાક	કુલ રકમ રૂ. પૈ.
૧.	શ્રી. ડી. એમ. ખંડવા	પ્રૂફરીડર	૧૬૩॥	૬૯૨—૬૪
૨.	શ્રી. ડી. ડી. પટેલ	,,	૧૬૧॥	૬૭૮—૯૦
૩.	શ્રી. કે. ડી. દેસાઈ	,,	૧૫૧॥	૬૩૨—૩૯
૪.	શ્રી. બી. કે. પટેલ	જુ. કલાર્ક	૧૩૬	૩૯૯—૫૫
૫.	શ્રી. એસ. એચ. દેસાઈ	,,	૧૦૯॥	૩૪૦—૨૩
૬.	શ્રી. ડી. એ. પટેલ	,,	૧૪૭॥	૩૭૩—૪૨
૭.	શ્રી. કે. બી. ખંડવા	ટાઇપિસ્ટ	૯૨।	૨૨૮—૯૪
૮.	શ્રી. બી. આર. ભાવસાર	કોપીહોલ્ડર	૧૪૯॥	૪૬૦—૮૧
૯.	શ્રી. વી. એલ. દવે	,,	૧॥	૪—૫૩
૧૦.	શ્રી. જે. ડી. પરમાર	,,	૧૫૩	૪૩૬—૭૭
૧૧.	શ્રી. પી. એમ. ગાંધી	લેડકંપોઝીટર	૧૬૩॥	૪૬૩—૪૪
૧૨.	શ્રી. આર. બી. પટેલ	કંપોઝીટર	૧૪૯	૪૨૦—૬૫
૧૩.	શ્રી. કે. એલ. પટેલ	,,	૧૩૬	૩૮૩—૮૭
૧૪.	શ્રી. એલ. એચ. આહુજા	,,	૧૩૬	૩૮૪—૦૦
૧૫.	શ્રી. એન. એસ. સતવારા	,,	૧૫૦॥	૪૨૪—૯૦
૧૬.	શ્રી. જે. કે. પરમાર	જુ. કંપોઝીટર	૧૪૯	૩૬૬—૩૧
૧૭.	શ્રી. બી. પી. ત્રિવેદી	,,	૧૫૦	૩૬૮—૭૭
૧૮.	શ્રી. એસ. વી. ભાવસાર	,,	૧૪૫	૩૬૨—૪૧
૧૯.	શ્રી. યુ. એ. શેખ	,,	૧૪૫	૩૫૬—૪૬
૨૦.	શ્રી. બી. ટી. પરીખ	,,	૧૪૮	૩૭૬—૨૧
૨૧.	શ્રી. વી. એમ. જોશી	,,	૧૩૭	૩૪૨—૩૯
૨૨.	શ્રી. [illegible]ી. એસ. જૈન	,,	૧૫૫	૩૮૭—૪૨

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ કલાક	કુલ રકમ રૂ. પૈ.
૨૩.	શ્રી. એન. એ. મહેતા	જુ. કંપોઝીટર	૧૫૦	૩૬૨—૫૬
૨૪.	શ્રી. એ. સી. આચાર્ય	,,	૧૫૦॥	૩૭૦—૦૦
૨૫.	શ્રી. એચ. એસ. પટેલ	,,	૧૩૮	૩૨૩—૩૭
૨૬.	શ્રી. એમ. જે. આહુજા	,,	૧૪૦॥	૩૨૪—૮૮
૨૭.	શ્રી. ડી. સી. દીક્ષિત	,,	૧૪૯	૩૪૩—૮૮
૨૮.	શ્રી. બી. કે. શાહ	,,	૧૪૧॥	૩૩૨—૦૪
૨૯.	શ્રી. જે. જે. પટેલ	,,	૧૧૦॥	૩૫૨—૬૭
૩૦.	શ્રી. એસ. જી. સતવારા	,,	૧૫૦	૩૪૬—૮૩
૩૧.	શ્રી. એ. એફ. પટેલ	,,	૧૩૨	૩૦૯—૫૪
૩૨.	શ્રી. પી. એચ. પટેલ	,,	૧૪૬॥	૩૩૬—૬૯
૩૩.	શ્રી. જે. ડી. પટેલ	,,	૧૧૪॥	૩૫૨—૬૩
૩૪.	શ્રી. યુ. એમ. દરબાર	,,	૧૪૯॥	૩૪૬—૨૬
૩૫.	શ્રી. એફ. બી. પટેલ	,,	૧૧૪॥	૩૫૨—૩૦
૩૬.	શ્રી. કે. પી. પટેલ	,,	૧૩૯	૩૧૭—૧૬
૩૭.	શ્રી. એમ. એસ. જોશી	,,	૧૩૮	૩૧૪—૯૫
૩૮.	શ્રી. એસ. ટી. મિશ્રા	,,	૧૩૭	૨૯૩—૮૭
૩૯.	શ્રી. કે. એમ. સોલંકી	,,	૧૪૭॥	૩૨૭—૪૭
૪૦.	શ્રી. વી. બી. જોધાણી	,,	૧૪૧	૩૧૩—૪૭
૪૧.	શ્રી. એ. એમ. પટેલ	,,	૧૫૦॥	૨૮૪—૨૬
૪૨.	શ્રી. બી. જી. ભાવસાર	,,	૧૩૮॥	૨૬૧—૪૭
૪૩.	શ્રી. એમ. સી. ખલાસ	,,	૧૫૦	૨૮૩—૦૩
૪૪.	શ્રી. પી. વી. ભાવસાર	ગેલીમેન	૧૧૪॥	૨૦૭—૭૫
૪૫.	શ્રી. બી. બી. ઉપાધ્યાય	,,	૦॥	૦—૮૨
૪૬.	શ્રી. પી. ડી. ભટ્ટ	મશીનમેન	૭૯	૨૩૬—૦૦
૪૭.	શ્રી. બી. વી. માલવણિયા	,,	૮૪॥	૨૧૮—૪૭
૪૮.	શ્રી. આર. એમ. શેલત	,,	૮૧॥	૨૪૩—૪૪
૪૯.	શ્રી. પી. એસ. ગુજર	,,	૧૦૫	૨૮૧—૧૪
૫૦.	શ્રી. સી. વી. પટેલ	,,	૮૭	૨૨૪—૮૯

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ કલાક	કુલ રકમ રૂ. પૈ.
૫૧.	શ્રી. એચ. કે. પટેલ	મશીનમૅન	૯૩॥	૨૨૬—૧૦
૫૨.	શ્રી. પી. આર. તિવારી	,,	૮૩	૧૯૭—૪૧
૫૩.	શ્રી. પી. ડી. પરમાર	,,	૮૯॥	૨૦૪—૮૯
૫૪.	શ્રી. એન. પી. પટેલ	બોલરમૅન	૯૭॥	૧૬૯—૧૪
૫૫.	શ્રી. એસ. એલ. ભટ્ટ	,,	૮૧	૧૪૮—૦૦
૫૬.	શ્રી. એમ. જી. પટેલ	,,	૯૪	૧૫૬—૩૪
૫૭.	શ્રી. એમ. બી. પન્ના	,,	૮૬।	૧૩૮—૧૩
૫૮.	શ્રી. એમ. કે. કદમ	હેડબાઈન્ડર	૯૨	૨૬૯—૩૨
૫૯.	શ્રી. એન. એમ. મકવાણા	આસિ. બાઈન્ડર	૪૪॥	૧૨૭—૭૫
૬૦.	શ્રી. બી. એસ. ચૌધરી	જુ. બાઈન્ડર	૬૦॥	૧૧૬—૯૪
૬૧.	શ્રી. પી. બી. પ્રજાપતિ	,,	૭૩	૧૪૧—૩૧
૬૨.	શ્રી. જી. કે. મોમીન	હેલ્પર	૫૮	૧૧૦—૦૩
૬૩.	શ્રી. આર. એમ. ત્રિવેદી	,,	૧૧૭॥	૨૧૯—૨૯
૬૪.	શ્રી. જે. સી. શાહ	,,	૧૪।	૨૭—૦૦
૬૫.	શ્રી. એમ. બી. ઠાકોર	હેલ્પર	૧૬૯	૩૧૮—૭૨
૬૬.	શ્રી. બી. એ. પીંગુળકર	,,	૬૧॥	૧૧૪—૯૭
૬૭.	શ્રી. એચ. એમ. ચૌહાણ	,,	૬૯	૧૧૪—૬૦
૬૮.	શ્રી. પી. એસ. ઠાકોર	,,	૧૬૩	૨૭૧—૯૬
૬૯.	શ્રી. એ. એ. ચૌહાણ	,,	૫૬	૮૨—૩૭
૭૦.	શ્રી. એન. સી. દીક્ષિત	,,	૬૫	૧૦૬—૦૬
	ટેમ્પરરી સ્ટાફ :			
૭૧.	શ્રી. દશરથલાલ જી. ભાવસાર	ટેમ્પ. બાઈન્ડર	૮૦	૧૪૯—૩૦
૭૨.	શ્રી. આત્મારામ એમ. ઠાકોર	હેલ્પર	૧૬૮	૧૭૯—૧૩
૭૩.	શ્રી. એન. એમ. પટેલ	,,	૧૬૧	૧૭૧—૬૬
૭૪.	શ્રી. જી. સી. આચાર્ય	,,	૧૩૯	૧૪૮—૧૯
૭૫.	શ્રી. આર. સી. તિવારી	,,	૪૫॥	૪૨—૫૨
૭૬.	શ્રી. એસ. જી. ભટ્ટ	ટેમ્પ. મશીન-મદદનીશ	૮૭।	૧૨૮—૦૩
૭૭.	**શ્રી. જી. એમ. પટેલ**	**ટેમ્પ. હેલ્પર**	**૧**	**૦—૯૪**

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ કલાક	કુલ રકમ રૂ. પૈ.
૭૮.	શ્રી. બી. કે. પટેલ	ટેમ્પ. હેલ્પર	૭૯॥	૭૪—૪૬
૭૯.	શ્રી. ડી. આર. પ્રજાપતિ	,,	૦॥	૦—૪૭
૮૦.	શ્રી. વી. સી. જાડાવાલા	,,	૩૪॥	૩૨—૨૩
૮૧.	શ્રી. એમ. એસ. ઠાકોર	,,	૬૮॥	૬૩—૯૪
૮૨.	શ્રી. સી. એન. પટેલ	,,	૦॥	૦—૭૪
૮૩.	શ્રી. બી. આર. પટેલ	,,	૦॥	૦—૭૪
૮૪.	શ્રી. બી. સી. પટેલ	ટેમ્પ. કૉપીહોલ્ડર	૮૨॥	૧૩૨—૦૦
૮૫.	શ્રી. સી. એસ. પટેલ	,,	૧૪૭॥	૨૩૬—૦૦
૮૬.	શ્રી. આર. કે. જાની	,,	૧૫૬।	૨૫૦—૦૦
૮૭.	શ્રી. એચ. આર. મલેતા	,,	૦॥	૦—૮૦
૮૮.	શ્રી. આર. બી. પટેલ	ટેમ્પ. કંપોઝીટર	૩	૪—૮૦
૮૯.	શ્રી. જે. કે. પારેખ	,,	૨૮	૪૪—૮૦
૯૦.	શ્રી. બી. કે. પટેલ	,,	૧૮	૨૮—૮૦
૯૧.	શ્રી. પી. જી. પટેલ	,,	૨૧	૩૩—૬૦
૯૨.	શ્રી. વી. કે. પટેલ	,,	૦॥	૦—૮૦
૯૩.	શ્રી. વી. એમ. પટેલ	,,	૬॥	૧૦—૪૦
૯૪.	શ્રી. એલ. બી. ચાવડા	,,	૧૦॥	૧૬—૮૦
૯૫.	શ્રી. આર. કે. પટેલ	,,	૬	૯—૬૦
૯૬.	શ્રી. આર. ડી. પટેલ	,,	૦॥	૦—૮૦
૯૭.	શ્રી. કે. એ. પટેલ	,,	૨૫	૪૦—૦૦
૯૮.	શ્રી. બી. જી. પટેલ	,,	૩।	૫—૨૦
૯૯.	શ્રી. પી. એમ. વાઘેલા	,,	૨૪॥	૩૯—૨૦
૧૦૦.	શ્રી. એચ. એસ. પંડ્યા	,,	૦॥	૦—૮૦
૧૦૧.	શ્રી. ડી. આર. જાની	ટેમ્પ. મોનો-ઓપરેટર	૧	૨—૬૬
૧૦૨	શ્રી. બી. બી. ચૌહાણ	ટેમ્પ. મોનો-કાસ્ટર	૦॥	૦—૯૩

પરિશિષ્ટ "ખ"

આચાર્ય બી. આર. પટેલના પ્રશ્ન ૭નો ઉત્તર

યુનિવર્સિટી કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી નીચે દર્શાવી છે :

ક્રમાંક	કૉલેજનું નામ	પ્રૉ. ફંડ બાકી હોય તેવી વ્યકિતનું નામ	નીકળતી રકમ રૂ. પૈસા	હજી સુધી એ રકમ ન ચૂકવવાનું કારણ	કયારે ચૂકવાશે	યુનિવર્સિટીએ એ અંગે કરેલ કાર્યવાહી
(૧)	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટયૂટ, નડિયાદ	૧. પ્રા. સી. બી. દવે ૨. શ્રીમતી કે. વી. માથુર	૩૯૧૮–૭૭ ૨૨૬૬–૮૪	પુસ્તકો બાકી હોવાથી અરજી નહિ આવવાથી	પુસ્તકો આવ્યેથી અરજી આવ્યેથી	—
(૨)	શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	શ્રી. કે. આર. જોષી	૬૭૨–૦૦	ઉઘરાણી નહિ આવવાથી તથા તેઓ કયાં છે તેની માહિતી નહિ હોવાથી	કયાં છે તેની જાણ થયેથી તુરત	—
(૩)	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	શ્રી. જી. એલ. ઉપાધ્યાય	૩૪૯૦–૪૦	'નોટિસ પે'ના આકારે તથા કૉલેજના બાકીના હિસાબો	હિસાબો ચૂકવ્યેથી	—
(૪)	શ્રીમતી આર. ડી. શાહ ઍન્ડ શ્રીમતી વાય. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	૧. પ્રો. જે. એમ. પટેલ ૨. શ્રી. આર. જી. ભોજક	૧૯૬૮–૯૯ ૧૪૬૫–૫૦	— —	ચાલુ માસમાં "	—
(૫)	શ્રી. એસ. એન. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	૧. ડૉ. ટી. પી. ચિતાનંદ ૨. શ્રી. કે. એન. રાવળ	— —	— —	પ્રૉવિડંટ ફંડના ટ્રસ્ટીઓની સભામાં મંજૂર થયેથી	—

ક્રમાંક	કૉલેજનું નામ	પ્રો. ફંડ બાકી લોય તેવી વ્યકિતનું નામ	નીકળતી રકમ રૂ. પૈસા	હજી સુધી એ રકમ ન ચૂકવવાનું કારણ	કયારે ચૂકવાશે	યુનિવર્સિટી એ અંગે કરેલ કાર્યવાહી
(૬)	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	શ્રી. એમ. જે. પટેલ	૨૮૫૦--૦૦	N.C.C. તથા લાઈબ્રેરી અંગેનું સર્ટિફિકેટ રજૂ કર્યું નથી	ટૂંક સમયમાં	—
૭)	ધર્મસિહ દેસાઈ ઈન્સ્ટિ-ટ્યૂટ, નડિયાદ	૧. ડૉ. ટી. એન. મહેતા	૨૧૯૧--૬૬	હિસાબ ખતવવાના બાકી હતા	નજીકના ભવિષ્યમાં	—
		૨. શ્રી. એન. ડી. ઠક્કર	૪૭૬--૧૪	,,	,,	—
		૩. શ્રી. જે. ડી. ધીમર	૨૦--૮૩	,,	,,	—
		૪. શ્રી. બી. નારાયણદાસ	૫૫૩--૧૮	,,	,,	—
		૫. શ્રી. આર. એન. શર્મા	૧૭૩--૦૮	,,	,,	—
		૬. શ્રી. કે. બી. લાખિયા	૧૬--૮૦	,,	,,	—

પરિશિષ્ટ "ગ"

આચાર્ય બી. આર. પટેલના પ્રશ્ન ૯(ક)નો ઉત્તર

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળ

૪૯, પ્રોફેસર્સ કોલોની,
નવરંગપુરા, અમદાવાદ--૯.
તા. ૧૩--૪--૧૯૭૦.

ટે. નં. ૭૮૯૧૦

આવેદનપત્ર

પ્રતિ :
માનનીય શ્રી. શ્રીમન્નારાયણજી,
રાજ્યપાલશ્રી અને કુલાધિપતિશ્રી,
ગુજરાત, સૌરાષ્ટ્ર અને સરદાર પટેલ યુનિવર્સિટી,
રાજભવન, શાહીબાગ, અમદાવાદ--૪.

માનનીયશ્રી,

આપના સચિવ તરફથી મહામંડળને પાઠવવામાં આવેલ પત્રાંક જી.એસ. ૧૦--૧૬૩૦--૭૦, તા. ૯-૪-૧૯૭૦ બદલ મહામંડળ આપનું આભારી છે.

અમારા કેટલાક અગત્યના સવાલો આપની સમક્ષ રજૂ કરવા આપની મુલાકાત માગેલી જે આપશ્રીના સચિવશ્રીએ આજે આપી છે તે બદલ મહામંડળ વતી અમો આપના આભારી છીએ.

ગઈ કાલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે મહામંડળનું પ્રથમ સંમેલન મળી ગયું અને મહામંડળ વિધિસર રીતે અસ્તિત્વમાં આવ્યું છે અને તેણે તેનું કાર્ય શરૂ કર્યું છે.

૧. સરખાં પગારધોરણો આપો.

ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં તેમ જ તેની સાથે સંકળાયેલી કૉલેજોમાં કામનો પ્રકાર એક જ છે; પરંતુ કર્મચારીઓનાં પગારધોરણો જુદાં જુદાં છે. દેશના બંધારણે બક્ષેલા સિદ્ધાંત "સરખું કામ સરખો પગાર"નો અમલ યુનિવર્સિટી સત્તામંડળો તેમ જ કૉલેજ સંચાલકમંડળો કરતાં નથી. દરેક જગ્યાએ પગાર-ધોરણો સુધારવાના અવાજો ઊઠી રહ્યા છે અને પગારધોરણો સુધરી પણ રહ્યાં છે. અમો અમારાં પગારધોરણો સુધરે તે અંગે અમારો અવાજ રજૂ કરી રહ્યા છીએ. પરંતુ અમારા પ્રત્યે જાણે કે અજાણે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. દરેક યોજનાએ શિક્ષકોનાં પગારધોરણો સુધરે તે વખતે સરકાર અને યુનિવર્સિટી તથા કૉલેજ સંચાલકમંડળો પાસે પૈસા આવે છે. અને જ્યારે યુનિવર્સિટી અને કૉલેજના હાથપગ જેવા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પગાર સુધારવાની માંગ થાય છે ત્યારે સરકાર કે યુનિવર્સિટી કૉલેજો પાસે પૈસા નથી હોતા. યુનિવર્સિટી અને કૉલેજ સત્તામંડળો મનફાવતાં પગારધોરણો નક્કી કરી અમલમાં મૂકે છે, અને આમાં રાજ્યમાં કયાંય એકસૂત્રતા નથી. યુનિવર્સિટી સત્તામંડળો તેમ જ કૉલેજ સંચાલકો અમારી માંગો પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યાં હોવાથી અમારે નાછૂટકે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તથા કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહામંડળ રચી સરકારશ્રી સમક્ષ ધા નાખવાની ફરજ પડી છે.

અમારી પગાર સુધારવાની માંગને સમજીને યોગ્ય અને ન્યાયી રીતે નિકાલ કરે તેવી અમારા ક્ષેત્રમાં હિત નહિ ધરાવનાર કોઈપણ નિષ્પક્ષ વ્યક્તિને અમારા પગારસુધારા પંચ તરીકે નીમી અમારા પગારો તાત્કાલિક સુધારો અને પ્રથમ તબક્કે ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં હાલનાં જે પગારધોરણો છે તેમાં ૨૦ ટકાનો વધારો કરી રાજ્યની બધી જ યુનિવર્સિટીઓનાં સત્તામંડળો તેમ જ કૉલેજ સંચાલકો તેનો અમલ કરે તેવો સરકારશ્રીએ પ્રબંધ કરવો જોઈએ.

૨. મોંઘવારીને મૂળ પગાર સાથે ભેળવો.

રાજ્યની યુનિવર્સિટીઓના તેમ જ કૉલેજના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની માગણી છે કે જેમ કેન્દ્ર તેમ જ રાજ્ય સરકારે મોંઘવારી મૂળ પગાર સાથે ભેળવી છે અને તેનો અમલ કૉર્પોરેશનો, પંચાયતો અને બોર્ડોએ કર્યો છે તેમ અમોને મળતી મોંઘવારી મૂળ પગાર સાથે ભેળવી આપો. લગભગ દરેક મહિને મળતી રાજ્યોની યુનિવર્સિટીઓના માનનીય કુલપતિશ્રીઓની બેઠકમાં પણ આ અંગે કેટલાક મહિનાઓ અગાઉ ઠરાવ કરી નિર્ણય લેવાઈ ચૂકયો છે. એ ઠરાવ રાજ્ય સરકાર અને યુનિવર્સિટી સત્તામંડળો સમક્ષ પણ પડેલો છે, છતાં કોઈ પણ યુનિવર્સિટીઓમાં તેનો અમલ થયો નથી અને કર્મચારીઓને આ રીતે આર્થિક નુકસાનમાં ઉતારી રહ્યા છે. કૉલેજના કર્મચારીઓને પણ મોંઘવારી મૂળ પગારમાં ભેળવી આપવી જોઈએ, અને સરકારે આ માટે યોગ્ય ગ્રાન્ટ તાકીદે આપવી જોઈએ. ટૂંકમાં યુનિવર્સિટી તેમ જ કૉલેજોના કર્મચારીઓના ઉપરોકત પ્રાણપ્રશ્નો પ્રત્યે સરકારશ્રીએ જે કાંઈ ભાગ ભજવવાનો છે તે ભજવવા અમારી નમ્ર વિનંતી છે. યુનિવર્સિટી તથા કૉલેજોના કર્મચારીઓને ઉપરોકત માગણીઓ સ્વીકારવામાં જેટલી ઢીલ થશે તેટલું આર્થિક નુકસાન આ કાળઝાળ મોંઘવારીમાં વેઠવું પડશે. તેથી અમો સરકારશ્રીને વિનંતી કરીએ છીએ કે ઉપરોકત પ્રશ્નો ઉકેલવા તાકીદે ઘટતું કરે.

૩. કર્મચારીઓને રહેઠાણની સગવડ પૂરી પાડો.

યુનિવર્સિટી તથા કૉલેજોના કર્મચારીઓને તેમને લાયક રહેવા માટે રહેઠાણો હાલમાં સંખ્યાના પ્રમાણમાં દરેક સંસ્થાઓ પાસે પૂરતાં નથી, તેથી શહેરમાં ભાડાના મકાનમાં રહેતા કર્મચારીઓના પગારની મોટા ભાગની રકમ ભાડામાં ભરી કર્મચારીઓની કેડો તૂટી રહી છે. તેથી અમે વિનંતી કરીએ છીએ કે કર્મચારી ઓછા ભાડે રહી શકે તે માટે યુનિવર્સિટી તથા કૉલેજોને સરકારે લોન આપવી જોઈએ, જેથી યુનિવર્સિટી તથા કૉલેજ સંચાલકમંડળો તેમને લાયક અને જરૂરી રહેઠાણ બાંધી શકે.

૪. તબીબી તથા શૈક્ષણિક સહાય

યુનિવર્સિટી તથા કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને તથા તેમનાં કુટુંબીજનોને ફકત તબીબી સહાય તથા તેમનાં બાળકોને શૈક્ષણિક સહાય યુનિવર્સિટીનાં તથા કૉલેજોનાં સંચાલકમંડળોઅ આપવી જોઈએ અને આ બાબતમાં સરકારશ્રીએ ઘટતું કરવું જોઈએ.

૫. અમારા "મંડળ" તથા "મહામંડળ"ને માન્યતા આપાવો.

સહકારની ભાવના કેળવવા, લડતો નિવારવા, ગેરસમજનું વાતાવરણ દૂર કરવા તેમ જ યોગ્ય રાહે ન્યાય મેળવવા આ મહામંડળ સ્થાપ્યું છે. રાજ્ય સરકારે જેમ તેમના કર્મચારી મહામંડળને માન્યતા આપી છે તેમ આ મહામંડળને રાજ્ય કક્ષાએ માન્યતા આપવી જોઈએ. યુનિવર્સિટી તથા કૉલેજોના સંચાલકોએ તેમના કર્મચારીઓનાં મંડળોને પણ માન્યતા આપવી જોઈએ કે જેથી કોઈ પણ સવાલોનો ઉકેલ એક ટેબલ પર બેસીને સફળતાથી લાવી શકાય, અને તેથી યુનિવર્સિટી તથા કૉલેજોના સરળ વહીવટમાં લડતનું વાતાવરણ ઊભું થતું રોકી શકાય. તે માટે મહામંડળને રાજ્ય કક્ષાએ અને રાજ્ય સરકારની જેમ જે તે મંડળોને તથા મહામંડળને યુનિવર્સિટી તેમ જ કૉલેજ સંચાલકો માન્યતા આપે તે માટે ઘટતું કરવા અમે સરકારશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ અને આ બાબતમાં રાજ્ય સરકાર ઘટતું દબાણ યુનિવર્સિટીઓ તથા કૉલેજ સંચાલકમંડળોને કરે તેવી માગણી પણ કરીએ છીએ.

૬. સેનેટ-સિન્ડિકેટમાં પ્રતિનિધિત્વ આપો.

યુનિવર્સિટીનાં મુખ્ય અંગો સેનેટ અને સિન્ડિકેટમાં અમો પ્રતિનિધિત્વ માગીએ છીએ. વિદ્યાર્થીઓને એનું સ્થાન આપવાની વિચારણા ચાલી રહી છે. શહેરના ડૉકટરો, વકીલો, ઉદ્યોગપતિઓ, માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને મજદૂર સંઘોના પ્રતિનિધિઓને સેનેટમાં પ્રતિનિધિત્વ મળતું હોય તો યુનિવર્સિટી

બિનશૈક્ષણિક કર્મચારીઓને શા માટે તે ન મળે તે અમને સમજાતું નથી. "વર્કસ પાર્ટિસિપેશન ઑન મૅનેજમેન્ટ"નો સિદ્ધાંત વીસમી સદીના કર્મચારીઓ માટે સુવર્ણ હક્ક છે એ રૂએ અમે પ્રતિનિધિત્વ માગીએ છીએ.

૭. ઓવરટાઇમ

યુનિવર્સિટી તેમ જ કૉલેજોના કાર્યાલયના સમય પહેલાં કે પછી કામ કરવા માટે બારે માસ યુનિવર્સિટીઓના તથા કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને ઓછામાં ઓછા કલાકે રૂ. ૨-૦૦ આપવા જોઈએ તથા તેનો અમલ કૉલેજો તથા યુનિવર્સિટીઓમાં થાય તે ખાસ જોવા અમારી નમ્ર વિનંતી છે.

૮. શ્રી. ડોંગરેકરી કમિશનના કાર્યક્ષેત્રમાં અમારો સમાવેશ કરો.

ગુજરાત રાજ્ય સરકારે શ્રી. ડોંગરેકરીના અધ્યક્ષપણા હેઠળ યુનિવર્સિટી પુનર્રચના પંચ નીમ્યું છે તેને મહામંડળ આવકારે છે. આ પંચના કાર્યક્ષેત્રમાં રાજ્યની યુનિવર્સિટીઓનાં બંધારણ, કાર્યપ્રણાલી તથા અધિકારીઓના પગાર અને સત્તાઓ અંગે ફરી વિચારણા કરી પંચે તેની ભલામણો રાજ્ય સરકારને ૬ માસમાં સુપરત કરવાની છે, ત્યાર બાદ સરકાર યુનિવર્સિટીઓના ધારાઓમાં યોગ્ય સુધારાઓ કરશે. તા. ૩-૨-૧૯૭૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી ગોરધનદાસ ચોખાવાલા સાહેબને મહામંડળનું પ્રતિનિધિમંડળ મળ્યું હતું અને આવેદનપત્ર આપ્યું હતું. રાજ્યની યુનિવર્સિટીઓના તથા કૉલેજોના કર્મચારીઓનું કામ એક જ પ્રકારનું હોવા છતાં પગારધોરણો જુદાં જુદાં છે તો બંધારણના સિદ્ધાંત "સરખું કામ સરખા પગાર"ના આધારે યુનિવર્સિટી અને કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણો સરખાં કરવાં અને પ્રથમ તબક્કે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના હાલમાં જે પગારો છે તેમાં ૨૦ ટકાનો વધારો કરી પગારધોરણોમાં ફેરફાર કરવા રાજ્ય સરકાર પાસે એક પંચની માગણી કરવામાં આવેલી હોવા છતાં સરકારે શ્રી. ડોંગરેકરી પંચના કાર્યક્ષેત્રમાં ફક્ત યુનિવર્સિટીના અધિકારીઓનાં પગારધોરણોની જ ભલામણ કરવાનું સમાવેલું છે, જેથી મહામંડળ રાજ્ય સરકારને ફરીથી વિનંતી કરે છે કે તેમણે જે પંચ નીમ્યું છે તેના કાર્યક્ષેત્રમાં યુનિવર્સિટીઓ અને કૉલેજોના વહીવટી કર્મચારીઓનાં પગારધોરણો નક્કી કરવાનું કાર્ય તાકીદે સમાવી લેવું જોઈએ અને અમારી આ માગણી અંગે રાજ્ય સરકાર તાકીદે સહાનુભૂતિપૂર્વક વિચારશે એવી અમે રાજ્ય સરકારશ્રીને ફરીથી વિનંતી કરીએ છીએ.

અમારી ઉપરોક્ત તમામ માગણીઓ અંગે આપશ્રી યોગ્ય નિર્ણય લઈ તેનો અમલ રાજ્યની યુનિવર્સિટીઓમાં તથા કૉલેજોમાં કરાવશો એવી આપની પાસે આશા રાખીએ છીએ.

આપશ્રીએ આપના અમૂલ્ય સમયમાંથી જે થોડો સમય અમોને શાંતિથી અને ધીરજથી અને સહાનુભૂતિપૂર્વક સાંભળ્યા છે તે બદલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તથા કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓના મહામંડળ વતી આપનો હૃદયપૂર્વક આભાર માનું છું અને અમારી ઉપરોક્ત માગણીઓ અંગે આપશ્રી વહેલી તકે ઘટતું કરશો તેવી આશા રાખું છું.

આભાર સહ,

લિ. આપનો વિશ્વાસુ,

શરદભાઈ એમ. પટેલ

મહામંત્રી,

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળ.

પરિશિષ્ટ

પ્રા. બબાભાઈ પટેલના પ્રશ્ન ક્રમાંક ૧

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય	વર્ગમાં દાખલ થયેલાની સંખ્યા ૧૯૬૮--૬૯ બપોરના વર્ગની સંખ્યા	૧૯૬૮--૬૯ સાંજના વર્ગની સંખ્યા	૧૯૬૯--૭૦ બપોરના વર્ગની સંખ્યા	૧૯૬૯--૭૦ સાંજના વર્ગની સંખ્યા	૧૯૭૦--૭૧ બપોરના વર્ગની સંખ્યા	૧૯૭૦--૭૧ સાંજના વર્ગની સંખ્યા	પરીક્ષા કેટલા બેઠા
૧	૨		૩	૪	૫	૬	૭	૮	૯
૧.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	એલએલ.એમ. ગ્રુપ ૧	૩૨	—	૩૬	—	૫૦	—	૮
૨.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ ગ્રુપ 'બી'(એ)	૭૭	—	૧૦૭	—	૧૦૭	—	જૂનો કોર્સ ૩૧
		સ્ટેટિસ્ટિકસ	૨	—	૩	—	૧	—	
		ગ્રુપ 'બી' (ડી.ઈ.)	૩	—	—	—	—	—	નવો કોર્સ ૫૪
		ગ્રુપ 'બી' (ઈ.જી.)	—	—	૧	—	૨	—	
		ગ્રુપ 'બી' (ડી.જી.)	—	—	—	—	૨	—	
૩.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	ફાર્મસીના વિષયો	૧૬	—	૨૧	—	૧૬	—	એપ્રિલ ૬૮ : ૧૧ ઑકટો. ૬૮ : ૭
૪.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ ગ્રુપ 'બી' (એ)	૨૪૩	—	૧૦૫	—	૧૦૪	—	એમ.કૉમ. ૨૮ જૂનો કોર્સ
		સ્ટેટિસ્ટિકસ	૨	—	૩	—	૩	—	
		ગ્રુપ 'બી' (ઈ.જી.)	૫	—	૫	—	૩	—	એમ.કૉમ. ૧૦૦ નવો કોર્સ
		ગ્રુપ 'બી' (એફ.જી.)	૧	—	—	—	—	—	
૫.	એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ ગ્રુપ 'બી' (એ)	—	—	—	—	૧૦૯	—	

"

ો કાર્યાલયને ઉપલબ્ધ થયેલી માહિતી

				પરીક્ષાનું પરિણામ							
૧૯૬૮--૬૯				૧૯૬૯--૭૦				૧૯૭૦--૭૧			
કેટલા પાસ થયા				પરીક્ષામાં કેટલા પાસ થયા				પરીક્ષામાં કેટલા પાસ થયા			
પ્રથમ વર્ગ	દ્વિતીય વર્ગ	પાસ વર્ગ		કેટલા બેઠા	પ્રથમ વર્ગ	દ્વિતીય વર્ગ	તૃતીય વર્ગ	કેટલા બેઠા	પ્રથમ વર્ગ	દ્વિતીય વર્ગ	તૃતીય વર્ગ
૧૧	૧૨			૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૬	—			૫	—	૨	—	૧૪	૧	૧૧	—
૧૦	—			—	—	—	—	—	—	—	—
૨૪	—			૪૦	—	૧૦	—	૪૪	૬	૨૯	
૧	૪	૧	એપ્રિલ ૬૯ : ૧૦	૧	૬	—	એપ્રિલ ૭૦ : ૭	—	૪	—	
૧	૧	૧	ઑક્ટો. ૬૯ : ૬	૧	૨	૧	ઑક્ટો. ૭૦ : ૧૦	—	૬	૨	
૧૦	—			—	—	—	—	—	—	—	—
૪૩	—			૧૦૮		૧૩	—	૯૩	—	૫	૬૩

ન્ટર વર્ષ ૧૯૭૦થી આવ્યું હોવાથી પરીક્ષાનું પરિણામ આપવાનું રહેતું નથી.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૬. એમ. એન. સાયન્સ	એન્ટા. અંગ્રેજી	૩૩	—	૨૨	—	—	—	એમ.એ. ૨
એન્ડ પી. કે. કોટાવાલા	અંગ્રેજી—સંસ્કૃત	૩	—	૨	—	—	—	
આર્ટ્સ કૉલેજ, પાટણ	અંગ્રેજી—હિન્દી	૨	—	—	—	—	—	
	અંગ્રેજી—ગુજરાતી	૫	—	૨	—	—	—	
	અંગ્રેજી—પ્રાકૃત	૪	—	૧	—	—	—	
	સંસ્કૃત—ગુજરાતી	૬	—	૧	—	૬	—	
	સંસ્કૃત—પ્રાકૃત	૬	—	૫	—	૮	—	
	સંસ્કૃત—હિન્દી	૨	—	૧	—	૩	—	
	સંસ્કૃત—અંગ્રેજી	૧	—	—	—	—	—	
	સાયકોલોજી	૯	—	૪	—	૮	—	
	ગણિતશાસ્ત્ર જૂથ 'એ'	૧૦	—	૯	—	—	—	એમ.એસસી.
	ફિઝિકસ	૧૦	—	૧૦	—	૯	—	
૭. યુ. પી. આર્ટ્સ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ	કેમિસ્ટ્રી	૨૦	—	૨૨	—	૨૪	—	૧૨
૮. સેઠી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	કૉસ્ટિંગ ગ્રુપ 'બી'—'એ'	૫૬	—	૧૮	—	૩૩	—	૪૦
૯. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી—હિન્દી	—	—	—	—	૧૫	—	
૧૦. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ	એજ્યુ. ગ્રુપ 'એ'	—	—	૬	—	૧૦	—	—

જાન ૧૯૬૯થી સેન્ટર આવ્યું.

૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧૦	—	૧૬	—	૬	—	૧૨	—	૪	૬
૧	—	૬	—	૪	—	૧	—	૧	—
૯	—	૭	—	૫	—	૯	—	૨	૨
—	૧૦	૩૭	—	૨	૬	૪૬	—	—	૧૭

ન્દ્ર વર્ષ ૧૯૭૦થી આવ્યું હોવાથી પરીક્ષાનું પરિણામ આપવાનું રહેતું નથી.

—	—	—	—	—	—	૫	—	૪	—

૧	૨	૩	૪	૫	૬	૭	૮	
૧૧. સી. બી. પટેલ આર્ટ્સ	ગુજરાતી—અંગ્રેજી	૪	—	૬	—	૭	—	એમ.એ.
ઈન્સ્ટિટચૂટ, નડિયાદ	ગુજરાતી—હિન્દી	૨૫	—	૨૧	—	૮	—	(જૂનો)
	ગુજરાતી—સંસ્કૃત	૧૮	—	૧૨	—	૧૧	—	
	હિન્દી—અંગ્રેજી	૧૦	—	૩	—	૨	—	
	હિન્દી—ગુજરાતી	૧૭	—	૧૩	—	૧૨	—	એમ.એ.
	હિન્દી—સંસ્કૃત	૧૬	—	૯	—	૯	—	(નવો)
	ઈકોનો. સોશ્યો. ગ્રુપ 'સી'	ઈ-૮૫	—	૬૧	—	૩૦	—	
૧૨. આઈ. વી. પટેલ કૉલેજ	કૉસ્ટિંગ ગ્રુપ 'બી'(એ)	૬૪	—	૬૭	—	૧૨	—	
ઑફ કૉમર્સ, નડિયાદ	ગ્રુપ 'બી' (ઈ-જી.)	૪	—	—	—	—	—	
૧૩. બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુ., ખંભાત	એજ્યુ. ગ્રુપ 'બી'	—	—	૯	—	૧૧	—	
૧૪. પી. બી. સાયન્સ અને	ગુજરાતી—સંસ્કૃત	૧૦	—	સેન્ટર બંધ થયું છે.			—	
એસ. કે. શાહ આર્ટ્સ	ગુજરાતી—હિન્દી	૨	—	,,				
કૉલેજ, કપડવંજ	કેમિસ્ટ્રી	૨૫	—	૨૫	—	૨૫	—	
૧૫. આર્ટ્સ અને સાયન્સ	ફિઝિક્સ—કેમિસ્ટ્રી	૯	—	૧૪	—	૧૯	—	
કૉલેજ, ભાદરણ	કેમિસ્ટ્રી	—	—	૧૧	—	૧૧	—	
૧૬. આર. કે. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પેટલાદ	કેમિસ્ટ્રી	—	—	૨૦		૨૯	—	
૧૭. આર્ટ્સ અને કૉમર્સ	ગુજરાતી—હિન્દી	—	—	—	—	૮	—	
કૉલેજ, બોરસદ	ગુજરાતી—સંસ્કૃત	—	—	—	—	૧૩	—	
૧૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	એજ્યુ. ગ્રુપ 'બી'	—	—	—	—	૬	—	

૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
—	૧૧	—	—	—	—	—	—	—	—	—
—	—	—	૮૭	—	૨૪	—	૮૦	—	૯	૫૬
—	૯	—	૬૩	—	૧૧	—	૬૮	—	૧	૩૫
—	—	—	—	—	—	—	૯	—	૪	—
—	—	—	—	—	—	—	—	—	—	—
૨	૯	—	૬	૧	૪	—	૪	—	૪	—
—	—	—	૯	૧	૫	—	૧૧	૨	૬	—
—	—	—	—	—	—	—	૩૦	—	૧	૭

સેન્ટર વર્ષ ૧૯૭૦થી આવ્યું હોવાથી પરીક્ષાનું પરિણામ આપવાનું રહેતું નથી.

સેન્ટર વર્ષ ૧૯૭૦થી આવ્યું હોવાથી પરીક્ષાનું પરિણામ આપવાનું રહેતું નથી.

૧	૨		૩	૪	૫	૬	૭	૮		૯
૧૯.	પી. ટી. સાયન્સ કૉલેજ,	કેમિસ્ટ્રી	૨૫	—	૨૫	—	૨૭	—		—
	મોડાસા	મેથ્સ.	૧૭	—	૧૨	—	૯	—		૪
૨૦.	શેઠ એચ. પી. આર્ટ્સ	ગુજરાતી—અંગ્રેજી	૨	–	૪	—	૨	—	}	૧૧
	કૉલેજ, તલોદ	ગુજરાતી—અંગ્રેજી	૧૨	–	૧૩	—	૧૦	—		
		ગુજરાતી—સંસ્કૃત	૬	—	૧૨	—	૮	—		
૨૧.	પી. ટી. આર્ટ્સ અને	કેમિસ્ટ્રી	૨૦	—	૩૬	—	૪૨	—		૯
	સાયન્સ કૉલેજ, ગોધરા	ઇતિહાસ—અર્થશાસ્ત્ર	—	—	—	—	૩૦	—		—
		જૂથ 'એ'—'સી'								
૨૨.	નવજીવન આર્ટ્સ અને	ગુજરાતી—હિન્દી	—	—	૧૬	—	૪	—	}	—
	કૉમર્સ કૉલેજ, દાહોદ	ગુજરાતી—સંસ્કૃત	—	—	૧૮	—	૧૦	—		
		કૉસ્ટિંગ ગ્રુપ 'બી'(એ)	—	—	૧૨	—	૨૦	—		—
૨૩.	સમાજવિદ્યા ભવન,	એન્ટા.હિસ્ટરી.એ-બી	૩૪	—	૨૬	—	૧૭	૧૭		એમ.એ. ૧૯૭૦ (જૂનો)
	અમદાવાદ—૯.	હિસ્ટરી—સોશ્યો.એ-ઈ	૮	૩૨	૧૪	૨૪	૩	૬		
		હિસ્ટરી—પોલિટિકસ	૪	૨૧	૭	૧૩	૧	૩		
		એન્ટા.ઇકોનો.સી-ડી	૧૩૫	૧૦૭	૧૧૨	૮૭	૯૯	૪૧		
		ઇકોનો.-સોશ્યો.સી-ઈ	—	૫૦	—	૨૪	—	૩		એમ.એ. ૧૯૭૨ (નવો)
		ઇકોનો.-પોલિટિ.સી-જી	—	૧૬	—	૧૩	—	૧		
		અન્ટા.સોશ્યો.ઈ-એફ	૨૪	—	૩૯	—	૩૮	૧૧		
		સોશ્યો.પોલિટિ.ઈ-જી	૪	૮	૨	૬	૨	૨		
		એન્ટા.પોલિટિ.જી-એચ	૨૫	—	૧૬	—	૧૪	—		
		એમ.અથ.ડબ્લ્યુ.	—	—	૨૪	—	૧૬	—		—

૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
—	—	—	૧૯	—	૧૦	—	૯	—	૮	૧
૧	૧	—	૫	—	૧	—	૩	—	—	—
—	૪	—	૮	—	૨	—	૫	—	—	૩
૧	૮	—	૮	—	૮	—	૧૫	—	૧૩	૧
—	—	—	—	—	—	—	—	—	—	—
—	—	—	—	—	—		૫	—	—	૨
—	—	—	—	—	—	—	—	—	—	—
—	૨૫	—	—	—	—	—	—	—	—	—
—	૧૦૦	—	૨૧૦	—	૧૧૧	—	૨૦૩	૧	૭૬	૧૦૯

૧	૨		૩	૪	૫	૬	૭	૮	૯
૨૪.	મનોવિજ્ઞાન ભવન,	એન્ટા.સાયકોલોજી	૨૧	૧૯	૩૦	૧૮	૨૯	૨૦	૧૭
	અમદાવાદ—૯.	એન્ટા.ફિલોસોફી	૧૧	—	૧૦	—	૧૦	—	૧૦
		એજ્યુ.ગ્રુપ 'એ'	૭	—	—	—	૨	—	
		,, ,, 'બી'	૨	—	૧૨	—	૧૦	—	એમ.એડ. ૫
		,, ,, 'સી'	૧	—	૧	—	—	—	(જૂનો)
		,, ,, 'ડી'	૬	—	—	—	—	—	
		,, ,, 'જી'	૪	—	૧૨	—	૫	—	એમ.એડ. ૧૯
		,, ,, 'એચ'	—	—	૬	—	૮	—	(નવો)
૨૫.	જે. એન્ડ જે. કૉલેજ	કેમિસ્ટ્રી	૫૯	—	૬૫	—	૬૫	—	૬૨
	ઑફ સાયન્સ, નડિયાદ	ફિઝિક્સ	૩૦	—	૨૫	—	૨૬	—	
		મૅથેમેટિક્સ	૨૭	—	૨૯	—	૩૧	—	

૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨	૧૧	—	૨૬	—	૨૨	—	૩૪	૧	૧૮	૧૩
—	૭	—	૭	૨	૩	—	૧૨	૧	૯	—
—	૩	—	૯	—	૭	—	૪	—	૩	—
—	૮	—	૨૨	—	૧૧	—	૨૫	૧	૧૬	—
૨	૪૦	—	૮૪	—	૫૧	—	૭૯	—	૪૮	૮

પરિશિષ્ટ "ચ"

પ્રા. બબાભાઈ પટેલના પ્રશ્ન ૧૪ અંગેની માહિતી

તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૮--૧૯૭૧ દરમિયાન વિવિધ સમિતિઓની બેઠક વગેરેમાં હાજર રહેલ અને રૂ. ૨૦૦થી વધારે ભથ્થાં મેળવેલ સભ્યોની યાદી.

નામ	રકમ રૂ. પૈસા
શ્રી. એ. આર. રાવ	૮૧૭—૯૬
શ્રી. એ. એલ. પટેલ	૩૩૪—૭૦
શ્રી. એ. કે. દવે	૪૩૧—૦૦
શ્રી. એ. જી. મુનશી	૮૩૦—૦૦
શ્રી. બી. સી. પટેલ	૫૦૨—૦૦
શ્રી. બી. એમ. પટેલ	૩૬૦—૦૦
શ્રી. બી. એમ. પંડિત	૪૨૪—૦૦
શ્રી. બી. આર. પટેલ	૪૭૨—૦૦
શ્રી. બી. એચ. દેસાઈ	૨૩૦—૦૦
શ્રી. બી. પી. કોઠારી	૩૬૭—૦૦
શ્રી. બી. એમ. ગાંધી	૨૫૦—૦૦
શ્રી. બી. એમ. ઠાકર	૪૩૩—૦૦
શ્રી. બી. પી. ઉપાસની	૨૩૫—૦૦
શ્રી. બી. એમ. પીરજાદા	૬૧૭—૨૦
શ્રી. સી. સી. શાલ	૩૦૨—૦૦
શ્રી. સી. એલ. શાસ્ત્રી	૪૭૬—૭૦
શ્રી. સી. સી. શાહ	૭૧૧—૦૦
શ્રી. સી. કે. અકુવાલા	૮૨૯—૪૦
શ્રી. સી. એમ. પટેલ	૭૦૩—૦૦
શ્રી. સી. ડી. વ્યાસ	૪૯૪—૬૭
શ્રી. ચિતાનંદ	૩૮૬—૦૭
શ્રી. ડી. એમ. ભટ્ટ	૩૭૪—૮૪
શ્રી. ડી. એમ. શીખ	૪૧૫—૦૮
શ્રી. ડી. એ. ધાંચી	૬૯૫—૨૦
શ્રી. ડી. એસ. જોશી	૫૪૦—૦૦

નામ	રકમ રૂ. પૈસા
શ્રી. ડી. એચ. સુતરિયા	૨૨૧—૦૦
શ્રી. ડી. એમ. ભાવસાર	૨૩૫—૪૦
શ્રી. ડી. પી. ઠાકર	૧,૪૭૮—૮૦
શ્રી. ડી. જે. મહેતા	૨૦૪—૦૦
શ્રી. ડી. ડી. દેસાઈ	૨૩૪—૦૦
શ્રી. ડી. એમ. દેસાઈ	૧,૦૮૪—૨૨
શ્રી. જી. જે. પંડ્યા	૩૯૮—૭૬
શ્રી. જી. કે. ભટ્ટ	૨૦૩—૦૦
શ્રી. જી. બી. પટેલ	૨૭૪—૦૦
શ્રી. એચ. કે. બુખારી	૨૭૦—૦૦
શ્રી. એચ. એમ. શુકલ	૯૬૦—૦૦
શ્રી. એચ. એમ. દેસાઈ	૩૩૦—૦૦
શ્રી. એચ. જે. પંડિત	૪૩૨—૦૦
શ્રી. એચ. સી. પરીખ	૬૧૯—૦૦
શ્રી. એચ. કે. ત્રિવેદી	૨૭૯—૦૦
શ્રી. એચ. એ. પટેલ	૫૩૭—૦૦
શ્રી. આઈ. એ. મોદી	૫૨૯—૦૦
શ્રી. આઈ. જે. ધ્રુવ	૨૮૭—૩૦
શ્રી. આઈ. એ. પટેલ	૨૪૮—૦૦
શ્રી. એસ. એમ. પટેલ	૫૮૮—૦૦
શ્રી. જે. બી. પટેલ	૩૯૦—૦૦
શ્રી. જે. જી. પટેલ	૫૨૬—૦૦
શ્રી. જે. ડી. તલાટી	૫૨૮—૦૦
શ્રી. જે. એન. પટેલ	૨૦૮—૮૦
શ્રી. જે. બી. હરિભક્તિ	૨૮૮—૬૦
શ્રી. જે. કે. શાહ	૭૨૫—૧૦
શ્રી. જે. જે. ત્રિવેદી	૧,૭૯૦—૩૦
શ્રી. જે. આર. દેસાઈ	૨૫૫—૦૦
શ્રી. કે. એમ. તલાટી	૨,૫૫૧—૭૬
શ્રી. કે. એસ. રામી	૨૩૨—૦૦
શ્રી. કે. આર. પટેલ	૫૩૮—૦૦
શ્રી. કે. એસ. પટેલ	૩૬૮—૦૦
શ્રી. કે. એસ. યાદવ	૪૨૪—૦૦
શ્રી. એલ. ડી. દવે	૧,૫૭૯—૪૦

નામ	રકમ રૂ. પૈસા
શ્રી. એમ. એસ. પંડિત	૪૮૨—૬૦
શ્રી. એમ. સી. શાહ	૧,૧૮૮—૦૨
શ્રી. એમ. પી. પંડિત	૩૨૯—૦૦
શ્રી. એમ. સી. દેસાઈ	૪૨૪—૮૬
શ્રી. એન. એસ. પંડ્યા	૨૧૩—૬૦
શ્રી. એન. બી. જોશી	૪૭૮—૮૦
શ્રી. એન. જે. પટેલ	૨૭૬—૦૦
શ્રી. એન. એસ. યાજ્ઞિક	૩૮૭—૦૦
શ્રી. એન. વી. રાવલ	૪૩૬—૦૦
શ્રી. એન. કે. કલ્યાણી	૩૪૮—૮૬
શ્રી. એન. યુ. ત્રિવેદી	૨૭૯—૦૦
શ્રી. પી. જે. ફડિયા	૩૩૯—૦૦
શ્રી. પી. એસ. ચોકસી	૨૭૦—૦૦
શ્રી. પી. આર. દેસાઈ	૨૩૪—૬૮
શ્રી. પી. એચ. પંડ્યા	૨૫૬—૨૦
શ્રી. પી. એચ. ભટ્ટ	૭૭૪—૯૮
શ્રી. આર. સી. પટેલ	૫૪૮—૦૦
શ્રી. આર. કે. અમીન	૪૪૭—૦૦
શ્રી. આર. એમ. પંચાલ	૪૮૦—૨૬
શ્રી. આર. એમ. દેસાઈ	૨૯૬—૦૦
શ્રી. આર. એમ. શુકલ	૧,૧૬૬—૩૦
શ્રી. આર. જી. શાસ્ત્રી	૪,૦૬૩—૨૦
શ્રી. આર. બી. શાહ	૨૪૫—૦૦
શ્રી. આર. એચ. ગાંધી	૫૧૦—૦૦
શ્રી. એસ. આર. ભટ્ટ	૨૨૯—૦૦
શ્રી. એસ. એમ. શાહ	૫૨૮—૦૦
શ્રી. એસ. આર. મહેતા	૧,૩૧૮—૦૦
શ્રી. એસ. ટી. જેસલપુરા	૨૨૪—૦૦
શ્રી. એસ. એમ. નગાભિયાં	૪૨૨—૦૦
શ્રી. ટી. આર. શુકલ	૯૯૨—૮૦
શ્રી. ટી. એન. દેસાઈ	૨૧૮—૦૦
શ્રી. ટી. એમ. પરીખ	૪૨૦—૦૦
શ્રી. ટી. પી. લેલે	૪૧૬—૦૦
શ્રી. યુ. ડી. ભટ્ટ	૬૦૨—૧૦

નામ	રકમ રૂ. પૈસા
શ્રી. યુ. સી. પટેલ	૩૧૦—૦૦
શ્રી. વી. એસ. ભટ્ટ	૮૬૫—૪૮
શ્રી. વી. એ. વ્યાસ	૩૭૦—૪૦
શ્રી. વી. એસ. શાહ	૨૫૨—૦૦
શ્રી. વી. એસ. વણીકર	૪૭૦—૫૦
શ્રી. વી. બી. અધ્વર્યુ	૪૨૯—૬૦
શ્રી. વી. એફ. શાહ	૩૪૩—૦૪
શ્રી. વી. એ. પટેલ	૩૨૮—૦૦
શ્રી. વી. પી. અગ્નિહોત્રી	૩૯૩—૦૦
શ્રી. વી. આર. શનુદીવે	૧,૬૩૩—૫૦
શ્રી. વી. પી. પરીખ	૪૯૭—૬૦
શ્રી. વાય. જે. ઠાકોર	૩૬૦—૦૦
શ્રી. વાય. પી. શુકલ	૩૦૩—૦૦
શ્રી. વાય. જી. નાયક	૨૫૫—૦૦
શ્રી. ડી. કે. ગાર્ડે	૩૦૪—૦૦
શ્રી. એસ. પી. વર્મા	૨૮૦—૦૦
શ્રી. વી. એસ. વ્યાસ	૪૫૮—૦૦
શ્રી. બી. એમ. શાહ	૨૪૭—૦૦
શ્રી. મનસુખલાલ ઝવેરી	૨૪૦—૦૦
શ્રી. વી. એચ. ભાણેાત	૭૯૦—૭૫
શ્રી. જી. એમ. શીરોહી	૪૦૮—૦૦
શ્રી. આર. ડી. અશાના	૪૦૮—૦૦
શ્રી. ટી. એચ. ઓઝા	૨૬૪—૬૦
શ્રી. એસ. ડી. મહેતા	૨૭૨—૦૦
શ્રી. આર. ભારદ્વાજ	૨૪૦—૦૦
શ્રી. વી. એસ. ધુઝરબઝાર	૩૦૪—૦૦
શ્રી. એમ. એસ. જિનવાલા	૨૪૦—૦૦

પરિશિષ્ટ "છ"

પ્રા. બબાભાઈ પટેલના પ્રશ્ન ૧૫નો ઉત્તર

તા. ૧--૬--૧૯૭૧થી તા. ૩૧--૮--૧૯૭૧ના સમય દરમિયાન સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને અભ્યાસક્રમોની સમિતિઓ વગેરેની સભાઓની બેઠકોમાં હાજરી આપેલ, પરંતુ તા. ૩૧--૮--૧૯૭૧ સુધી મુસાફરી ભથ્થું ક્લેઈમ ન કરનાર વ્યકિતઓની યાદી તથા ક્લેઈમ ન કરેલી રકમ :

ક્રમાંક	નામ	સ્થળ	ક્લેઈમ ન કરેલી સભાસમિતિનું નામ	રકમ રૂ. પૈસા	તારીખ
૧.	શ્રી. આર. બી. શાહ	અમદાવાદ	બિઝનેસ મૅનેજમેન્ટ બોર્ડ	૫--૦૦	૧૬--૮--૧૯૭૧
૨.	શ્રી. એમ. સી. શાહ	અમદાવાદ	ઍકેડેમિક કાઉન્સિલ	૫--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૩.	શ્રી. આઈ. એ. મોદી	અમદાવાદ	ફાર્મસી બોર્ડ	૫--૦૦	૨૬--૬--૧૯૭૧
૪.	શ્રી. જે. સી. ત્રિવેદી	અમદાવાદ	બી. યુ. ટી.	૫--૦૦	૨૪--૭--૧૯૭૧
૫.	શ્રી. એસ. કે. ઝવેરી	અમદાવાદ	સિન્ડિકેટ	૫--૦૦	૮--૮--૧૯૭૧
૬.	શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ	અમદાવાદ	સિન્ડિકેટ	૫--૦૦	૮--૮--૧૯૭૧
૭.	શ્રી. કે. એન. શાહ	અમદાવાદ	સિન્ડિકેટ	૫--૦૦	૮--૮--૧૯૭૧
૮.	ડૉ. એસ. સી. પંડ્યા	અમદાવાદ	બી.યુ.ટી.	૫--૦૦	૨૪--૭--૧૯૭૧
૯.	ડૉ. જે. બી. હરિભકિત	અમદાવાદ	સિન્ડિકેટ	૧૫--૦૦	૧૧--૭--૧૯૭૧
			,,		૭--૮--૧૯૭૧
			,,		૮--૮--૧૯૭૧
૧૦.	ડૉ. આર. એલ. વાદી	અમદાવાદ	બી.યુ.ટી.	૫--૦૦	૨૪--૭--૧૯૭૧
૧૧.	શ્રી. બી. એમ. ત્રિવેદી	અમદાવાદ	ફાર્મસી બોર્ડ	૫--૦૦	૨૬--૬--૧૯૭૧
૧૨.	શ્રી. વી. એફ. શાહ	અમદાવાદ	બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ	૫--૦૦	૨૪--૭--૧૯૭૧
૧૩.	શ્રી. ડી. એચ. વેલવન	અમદાવાદ	ઍકેડેમિક કાઉન્સિલ	૧૦--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૧૪.	શ્રી. વાય. પી. શુકલ	અમદાવાદ	બી. યુ. ટી., ઍકેડેમિક કાઉન્સિલ	૧૫--૦૦	૨૪--૭--૧૯૭૧ ૨૬/૨૭--૮--૧૯૭૧
૧૫.	શ્રી. કે. જે. ભટ્ટ	અમદાવાદ	બી.યુ.ટી., ઍકેડેમિક કાઉન્સિલ	૧૫--૦૦	૨૪--૭--૧૯૭૧ ૨૬/૨૭--૮--૧૯૭૧

ક્રમાંક	નામ	સ્થળ	કલેઈમ ન કરેલી સભાસમિતિનું નામ	રકમ રૂ. પૈસા	તારીખ
૧૬.	શ્રી. સી. પી. બોઘાની	અમદાવાદ	બી.યુ.ટી.	૫--૦૦	૨૪--૭--૧૯૭૧
૧૭.	શ્રી. જી. એમ. પટેલ	અમદાવાદ	સ્ટેટિસ્ટિક્સ બોર્ડ	૫--૦૦	૩૦--૭--૧૯૭૧
૧૮.	શ્રી. આર. જે. શેઠ	અમદાવાદ	સ્ટેટિસ્ટિક્સ બોર્ડ	૫--૦૦	૩૦--૭--૧૯૭૧
૧૯.	શ્રી. કે. એસ. શાસ્ત્રી	અમદાવાદ	સંસ્કૃત-અભ્યાસસમિતિ	૫--૦૦	૪--૮--૧૯૭૧
૨૦.	શ્રી. ડી. એચ. વેલવન	અમદાવાદ	બિઝનેસ મેનેજમેન્ટ બોર્ડ	૫--૦૦	૧૬--૮--૧૯૭૧
૨૧.	શ્રી. એસ. બી. વોરા	અમદાવાદ	બિઝનેસ મેનેજમેન્ટ બોર્ડ	૫--૦૦	૨૩--૮--૧૯૭૧
૨૨.	શ્રી. એન. યુ. ત્રિવેદી	અમદાવાદ	એકેડેમિક કાઉન્સિલ	૧૦--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૨૩.	શ્રી. એસ. આર. ભટ્ટ	અમદાવાદ	એકેડેમિક કાઉન્સિલ	૧૦--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૨૪.	શ્રી. પી. આર. શાહ	અમદાવાદ	એકેડેમિક કાઉન્સિલ	૧૦--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૨૫.	શ્રી. એમ. બી. દેવાની	અમદાવાદ	એકેડેમિક કાઉન્સિલ	૧૦--૦૦	૨૬/૨૭--૮--૧૯૭૧
૨૬.	શ્રી. બી. ડી. પરીખ	ખંભાત	ફાર્મસી બોર્ડ	૪૮--૦૦	૨૬--૬--૧૯૭૧
૨૭.	શ્રી. આર. જી. શાસ્ત્રી	ખંભાત	સિન્ડિકેટ	૬૦--૦૦	૧૦/૧૧--૭--૧૯૭૧
૨૮.	શ્રી. એન. બી. જોષી	કડી	બી.યુ.ટી.	૩૩--૦૦	૨૪--૭--૧૯૭૧

પરિશિષ્ટ "ન"

પ્રા. બબાભાઈ પટેલના પ્રશ્ન ૧૯ (ખ)નો ઉત્તર

ક્રમાંક	જગ્યાનું નામ	સમિતિએ સૂચવેલો ક્રમ	સિન્ડિકેટે સૂચવેલો ક્રમ
૧.	પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિકસ	શ્રી. એચ. સી. ભાયાણી	શ્રી. એચ. સી. ભાયાણી
૨.	રીડર ઈન મૅથેમેટિકસ	શ્રી. દર્શનસીંગ બસન	શ્રી. દર્શનસીંગ બસન
૩.	રીડર ઈન એજ્યુકેશન	શ્રી. આર. જી. ભટ્ટ	શ્રી. આર. જી. ભટ્ટ
૪.	પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી	ડૉ. એ. એમ. ત્રિવેદી	ડૉ. એ. એમ. ત્રિવેદી
૫.	રીડર ઈન વોકેશનલ ગાઈડન્સ	ડૉ. સી. એલ. ભટ્ટ	ડૉ. સી. એલ. ભટ્ટ
૬.	પ્રોફેસર ઑફ સાયકોલોજી	ડૉ. તારાબહેન એમ. પટેલ	ડૉ. તારાબહેન એમ. પટેલ
૭.	રીડર ઈન ગુજરાતી	ડૉ. આર. જે. જોશી	ડૉ. આર. જે. જોશી
૮.	રીડર ઈન સંસ્કૃત	ડૉ. જે. જે. શુકલ ડૉ. આર. જે. જોશી	ડૉ. જે. જે. શુકલ ડૉ. આર. જે. જોશી
૯.	રીડર ઈન કેમિસ્ટ્રી	ડૉ. આર. કે. શાહ	ડૉ. આર. કે. શાહ
૧૦.	રીડર ઈન સાયકોલોજી	ડૉ. એચ. ડી. બદામી	ડૉ. એચ. ડી. બદામી
૧૧.	પ્રોફેસર ઑફ ઝૂલોજી	૧. ડૉ. એમ. એસ. દુબલે ૨. ડૉ. વી. સી. શાહ	ડૉ. વી. સી. શાહ
૧૨.	પ્રોફેસર ઑફ એજ્યુકેશન	ડૉ. કે. જી. દેસાઈ	ડૉ. કે. જી. દેસાઈ
૧૩.	પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિકસ	ડૉ. સી. જી. ખત્રી	ડૉ. સી. જી. ખત્રી
૧૪.	રીડર ઈન મૅથેમેટિકસ	ડૉ. એ. એમ. વૈદ્ય	ડૉ. એ. એમ. વૈદ્ય
૧૫.	રીડર ઈન ઈકોનોમિકસ	શ્રી. ટી. એમ. મિસ્ત્રી	શ્રી. ટી. એમ. મિસ્ત્રી
૧૬.	રીડર ઈન ઈંગ્લિશ	૧. શ્રી. સી. બીશ્વેસરી ૨. શ્રી. ડી. એન. મહેતા	શ્રી. ડી. એન. મહેતા
૧૭.	રીડર ઈન બોટની	ડૉ. બી. એસ. વૈદ્ય	ડૉ. બી. એસ. વૈદ્ય
૧૮.	રીડર ઈન સોશિયોલોજી	ડૉ. વી. પી. શાહ	ડૉ. વી. પી. શાહ
૧૯.	પ્રોફેસર ઑફ ગુજરાતી	શ્રી. એ. એમ. રાવલ	શ્રી. એ. એમ. રાવલ
૨૦.	રીડર ઈન સ્ટેટિસ્ટિકસ	ડૉ. કે. આર. શાહ શ્રી. એસ. એમ. શાહ	ડૉ. કે. આર. શાહ
૨૧.	રીડર ઈન પ્લાન્ટ ફિઝિયોલોજી	ડૉ. એમ. એમ. લાલોરિયા ડૉ. એમ. એન. તિવારી	ડૉ. એમ. એમ. લાલોરિયા
૨૨.	પ્રોફેસર ઑફ ઈકોનોમિકસની બે જગ્યા માટે	૧. શ્રી. એમ. પી. ભટ્ટ ૨. ડૉ. કિશોર થાનાવાલા ૩. ડૉ. વી. સી. શાહ	એક જગ્યા માટે ૧. ડૉ. કિશોર થાનાવાલા ૨. ડૉ. વી. સી. શાહ ૧. શ્રી. એમ. પી. ભટ્ટ (બીજી જગ્યા માટે)

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૪

(અ) મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો

O. Eng. S. 5 :

Students who have passed Semester V Examination in C.,M.,E. or Chem. Engg. and have satisfactorily kept terms for Semester VI shall be eligible for admission to the Sandwich Course in the respective branch.

O. Eng. S, 6 :

